સ્ત્રીઓને સંદેશ

પ્રકાશક

શ્રી. દેવશીભાઈ મુળજી ઠ.

સ્ત્રીઓને સન્દેશ

સંપાદક

સૌ. દેવકીબાઇ મૂલજી વેદ

મૂલ્ય રૂ. ૧-૮-૦

પ્રથમાવૃત્તિ. પ્રત ૧૦૦૦. સંવત ૧૯૭૩. ઇ. સ. ૧૯૧૭.

પ્રકાશક:

સૌ. દેવકીબાઇ મૂળજી વેદ,

શ્રી નૃસિંહ હિંદુ લોજ, લાલસિંહ મેનસન્સ,

ક્રાફર્ડ માર્કેટ–મુંબઈ.

અમદાવાદ:

ટંકશાળમાં ધી અમદાવાદ યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લીમીટેડમાં
મોતીલાલ સામળદાસ પટેલે છાપ્યું.

સદ્‌ગત

જમનામૈયા નગિનદાસ સફઈના

પુણ્યાત્માને પ્રિય એવો આ

સ્ત્રીઓને સન્દેશ

તે માતૃજ્યોતિને શ્રાદ્ધ નિમિત્તે સમર્પી

પ્રકાશક

પોતાને કૃત કૃત્ય માને છે.

પ્રકાશકના બે બોલ.

સ્ત્રીપ્રગતિ એ દેશપ્રગતિની નાડી છે. સ્ત્રીસાહિત્ય દેશોન્નતિના એક મહાન્ અંશનું સાક્ષી છે. અમારી નવી પ્રવૃત્તિના મંગળાચરણમાં આ **સ્ત્રીઓને સન્દેશ** પ્રગટ કરતાં અમને આનન્દ થાય છે.

નવા વર્ષના બે બોલની માળા ગુજરાતી હિંદુ સ્ત્રીમંડળ નિમિત્તે યોજાયેલી છે. તે માળાને સંગ્રહ રૂપે પ્રગટ કરવાની પરવાનગી આપવા માટે તે મંડળના કાર્યવાહકોના અમે આભારી છીએ. આ પુસ્તકના બીજા ભાગમાંના બે લેખો સેવાસદન નિમિત્તે લખાયેલા.

આ પુસ્તકની સહૃદય ને વિચારશીલ પ્રસ્તાવના લખવા માટે મહાશય કૌશિકરામભાઈ મહેતાના અમે આભારી છીએ.

મુંબઈ
તા. ૧-૧-૧૯૧૭

સૌ. દેવકીબાઇ મૂલજી વેદ.

પ્રસ્તાવના.

યશસ્વી લેખકો તથા વક્તાઓના લેખ અને વ્યાખ્યાનના સંગ્રહરૂપ આ ગ્રન્થની પ્રસ્તાવના લખવાનું મને કહેવામાં આવે એ કહેનાર સજ્જનની સ્નેહવૃત્તિનું વિલસિત જ હું સમજું છું. મારા માનનીયવર્ગમાં તથા બંધુવર્ગમાં ગણાતી પુણ્ય વ્યક્તિઓનો સમાગમ એ નિમિત્તે મને થતો હોવાથી હર્ષની લાગણીથી મારૂં અંતર પરવશ થાય છે.

આ સુંદર પુસ્તક ગુજરાતી સાહિત્યમાં એક અતિમનનીય સદ્‌ગ્રંથનો ઉમેરો કરે છે. સદ્‌ગત દિ. બ. અંબાલાલભાઇનો ટુંકો પણ સંગીન લેખ શાણપણથી તથા સાત્ત્વિક આવેશથી ભરેલો છે. સ્ત્રીના સંસારિણીધર્મનું સચોટ દિગ્દર્શન કરાવનાર રા. ન્હાનાલાલ કવિના લેખની રમણીયતા અંતરમાંથી સહજમાં ભૂંસાય એવી નથી. ઉંડા આધ્યાત્મિક સંસ્કારથી પરિષ્કૃત રા. મૂળજી વેદનો આત્મા સ્ત્રીને પરમ વંદનીય આદિ શક્તિરૂપે સ્તવીને જ પ્રસન્નતા માને છે. રા. ઉત્તમલાલ ત્રિવેદી પોતાની વિદ્વત્તાને અનુરૂપ શાસ્ત્રાર્થ કરી સ્ત્રી પ્રતિષ્ઠા સંબંધી પ્રચલિત કેટલોક વિરોધ સમાવે છે, સ્ત્રીઓની અનેક દેશી ઉન્નતિ જોવાને ઉત્સુક છે, અને પુરૂષોના કેટલાક અપરાધોનો અર્ચનીય ઉદારતાથી સ્વીકાર કરે છે. રા. બ. હરગોવિંદદાસની વ્યવહાર નિપુણતા સ્ત્રીઓને આરોગ્ય, સામર્થ્ય અને શૌર્યની જરૂર સંબંધી એમણે ખાસ ભાર મૂકી કરેલા ઉપદેશથી તરી આવે છે. રા. હિમ્મતલાલ અંજારિયાની મતિપ્રભા સ્ત્રીપુરૂષ ઉભયને હકની ભાવના કરતાં ધર્મની ભાવવાની ઉત્કૃષ્ટતાનું ભાન કરાવી ઓરડી સાફ કરવાથી માંડી શિક્ષણાદિ સેવાના સન્માર્ગ સુધી સ્ત્રીકર્તવ્યમાં વિવિધ ક્ષેત્ર ઉપર સુંદર પ્રકાશ પાડે છે. સ્ત્રીસાહિત્યની સમર્થ સમાલોચના કરતો પ્રો. કાંતિલાલનો પ્રૌઢ લેખ સ્ત્રીઓએ આજસુધી કરેલા

અનેક સત્પ્રયત્નોનું વંદન કરી તેમને બીજી અનેક શુભ પ્રવૃત્તિઓમાં જોડાવા પ્રેરે છે. "ગુજરાતને માટે અભિમાન રાખો, આત્મભોગ આપીને પણ ઉંચી કેળવણી મેળવો, અને ઉદાત્ત ભાવનાઓથી સજ્જ થાઓ," એ પ્રકારનો રા. રણજીતરામનો રણકાર શ્રોતાઓને સ્પષ્ટ પ્રતીતિ કરાવે છે કે ગુર્જરભૂમિના એ ભક્તવરનું હૃદય એમના લેખમાં યથાર્થ રીતે ઉતર્યું છે. શ્રીમતી શારદાગૌરી સ્ત્રીઓના અપકર્ષથી તીવ્ર અસંતોષ જાહેર કરે છે, ખરી ખોટી સ્ત્રીકેળવણીનો વિવેક કરે છે અને અમેરિકા જેવા સુધરેલા દેશોની સ્ત્રીઓ કેટલી આગળ વધેલી છે તે જણાવી આપણી સ્ત્રીઓની મંદ નાડીને સતેજ કરે છે. આ પ્રમાણે આ ગ્રંથમાં અનેક નાની મોટી, સ્થૂલસૂક્ષ્મ બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આદિથી અંત સુધી અતિવાદ કોઈ ઠેકાણે જોવામાં આવતો નથી; પ્રત્યેક લેખકે પ્રશસ્ય રીતે વિવેક બુદ્ધિ જાળવી રાખી છે. વિવિધ સુંદર સુપક્વ અને પથ્ય વાનીઓથી ભરેલી થાળી, જે જમનારાઓ આગળ રજુ થયલી છે, તેના સંબંધમાં "આરોગો" એ મંગળ વચન કહેવાનું મને પ્રાપ્ત થયું છે.

પુરાતન કાળમાં સ્ત્રીની પદવી ઉંચી માનવામાં આવતી હતી એમ જો આપણે સિદ્ધ કરી બતાવીએ તો આપણી પ્રાચીન સંસ્કૃતિને ઉતારી પાડવા પ્રયત્ન કરનાર વ્યક્તિ સામે અવશ્ય આપણી જીત થયલી લેખાય. પરંતુ એ જીતના હર્ષમાં જો આપણે આધુનિકકાળમાં આપણા કર્તવ્ય સંબંધમાં પ્રમાદ કરીએ તો તેથી આપણા પ્રતિપક્ષીને નહિં, પરંતુ આપણુને પોતાને, આપણા સમાજને જ હાનિ છે. આ કારણથી સ્ત્રીકેળવણી સંબંધી મંતવ્યો અને ચળવળ જેનું આંદોલન આપણા વાતાવરણમાં સ્પષ્ટ પ્રસરેલું જણાય છે, તેમાં કેટલાક અનિષ્ટ અંશો જોવામાં આવે છતાં અંતે ઇષ્ટ પ્રાપ્તિ કરાવનાર હોવાથી એકંદર આવકારને પાત્ર છે.

"કઈ સ્ત્રીને તમે શ્રેષ્ઠ ગણો છો ?" એ પ્રશ્ન એક પ્રસિદ્ધ વિદુષીએ જ્યારે મહાન નેપોલિયનને કર્યો ત્યારે તે વીરે બેધડકપણે જવાબ આપ્યો કે "જે સ્ત્રી વધારેમાં વધારે પુત્ર જણે તે." ઉપલકિયા અવલોકનથી જંગલી જણાતા આ જવાબમાં મર્મની મોંઘી ખાણનો સમાવેશ થયલો છે. સ્ત્રીએ પોતાનું શરીરબળ ઉત્તમ રીતે કેળવી, અનેક સુપુત્રોને જન્મ આપી, તેમને દેશસેવા માટે અર્પણ કરવા જોઇએ એ બૃહત્ તાત્પર્ય નેપોલિયનના નાના સરખા વાકયનું હતું. હર્બર્ટ સ્પેન્સર બીજી દૃષ્ટિથી કહે છે કે પુરૂષ સામાન્ય રીતે સ્ત્રી તરફ આકર્ષાય છે તે તેના પાંડિત્યના મોહથી નહિ, પરંતુ તેના ગાલની લાલીના મોહથી. શરીરસંવર્ધન તરફ આથી આપણા સમાજના હિતને માટે જરૂરનું છે કે કન્યાના માતા પિતાએ પૂરતું લક્ષ આપવું જોઇએ, અને સમજણી ઉમરે પોતાના શારીર આરોગ્ય તથા સામર્થ્યની બાબત પોતાના કબજામાં લેવી જોઇએ. અકસ્માતના તાત્કાલિક ઉપાયોનું જ્ઞાન સ્ત્રીઓ માટે કોઇ રીતે બસ નથી આપણા આયુર્વેદનાં અને પાશ્ચાત્ય શરીર વિજ્ઞાનનાં મૂળતત્ત્વોનો સમાવેશ સ્ત્રીઓના અભ્યાસક્રમમાં યોગ્યસ્થાને અવશ્ય કરવો જોઇએ.તેમ કરવાથી સ્ત્રીઓને પોતાનાં તથા પોતાનાંકુટુંબનાં શરીર સંબંધી જવાબદારીનો ખ્યાલ આવશે; તે સમજશે કે મંદવાડ આવ્યા પછી દાક્તરને માટે દોડધામ કરી મૂકવા કરતાં મંદવાડનાં પગલાં ઘરમાં થતાં અટકાવવામાં વિશેષ ચાતુરી રહેલી છે; તેને નિશ્ચય થશે કે જુની સારી બાબતોને નિઃસાર ગણી ફેંકી દેવી એ બુદ્ધિમત્તાની નહિં પણ બુદ્ધિહીનતાની નિશાની છે. બાળકોની આંખ કાજળથી આંજવી, માથામાં તેલ નાખવું, ઠંડી મોસમમાં તેળ ચોળી ન્હાવું, ઋતુપ્રમાણે ભોજનમાં ફેરફાર કરવો, ઇત્યાદિ અનેક શુભ આચારોનો લોપ કરવો એ પોતાનાં સંતાનનો, અને સંતાનદ્વારા જનસમાજનો, અનેક રીતે અપકાર કરવા બરાબર છે એવું વ્યાવહારિક ડહાપણ જ્યારે આપણી અંગનાઓનાં અંતરમાં સુસ્થિર થશે, ત્યારે આપણે છાતી ઠોકી કહી શકીશું કે આપણા સામાજીક આરોગ્ય રૂપ નાવનું સુકાન સુદક્ષ હાથમાં છે.

સાહિત્યપરત્વે આપણા રીવાજ પ્રમાણે ઇંગ્રેજી ભાષાના ઉંચા અભ્યાસ સુધી પહોંચી શકે એવી કન્યાઓનો સમુદાય ઓછોજ હોય છે. ભાષાપરત્વે મારૂં નમ્ર મત એ છે કે પહેલે દરજ્જે ગુજરાતીનું સંગીન જ્ઞાન, બીજે દરજ્જે સંસ્કૃતનું સામાન્ય જ્ઞાન, અને ત્રીજે દરજ્જે ઇંગ્રેજીનું જ્ઞાન અભ્યાસક્રમમાં અંકાવું જોઇએ. માતૃભાષાની મહત્તા સંબંધી વિવાદને અવકાશજ નથી, પરંતુ સંસ્કૃત પહેલું કે ઇંગ્રેજી એ બાબત મતભેદ થવાનો સંભવ રહે છે. સંસ્કૃત દૈવી ભાષા છે, તેમાં આપણાં પવિત્ર ધર્મપુસ્તકો લખાયલાં છે, તેના અભ્યાસથી બુદ્ધિનો ઉત્તમ વિકાસ થાય છે એ કારણથી સંસ્કૃતને હું પ્રથમ પદ આપવા માગું છું. ધર્મની અધિષ્ઠાત્રી સ્ત્રી હોવાથી તેની ધર્મપ્રધાન પ્રકૃતિ સંસ્કૃતના અભ્યાસથી જેટલી ઉત્તેજીત થવાનો સંભવ છે તેટલી ઇંગ્રેજીના અભ્યાસથી થવાનો સંભવ નથી. ઇંગ્રેજી પુસ્તકો તથા વર્તમાન પત્રો સ્વતંત્ર રીતે વાંચી શકવા જેવું ઇંગ્રેજીનું જ્ઞાન સ્ત્રીને ન થાય, તો એ ભાષા ઘણે અંશે ભાર રૂપ જ થવાનો સંભવ છે.

વિજ્ઞાનસંબંધી આપણા દેશની, આપણા પુરૂષવર્ગની જ સ્થિતિ અતિ દરિદ્ર છે તો સ્ત્રીસંબંધમાં કહેવું જ શું? પરંતુ વિજ્ઞાનની આવશ્યકતા સ્ત્રીને કોઈ રીતે ઓછી નથી. રાજ્ય વ્યવસ્થામાં જો વિજ્ઞાનની જરૂર છે અને ઘર ચલાવવું એ જો નાનું રાજ્ય ચલાવવા બરાબર છે તો સ્ત્રીને વિજ્ઞાન વિના ચાલી શકે એમ નથી. સામાન્ય રસોઈ અને વિજ્ઞાનના સંસ્કારવાળી રસોઈ, સામાન્ય ગૃહવ્યવસ્થા અને વિજ્ઞાનના સંસ્કારવાળી ગૃહ વ્યવસ્થા, બાળકોનું સામાન્ય લાલનપાલન શિક્ષણ અને વિજ્ઞાનના સંસ્કારવાળું લાલનપાલન શિક્ષણ એમાં ઘણું અંતર છે. ઉષ્ણ અને શીત, પ્રકાશ, વિદ્યુત્ અને ચુંબકશક્તિ, વનસ્પતિ વિદ્યા, સામાન્ય યંત્રોની રચના, ગ્રહોનીગતિ, સમાજનો ઉદયાસ્ત—એ વગેરેનાં મૂળ તત્ત્વો જ્યારે સ્ત્રીની બુદ્ધિમાં આરૂઢ થશે ત્યારે આપણા દેશનો ભાગ્યોદય સમીપ છે એમ માનવું સપ્રમાણ છે,

પુરૂષના ભણતર અને સ્ત્રીના ભણતરમાં આસમાન જમીનનો ફેર છે. પુરૂષના અંતઃકરણને સંતપ્ત કરનાર આજીવિકાના વિચારથી સ્ત્રીનું અંતઃકરણ અલિપ્ત છે, જે સમાજની દુર્દશા થવાની હોય છે તે સમાજની સ્ત્રીઓને આજીવિકા માટે ભણવું પડે છે. તેમજ ઈનામ સ્કોલરશીપ વગેરેની હરીફાઈથી પણ સ્ત્રીઓને અભ્યાસ કલુષિત થતો નથી. ગૃહિણી તરીકે નમુનેદાર ગૃહની વ્યવસ્થા કરવાનું, માતા તરીકે નમુનેદાર સંતાન સમાજને અર્પણ કરવાનું અને સંસારિણી તરીકે યથાશક્તિ સમાજ સેવિકા થવાનું તેનું કર્તવ્ય છે જર્મન મહાકવિ કહે છે કે ગૃહિણી ધર્મમાં જે ઉત્તમ કર્તવ્યોનો સમાવેશ થાય છે તે જો સ્ત્રી બરોબર સમજે તો બીજા ક્ષેત્રની તે માગણી જ કરશે નહિ. આ કારણથી દેખાવ, ચડસ, યશલાલસા વગેરે અનિષ્ટ તત્ત્વ સ્ત્રીકેળવણીમાં દાખલ થવાં જોઈએ નહિં. નિશાળમાં છોકરીની કેળવણી છોકરાની કેળવણી કરતાં વહેલી સમાપ્ત થાય તો તેથી વધારે પડતો હૈયાશોષ કરવાનું પ્રયોજન નથી. કોલેજની ઉંચી કેળવણી કંઈ બધી સ્ત્રીઓ માટે નથી, અને તેવી કેળવણીને પોતાનું લક્ષ્યબિંદુ સ્થાપનાર સ્ત્રીજ ઉત્તમ થઈ શકે છે એવો નિયમ નથી. પ્રાચીન સમયમાં પુરૂષના બ્રહ્મચર્યનો કાળ ૨૫–૩૦ ની ઉમર સુધી લંબાતો. આજનું વલણ સ્ત્રીના કન્યાકાળને લંબાવવા તરફ વિશેષ છે. કન્યાકાળ પણ જોઈએ તે કરતાં વધારે લંબાવવાથી અનેક અનર્થ થાય છે સ્વતંત્ર વિદ્યામય જીવનની લગનીમાં કેટલીક સ્ત્રીઓ પત્નીધર્મ અને ગૃહિણીધર્મને પણ બંધનરૂપ સમજે છે. કન્યાવિક્રય રૂપ બેં બેં કરતું બકરૂં કાઢવા જતાં સમાજમંદિરમાં વરવિક્રયરૂપ વાંકાં અઢાર અંગવાળું ઉંટ ઘુસી જાય છે. પરિણામ પંડિત કાર્લપીઅર્સન "વિજ્ઞાન દૃષ્ટિથી પ્રજાજીવન" નામના પોતાના પુસ્તકમાં કહે છે તેવું આવવાનો સંભવ રહે છે. દેશનો બુદ્ધિશાળી વર્ગ વધારે ભણે અને તે જ વર્ગ વિવાહને નિયંત્રણા સમજી ઓછો પરણે તેનો અર્થ એજ કે આગળ જતાં ઉતરતી બુદ્ધિવાળાઓનું સમાજમાં પ્રાધાન્ય,

અણીને પ્રસંગે નેતાઓની ખોટ, અને આખર સરવાળે પ્રજાનો વિનિપાત અથવા વિનાશ.

આપણા સમાજને આજે એવી સ્ત્રીની જરૂર છે કે જેના નામ પાછળ ભલે શારદાપીઠની મુદ્રા ન લાગી હોય છતાં જેનું જીવન ભાવનામય હોય, જેની રગરગમાં ધર્મની તીવ્ર જ્યોત જાગતી હોય, પોતાના પાતિવ્રત્યના રક્ષણ માટે જે પોતાના પ્રાણને તણખલા કરતાં તુચ્છ માનવા તૈયાર હોય, જે રસોઈ કરતાં અને જરૂર હોય તો રસોઈનાં વાસણ માંજતાં શરમાય નહિં, સંપત્તિને સમયે પણ દ્રૌપદીની પેઠે ઘરની નાની મોટી બાબતોની સુદક્ષ દેખરેખ રાખે, અતિથિને સમાજ દેવના પ્રતિનિધિ રૂપે માનનીય ગણે, સંતાનને દેશે પોતાના હાથમાં સોંપેલી થાપણ સમજે, જે પોતાના અવકાશના વખતમાં ઉત્તમ પુસ્તકો તથા વર્તમાનપત્રો વાંચવાના, કરકૌશલ કેળવવાના, આસપાસના વાતાવરણમાં વિદ્યાકલા નીતિ ધર્મનો પ્રસાર કરવાના વ્યસનવાળી હોય, દેશ સેવા માટે, પ્રસંગ પડયે અનેક પ્રકારનાં કષ્ટ વેઠતાં પાછી પાની કરે નહિં, તીવ્ર લાગણીના આવેશથી જેનાં તન મન કોમળ છતાં દૃઢ હોય, અને જેના પાવન દર્શનથી પ્રેક્ષકના મલિન વિચારો પલાયન કરી જાય.

સ્ત્રી કરતાં પુરૂષની જવાબદારી સવાગણી છે એ સિદ્ધાંત સમજવા છતાં, અને મારી પોતાની અનેક અપૂર્ણતાઓ મને પ્રત્યક્ષ છતાં આટલું લખવાની જે ધૃષ્ટતા મેં ધરી છે તેને સ્નેહીજનો સ્નેહ ક્ષંતવ્ય ગણશે એવી આશા છે.

કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા.

અનુક્રમણિકા.

ભાગ, ૧.

નવા વર્ષના બે બોલની માળા.

ભાગ, ૨.

વિશેષ.

અમારા તરફથી નીચે પ્રમાણે પુસ્તકો તૈયાર થશે.

---

૧ સ્ત્રીઓનાં નવાં વ્રત.

૨ રાસકુંજ:

જુના તથા નવા સુંદર રાસડાઓ
ગરબાઓનો સંગ્રહ.

૩ શ્રી રામાયણ કથામૃત.

૪ સુંદર (સંસારી નાટક)

સંપાદક ને પ્રકાશક :

સૌ. દેવકીબાઇ મૂલજી વેદ,

શ્રીનૃસિંહ હિંદુ લૉજ; પો૦ નં. ૩.

મુંબઈ.

સ્ત્રીઓને સન્દેશ.

ભાગ પહેલો.

નવા વર્ષના બે બોલ.

(સંવત્ ૧૯૬૪)

લેખક:—દિવાન બહાદુર અંબાલાલ સાકરલાલ દેસાઈ,
એમ. એ., એલ્. એલ્. બી.

મુજ્ઞ બહેનો,

તમારા હોંશીલા મંત્રી શેઠ ભવાનીદાસ નારણદાસની ખાસ પ્રેરણાથી સ્ત્રીઓનાં કેટલાંક કર્તવ્ય વિષે હું થોડા શબ્દ તમારી આગળ રજુ કરૂં છું.

આપણા દેશના રીવાજનું જે લોકોને પૂરેપુરૂં જ્ઞાન નથી એવા અણજાણ લોક એમ કહે છે કે, હીંદની સ્ત્રીઓનું જીવતર ઘણું દુ:ખીઆરૂં ને કષ્ટનું છે, ને સ્ત્રી જાતની ખરેખર હીંદમાં તુલના નથી, આ કહેવું ખોટું છે. હીંદનાં શાસ્ત્રોમાં સ્ત્રીને ઘણું ઊંચું પદ આપ્યું છે. બીજા મુલકના લોકો સ્ત્રીને 'Partner' એટલે સંસારમાં પાંતીદાર કે ભાગીદાર કહે છે. તેઓ, માત્ર વેપારી વેપારીમાં જેમ ભાગીઆ હોય છે, તેમ સ્ત્રીપુરુષ ઘરસંસારમાં ભાગીઆ છે એમ માને છે. હીંદુ શાસ્ત્રમાં સ્ત્રીને અર્ધાંગના માનેલી છે એટલે પોતાના પતિનું સ્ત્રી અર્ધું શરીર છે, એમ ગણેલું છે. અંગ્રેજોની ભાવના કેવળ સ્થૂલ, જડ ને જગતના હલકા વ્યવહારને ઘટે તેવી છે. આપણા આર્ય લોકની ભાવના

ઘણી ઉચ્ચ, આધ્યાત્મિક ને સંસારને આનંદમય કરે એવી છે. આપણે આર્યો આગળ ઘણા સુધરેલા, વિચારશીલ ને જ્ઞાની લોક હતા, તે વખત યુરોપના ઘણા આર્યો જંગલીઝટ જેવા નાગા જંગલમાં ભટકતા હતા. આ વાતો કહેવાનો હેતુ એ છે કે હાલની દુર્બલ સ્થિતિનું કારણ આપણી પુરાતન ભાવનાઓ ને મનોરથોથી આપણે ભ્રષ્ટ થયા તે છે. જો આપણી પૂર્વની ઉંચાઈએ પાછા આપણે ચઢીએ અને સ્ત્રી તથા પુરુષ પાછાં પૂર્વ જેવાં સત્યવાદી, ધર્મનિષ્ઠ ને દેશાભિમાની થાય, તો આપણો ઉદય પાછો ઝટ દઈને થાય ને પૂર્વની ઉન્નત દશાએ પાછા આપણે જઈને બેશીએ. ફરીથી કહું છું કે આવી ઉજળી દશા લાવવી આપણા હાથમાં છે, એટલે જો આપણે આગળના જેવા ધર્મનિષ્ઠ થઈએ તો એ રળિઆમણો દીન પાછો આપણા ઘર ઉપર પ્રકાશશે.

ધર્મનિષ્ઠ થવું એ સઘળી જાતનાં સુખનો, સઘળી જાતની આબાદીનો, સઘળી જાતની રેલછેલનો પાયો છે. ધર્મ શબ્દથી માત્ર જુદાં જુદાં ઈમાન સમજવાનાં નથી. પણ જગતમાં રહીને જે જે સત્ય આપણે સમજવા લાયક હોય તે સમજવું, આચરવા યોગ્ય હોય તે આચરવું, કહેવું તેવું કરવું, બોલવું તેવું પાળવું, સદ્ વસ્તુને ગ્રહણ કરવી, અસદ્ વસ્તુને ત્યાગવી, એવો અર્થ એ બોલનો કરવાનો છે. જગતમાં જન્મ લઈને સર્વને પોતપોતાનું આલોક સારૂ ને પરલોક સારૂ કાંઈ કાંઈ કરવાનું હોય છે. હવે જો આપણે બધા પોતપોતાનું કરવાનું કામ એક ચિત્તથી, એક ભાવથી, ને શુદ્ધ ભાવનાથી કરીએ તો આપણું અત્રે જીવવું સફળ થાય છે, નહિ તો આપણું જન્મવું વ્યર્થ છે.

આપણે જીવીને કરવાનાં કર્તવ્ય ઘણાં છે. કેટલાંક સ્ત્રીએ તથા પુરુષે બન્ને જણાંએ કરવાનાં છે. પણ સ્ત્રીએ કરવાનાં ઘણાં અગત્યનાં છે માટે તમારા મંડળ આગળ તે વીષે થોડા થોડા વિચાર અત્રે દર્શાવું છું.

સંસારના બન્ધારણ પ્રમાણે છોકરાંને અમુક વય લગી ઉછેરીને મોટાં કરવાં, તેમને નિરોગી ને સાજાં તાજાં બનાવવાં, તેમની બુદ્ધિને વેલાની પેઠે સારે રસ્તે ચઢાવવી, તેમની મનકામનાઓને સારે માર્ગે દોરવી, અનીતિના દુર્ગંધ માર્ગનો તેમના મનમાં અણગમો કરાવવો, ને દેશભક્તિ ને સ્વદેશસેવાના મોટા ધાર્મિક પંથ ઉપર તેમને નાનપણથી વાળવા, આ બધું સ્ત્રી જાતનું મોટું કર્તવ્ય છે. સ્ત્રી એ જગતની માતા છે; ને પરમાત્માએ સૃષ્ટિની પ્રથમ ઉત્પત્તિને સ્ત્રી પાસે જાળવવા ને ઉછેરવા સોંપી છે. આ વાત પ્રત્યેક નાની કે મોટી સ્ત્રીએ અહર્નિશ સ્મરણમાં રાખવી. આપણે નાના બાળકને જેવાં કરીશું તેવો સંસાર થશે; ને આપણા દેશની ભવિષ્યની ચઢતી કે પડતી કરવી આપણા હાથમાં છે, એનું હરેક સ્ત્રીએ સાચું અભિમાન રાખવું. હીંદની બધી સ્ત્રીઓ જો પરમાત્માની પ્રેરણાથી એકી વખતે એવું ધારે કે આપણા દેશને આપણે એક પેઢીમાં ઉત્કૃષ્ટ બનાવવો છે તો તેઓ તેમ કરવાને શક્તિ ધરાવે છે. તેઓનામાં એટલું બળ છે, તે બળ વાપરવાનો માર્ગ તેઓ સમજે ને તેનો ઉપયોગ તેઓ કરે તો આખા મુલકમાં લીલાલહેર ને જયજયકાર થઈ જાય.

સ્ત્રીઓનું પ્રથમ કર્તવ્ય એ છે કે, પોતાનાં બાળક નિરોગી થાય તેવી રીતે ઉછેરવાં. આ વાત એક રીતે ઘણી સહેલી છે. ઘણીવાર માથી પથ્ય પળાતું નથી ને ન ખાવાનું મા ખાય છે તેથી બાળક માંદાં પડે છે. માએ, છોકરૂં ધાવતું હોય ત્યાંલગી શું ખાવાથી ને કરવાથી છોકરૂં સારૂં ને નિરોગી થશે તે ઉપરજ લક્ષ રાખી પોતાનું ખાનપાન તથા આચરણ કરવું જોઇએ. સુવા બેસવાનું તથા હરવા ફરવાનું પણ તે બચ્ચાંના કલ્યાણ ઉપર નજર રાખી કરવું જોઇએ. શરદી કે ભેજમાં સુવા બેસવાથી બાળક માંદાં થાય છે તે વાત ભુલી ના જવી જોઇએ. વળી વસ્ત્ર વગર રહ્યાથી બાળકને ગરમી કે થંડી લાગવાથી ઘણા વિકાર થાય છે. નાનાં છોકરાંની માવજત કે બરદાસ્ત કરવા સંબન્ધી

જે નાનાં પુસ્તકો હાલ પ્રકટ થયાં છે તે અવશ્ય કરીને બધી સમજુ સ્ત્રીઓએ વાંચવાં જોઇએ. વાંચીને તે પ્રમાણે આચરીએ નહીં તો વાંચ્યું ને ન વાંચ્યું સરખું છે.

સ્ત્રીઓએ પોતાનાં બાળકને ઉછેરવાના જ્ઞાનની જોડે પોતાનું શરીર પણ સારૂં રાખવાની કળા શીખવી જોઇએ. હરકોઈ માણસ ધારે તો પોતાનું શરીર સારૂં રાખી શકે છે, એ વૈદકશાસ્ત્રનો સિદ્ધાંત છે. અનુભવથી એ સિદ્ધાંત ખરો પડે છે. કોઇ પણ સ્ત્રી કે પુરુષ ધારે તો તનદુરસ્તીમાં રહી શકે છે. જ્યાં માણસનું જ્ઞાન પહોંચી શકતું નથી એવા કેટલાક ઉડતા કે બીજા રોગની વાત બાજુએ રાખીએ તો, સ્ત્રી કે પુરુષ દીર્ઘાયુષી થઈ શકે છે. શરીર જાળવવાના નિયમ થોડા ને ઘણા સહેલા છે. પ્રથમ તો શરીરને નાહી ધોઇને બહુ શુદ્ધ રાખવું જોઇએ. આપણા સુભાગ્યે હીંદુ ઋષીઓએ આ નિયમ શાસ્ત્રમાં નાંખવાથી એ વિષે હીંદુ સ્ત્રીઓને બહુ કહેવાની જરુર નથી. શરીરને શુદ્ધ રાખવું, તેમ ગંદી મલીન જગાએ આપણે જવું ના જોઇએ ને બનતાં લગી રહેવાનું ઘર શુદ્ધ ને પોળ કે મહેલ્લામાં કે ચાલીમાં ચોખ્ખું રાખવું; ચોખ્ખી હવામાં બને તેટલું ફરવું, ઉઠવું તથા બેસવું. માણસના શ્વાસથી હવા આખો દહાડો બગડે છે, માટે માણસની ઘણી ભીડ હોય ત્યાં બનતાં લગી રહેવું નહીં, ને ગમે તેમ હોય તો પણ પ્રયાસ કરી દરરોજ ખુલ્લી હવામાં બને તેટલો કાળ કાઢવો. ઘણાખરા હીંદુ લોકોનું ખાવાનું ઘણું શુદ્ધ હોય છે, માટે તે સંબન્ધી લંબાણથી બોલવાની જરૂર નથી. પણ ખાવાનું નિયમસર રાખવું જોઇએ. આપણને કેટલું પચે છે તે અનુભવથી નક્કી કરી તેટલુંજ ખાવું; એક વાર ખાધેલું પચ્યા શિવાય બીજી વાર ખાવું નહીં. શરીરમાં બન્ધકોષ થવા દેવો નહીં, ને થવા માંડે એટલે સુખરેચ લેઇ પેટમાંનો મળ કાઢી નાંખવો. ઘણા લોકો મીઠું કે સ્વાદીષ્ટ ખાવાનું મળેથી આંખો મીંચીને પેટ દાબીને ખાય છે. આ મોટી ભૂલ કહેવાય. ગમે તેવું સ્વાદવાળું ભોજન હોય

તોપણ આપણે ખાતાં હોઈએ તેટલુંજ ખાવું જોઈએ. આ નિયમ ઘણોજ અગત્યનો છે. સ્વાદ ન લાગે તોએ શું થયું? આપણે સ્વાદ વાસ્તે ખાતાં નથી, પણ શરીરના પોષણ વાસ્તે ખાઈએ છીએ.

આ ઉપરાંત બીજી એક ઘણી મોટી જરૂરની વાત યાદ રાખવાની એ છે કે, શરીરને ઘટતી મહેનત મળે તોજ ખાવાનું પચે છે, નહીં તો તે પચતુંજ નથી. ન પચવાથી બે પરિણામ થાય છે. એક તો ધીમે ધીમે ભુખ ઓછી લાગે છે ને આહાર ઓછો ઓછો થાય છે તેથી સ્ત્રીઓ તથા તેમની પ્રજા ઘણી નિર્બળ થાય છે. મહેનત ન કરતાં છતાં વગર વિચારે ખાવાનું એનું એ જો કાયમ રાખવામાં આવે છે, તો અન્ન બરોબર ન પચવાથી ઘણા રોગ થાય છે. ઘણા રોગનું મૂળ ખોળવાને બેસીશું તો અપચાને ઘેર તે નીકળશે. મહેનત કરવામાં કાંઈપણ ગેર-આબરૂ કે લાંછન નથી. માણસના નશીબમાં જન્મથી મહેનત લખેલી છે. દુનીઆમાં જેટલું બધું દ્રવ્ય છે તે મહેનતથી બનેલું છે. વ્યાવહારિકી મહેનતથી શરીરમાં હોંશીઆરી અને જોશ રહે છે, ને ચાલાકી આવે છે, ને મિજાશ ખુશ રહે છે. અતિશય મહેનતની વાત જુદી છે; પણ તેમ કરવાની જરૂર નથી. શરીરના રક્ષણ ને પોષણ સારૂ મધ્યમસર મહેનત થાય તો બસ છે, માટે દરેક સ્ત્રીએ દરરોજ કાં તો ઘરધંધાની કે તે ના હોય તો બીજી રીતની શરીર ખમી શકે તેટલી મહેનત કરવી જોઈએ. યાદ રાખવું કે મહેનત વગર રોટલો નથી. જે ગરીબ હોય છે, તેને શરીરના પોષણને મેળવવાની મહેનત કરવી પડે છે. તેથી ગરીબનું શરીર સારૂં રહે છે. સારી સ્થિતિવાળાએ ભુખ લગાડવાને ને અન્ન પચાવવાને મહેનત કરવાની આવશ્યકતા છે.

નાહનાં બચ્ચાં એટલીબધી વાર હાથપગ ચલાવે છે ને બે ત્રણ વર્ષ લગી એટલીબધી ચંચળતા બતાવે છે કે તેમને ખાસ મહેનતની જરૂર નથી. પરંતુ તેમને સારી હવામાં બનતાં

લગી રાખવાં જોઈએ. વળી તેમની ચંચળતાને કોઈપણ રીતે અટકાવવી નહીં. એ હાલચાલથી બચ્ચાનું શરીર સારૂં રહે છે, એટલુંજ નહીં પણ તેનો ખોરાક પચે છે, અવયવ જબરાં થાય છે, શરીર પોષાઈને મોટું થાય છે ને તેની ઇંદ્રિયો તથા જ્ઞાન વધે છે. એવાં બચ્ચાં પોતાની જાતને કાંઈ નુકશાન ન કરે અથવા પડે આખડે નહીં એ માટે તેમના ઉપર નિરંતર નજર રાખવી જોઈએ; પણ તેમની ચંચળતાનું કદી પણ રોકાણ કરવું નહીં. આપણા કરતાં બચ્ચાંને ઠંડી ને ગરમીની અસર ઘણી વહેલી થાય છે, માટે બનતાં સુધી તેમના અંગ ઉપર વસ્ત્ર રાખવું જોઈએ. બચ્ચાંના રોગ સમજવા જેટલું બઈરાંએ જ્ઞાન મેળવવું જોઈએ, ને રોગ અટકાવવા સારૂ થોડે થોડે દહાડે હરડે કરીઆતા વગેરેનો ઘસારો તેમને પાવો જોઈએ. તેમ તેમને ઉનાં પાણીથી રૂતુ પ્રમાણે નહવડાવી, તેમને શરીરે તેલ પણ ચોળવું જોઈએ.

સર્વ સન્નારીઓએ ઘરધંધાથી પરવાર્યા પછીનો નવરાશનો વખત સારી રીતે કાઢવાની કાળજી રાખવી જોઈએ. પારકાની નિન્દા કરવાથી કે નકામી કુથળીથી બને તેટલાં અળગાં રહેવું જોઈએ. પરાઈ નિન્દાથી આપણને કાંઈ ફળ નથી. તેથી ઘણી વાર કલેશ ને ટંટા થાય છે. પારકાં છીદ્ર જોવાથી આપણી બુદ્ધિ ઘણે કાળે હલકી ને દુર્ગુણી થાય છે. માટે જો વાત કરવી હોય તો કોઈની સરસાઈની કે સદ્દગુણ વિષેની કે સુકૃત વિષેની વાત કરવી. બને ત્યાં લગી આપણે પણ નિત્ય કાંઈને કાંઈ સુકૃત કરવાનો લોભ રાખવો. એવું જે દહાડે ન બની શકે ત્યારે એમ સમજવું કે આપણો આજનો દિવસ અવર્થો ગયો. નવરાશમાં સારાં પુસ્તકો વાંચવાં, સારાં ગીત ગાવાં, હરીભજન કે કીર્તન પણ ગાવાં વગેરે. વળી આપણા દેશના ઉદયના વિચાર કરવા; આપણા દેશના ઉદયમાં આપણો ઉદય સમાયલો છે એ નિરંતર યાદ રાખવું જોઈએ. કોઈ કહેશે કે દેશનો ઉદય થાય કે ન થાય તેમાં મારે શું તો તેની એ મોટી ભુલ છે, એની ભારે

કમસમજ છે, ને ઘણું અજ્ઞાન છે. આપણા દેશી ભાઈઓ જોડે આપણે નિકટ સંબન્ધથી ગુંથાયેલાં છીએ, તે સંબન્ધ કોઈ દહાડો છુટવાનો નથી; માટે આપણી જાતનો નિર્વાહ પુરતો કાળ જતાં, બીજો કાળ જેટલો રહે તેટલો સ્વદેશી સ્ત્રીઓ કે પુરુષોનું ભલું કરવામાં કાઢવો જોઈએ. વળી તે શિવાય કાંઈપણ હસ્તક્રિયાના ઉદ્યોગમાં દિવસનો થોડો ભાગ જાય તો તે પણ સફળ થયો જાણવો. મુંબાઈની હીંદુ ગુજરાતી સ્ત્રીમંડળનું ભરતકામ, ગુંથણ-કામ, શિવણકામ, સોઇનું કામ વગેરે અમદાવાદના પ્રદર્શનમાં જોઈ દેશના હિતચિન્તકો ઘણા રાજી થયા હતા. તેવા કામનો કાંઇ પાર નથી. તેમાં જેટલી ચતુરાઈ મેળવાય તેટલી થોડી છે. પરદેશી સ્ત્રીઓ કરતાં આપણી સ્ત્રીઓએ જરા પણ આવાં કામમાં પાછા હઠવું ના જોઈએ. આપણા કરતાં તે શું કામ આગળ જાય ? એવી સત્ય સ્પર્ધાનો ચડસ રાખવો જોઈએ.

જે સ્ત્રીઓને પરમાત્માએ સંતાન આપ્યાં હોય તેમને તો કામ કરવાનું ખુટે તેવું નથી. તેવાં બાળકોની ઉમર ૬ કે ૭ વર્ષની થાય ત્યાં લગી તેની બુદ્ધિ, નીતિ ને શ્રદ્ધા ખીલવવાનું કામ જનનીનું છે. રમત ગમતમાં તેને રાખી કાં તો કીન્ટરગાર્ટનની રીતે કે કાં તો બીજી રીતે તેનું શરીર, મન, નીતિ, દેશાભિમાન જેમ પુષ્ટિ પામે તેમ અહનિશ માએ તથા ઘરનાં સઘળાં બૈરાંએ પ્રયત્ન કરવો જોઈએ. જો દરેક માતા પોતાના બાળકને બોલતાં આવડે ત્યારથી તેને નિશાળે બેસાડે ત્યાંલગી આવી રીતે કેળવે તો દેશની ઉન્નતિ કેટલી જલદી આગળ વધે ? સ્ત્રીના સર્વ કર્તવ્યમાં બાળકને ઉછેરી શરીરે નિરોગી, બુદ્ધિમાં તીવ્ર, હીંમતવાળું, સ્વદેશાભિમાની, શૂરૂં ને શ્રદ્ધાવાળું બનાવવાનું કામ ઘણુંજ મોટું છે.

જે સ્ત્રીઓ કર્તવ્ય પૂરેપુરૂં બજાવી શકે તે કેવી ભાગ્યશાળી છે ? પોતાના પુત્ર કે પુત્રીના ઉપર ઉપકાર કરી, પોતાનું કુટુંબ તે સન્નારી તારે છે, એટલુંજ નહિ પણ દેશનું ભલું તે કરે છે.

છોકરાંને કેળવવામાં માત્ર માયા ને કળ વાપરવી જોઇએ. બધાં બચ્ચાંને જન્મથી બ્હીક હોય છે, માટે બ્હીક ઘટે ને તે હીંમતવાળાં થાય ને પરગજુ થાય તેમ કેળવવાં. આપણા દેશી ભાઈઓનું કલ્યાણ કરવું એજ મોટી આબરૂ છે, એવું બાળકના મનમાં દરેક માતાએ ફરી ફરીને ઠસાવવું જોઈએ. આપણા જે હીંદી લોકોએ દેશનું કલ્યાણ કર્યું છે તેમની વાતો તથા વૃત્તાંત બાળક આગળ માએ કહી બતાવવાં જોઈએ. બહુ ધાકમાં રાખવાથી છોકરાં જૂઠાં થાય છે, માટે અતિશય ધાક રાખવો ન જોઇએ. જેમ બને તેમ હેતથી ઉછરે તેમ કરવું. જૂઠું કદી ન બોલવું. ને ગમે તેમ હોય તોપણ છોકરાં આગળ કદી માતાએ જૂઠું બોલવું નહીં. સાચું બોલતાં ડરવું નહિ એમ હમેશ છોકરાંને શીખવવું, ને તેમ કરવાને તેમને ઉત્તેજન આપવું. સાચું બોલવાથી કોઇવાર જોખમ અથવા અન્યાય ને નુકશાન થાય છે. પણ તેવું થાય તો ખમી રહેવું, પણ જૂઠું બોલવાથી ઘણું પાપ લાગે છે, અને માણસ અધમ થઈ જાય છે; એ વાત તેમની આંખ આગળ હમેશ ધરવી જોઈએ; દેશાભિમાનની વાતો માએ નાનાં બાળક આગળ હમેશ કરવી જોઇએ.

કેટલાંક બૈરાં છોકરાંને ઉન્માદ કે મસ્તી કરતાં અટકાવે છે તેમ થવું ના જોઇએ. બચ્ચાંના શરીરની પૂરી ખીલવણી સારૂ એવી મસ્તીની જરૂર છે; માત્ર તેમના શરીરને ભારે નુકશાન ન થાય એટલીજ ફીકર રાખવી જોઇએ. જરાતરા વાગે તો શું થયું? જેમ ઘડાય ને રગડાય તેમ શરીર સારૂં ને ધીંગું બને છે. ને આપણાં પુરુષ સ્ત્રીઓ કજાગરાં થઇ માયકાંકણાં જેવાં રહે તેના કરતાં ધીંગામસ્તી કરી જબરાં બને તે વધારે સારૂં છે.

બીજી બાબતો પણ બોલવા જેવી છે પણ જે મુખ્ય મુખ્ય મને સુજી તે તમારી આગળ નિવેદન કરી છે. એટલાજ ઉપર વિચાર કરી સુજ્ઞ બહેનો તેનો સાર કે અસાર નક્કી કરશે, ને જે કરવા જેવું લાગે તે કરી જાણશે, તો આ અલ્પ પ્રયાસનો મને પૂર્ણ અવેજ મળ્યો એમ હું માનીશ.

નવા વર્ષના બે બોલ.

(સંવત્ ૧૯૬૫)

લેખકઃ—ન્હાનાલાલ દલપતરામ કવિ, એમ્. એ.

બ્હેનો ! સાલ મુબારક ! આ નવું વર્ષ તમારૂં સહુનું સુખમાં જાવ ! શાન્તિમાં જાવ ! શરીરની અને ચિત્તની પ્રસન્નતામાં જાવ ! કુટુંબપરિવારની આબાદીમાં જાવ ! આજે હસો છો, ઉત્સાહમાં છો, આનન્દમાં છો, એવાંજ હસતાં, ઉત્સાહી અને આનન્દી સારા વર્ષભર રહો. તમારા એક ભાઇનો આશીર્વાદ છે.

આજે વિક્રમ રાજાનું વર્ષ ૧૯૬૫ મું બેઠું. લગભગ બે હજાર વર્ષનો પડદો ચીરી ત્હેની પાછળ જરા નિહાળો. ઈશુખ્રીસ્ત તે વખતે જન્મ્યો પણ નહતો, ને યૂરોપ ઉપર સેનાપતિ સીઝરનો ઝુન્ડો ઉડતો. છેટું ઘણું છે, છતાં કલ્પનાની પાંખ પ્રસારો, અને ચાલો, જુવો. આજથી લગભગ બે હજાર વર્ષ ઉપર માલવદેશમાં આપણા હિન્દના ઇતિહાસમાં યાદગાર એક બનાવ બન્યો. ભોગ-વિલાસી શૃંગારી મટી મહાત્મા ભર્તૃહરિ રાજાએ ભેખ લીધો, ને વનમાં મઢુલી બાંધી અને ઉજ્જયનીના નાગરિકોએ તેમના ભાઈ વિક્રમાદિત્યને વનમાંથી શોધી લાવી તખ્તનશીન કીધા. નાગરિકોની પસંદગી સફળ ઉતરી, ને એ મહારાજ વડા પરાક્રમી નીવડ્યા. તે બહાદુર હતા, રાજકાજમાં ચતુર અને કુશળ હતા. પણ બહાદુર ને કુશળ તો અનેક રાજાઓ હોય છે, જેમનો ઇતિ-હાસમાં નામશેષે રહે છે, કે નથી રહેતો. મનુષ્યની કથામાં થોડાક જ રાજાઓ સારા કહેવાય છે, અને એ સારામાંથીએ

થોડાક જ–ઘણા થોડાક જ 'મહાન્' પદવીને પામે છે. પણ એવા નૃપતિ તો વિરલ જ હોય છે કે જેમના નામના શક પ્રવર્તે, પ્રજાઓ જેમનાં પુણ્યનામ પોતાના વ્યવહારમાં સદા આગળ ધરે, ને જેમના તખ્તનશીન થવાની મંગલ ઘડીથી જ જાણે કાલની શરૂઆત થતી હોય એમ વર્ષમાલા ગણવા માંડે. પ્રજા જેમને એટલા પૂજ્ય ને પાવનકારી ગણે એવા તો જગત્‌માં કોક જ રાજર્ષિ હોય છે. એવા એક રાજર્ષિ ધર્મરાજ યુધિષ્ઠિર હતા; એવા બીજા રાજર્ષિ પરદુઃખભંજન વિક્રમરાજ હતા.

વિક્રમ રાજાનો સમય વીતી ગયો. પ્રજાજનોએ તેમના પુણ્યશ્લોક નામથી પોતાનાં આવતાં જતાં વર્ષો ગણવા માંડ્યાં, અને એમ કેટલાંક શતક ચાલ્યાં ગયાં. પછી એક વેળા એવું બન્યું કે એક ગામની સીમમાં કેટલાક બાલકો રાજારાજાની રમત રમતા હતા. એક બાલક રાજા થઈ ધૂળના ઢગલાના તખ્ત ઉપર વિરાજી મણ મણનો ન્યાય આપતો હતો. બીજો બાલક પ્રધાન બન્યો હતો. ત્રીજો બાલક સેનાપતિ થયો હતો, અને અન્ય બાલકો પુરજન થઈ ન્યાય માગવા આવતા હતા. આમ બાલકો રાજખેલ ખેલતા હતા. એવામાં એક માનવી 'અન્યાય' 'અન્યાય' પોકારતો એ રસ્તેથી નીકળ્યો. તે માણસને પછી બાલકો પોતાના બાલરાજા પાસે લઈ ગયા, અને તેને ઈન્સાફ આપવાને માટે વિનંતિ કરી. તેની હકીકત સાંભળી તે બાલરાજાએ દેશરાજાથી ઉલટો ચુકાદો આપ્યો, અને તે બાલકનો ચુકાદો તપાસ કરતાં અન્તે ખરો પડ્યો. પંડિતોનો ગુણજ્ઞ, કાવ્યરસિક, તેજસ્વી ભોજ રાજા એ બાલકોનો દેશપતિ હતો. બાલકોના ખેલની અને તેમના ચુકાદાની બધી વાર્તા એ રાજાને કાને પડી, અને શોધ કરતાં તે રાજાને જનમહિમા નહીં, પણ સ્થાનમહિમા જણાયો. તે ઉપરથી એ બાલખેલના રાજાએ જે ઢગલા ઉપર બેસી ન્યાય કર્યો હતો ત્યાં ખોદાવતાં ભોજરાજાને બતરીશ પૂતળીઓવાળું એક રમણીય રાજસિંહાસન મળી આવ્યું. એવી કથા છે કે એ સિંહા-

સનને ભોજરાજા રાજદરબારમાં લઈ ગયા, અને રાજસભામાં પોતાના સિંહાસનને સ્થાને ગોઠવ્યું. રાજસભા ભરી પોતે એ સિંહાસન ઉપર ચ્હડવા જાય છે ત્ય્હાં એ પૂતળીઓએ ભોજ-રાજાને વાર્યા, અને કહ્યું કે વિક્રમાદિત્ય જેવા પરદુઃખભંજન રાજવી જ આ સિંહાસનને યોગ્ય છે. પછી પુરપતિના પૂછવાથી તે બત્રીશે પૂતળીઓએ પરદુઃખભંજન મહારાજ વિક્રમાદિત્યની અદ્‌ભૂત વાર્તાઓ કહી સંભળાવી. કેવા તે રાત્રિએ નગરચર્ચા જોવા નીકળતા, કેવા તે પ્રજાહિતને જ જીવનધર્મ જાણતા, કેવા તે અન્ધારપછેડો ઓઢી અણધાર્યે સમયે ને અણધાર્યે સ્થલે જઈ આવી, નજરે વસ્તુસ્થિતિ નિરખી લઈ, લોકનાં સંકટ હરતાઃ એ બધી અજબ પ્રજાસેવાની કથાઓ આપણા મહાકવિ સામળે ગાયેલી છે. એવી લોકસેવાથી જ વિક્રમાદિત્ય પરદુઃખભંજન કહેવાયા, એવા પ્રજાપ્રેમથી જ તે પુણ્યશાલી થયા, એવા વિરલ સન્તપણાને લીધે જ તેમના નામનો શક પ્રવર્ત્યો, એવા અનુકર-ણીય દૈવી ગુણો થકી જ આ બે હજાર વર્ષ પછી પણ આપણે અહીં જ માત્ર નહીં પણ ભરતખંડમાંના કરોડો જન એમને સ્નેહ-થી–પૂજ્યતાથી સંભારે છે. એનું નામ તે ભૂપાલ કે નૃપાલ, કે જેમણે પૃથ્વીને, માનવીને પોતાનાં ગણી પોતાનાંની પેઠે પાળ્યાં. **परोपकाराय सतां विभूतयः** એ વચન વિક્રમરાયના જીવનસૂત્ર રૂપ હતું. આજ એમના ઉત્સવનો ધન્ય દિવસ છે. બે હજાર વર્ષ ઉપર થઈ ગયેલા રાજર્ષિના સદ્‌ગુણ સંભારી આજ આપણે ઉત્સવ પાળીએ છીએ. વનવાસીને મહેલવાસી કરી પ્રજાએ એમને માથે મુગટ ધરાવ્યો એ મંગલ તિથિની આજ ૧૯૯૫ મી સંવત્સરી છે. બ્હેનો ! એમને અને એમના જેવાઓને સહુ આશીર્વાદ આપો !

•

આવા આપણા રાજા હતા, અને આવા સહુ રાજા થાય એમ પ્રભુ પાસે પ્રાર્થી લઇએ છીએ. પણ આંખડી અન્તરમાં વાળો, ને નિહાળો કે આપણું શું ? બે હજાર વર્ષ દર્મિયાન આપણામાં કર્તવ્યદક્ષતા કેટલી વધી ? આપણામાં સુજનતા કેટલી

બીલી? આપણા પોતામાં જ સદાચાર, પુણ્યભાવના, હેત, સંપ, ભક્તિ, ઉદારતા કેટલાં વિકાસ પામ્યાં? બે હજાર વર્ષમાં ઉન્નતિક્રમની સ્હીડીનાં કેટલાં પગથીઆં આપણે ચ્હડ્યાં? ઉભાં રહો, થોભો જરા. દરેક જણ પોતપોતાના અન્તરના ઓરડાઓમાં જાવ; ને જુવો ઝીણી નજરે. અહીં પુણ્ય ને પ્રભુતાની સ્થાપના છે કે બીજી કોઈ? અન્તરના મન્દિરમાં આત્મા દેવરૂપે વિરાજે છે કે દાનવરૂપે? આપણી પોતપોતાની ભૂલો આપણે પોતપોતે જ જોઈ સુધારીએ તો બીજાને કહેવા વારો જ ન આવે.

દિવસો જતાં દુનિયાં બદલાતી જાય છે. ત્હેનાં રંગ રૂપ આકારમાં જમાનાઓના વહેવા સાથે મ્હોટા ફેરફારો થતા જાય છે. સ્થળને ઠામે જળ અને જળને ઠામે સ્થળ, એવી મનુષ્યને હાથે થતી તેમજ કુદરતી ઉથલપાથલો ચાલ્યાં જ કરે છે. છતાં કુદરતના અચલ નિયમો કંઇ બદલાયા છે? ગુરુત્વાકર્ષણ અને એવા બીજા પ્રાકૃતિક મહાસિદ્ધાંતો એવા ને એવા અવ્યહત જ રહ્યા છે, એવી જ રીતે મનુષ્યસ્વભાવના મૂલ અંશો પણ લગભગ અણબદલાયેલા જ છે. મનુષ્યની ધર્મભાવના, મનુષ્યના રાગદ્વેષ, મનુષ્યની કર્તવ્યભાવના, મનુષ્યની શક્તિઓ ને વિભૂતિઓ, તેમજ તૃષ્ણા, લોભ, લાલસા, મદ, મોહ, કામ, એ સૌ તો એનાં એ જ છે, એ સૌ તો લગભગ સૃષ્ટિ જેટલાં જૂનાં જ છે. કુદરત અને મનુષ્યસ્વભાવનાં મૂળતત્ત્વો વૃદ્ધ થતાં જ નથી, તેમને જરા અડકતી જ નથી. એ અંશો તો આદિથી જ સદા યૌવનમાં ઘૂમે છે. બ્હેનો! આટલે વર્ષેય આપણાં કર્તવ્ય જૂનાં થયાં નથી, આપણા ધર્મ જરજરી ગયા નથી. આપણે તે કરવા અને પાળવાનાં છે. આપણી દૈવી સંપત્તિ પણ ખુટી ગઇ નથી, લૂટાઈ ગઈ નથી. સહુ સહુ સૌ શક્તિઓ એવી જ પૂરયૌવનમાં છે.

ત્યારે અત્યારે તો આપણે સ્હેજ જરા વિચારી જોઇએ કે સ્ત્રીજાતિનાં કર્તવ્ય શાં છે? સંસારના કામની વ્હેંચણીને પરિણામે

સ્ત્રીના વિશેષ ધર્મ પુરુષના વિશેષ ધર્મથી નિરાળા છે એટલું તો હવે સ્પષ્ટ જ છે. ભણવું ગણવું, ખાવું પીવું, ધર્મ પાળવો, નીતિ પાળવી, સ્વચ્છતા, સુઘડતા, સન્તોષ, વિવેક રાખવાં: આવા આવા અનેક ધર્મ તો સ્ત્રી પુરુષ ઉભયને સામાન્ય છે. સ્ત્રીએ મનુષ્ય છે, ને પુરુષે મનુષ્ય છે, એટલે દેહ અને આત્માના મનુષ્યધર્મ તો ઉભયને માટે એક સરખા જ છે. છતાં સ્ત્રી તે સ્ત્રી છે, ને પુરુષ નથી; અને પુરુષ તે પુરુષ છે, ને સ્ત્રી નથી. એ કારણુથી ઉભયના વિશેષ ધર્મ નિરનિરાળા જ છે. ત્યારે સ્ત્રીજાતિના વિશેષ ધર્મ શા છે?

સ્ત્રીઓનો પહેલો વિશેષ ધર્મ તે પત્નીધર્મ. કન્યકા મટી વધૂ બને, કૌમારને આરેથી ઉતરી લગ્નને તીરે જઈ બેસે, ત્યારથી સૌ સ્ત્રીઓને પત્નીધર્મ પ્રાપ્ત થાય છે. સ્વતંત્ર જે તારિકા ફરતી હતી તે તારિકા સૂરજમાલાની અંગભૂત બને છે, અને તે પછી સદા તેને સૂરજમાલાની સાથે જ ઘૂમવાનું રહે છે. કોઈ પણ વ્રતથી વ્રત લેનાર બન્ધાય છે, નિયમનમાં આવે છે. લગ્નવ્રતથી પણ પતિપત્ની નિયમનમાં આવે છે, ને પરસ્પરથી બન્ધાય છે. બ્હેનો ! લગ્નવ્રત લેતી વેળાએ ત્હમે કીયા નિયમન સ્વીકાર્યાં છે એ યાદ છે ? ગોરે ત્હમારો હાથ તમારા પતિના હાથમાં મૂક્યો તે વેળાએ તમારી સૌની પાસે પ્રતિજ્ઞાઓ કરાવી છે. એ પ્રતિજ્ઞાઓ તમને આજ સ્મરણે છે ? સ્મરણે ન હોય, વીસર્યા હો તો ગોરને પૂછી જોજો, શાસ્ત્રમાં વાંચી લેજો. એ પ્રતિજ્ઞાઓ વીસરવી તે તો ક્યાં જવું છે તે નક્કી કર્યા વિના મુસાફરી આદરવા જેવું છે. સંસારની સફરમાં ત્હમારૂં વ્હાણુ ત્હમે મેલ્યું છે. ત્હેને ક્યાં લઇ જશો ? કેમ ચલાવશો ? બ્હેનો ! સંસારની સફર આદરતાં જ તમે એ નિયમન ઉચ્ચાર્યાં છે. તે બખતે માત્ર ઉચ્ચાર્યાં છે, કે ત્હમારે બદલે ગોરે ઉચ્ચાર્યાં હશે. હવે એ સમજી લેવા જોઇએ. એ સૌ નિયમનનો સમાવેશ પત્નીધર્મમાં થાય છે. સ્ત્રીજાતિની સ્વાભાવિક સરલતા, ઉચ્ચતા, સ્નેહાળતા, ધાર્મિકતા, શ્રદ્ધા, આસ્થાને પૂછી એ પન્થે પળશો તો ભૂલાં નહીં પડો.

સ્ત્રીજાતિનો ત્યારે બીજો વિશેષ ધર્મ કંઈ છે? હા. પતિ અને પત્નીએ સ્નેહ બાંધી—કે ન બાંધી—લગ્નવ્રત લીધું, કે તરત એક કુલ સ્થપાયું, દુનિયાનાં કુટુંબોમાં એક કુટુંબ વધ્યું. ઘણે ભાગે તો સહુ દંપતી ઉપર પ્રભુના આશીર્વાદ જ ઉતરે છે, ને પરિવાર વધે છે. પણ સન્તાનની લીલાથી ઘર ભરાવ કે ન ભરાવ, બાલકોના બોલ ઘરમાં ગાજી રહો કે ન ગાજી રહો, કુટુંબ તો લગ્નતિથિથી જ મંડાયું. ગૃહનો માંડવો તો તે ઘડીથી જ રોપાયો. તે ઘડીથી જ સ્ત્રીને ગૃહિણીધર્મ પ્રાપ્ત થાય છે. એ ગૃહિણીધર્મ તે સ્ત્રીનો બીજો વિશેષ ધર્મ. ગૃહની વ્યવસ્થા—ઘરસંસાર ચલાવવો એ પત્નીધર્મથી નિરાળી વાત છે, છતાં બન્નેની અખંડ બેલડી છે. લગ્નવ્રતમાંથી એ બન્ને જોડકી બ્હેનો જન્મે છે. ગૃહિણીધર્મ શા છે તે મ્હારા કરતાં ત્હમે વધારે જાણો છો. હું ત્હમને એ વિષયમાં કહું ત્હેના કરતાં ત્હમારી પાસેથી સાંભળવા વધારે આતુર છું. માટે એટલું જ સૂચવું છું કે ત્હમારા કુટુંબમાંથી કલેશ ઘટે, ને સ્નેહ અને સંપ વધે, શરીરનાં આરોગ્ય અને ચિત્તની પ્રસન્નતા, બહારનાં ને અન્તરનાં બલ તથા વૈભવ, સુખ, સન્તોષ ને શાન્તિ સદા વિકાસ પામે એવું કરજો. ત્હમારા મંડપ એવા રચજો કે તેમાં તાપ કે સન્તાપ ન આવે, છતાં તે ઉષ્મા અને અજવાળાંથી શોભી રહે. ત્હમારી આંખડીમાં અમી રાખજો, ત્હમારા હાથમાં કર્તવ્યચાતુરી રાખજો, ત્હમારી જીભમાં મીઠાશ રાખજો, ત્હમારા આચરણમાં હેત રાખજો. એ સહુ કંઈ નવાં લાવવાં પડે તેમ નથી, એ સૌ ત્હમારી પાસે જ છે. માત્ર ત્હેમને ખોતાં નહીં, ઢાંકતાં નહીં, રજ ચડવા દેતાં નહીં. સુન્દરી જો પોતાની સુન્દરતા પ્રગટવા દે તોએ જગતનાં વડાં સૌભાગ્ય ઉઘડે.

બ્હેનો! પત્નીધર્મ અને ગૃહિણીધર્મની ઝાંખી જરા આપણે કરી. એક વધારે વિશેષ ધર્મનો આપણે વિચાર કરી લઇએ. પતિપત્ની ઘર માંડે છે તે વગડાને આરે નહીં, પણ સંસારની વચ્ચે. ઘર બાંધતી વખતે જેમ આપણે આપણા પાડોશીઓના

હક સાચવવા પડે છે, તેમ સંસારમાં જીવન ગાળતી વેળાએ પણ આપણે અન્ય સંસારવાસીઓના હક જાળવવાના છે. આ ધર્મને આપણે સંસારિણીધર્મ કહીશું. જે સંસાર આપણું ચોપાસેથી રક્ષણ કરે છે, જે સંસાર પોતાનો ભૂતકાલનો બધો સંચય આપણા ચરણમાં ખુલ્લો મૂકી દે છે, જે સંસારવાસીઓ આપણી સાથે ખભેખભો મેળવી ઉભા રહે છે, તે સંસાર અને સંસારીઓ તરફ આપણા પણ અનેક ધર્મ છે જ. જે કેળવણી આપણે લીધી તે કેળવણીની પદ્ધતિ વધારે લાભદાયક કરવી, જે ઔષધશાળાઓએ આપણને સાજાં કર્યાં તે ઔષધશાળાઓને સમરાવવી, જે બાગ, ચૌટાં, મન્દિરોએ આપણને આનન્દની, જરૂરીઆતની અને ઉન્નતિની સામગ્રી પૂરી પાડી, ત્હેમને વધારે શોભાવન્તાં, ઉપયોગી અને પવિત્ર કરવાં: કોણ કહેશે કે એ આપણા ધર્મ નથી ? સંસાર અનેક રીતે આપણી સુશ્રૂષા કરે છે. આપણને ઘટે છે કે આપણે એ સંસારની સુશ્રૂષા કરવી.

બ્હેનો ! એ સંસારસેવાના યથાશક્તિ, મતિઅવકાશ આચરવાના અનેક માર્ગ છે; ખંતથી શોધશે ત્હેમને સૌને તરત જ તે જડશે. અહીં તો એટલું જ વિનવું છું કે સંસારમાંનાં વડીલો ભણી પુત્રીભાવ, સંસારમાંનાં સમાનવયી ભણી ભગિનીભાવ, અને સંસારમાંનાં ન્હાનેરાંઓ ભણી માતાભાવ રાખજો. એ ત્હમારો સંસારિણીધર્મ. જે ભાવથી પુત્રી, ભગિની અને માતા થઈ કુટુંબમાં વિચરો છો, એ ભાવથી સારા યે સંસારમાં સદા વિચરજો ! એમાં જ તમારૂં અને સંસારનું ઉભયનું કલ્યાણ છે.

બ્હેનો ! કલ્યાણ થાવ તમ સહુનું. આટલુંએ આપણે સમજી શીખી આચરવા માંડશું, તો આપણને ઘણું ઊંચે ચ્હડવાનું મળશે. પરદુઃખભંજન વિક્રમરાજનું આ ૧૯૬૫ નું વર્ષ આપણું સફળ થશે, અને આપણા ગુજરાતમાં અનેરાં અજવાળાં જ ઉઘડશે. ગુજરાતી હિંદુ સ્ત્રીમંડળનાં સભાસદોને એ તો કહેવું પડે એમ જ નથી કે આપણે સૌ ગુર્જરીનાં સન્તાન છીએ. ગુર્જરીનો યશ

અને મહિમા આપણે હાથ છે. માબાપની કીર્તિ અકીર્તિ હમેશાં સન્તાનના હાથમાં હોય છે. ગુર્જરીની લાજ અને શોભા પણ આપણે જ સાચવવાની ને વધારવાની છે. ગુજરાતનાં ખંત ને ઉદ્યોગ, ગુજરાતની વ્યાપારકુશળતા, ગુજરાતનાં સાગર ઉપરનાં સાહસ, ગુજરાતનાં ડહાપણ અને દૂરઅન્દેશી, ગુજરાતની ભક્તિ અને પરોપકારિતા, ગુજરાતનાં શાન્તિયુગનાં પરાક્રમ, ગુજરાતની મધુરતા, સુન્દરતા, પુણ્યભાવના: ઓ ભાવી ગુજરાતની માતાઓ! એ અમારી સૌ આશાઓ તમારા ધાવણમાં છે. ગુજરાતના વીર પુરુષો, ગુજરાતના તત્ત્વચિન્તકો, ગુજરાતના રાજનીતિજ્ઞો, ગુજરાતના કવિઓ, ભક્તો, દાનેશ્વરો, ઓ ગુજરાતની જનનીઓ! એ સહુ યશપુત્રો તમારા જડ અને ચેતન દેહમાં સંચેલા છે. મિસરથી માંડી સારો પશ્ચિમ આફ્રિકાનો કાંઠો આપણા ગુજરાતીઓએ ખીલવ્યો હતો. અરબસ્તાનથી આદરી સારો અરબ્બી સમુદ્ર અને હિન્દી મહાસાગર ડહોળી નાંખી જાવા, સુમાત્રા અને ચીન સુધી આપણાં ગુજરાતી વહાણો સફર ખેડતાં, એ સમુદ્રો તો આપણા પુરાણા ખલાસીઓને મન મોટા સરોવર જેવાં હતાં. સુરત અને ખંભાત જેવાં બન્દરો હતાં. દ્વારિકાં અને પ્રભાસ જેવાં તિર્થો હતાં. આ અલબેલી મુંબઈનગરીની જાહોજલાલી ખીલવનારા ભાટિયા, કપોળ અને અન્ય વૈશ્યો, પારસી, ખોજા, મેમણ, એ સહુ આપણી ગુર્જર માતાનાં સન્તાન છે. બ્હેનો! એટલું સ્મરણમાં સંચી રાખજો કે જ્યાં જ્યાં ગુર્જરી ભાષા બોલાય છે ત્યાં ત્યાં ગુજરાત જ છે. ગુજરાતનાં એ પુરાણાં પરાક્રમ અને દૈવી સંપત્તિના વિજય હજી આથમ્યા નથી. એ વિજયને વધારે યશવન્તા કરે એવાં સન્તાન ગુર્જરદેવીને ખોળે મૂકજો, એ જયકીર્તિને વધારે ઉજ્જવલ કરે, પાવન કરે એવા મહાભાગ દેવપુત્રો અને દેવપુત્રીઓની જનનીઓ થજો! બ્હેનો! દેવો પણ તમારે પેટ અવતરવા ઈચ્છે એવાં ઉજળાં અને પવિત્ર ત્હમે સૌ રહેજો. કલ્યાણ થાવ ત્હમારૂં સહુનું, અને વિક્રમરાયનું આ વર્ષ સહુનું ત્હમારૂં અખંડ પ્રકાશમાં વીતો!

નવા વર્ષના બે બોલ.

(સંવત્ ૧૯૬૬)

લેખકઃ—મુળજી દુલભજી વેદ.

ગુજરાતની ગૃહલક્ષ્મીઓ ! મારી સુન્દર બ્હેનો ! આજે નવું વર્ષ શુભ થાવ તમારૂં, જગતનું કલ્યાણ થાવ. આજ મંગલ તિથિયે તમારા હૃદયાકાશમાં આનન્દના નૃત્ય આદરો. બ્હેનો ! આજે હૃદય સાક્ષી પુરે છે કેઃ—

આશાનાં નૂર ને શ્રદ્ધાનાં પૂરની
ઉષા જાગી, ઉષા જાગી.
જાગો, જાગો ઝીલનારી રે બ્હેન,
ઉષા જાગી, ઉષા જાગી.

નવ આશાનાં નવ રાસ ઝીલનારી બ્હેનો ! જાગો, જાગો. આજે આશાનાં નૂર ને શ્રદ્ધાના પૂરની ઉષા જાગી ! પ્રભુના પ્રકાશભર્યું જુઓ આજે જગતઃ નવી આશાનાં નવાં તેજ. એ તેજની જ જ્યોતિમાંથી આપણે આપણો આત્મા પ્રગટાવશું; એજ જ્યોતિની શુદ્ધિમાંથી આપણે આપણા આત્મામાં વિશુદ્ધિ સંભરશું; એ જ જ્યોતિના પરમ મૂલ, પરમ ધામ પરમાત્માના પરમ મોક્ષધામ તરફ આપણે આપણી દ્રષ્ટિ રાખશું. એ જ પ્રકાશનાં આંખડલીમાં અંજન આંજશું. એ જ જ્યોતિના અખંડ દિવડાઓ સંસારના પૂણ્યધામના મન્દિરો—ગૃહરાજ્યોમાં અખંડ જ્યોતિશા ઝળકાવશું. ને એ જ જ્યોતિ ઝીલતા જગતને એ જ જ્યોતિનાં દાન આપશું. પ્રભુના પરમ ધામમાં જ આશા રાખશું. બ્હેનો ! આ આશા રાખશો તો આનંદ જ છે.

મંગલ સૌભાગ્યદેવીઓ! આર્યભૂમિની આશાઓ! શ્રદ્ધામૂર્તિઓ! પરમેશ્વરની પરમ કૃપાની વર્ષા ઝીલો. દયાનિધિના દયાના અખંડ પુણ્યોનાં પાન કરો. પ્રભુનાં દર્શન ને પ્રભુની પરમ પ્રસાદી રૂપી મૃતસંજીવની દયાનાં પાન કરો. તમારામાં શ્રદ્ધા છે તે શ્રદ્ધા વિકસાવો. આશાની જ્યોતિ ને શ્રદ્ધાના અમૃતનાં સદાવ્રત સંસારે સ્થાપો! આજ આજ આ જ ભાવના–નવ વર્ષનું તમારૂં વ્રત, બ્હેનો! સિદ્ધ થાવ તમોને આ સદાચરણ. મૈયાઓ! આથી શુભ આશીર્વાદ શું આપું?

બ્હેનો! આ આશા, આ શ્રદ્ધા જીવનને પગલે પગલે, જીવનની ક્ષણે ક્ષણે અનુભવજો અને વિકસાવજો. પ્રભુ વિશ્વનો આધાર છે, જગતનો ઈશ છે, ને સંસારનો સૃષ્ટા છે. વિશ્વના અનેક વિભાગમાં એ જ જ્યોતિ જાગે છે. જગતની અનેક સાંકળોને સાંધનાર તે સૂત્ર છે. ને સંસારની અનેક સુખદુ:ખભરી યાત્રાઓમાં તે જ પરમ મૂર્તિ આપણી આશા ને શ્રદ્ધાનું સ્થાન છે.

સૌભાગ્યદેવીઓ! તમો સંસારની દેવીઓ છો. કન્યા, વધૂ, માતા રૂપે તમારે સંસારમાં તરવાનું છે અને સંસારને તારવાનો છે. જીવનનો પ્રવાહ ચાલ્યો જાય છે, બ્હેનો! કાલે માતાને મન્દિર દોડતાં હતાં. શાળામાં કંઈ શીખ્યાં. સાસરીએ આવ્યાં. ગૃહિણીધર્મનો વારો આવ્યો ને માતાએ થયાં. અનેક તડકાછાંયાનો અનુભવ થયો. કેટલાક સંબંધીઓ, સાથીઓ પરલોકવાસી થયા. જીવન વહ્યું જાય છે. દેહને જરા આવતી જાય છે. સંસારનો અર્થ બ્હેનો! સરી જાય તે–જે ન ટકે તે. આ સરી જતા, ક્ષણ ક્ષણ બદલાતા સંસારમાં પ્રભુપરાયણ થવામાં જ સાર્થકતા છે. દેહમાં રહેલો ચેતન આત્મા ભગવાનનો અંશ છે અને તે આપણું નિજસ્વરૂપ છે, આપણું મૂલ છે. બ્હેનો! માનવીનાં સૌભાગ્ય આ સાર્થકતામાં જ છે અને સ્ત્રીસૃષ્ટિ આ શક્તિમાં સહધર્મચારિણી છે.

જાણો છો બ્હેનો! મહર્ષિ મનુનું વચન “પ્રસન્ન દેવતા

રહે જ્યાં પામે સન્માન સુંદરી.” સ્ત્રીજ્યોતિની સંસારના મન્દિરમાં આ જ્યોતિ પ્રતિષ્ઠા કરે છે.

એકાકી બ્રહ્મનારાયણે “ હું એકલો અનેક રૂપ થાઉં ” વિચારી સહધર્મચારિણી સખી પરમ કલ્યાણિની માતૃજ્યોતિ માયાને પ્રગટ કરી. તે મહાદેવ ને મહાદેવીના પરમ, તપોમય, આનંદમય અદ્વૈતલગ્નથી સૃષ્ટિ ઉત્પન્ન થઇ. પ્રભુજ્યોતિએ પ્રકૃતિદેવી દ્વારા પરમ સુંદરતા પ્રગટ કરી. આ જ્યોતછાંયની અખંડ બેલડી વિશ્વના વૃંદાવનમાં વિહાર કરતી કઈ ભકતદ્રષ્ટિ નીરખતી નથી ?

આ જ્યોતિને પરમાત્માએ પોતાથી પણ અધિક એવા “મહત્-બ્રહ્મ” ના સંબોધનથી શ્રી ગીતામાં બોધી છે.

આ જ જ્યોતિને શ્રી રાસેશ્વરની અમૃતરાસ લખ કરતી રાસેશ્વરી નામે રસિક ભકતો પૂજે છે.

સૌન્દર્યના પૂજારીઓએ–ઋષિકવિઓએ પ્રભુની Energy–શક્તિ–Nature પ્રકૃતિરૂપે તે મહાદેવીનાં અમર ગાન ગાયાં છે.

મહા ચિત્રકારો તે સ્વરૂપદ્વારા મોહ પામી પ્રભુજ્યોતિને પામ્યા છે ને તેમની પીછીએ તે જ્યોતિનાં દર્શન કરાવ્યાં છે.

તે પરમ જ્યોતિના સહધર્મચાર વગર આપણા કયા દેવો તેમની પ્રભા પ્રગટ કરી શકયા છે ? શ્રીકૃષ્ણનો મહિમા ગાતાં સુરદાસ, નરસૈયો ને મીરાં ‘ રાધાકૃષ્ણ રાધાકૃષ્ણ ’ કરી નાચ્યાં છે. ને રામજીનો પરમ ઉપાસક તુલસીદાસ ‘ સિયાવર રામચંદ્રકી જય’ના ચિરંજીવ સ્તોત્રોથી તે જ્યોતિના મહિમાના પાવન શંખ-નાદ કરી ગયો છે.

અમ્બા–માતા–રૂપે તેમની પ્રતિષ્ઠા ગવાય છે, ને પ્રભુમય

જીવન ગાળતા અનેક ભક્તો તે માતાને ખોળે પોતાનાં શિર નમાવી સંસારના રાગથી વિમુક્ત થયા છે. આરાસુરી આઇમાના રાસો કઈ સ્ત્રીઓએ નથી ઝીલ્યા? ને માના પુરુષભક્તોએ સ્ત્રીની દીનતાથી નથી ગાયાં?

"આ અખિલ વિશ્વમાં વ્યાપતી બૉરદાળી મા
મુજ કાળજડામાં માય, ઝાંઝર વાગે મા."

* * *

"દશે દિશા માની જોગણીઓ લગાડી રહી છે લ્હાય રે
હરિહર બ્રહ્મા નમી પડ્યા ને સ્તોત્ર શક્તિનાં ગાય!
માના બાળક સઉ!"

"હરિ હર બ્રહ્મા ને સઉ પુરુષો–તેને કરીયે શુંય રે?
માવડી પાસે ગોઠડી કરતાં વળે દીકરીને હુંફ,
અમે મા તુજ ખોળે!"

"તુજ ખોળે પડી રહીયે ત્યારે ભાગે ભવની ભાવટ રે,
જમકિંકરની બ્હીક ન લાગે, તરી જઇએ ભવસાગર
એમાં તું હોડી છો."

આ માતાજીના સ્તવનમાં અહા કેટલી દુઃખી દીકરીઓએ આશ્વાસન લીધાં છે; કેટલી નિર્દોષ મુગ્ધાઓ શક્તિવાળી વિરાંગનાઓ બની છે ને સંસારસાગરને તરી ગઈ–તરાવી ગઈ છે?

વંદે માતરમ્‌ના પવિત્ર સૂત્રે દેશને માતા રૂપે જ નમન કરાવ્યાં છે ને દેશની માતૃસેવા માટે સુપુત્રો સજ્જ થતા જાય છે. આ જ્યોતિનો સ્ત્રી અવતાર છે. આ જ્યોતિના અંશો–અંકુરો સ્ત્રીજ્યોતિએ સંસારના બાગમાં ખીલવવાના છે, તેની સુવાસ પ્રગટ કરાવવાની છે; તેનાં શુભ ફળોનો ફાળ ધારવાનો

છે ને તે જ જ્યોતિની સુંદરતા, સાત્વિકતા ને શૌર્ય ગૃહે ગૃહે, આશ્રમે આશ્રમે ને આખી સૃષ્ટિમાં પ્રગટ કરવાનાં છે.

તે જ જ્યોતિ એકાકી–કુમારી સરસ્વતી રૂપે પ્રગટ થઈ છે, ને માણસોના શવ–મડદાઓમાં જ્યોતિનો પ્રાણ પ્રગટાવી માટીના મંદિરોમાં પ્રાણપ્રતિષ્ઠા કરી છે ને પુરુષોને શિવરૂપ કર્યા છે.

નિર્મલ ગંગારૂપે તે જ જ્યોતિ સ્વર્ગમાંથી નીકળી છે ને પતીત સંસારમાં પવિત્ર રહી સર્વેને પાવન કરે છે.

માતા રૂપે તે જ જ્યોતિ ક્ષમા ને સ્વાર્થત્યાગની અન્નપૂર્ણા દેવી સમી ગૃહે ગૃહે પ્રગટ થાય છે. માતાનાં તપ, માતાનાં દાન તે પ્રભુનાં દાન ને પ્રભુના તપ સમાન હો !

આ જ્યોતિનાં દર્શન ઇતિહાસોએ કેવાં દિવ્ય કરાવ્યાં છે? સાહિત્યના સુંદર બાગોમાં હૈયાની મનહર મહારાણી સમા શા ખીલ્યાં છે ? કંઈ મૂર્તિઓની ઝાંખી જ કરી પાવન થઇએ.

સીતાજી ! હા પવિત્ર સીતા માતા ! પવિત્ર રામજીની પરમ પવિત્ર દેવી ! શાં તમારાં તપ! શી તમારી ક્ષમા! રામચંદ્રજીનો રાજ્યાભિષેક વનવાસમાં બદલાયો ને મહારાણી થતી મૃગાક્ષી સિંહણ સમી શૂરી થઈ પિયુજી સાથે વનમાં ચાલી. અસુરની લંકામાં તેણે રામજીનાં જ સ્તવન કર્યાં, ને ક્ષુદ્ર ધોબીના મતથી ડરી લોકાપવાદના ભયથી પવિત્ર દેવીને અન્યાયીશાસન કરતા પતિ–રાજા તરફ તેણે ખેદ સરખો પણ ન દેખાડયો ને પવિત્ર દેવી અગ્નિના ભડકામાં અમર રહી શુદ્ધ હતી તેવાં શુદ્ધિનાં સાક્ષ્ય અપવિત્ર સંસારને આપ્યાં. નમન નમન છે તે પરમ કલ્યાણિની દેવીને. જય જય સીતા, જય જય સીતા, જય જય સીતારામ !

સાવિત્રી ! હા ! પવિત્ર સાવિત્રી ! રાજકુમારી તપતા રાજર્ષિની પત્ની થઈ તમે તપ તપ્યાં. તમારા મરેલ પતિના

શવમાં ધર્મરાજને જીતી જીવ મૂકાવ્યો. તમારા અન્ધ સસરાજીને લોચન અપાવ્યાં. જય જય તપોમયી દેવી, જય ! જય !

મદાલસા ! પવિત્ર મદાલસા ! ગૃહદેવી ! સંન્યાસિની ! શા તારાં બાલકોને તેં લડાવ્યાં. શા પરમ સંન્યાસિની તે ઉગતા છોડોને દિક્ષા આપી. સંસારસાગરને તરવાનું સંન્યાસ–પરમ ત્યાગની દિક્ષાને દેનારી માતા–જય તારનાર ઉદ્ધારનાર માતાનો.

ઇતિહાસની આરસીમાં દિવ્ય દેખાતી શુરાંગના સિંહણ-સમી શૂરી ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનાં શાં શૌર્ય? દેવી ! ઇતિ-હાસમાં તારૂં નામ અમર થયું.

ફ્રાન્સની પ્રેરિત બાલિકા જૉઅન ઑફ આર્કસ તેં ફ્રાન્સના શા ઉદ્ધાર કર્યા : શાં શૌર્ય દાખવ્યાં ! હારી જતા રાજલશ્કરને બાલિકા તેં શું સતેજ કર્યું ! જય જય તારી શૌર્યજ્યોતિનો !

પુરાણના દિવ્ય દેશ તથા ઇતિહાસની પ્રેરક ભુમિકાઓ-માંથી ચાલો જરા વર્તમાન યુગની જ ઝાંખી કરી લઇએ.

પરમ પુણ્યશાળી શાન્તિના સામ્રાજ્યનો વિરલ લ્હાવો લઈ ગયેલી મહારાણી વિકટોરીયા ! શા તારા મધુરા શબ્દો ! આશા-જનક પ્રેરક શબ્દો ! કયે ખૂણે, કયા ગામડીયાથી પણ તારૂં નામ અજાણ્યું છે? ને કયા પુરુષે રાણીનું રાજ્ય છે કહી તેની પત્નીને હકો નથી આપ્યા કે તેના હુકમો નથી ઉઠાવ્યા ?

પવિત્ર મૈયા ફ્રાન્સીસ પાઉર કોબે પ્રભુભક્તિના કેવા પાઠો ગાયા છે–પ્રેર્યા છે.

પવિત્ર દયાદેવી નાઈટેંગલે કેટલાંક દુખીઓનાં દુઃખ નિવાર્યાંછે.

જનરલ બુથે તે દેવીના સહધર્મચારથી મુક્તિફોજના ધર્મ-યુદ્ધોના શા શા વિજયો મેળવ્યા છે?

હિંદુસ્તાનમાં આવી હિંદુ ધર્મપર ફિદા થયેલી એનીબિસેન્ટે આ દેશમાં શા મંગળ સમારંભો યોજ્યા છે ?

હિંદુસ્તાનની આદર્શરૂપ સુન્દરી સરલાદેવીની અપૂર્વ શક્તિનો આપણને ગયે વર્ષે જ અનુભવ થયો.

નાની વયમાં જ વિદેહી થયેલી તોરૂદત્તનાં કાવ્યોએ યુરોપમાં પણ પ્રશંસા મેળવી.

સ્ત્રીજ્યોતિની શક્તિની ઝાંખી ભૂત અને વર્ત્તમાનમાં આપણે કરી. સ્ત્રી તે સરલતાની મૂર્તિ છે, શાન્તિની ગંગા છે. જીવનની આનંદબંસી છે. શ્રદ્ધાનું સ્વરૂપ છે અને યોગ—સ્વાર્થત્યાગની સિદ્ધિ છે. ભગવાન બુદ્ધને મળેલી સુજાતાની કથા બ્હેનો સાંભળવા જેવી છે.

બુદ્ધ ભગવાન બોધિસત્વ વૃક્ષ નીચે તપ કરતા હતા—સત્ય શોધતા હતા. ઘણા દિવસના કઠણ તપ અને અપવાસથી શરીર જીર્ણ થયું. મહર્ષિને ઘણા દિવસ થયાં ભોજન મળ્યું ન હતું. ગાત્ર સુકાયાં હતાં.

પડોશમાં એક ગામ હતું, ત્યાં સુજાતા નામની સુન્દરી એક ધનવાનની પત્ની હતી. પુત્રના કોડવાળીએ એમ માનતા લીધી કે પુત્ર પ્રસવ થશે તો વનદેવને થાળ ધરાવીશ. ભગવાને માનતા સફળ કરી ને ત્રણ માસના હસતા બાલકડાને લઈ કોડવતી સૌભાગ્યવતી વનદેવને થાળ ધરાવવા ચાલી. બુદ્ધ ભગવાન તપતા હતા તે વૃક્ષ નિચે સુન્દરીઓનો સંઘ આવ્યો. બુદ્ધને જોયા. સાક્ષાત વનદેવે દર્શન દીધાં અને બુદ્ધ ભગવાનને થાળ ધરાવી અર્ધ્ય આપી તેમના સુકાતા મુખમાં શરીરને સંતોષનાર મધુર દુધપાકના કોળીયા ભરાવ્યા. આ પ્રસાદે બુદ્ધને સતેજ કર્યા ને પુનર્જીવન આપ્યું. સુજાતા દેવને પ્રસન્ન જોઈ રાજી થઇ ને બુદ્ધે તેને તથા તેના બાલકને આશિર્વાદ આપ્યો. સરલતા, શાન્તિ

અને સંતોષની મૂર્તિ સુજાતાને જોઈ ભગવાને પુછયું, "મૈયા, સત્ય માટે, પ્રકાશ માટે, દુનિયાનાં દુઃખ નિવારનાર સાધનો મેળવવા ભમું છું. છ વર્ષના કઠણ તપ પછી યે નથી મળ્યું તે. પણ તમોને જીવન મધુરૂં લાગે છે? સંસારમાં આનન્દ છે? સંસારના લ્હાવા ને હેતમાં સંતોષ છે?" સુજાતાએ ઉત્તર આપ્યો: "પૂજ્યદેવ! હૃદય નાનું છે મારૂં. આખા ખેતરને વર્ષાદનાં છાંટણાં ન ભીંજવે પણ મારા પુષ્પ જેવા નાના હૈડાને તો તે પૂર આણે છે. મહારાજ, મારા પતિની કૃપા ને મારા બાલકનાં મરકલડાં મારા જીવનના પ્રકાશ છે. ગૃહસેવામાં મારા દિવસો આનન્દે જાય છે. પ્રાતઃકાળે ઉઠું છું, ભગવાનનું સ્તવન કરૂં છું, દાન કરૂં છું, તુલસી સમારૂં છું. ચાકરોને કામે લગાડું છું. બપોરના પતિદેવને પોઢાડું છું. મારા ખોળામાં મધુરાં ગીતો ગાઉં છું ને મીઠો પવન ઢાળું છું. સાંજના વાળુને વખતે કુટુમ્બને પીરસું છું. આડોશપડોશી સાથે વાર્તાવિનોદ થાય છે. ત્યાર પછી પ્રભુની કૃપા છે અમારા પર. અમે શાને સુખી ન હોઇએ? ને આ મારો પુત્ર તેના પિતાને સ્વર્ગનાં દ્વાર પણ ખોલી અપાવે તે પુત્રજન્મથી શી અધિક તૃપ્તિ હોય, વનદેવ! શાસ્ત્રોનું વચન છે કે:-રસ્તાઓ પર વટેમાર્ગુ માટે છાયા થાય માટે વૃક્ષો રોપવાં, તેમની તૃષા છીપાવવા કુવા ખોદવા અને પુત્રની પ્રાપ્તિ-આટલું સ્વર્ગ અપાવશે. શાસ્ત્રમાં અમને તો શ્રદ્ધા જ છે. મહર્ષિઓ કરતાં અમો ડાહ્યાં નથી. તેઓ દેવો જોડે વાતો કરતા, વેદ ને મંત્રો જાણતા. સત્ માર્ગ ને શાન્તિના વેત્તાઓ હતા. હું તો એટલું જ જાણું કે સારામાંથી સારૂં જ ફળે ને ખરાબમાંથી ખરાબ! સર્વને સર્વ યુગમાં સારા બીજમાંથી સારૂં ફળ જોઇએ છીએ પ્રત્યક્ષ, અને કડવાં બીજોમાંથી ઝેર પ્રગટે છે. ઇર્ષામાંથી વૈર ઉત્પન્ન થાય છે. હેત હોય તો મિત્રો મળે છે, ધૈર્યમાંથી શાન્તિ. આ બધું મળે છે આ એક જીવનમાં જ મહારાજ! અને પ્રભુ દોરી ખેંચે ત્યારે જેવું વાવ્યું છે તેવું લણશું, જેવું દીધું છે તેવું મળશે, જે અહિં આદર્યું તેવું ત્યાં છે ફળ. વનદેવ! વધારે સારૂં એ મળે. એક ચોખાંના

દાણામાંથી અનેક દાણાઓ થાય છે. સંસારમાં દુઃખે છે, અને માનવીઓનાં હૈયાં હાથ પણ ન રહે. આ મારૂં બાલકડું હતું ન હતું થાય તો તો મારૂં કાળજું ફાટી જ જાય, તેની સાથે હું તો સ્વર્ગે જાઉં ને પતિદેવની ત્યાં વાટડી જોઉં. પતિદેવ સાથે પણ સ્વર્ગ સીધારૂં–સતિ થાઉં. શાસ્ત્રોનાં વાક્ય છે, મહારાજા! સતિઓ માટે. તેમના માથા પર વાળ છે તે વાળ દીઠ ક્રોડ વર્ષ સ્વર્ગનાં મળશે. મને શો ભય હોય, વનદેવ! જીવન અમારામાં મિઠાશ છે. ગરીબોને–દુખીઆંને નથી વિસરતાં અમો. સારૂં લાગે તે કરવું તે મારૂં છે નાનકડું સૂત્ર. શાસ્ત્રની આજ્ઞા પાળું છું."

ભગવાન બુદ્ધ પ્રસન્ન વદને બોલ્યાઃ "ગુરૂઓની ગુરૂ છે, તું મૈયા! ત્હારી નાની કથામાં વેદથી પણ અધિક જ્ઞાન છે. ત્હારે વધારે જાણવાની જરૂર નથી. સત્યને ને ધર્મને તું જાણે છે. મધુર પુષ્પ! તું નિર્ભય ખીલજે, ત્હારાં જેવાંઓની સાથે શીળી છાયામાં. સત્ત્વનો પ્રચંડ પ્રકાશ ત્હમારા જેવાં કુમળાં મ્હોર માટે નથી. ત્હેં મારી પૂજા કરી પણ હું ત્હારી પૂજા કરૂં છું, દેવિ! જ્ઞાનેશ્વરી! જ્ઞાન મળ્યું છે તેનું ત્હને ભાને નથી. અને જેમ પ્રેમથી જ પંખીડું ઘર તરફ દોડે છે તેમ શ્રદ્ધાથી જ તું ધર્મ આચરણ કરે છે. ત્હારા દર્શનથી જ ખાત્રી થાય છે મારી, કે માનવીઓ માટે આશા છે. શાન્તિ! શાન્તિ! કલ્યાણ! કલ્યાણ! સિદ્ધ થા તું અને મને સત્યની પ્રાપ્તિ થાવ. આ આશીર્વાદ માગું છું ત્હારી પાસે."

બ્હેનો! સુજાતાએ ભગવાન બુદ્ધને આશીર્વાદ આપ્યો ને તે ફળ્યો. અમારી બુદ્ધિની, સંસારની સુજાતા થાઓ બ્હેનો! આજે બેસતા વર્ષે આ જ આશીર્વાદ.

નવા વર્ષના બે બોલ.

(સંવત્ ૧૯૬૮)

લખનાર:—ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી,
બી. એ. એલ્‌એલ્. બી.

નવા વર્ષના આ માંગલિક પ્રસંગે મુંબાઈના સાંસારિક જીવનના મંગલ અવતારરૂપ આ સ્ત્રીમંડળનાં મંગલ દર્શનનો લાભ મળવાથી હું મારી જાતને ભાગ્યશાલી માનું છું, અને તે લાભ આપનાર તમારા 'હોંશીલા' મન્ત્રી મારા મિત્ર રા. ભવાનીદાસ નારણદાસ મોતીવાળાનો હું અંતઃકરણથી ઉપકાર માનું છું.

પરન્તુ એ લાભ મળવાથી હું જેટલો સુખી થયો છું તેટલો આ ક્ષણે હું ચિંતાતુર પણ છું. ગુર્જર જનસમાજના ભૂષણરૂપ આપણા માનવંતા દિ. બા. અંબાલાલભાઈએ ગતિમાં મૂકેલી વ્યાખ્યાનમાલામાં આજને પ્રસંગે એક મણકો ઉમેરવાની હિંમત ધરનાર તમારો આ નમ્ર સેવક માત્ર વિદ્યાર્થી છે. એના જીવનનો પ્રવાહ સુંદરતા, મધુરતા કે રસિકતાથી લક્ષિત નથી, તેમ કૌટુમ્બિક જીવનની કેટલી એક વિષમતાઓનો તેનો અનુભવ પણ પરોક્ષ જ છે. તે સ્થિતિમાં મારા બોલ તમને કેવા લાગશે તે બાબત મારા મનમાં ચિંતા રહે એ તમે સ્વાભાવિક લેખશો. મારા બે બોલથી તમારો ઉત્સાહ મંદ ન થાય, અને તમને કોઈ પણ પ્રકારથી નીરસતા ન ઉપજે એ માટે હું ઘણો જ ઉત્સુક છું. ઉછરતા અને ભવિષ્યના ગુજરાતની માતાઓ! ગુર્જર-માતાના આ બાલકના બે બોલ માટે મોટી આશાઓ બાંધતાં

નહિ; પણ ગુજરાતના ભાવી માટે સરખી ચિંતા રાખનાર એક મિત્રના બોલ ઉપર જેવું અને જેટલું ધ્યાન આપવાનું તમને યોગ્ય લાગે તેવું અને તેટલું ધ્યાન પ્હોંચાડવાની કૃપા કરજો.

પશ્ચિમના દેશોમાં સ્ત્રી અને પુરુષની સમાનતાનો સવાલ આજ કેટલાં વર્ષો થયાં ચર્ચાય છે, અને રાજ્યજીવનમાં સરખા હક સંપાદન કરવા સારૂ સ્ત્રીજાતિની કોમલતાને ન છાજતા એવા કેટલાક પ્રયત્નો થતા પણ આપણા સાંભળવામાં આવે છે. આપણે ત્યાં સદ્‌ભાગ્યે આ સવાલ એ સ્વરૂપમાં ઉપસ્થિત થયો નથી, અને હું ધારૂં છું કે ઉપસ્થિત થવાનો સંભવ પણ જૂજ છે. મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે સ્ત્રી અને પુરુષ વચ્ચે જે સવાલ છે તે સમાનતાનો નથી. કોણ કયા અંશમાં બીજાના પ્રમાણમાં વિશેષ છે તે સવાલ છે. એકબીજાની વિશેષતા એકબીજાથી સમજાય તો સમાન હકનો પ્રશ્ન જ નહિ જેવો થઈ જશે અને જે ક્લેશ પશ્ચિમનો સ્ત્રીસમાજ અત્યારે અનુભવે છે તેનો છાંયો પણ આપણાથી દૂર રહેશે.

જ્ઞાનને માટે સ્ત્રી અને પુરુષ બન્નેનો સરખો અધિકાર છે, કારણ કે બન્નેનામાં તે સંપાદન કરવાનું સરખું સામર્થ્ય છે. આ વાત મને એટલી તો નિર્વિવાદ લાગે છે કે તે સંબંધી કંઈ નિર્વચન કરવું તે પણ અત્યારે અસ્થાને છે. તેમ, નાનું મોટું, શારીરિક અથવા માનસિક બલની અપેક્ષા રાખતું, કોઈ પણ પ્રકારનું પરાક્રમ પુરુષ કરી શકે અને સ્ત્રી ન કરી શકે એવું પણ નથી. માનવજીવનના સર્વ પ્રદેશોમાં, ગૃહ, ધર્મ, રાજ્ય, સાહિત્ય, એ સર્વમાં પુરુષના જેવું જ બલ, ધૈર્ય અને દક્ષતા દર્શાવનારાં અનેક સ્ત્રીકૃત્યોની ઇતિહાસ સાખ્ય પૂરે છે. માથે આવી પડે અથવા હૃદય ઉકળે ત્યારે સ્ત્રીનું પરાક્રમસામર્થ્ય પુરુષના કરતાં કોઈ રીતે ઉતરતું રહેતું નથી એ ઇતિહાસસિદ્ધ છે.

તમારૂં આ મંડળ જ આ વાત સાબીત કરે છે. આઠ

વર્ષની અંદર તમે પોતે જ કેટલું કરી બતાવ્યું છે ? આઠ વર્ષમાં તમારી સંખ્યા પચાસથી વધીને લગભગ ત્રણસો ઉપર પહોંચી છે. તમારા જાથુકના ફંડમાં તમે લગભગ બે હજાર રૂપીયા જેટલી રકમ જમાવી શક્યાં છો. વર્ષોવર્ષ તમે પાંચસે રૂપીયા ઉપર લવાજમમાં એકઠા કરો છો, અને તેમાંથી સ્ત્રીઓને વિનોદ સાથે સદ્બોધ આપે એવા અનેક પ્રસંગો ઉપજાવી, તમારી વ્યવસ્થા-શક્તિને તમારા ઉત્સાહને અને ઉપજ ખરચના વિચારમાં તમારી વિવેકબુદ્ધિને શોભા આપે તેવી રીતે ખરચ કરો છો. તમે નિયમિત રીતે સભાઓ ભરો છો, સારા સારા વિષયો ઉપર સ્ત્રી તથા પુરુષ હિતચિન્તકોનો તેમ જ તમારા પોતાના સભાસદોનાં વ્યાખ્યાનો નિયમિત રીતે સાંભળો છો, અને નૂતન વર્ષ તથા નવરાત્ર જેવા માંગલિક પ્રસંગોમાં ઉન્નત અને સંસ્કારિત સ્ત્રી-સ્વભાવને છાજે તેવા સ્નેહસંમેલનો કરી તમે મુંબાઈના ગુજરાતી સ્ત્રીવર્ગના જીવનમાં એક નવો રસ દાખલ કર્યો છે. અને, સર્વના મુકુટરૂપે તમારા વાર્ષિક મેળાવડામાં આપણા રાજ્યવીર માનવંતા શેઠ દાદાભાઈ નવરોજીની જયન્તીનો પ્રસંગ, તે મહાત્માના ગૌરવને છાજે તેવી રીતે ઉજવી, તમે મુંબઈના પુરુષ-વર્ગને શરમિંદો કરો છો. તમારૂં આટલું કાર્ય આઠ વર્ષની વયના કોઈપણ મંડળને શોભા આપનારૂં છે; તો 'સ્વાતન્ત્ર્યહીન' સ્ત્રી-મંડળને માટે હોય એમાં કાંઈજ નવાઈ નથી. તમારી આ કૃતાર્થતાને માટે હું તમને અંતઃકરણપૂર્વક અભિનન્દન આપું છું. અને તે માટે પ્રૌઢ વયનાં પણ ઉત્સાહ અને ઉદ્યોગશીલતામાં યુવતીઓને પણ શરમિંદાં કરી નાંખે એવાં તમારાં માનવંતા પ્રમુખ સૌ. જમનાબાઈ સક્કઈનો મુંબઈમાં વસતા ગુજરાતી પુરુષવર્ગ તરફથી હું ઉપકાર માનું છું.

બ્હેનો ! સન્નારીઓ ! તમારા તરફ અમારા, પુરુષોના, અપરાધો ઘણા છે. અમે તે અપરાધોનાં પ્રાયશ્ચિતો પણ ઘણાં ભોગવ્યાં છે અને અત્યારે ભોગવીએ છીએ, અને કેટલાક કાળ

સુધી હજી અમારે ભોગવવાં પડશે. અમે અપરાધી છીએ તે અમે કબુલ કરીશું; પણ તેની સાથે અમે કહીશું કે આપણા આદ્ય રાજા અને ધર્મશાસ્ત્રના પ્રણેતા મનુમહારાજે તમને આપેલા હકપત્રનું અમે હજી સંરક્ષણ કરીએ છીએ, અને તેને પ્રતાપે અમે વાસ્તવિક રીતે અપરાધી છીએ, અમે અપરાધી છીએ તે તમે જાણો છો, તે છતાં અમે તમે પરસ્પર સદ્‌ભાવ રાખી શકીએ છીએ, અને એકબીજાને વિપત્તિની વખતે સહાયતા પણ આપી શકીએ છીએ.

તમે મને પૂછશો કે તે હકપત્ર કયું? તે હક કયો? હું તંમને તે ટુંકામાં જણાવીશ. મનુમહારાજના પ્રમાણથી ભૃગુ-સંહિતાકાર ઉપદેશ કરે છે કેઃ—

पितृभिर्भ्रातृभिश्चैताः पतिभिर्देवरैस्तथा ।
पूज्या भूषयितव्याश्च बहु कल्याणमीप्सुभिः ॥
यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ।
यत्रैतास्तु न पूज्यन्ते सर्वास्तत्राफलाः क्रियाः ॥
शोचन्ति जामयो यत्र विनश्यत्याशु तत्कुलम् ।
न शोचन्ति तु यत्रैता वर्धते तद्धि सर्वथा ॥
जामयो यानि गेहानि शपन्त्यप्रतिपूजिताः ।
तानि कृत्याहतानीव विनश्यन्ति समन्ततः ॥
तस्मादेताः सदा पूज्याः भूषणाच्छादनाशनैः ।
भूतिकामैर्नरैर्नित्यं सत्कारेषूत्सवेषु च ॥

मनु. ३ ; ५६–५९.

પિતા, ભાઈ, પતિ, દેવર, જેમને બહુ કલ્યાણની ઇચ્છા હોય તેમણે સ્ત્રીઓ પૂજ્ય છે, ભૂષણાદિકથી શણગારવા યોગ્ય છે. જ્યાં પિતા વગેરે સંબંધીઓથી સ્ત્રીઓ પૂજા પામે છે, ત્યાં દેવતા રમણ કરે છે; અને જ્યાં તેમનું પૂજન નથી થતું ત્યાં સર્વ ક્રિયાઓ નિષ્ફલ થાય છે. જે કુલમાં સ્ત્રી, પત્ની, દુહિતા, સ્નુષા વગેરે સંબન્ધવાળી સ્ત્રીઓ દુઃખી હોય છે, તે કુલ શીઘ્ર વિનાશને

પામે છે; અને જે કુલમાં તેમને દુઃખ નથી હોતું તે કુલમાં હમેશાં ધનધાન્યસમૃદ્ધિ વૃદ્ધિ પામે છે. જે કુલની સ્ત્રીઓ પૂજા ન પામવાથી 'આમનું અનિષ્ટ થજો' એવો શાપ આપે છે તે કુલ કામણટુંમણ થયું હોય તેની પેઠે વિનાશ પામે છે; માટે, સમૃદ્ધિ મેળવવાની કામનાવાળાઓએ સ્ત્રીઓનું સદાસર્વદા ભૂષણ અને અન્નવસ્ત્રાદિકથી પૂજન કરવું; અને ખાસ કરીને સત્કાર અને ઉત્સવોના પ્રસંગોમાં. (મનુઃ ૩; ૫૫ થી ૫૯.)

આ તમારૂં આપણા આદ્ય મહારાજ મનુભગવાને આપેલું અનિવાર્ય હકપત્ર છે. પુરુષોનાં તમે પૂજાપાત્ર છો; તેમના સમાન નહિ પણ તેમનાથી ઉંચાં; તેમની પૂજા પામવાને પાત્રઃ આ તમારો હક. તમારો અમારો સંબન્ધ પૂજ્યપૂજકનો સંબન્ધ છે. તમે અમારાં પૂજ્ય છો; અમે તમારા પૂજક, પૂજારી છીએ. તમે અમારાથી હલકાં નથી. અમે તમારા સમાન નથી; પણ તમે અમારાથી ઊંચાં છો, નહિ તો તમે અમારાં પૂજ્ય શી રીતે હોઈ શકો ? તમે અમારાં સેવક નથી, તમે પુરુષનાં દાસ, ગુલામ, નથી, પણ તમે તેમના દેવરૂપે છો. તમારૂં પૂજન કર્યાથી પુરુષોનું ઐહિક, આમુષ્મિક કલ્યાણ થાય છે. તમારા શાપથી અમે નષ્ટ થઈએ છીએ. અમને કલ્યાણની ઇચ્છા હોય–અમને વૃદ્ધિની–પ્રોગ્રેસ સંપાદન કરવાની–ઇચ્છા હોય તો અમારે તમારૂં પૂજન કરવું એવી મનુભગવાનની અમને અનુલ્લંઘનીય આજ્ઞા છે. અમારે તમને દેવરૂપ માનવાં જોઇએ, તમને પરિતાપ ન થાય, તમને દુઃખ ન થાય, તમને કલેશ ન થાય તે રીતે અમારે તમારી સાથે વર્તવું જોઈએ. અમારે દેવની કૃપાની ઇચ્છા હોય, અમારા જીવનમાં દેવત્વ સંપાદન કરવાનું અમારૂં કર્તવ્ય હોય, તો અમારે તમારી સાથે પૂજ્યપૂજકભાવથી વર્તવું જોઈએ.

ઉપરના હકપત્રનો અમે ઘણીવાર ભંગ કરીએ છીએ એ વાતનો હું એકદમ સ્વીકાર કરીશ. અને અમે તેનાં પરિણામો

ભોગવીએ છીએ. પરન્તુ જેટલા અંશમાં મનુભગવાનની આજ્ઞા પાળવાને હિન્દુ જનસમાજ હજી તૈયાર છે, તેટલા અંશમાં હિન્દુસમાજ અન્ય સમાજોને મુકાબલે સુખી છે. ઘણા કાળથી પડેલા ચીલા હજી કાયમ હોવાથી—આપણા જનસમાજમાં સ્ત્રીઓ ઘણે ભાગે અન્નવસ્ત્ર માટે દુઃખી રહેતી નથી. પતિ, પુત્ર, પિતા, ભાઈ, દીયર ઇત્યાદિ સંબન્ધોથી જોડાયેલો એક નહિ તો બીજો પુરુષ પોતાની સાથે સંબન્ધ ધરાવતા સ્ત્રીવર્ગ માટે આ ફરજ સ્વીકારે છે. અને તેથી પુરુષોના પ્રમાણમાં આપણો સ્ત્રીસમાજ સામાન્ય રીતે વધારે નિશ્ચિંત, વધારે સ્વસ્થ અને વધારે પરહિતાનુરાગી બની શકે છે. આપણી સ્ત્રીઓને પુરુષોના જેટલી જીવનયાત્રાની ચિંતા નથી. અને સામાન્ય રીતે આપણો સ્ત્રીસમાજ સંતાનવૃદ્ધિના પોતાના સ્વાભાવિક ધર્મનો નિર્વાહ કરવાને વધારે તૈયાર રહે છે.

આ સ્થળે **न भजेत्स्त्री स्वतन्त्रताम्** એ અને એ અર્થનાં બીજાં સ્મૃતિવાક્યોનું સ્મરણ કરાવી મને કોઈ પૂછશે કે હું આ શું કહું છું? જન્મપર્યન્તની પરાધીનતા એના કરતાં બીજું દુઃખ કયું? એના જેવી બીજી ગુલામગિરી કઈ; એના જેવું બીજું અપકર્ષકારક શું? અને વળી એમ પણ પૂછશે કે આપણા જનસમાજમાં સામાન્ય રીતે ચાલતો સ્ત્રીઓના જીવનનો ક્રમ જોતાં એમાં આ પૂજ્યપૂજક ભાવનો નિર્વાહ વ્યવહારમાં કયે ઠેકાણે છે? આ પ્રશ્નોનો પણ અત્રે ટુંકામાં ઉત્તર આપવા હું યત્ન કરીશ.

न भजेत्स्त्री स्वतन्त्रताम्—એ વાક્ય છે એની ના નથી. પણ તેની સંગતિ જોઈ તેથી શું વક્તવ્ય છે તે આપણે જોઈએ. મનુ ૫ : ૧૪૭ માં એમ કહેલું છે કે બાલા, યુવતી કે વૃદ્ધ સ્ત્રીએ, ઘરમાં પણ કોઈ કાર્ય સ્વતન્ત્રતાથી કરવું નહિ; સ્વતન્ત્રતાથી ન કરવું એટલે ઉપર કહ્યાં તે પિતા, ભાઈ, પતિ, પુત્ર, દિયર વગેરેની અનુમતિ વિના ન કરવું. તે પછી કહે છે

કે બાલ્યમાં પિતાના વશમાં, યૌવનમાં પતિના વશમાં અને પ્રાપ્તકાલે પુત્રના વશમાં સ્ત્રીઓએ રહેવું જોઈએ; સ્ત્રીએ સ્વતન્ત્રતા ભજવી નહિ.

આ વચનોમાં સમાયલું રહસ્ય સમજાવવાનો હું જરા યત્ન કરીશ. સ્ત્રીઓને જીવનયાત્રાની ચિંતામાંથી એટલે સુધી મુક્ત કરી છે કે પિતા અને પુત્રને અભાવે પતિના સપિણ્ડવર્ગે અને તે નહોય તો પિતૃપક્ષે તેમનું ભરણપોષણ કરવું. અને આવી રીતે ભરણ-પોષણ કરનાર કોઈ ન મળી આવે તો રાજાએ સ્ત્રીઓનું ભરણપોષણ કરવું. આટલે સુધી સ્ત્રીવર્ગના નિર્વાહનો બોજો સગાં સંબન્ધીઓ અને જનસમાજ ઉપર મૂકવાની સાથે સ્ત્રીએ સ્વતન્ત્રતાનો આશ્રય ન લેવો એવું વચન છે એ ધ્યાનમાં રાખવાનું છે. તેમ છતાં પણ અસ્વાતન્ત્ર્ય સ્મૃતિનો દુરુપયોગ ન થાય તે માટે, અથવા તે દુરૂપયોગના પ્રતિકારરૂપે, સ્ત્રીધનની યોજના કરવામાં આવી છે, અને સ્ત્રીધન ઉપર સ્ત્રીઓને સ્વતન્ત્ર અધિકાર આપીને આ અસ્વાતંત્ર્યની વિષમતાનો કંઈક પ્રતિકાર પણ કર્યો છે.

પુરુષના પૂજ્યસ્થાન ઉપર સ્ત્રીને મૂકીને તે ત્યાં હરહમેશ ટકી રહે તે સારૂ પુરુષની અનુમતિ વિના કોઈ પણ કાર્ય સ્ત્રીએ ન કરવું એવો ઉપદેશ કરવામાં પૂજ્યતાથી ભ્રષ્ટ થવાનો કોઈ પણ પ્રસંગ ન આવે એવી સ્થિતિ સંપાદન કરવાનો ઈરાદો છે. ‘ રાજાને હાથે કાંઈ પણ ખોટું કાર્ય થાય નહિ ’ એ અંગ્રેજ રાજ્યતન્ત્રનું સૂત્ર તમે જાણતાં હશો. એનો અર્થ એવો છે કે રાજાને હાથે ખોટું કાર્ય થયું હોય તો પણ તેની જવાબદારી રાજાની નથી પણ રાજાના મન્ત્રીની છે. અને તે માટે મન્ત્રીની સંમતિ વિના રાજાએ કંઈ પણ કાર્ય ન કરવું એવો નિયમ અંગ્રેજી રાજ્યનીતિમાં પ્રવર્તે છે. **सम्राज्ञी श्वशुरे भव, सम्राज्ञी श्वश्र्वांभव।** એ વેદોક્ત આશીર્વચનનો અસ્વાતંત્ર્યસ્મૃતિ સાથે સમન્વય આવાજ તર્કથી થઈ શકશે. કુટુંબની જીવનયાત્રાની અને લાજ

આબરૂની જેના ઉપર જવાબદારી રહેલી છે તે પુરુષવર્ગની અનુમતિ વિના સ્ત્રીઓએ, ગૃહતન્ત્રની 'સમ્રાજ્ઞી' ઓએ, કંઈ કાર્ય ન કરવું એ ઉપદેશમાં સ્ત્રીઓનો અધિકાર છીનવી લેવાની યુક્તિ નથી પણ એમને દુઃસાધ્ય જવાબદારીમાંથી મુક્ત રાખવાનો અને જે પૂજ્ય પદ એમને આપવામાં આવ્યું છે ત્યાં તેમને કાયમ રાખવાનો હેતુ છે એવું સ્પષ્ટ સમજાશે. સ્ત્રીને હાથે ગમે તેવું ખોટું કાર્ય થાય તોપણ તેનો દોષ સ્ત્રી ઉપર ન મૂકતાં તેની નજીકના પુરુષ સંબન્ધીઓ ઉપર આપણા જનસમાજમાં મૂકાય છે, એ આપણે હમેશાં અનુભવીએ છીએ, અને તેનું કારણ હવે તમે સમજી શકશો.

સ્ત્રી સંસારની અધિષ્ઠાત્રી છે; તે સ્વરૂપમાં તે પુરુષવર્ગની પૂજ્ય છે. સંસારના નાના મોટા કોઈપણ કાર્યમાંથી સ્ત્રીને બાતલ કરવામાં નથી આવી, પણ પુરુષની અનુમતિથી કાર્યમાત્ર કરવાનો ઉપદેશ કરવામાં આવ્યો છે; અને આનો હેતુ સ્ત્રીના ઉપર જવાબદારીનો બોજો ન રાખવાનો, નિષ્ફલતાના દોષનો આરોપ આવવાના પ્રસંગથી તેને દૂર રાખવાનો છે, એ હવે સ્પષ્ટ સમજાયું હશે.

વારુ! પણ ભાંડી ઘસવાનું, દળણાં દળવાનું, પાણી ભરવાનું, એવું કામ અમારી સ્ત્રીઓને કરવાનું આવે છે તે પણ શું પૂજ્ય ભાવતું જ સ્વરૂપ છે કે? હું તમને તેનો પણ જવાબ આપવા યત્ન કરીશ. તમારી આવી મદદ તે પણ તમારા ઉપર અમારો પૂજ્યભાવ ટકી રહેવાનું એક કારણ છે. તમારા પુરુષવર્ગની આર્થિક સ્થિતિ જ્યાં તમને એશઆરામ આપી શકવા જેટલી બલવાન નથી ત્યાં તમે તમારી સ્વાભાવિક ઉદારતાથી તે કામ માથે લીધું છે. જનસમાજની સામાન્ય બુદ્ધિએ સ્ત્રીપુરુષના ભાર વિભાગમાં એ કામ તમારે માથે નાંખ્યું છે. તે ભારનો પૂર્ણપણે નિર્વાહ કરી તમારા સંબન્ધવાળા પુરુષવર્ગને તમે અમૂલ્ય

મદદ કરો છો. અને, એવી મદદ જ્યાં તમે કરો છો, તમારે કરવાની હોય છે, ત્યાં તમારી અને તમારા કુટુમ્બના પુરુષ-સંબન્ધીઓ વચ્ચે કેવો ઘાડો અને કેવો વિશુદ્ધ સદ્‌ભાવ હોય છે? એક રાજાના કુટુમ્બમાં અથવા તવંગર શેઠીઆઓના ઘરમાં પતિપત્ની વગેરે વચ્ચે જે સદ્‌ભાવ જે ઘાડ અવિચ્છિન્ન અ-વિચ્છેદ્ય સદ્‌ભાવ હોવો જોઈએ તે જોવામાં નથી આવતો, તે કેટલીએક વાર ગરીબ કુટુમ્બોમાં જોવામાં આવે છે; અને તેનું કારણ એ છે કે ત્યાં સ્ત્રી વિષમતાનો ભાર વહેવામાં પુરુષને મદદ કરે છે. તમારા આ સેવકને કેટલાંક નાનાં રાજકુટુમ્બોનો, મધ્યમ સ્થિતિના ગૃહસ્થોના જીવનનો અને કંઈક ગરીબ જન-સમાજના જીવનના ઢંગનો પણ અનુભવ છે, અને એ ખાત્રીથી કહી શકે છે કે જ્યાં આર્થિક કારણસર ગૃહકાર્યમાં સ્ત્રીઓને ભાગ લેવો પડે છે ત્યાં સાચો સદ્‌ભાવ તે કારણથી લેશ પણ ઓછો હોતો નથી; ઉલટો પ્રકાર અને અંશ બન્નેમાં વધારો હોય છે.

અને, આર્થિક કારણસર આપણે આપણા ઘરનું કામ કરવું પડે તેમાં નાનપ માનવાનું કંઈ જ કારણ નથી. આર્થિક આવ-શ્યકતાઓ પાસે નાના મોટા સર્વને નમવું પડે છે. રાજપદ ધારણ કરનાર કેટલાક એવા મેં જોયા છે કે જેમને મુંબઈના એક સાધારણ ગૃહસ્થ જેટલો પણ વૈભવ નહિ હોય; તેઓ પોતે જ પોતાના મન્ત્રી અને પોતાના કારકુન સુદ્ધાંત બની જાય છે; પણ તેથી તેમના જન્મસિદ્ધ રાજત્વને જરા પણ લાંછન લાગતું નથી. તેમ તમારે પણ તમારા કુલપતિની આર્થિક સ્થિતિને અનુકૂલ થઈ જવામાં કોઈ પણ તરેહનો સંકોચ રાખવાનું કે કોઈ પણ તરેહની સવિશેષ હતભાગ્યતા માનવાનું કારણ નથી. એટલુંજ નહિ પણ તેવા પ્રસંગમાં તમારા કુલપતિ તરફ તમારો પ્રેમ છે, તમે વૈભવનાં નહિ પણ પ્રેમ અને સદ્‌ભાવનાં ભૂખ્યાં છો, તમારાથી બની શકે તેટલી રીતે તેમના સુખને માટે, તેમનો ભાર હલકો કરવાને માટે, તેમની લાજ આબરૂ વધારવાને માટે,

તમે યત્નશીલ છો, એવું, તેમને તેમજ તમારી આસપાસના જનસમાજને સમજાય, તેવું વર્તન રાખવાથી તમે તમારી પૂજ્યતાની વૃદ્ધિ જ કરો છો. જગતના જીવનમાં આર્થિક તત્વ હમેશાં બહુ અગત્યનું સ્થાન ભોગવે છે. તે તત્વનાં આંતર ચક્રો બહુ બલવાન છે અને આપણા જીવનનાં બીજાં બધાં કાર્યોમાં તે એક અથવા બીજી રીતે પોતાનો પ્રતાપ બજાવે છે. કેટલીકવાર આપણી આંતરવૃત્તિને દૂર મૂકીને આર્થિક અનુકૂલતાની અનિવાર્ય મર્યાદાઓને આપણે તાબે થવું પડે છે. આ પ્રસંગમાં, બ્હેનો! સન્નારીઓ! તમારી ઉદારતા, તમારી ક્ષમાશીલતા, તમારી વિવેકબુદ્ધિ અને તમારા સ્વાર્થાર્પણથી—એક શબ્દમાં કહું તો તમારા સાચા સ્ત્રીત્વથી, તમારી સત્પાત્રતા વૃદ્ધિ પામે છે, ઘટતી નથી.

તમારા ગૃહપતિની આર્થિક અનુકૂલતાની મર્યાદાઓને વશ થઈને તમારે જ્યાં ગૃહકાર્યોનો બોજો વહેવાનો છે ત્યાં તે બોજો વહેવાનો હોવાથી તમારી સ્થિતિ ગુલામગિરીની છે એવું લેશ પણ સમજશો નહિ. ફરી એકવાર કહું છું કે, ત્યાં તમારા સ્વભાવથી જ તમારા ગૃહપતિનાં સાધનોનું સંરક્ષણ અને સંવર્ધન કરવામાં તમે દોરાઓ છો, અને તેથી તમારી પૂજ્યતાની, તમારી સત્પાત્રતાની, વૃદ્ધિ થાય છે અને જનસમાજમાં તમારી પ્રતિષ્ઠા વધે છે, ઘટતી નથી એવું નિશ્ચયપૂર્વક માનજો. પરન્તુ અમો જ્યાં વિત્તશાઠ્ય કરીને તમારી પાસે ઘરધંધો કરાવીએ ત્યાં બેશક અમે દોષપાત્ર છીએ. અમે ગાડી ઘોડાની—અરે ભૂલ્યો, મોટોર-ટેક્સીની,—સ્હેલ કરતા હઈએ અને તમને ઘરધંધામાં ગોંધી મૂકીએ તેના જેવો તમારા તરફ અમારો બીજો અપરાધ ન હોઈ શકે. તે પ્રસંગમાં તમારા હકનો સવાલ ઉત્પન્ન થાય, તમને અ-સ્વતન્ત્રતા વિષમ લાગે, તમારા મનમાં ક્લેશ થાય, અને તમારા મનનો તે ક્લેશ તમારા બાહ્ય વ્યવહારમાં પણ પ્રતીત થયા વિના રહે નહિ. તેવે પ્રસંગે 'જેવા પૂજારી તેવા દેવ' એ ન્યાય સ્વાભાવિક રીતે અમલમાં આવે. તેવા પ્રસંગમાં તમારૂં શું કર્તવ્ય છે તે કહેવાની જોખમદારી લેવાને હું લાયક નથી. પરંતુ, એટલું

કહેવાની રજા લઉં છું કે આખરે પુરુષ તો વૈતરાનો જ ધણી છે, અને ઉપભોગનું સ્વામિત્વ તો સ્ત્રીઓનું જ છે. તેવા વિત્ત-શાઠ્યવાળાને પણ કોઈકવાર પોતાનાં સ્ત્રીસંબંધીઓને રાજી કરવાનું મન થઈ આવશે. અંતે તમારો હક તમને મળશે જ. કોઈ પણ પ્રકારનું શાઠ્ય, કે જે અસત્યનું એક સ્વરૂપ છે, તે ઝાઝું ટકી શકતું જ નથી. લોકમતની ઝીણી અને ઊંડી નજર તે તરફ આકર્ષાય છે, અને મને કે કમને, પ્રેમથી નહિ તો લોકલાજથી, પુરુષને શાઠ્યનો ત્યાગ કરવાની જરૂર પડે છે. વળી આવો પ્રસંગ આવે ત્યારે પુરુષને કેમ વશ કરવો તે તમે ક્યાં નથી સમજતાં? ધૈર્ય, કોમલતા, રસિકતા, અને જનસ્વભાવનું સ્વાભાવિક જ્ઞાન, જેનો તમારામાં અખૂટ ભંડાર ભર્યો છે, તેમાંથી થોડુંક ખરચીને લક્ષ્યપૂર્વક વર્તન ચલાવવાથી તમે પુરુષને ક્યારે ઠેકાણે નથી લાવી શકતાં? તમે હમેશાં પશ્ચાત્તાપ કરાવી પુરુષને તમારા તરફ ઈનસાફ કરતાં શીખવી શકો છો; તમારા દૃઢ મનોબલથી, તમારા આધ્યાત્મિક તેજથી, તમારા ઉદાર દીલથી, તમે તમારા પુરુષોને તમારા 'દાસ' બનાવી શકો છો; અને સાંસારિક જીવનના અભેદ્ય પ્રદેશોમાં તમારા વિનયથી, તમારી રસિકતાથી, તમારી દક્ષતાથી, સ્ત્રીત્વનો વિજયવાવટો જ્યારે યોગ્ય લાગે ત્યારે તમે ફરકાવી શકો છો.

પરન્તુ અસ્વાતન્ત્ર્ય અપકર્ષકારક છે એનું શું? આ સવાલ જરાક કઠિન છે, અને આ પ્રસંગે તેની ચર્ચા કરવા જાઉં તો આ 'બે બોલ' એટલા લાંબા થઈ જાય કે તમે જરૂર મને શાપ દો. પરંતુ આટલું કહેવાની રજા લઉં કે પ્રત્યેક ઉન્નત સ્થળ ઉપર ટકી રહેવા માટે આપણે આપણા સદ્‌ગુણોનો વિકાસ કરવાની હમેશાં જરૂર છે. અને 'અસ્વાતન્ત્ર્ય' હોવા છતાં સ્ત્રીત્વના સદ્‌ગુણોનો વિકાસ એવો સુપ્રાપ્ય છે કે અપકર્ષનો ભય રાખવાની જરુર નથી. તમારા સદ્‌ગુણોનો ભંડાર જેમ બને તેમ વધારવો, તે ઉપર તમારૂં સ્વામિત્વ અચળ રીતે જમાવવું, અને તમારી

પૂજ્યતાને ઝાંખપ લાગે તેવા આચારવિચારથી તમારે દૂર રહેવું, એ બધું તમારા ઉન્નત પદને અંગે તમને પ્રાપ્ત થાય છે. રાજા, ગુરુ, અને વધારે આગળ વધીને કહું તો અવતારી પુરુષ સુદ્ધાંતની પૂજ્યતા, ગુણોને આધારે ટકી રહે છે એ તમારૂં અજાણ્યું નથી, માટે, ગુણોને વિકસાવવા જેટલો યત્ન થાય એટલો કરવાથી અપકર્ષ દૂરજ રહેશે. વિદ્યા એ પૂજ્યતાનું આદિ કારણ છે, અને તે ખાસ કરી વિદ્યોપાસનાના આ યુગમાં; વિદ્યા સર્વ સદ્‌ગુણોના રક્ષણ સંવર્ધન માટે આવશ્યક છે અને કયા ગુણોનો કયે વખતે ઉપયોગ કરવો તેનો વિવેક દર્શાવવામાં અત્યંત ઉપયોગી છે. વળી સંસારના નાના પણ અગત્યના પ્રસંગોમાં તમારૂં સ્વભાવથી સિદ્ધ આધ્યાત્મિક તેજ, ઉગ્ર મનોબળ અને કાર્યદક્ષતાને કેળવવાની તમને એવી તક મળે છે કે જેથી તે ઉત્તમ ગુણોને તમે ઘણા ખીલવી શકો છો. અને આટલું ધ્યાનમાં રાખવાનું છે કે પુરુષનો સામાન્ય ભાર વહેવાનું તમારે માથે ક્યારે આવી પડશે તેની કોઈને ખબર નથી; અને તે સારૂ તે ભાર વહેવાને યોગ્ય તૈયારી તો તમારે હમેશાં રાખવી પડે છે. એટલે, ઉપયોગ કરવા જરૂર હોય કે ન હોય તોપણ સર્વ રીતની વ્યાવહારિક યોગ્યતા સંપાદન કરવાની જરૂર તો તમારે માથે રહે છે જ.

બ્હેનો! સન્નારીઓ! પુરુષના આચારવિચારનો કે કર્તવ્યનો એક પણ પ્રદેશ એવો નથી કે જેમાં તમારી સહાયતાની એને અપેક્ષા નથી. તમારી સહાયતા માગવાનો એને હક નથી, કારણ કે વિધાતાની યોજનામાં તમારા ઉપર સંતાનસંરક્ષણનો એવો દુર્ધાર્ય ભાર મૂકવામાં આવ્યો છે કે તેમાં તમારી બધી શારીરિક અને માનસિક સંપત્તિ અને તમારા હૃદયની વિશાલતાની મર્યાદા સમાપ્ત થઈ જાય છે એમ તમે કહો તો તે અમારે સ્વીકારવું પડે. અમારા ઘરના કે બહારના જીવનમાં તમારી અમને સહાયતા નથી એવો અમે તમારા

ઉપર આરોપ મૂકીએ ત્યાં તમારા આ કાર્યની વિષમતાની પૂરી તુલના અમે કરી શકતા નથી એમજ અમારે કહેવું જોઈએ. પરન્તુ, આટલો બધો ભાર છતાં તમે અમને સહાયતા આપવા તત્પર રહો છો, તે સારૂ યોગ્યતા સંપાદન કરવા ઉત્સુકતા ધરાવો છો, એ તમને શોભા આપનારૂં છે, અને તે માટે અમે તમારો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે.

અત્રે કહેવું જોઈએ કે અમારા વિશિષ્ટ કાર્યોમાં અમને તમારી સહાયતાની અપેક્ષા છે અને તે સારૂ તમે વિદ્યાથી અને અનુભવથી સંપન્ન થાઓ એવું અમે ઇચ્છિયે છીએ. તોપણ સંતાનસંરક્ષણરૂપ તમારા પ્રધાનકાર્યને કોરાણે મૂકીને કંઈપણ કરવાનું અમે તમને કહેતા નથી. કુદરતે તમારામાં તે કાર્ય માટે સ્વાભાવિક ઉત્કંઠા મૂકી છે, તમને તે માટે યોગ્ય શક્તિ આપી છે, અને અમે તેમાં થોડી ઘણી ધનથી પ્રાપ્ત થતી અનુકૂલતા કરી આપવા સિવાય બીજી કાંઈ પણ મદદ કરી શકીએ તેમ નથી. સંતાનસંરક્ષણ અને સંતાનસંવર્ધન, એ કુદરતે સોંપેલું તમારૂં મુખ્ય કાર્ય છે, અને તેમાં તમે વિદ્યા, કલા અને અનુભવનો ઉપયોગ કરો, તે પણ તમારા ઉપર તે સંપાદન કરવાનો બોજો નાંખવાનો અમારો એક ઉદ્દેશ છે. તમે ઊંચી વિદ્યા, ઊંચી કલા અને વ્યવહાર કાર્યનો પાકો અનુભવ લઈ તે બધાંનો તમારાં સંતાનના સંવર્ધનમાં જ ઉપયોગ કરશો એવું વ્રત લઈને બેસો તો તેમાં અમારાથી કંઈ જ કહી શકાય તેમ નથી. પરન્તુ અમારો દેશકાલ અત્યારે એવો વિષમ છે કે અમારી વિશિષ્ટ પ્રવૃત્તિઓમાં પણ અમારે તમારી મદદ માગવી પડે છે. અને જે નવા યુગમાં આપણો જનસમાજ દાખલ થયો છે તે યુગનું સ્વરૂપ જ્યાંસુધી બદલાય નહિ ત્યાંસુધી તે મદદ માગવાનું અમારા નસીબમાં ચોંટયું જ છે એવી અમારી સમજણ થઈ છે. તમે અસ્વતન્ત્ર છો છતાં દેશના દ્રવ્યસંકોચને લીધે અમારે ટ્રાન્સવાલના ફંડ સારૂ તમારી મદદ માગવી પડી; અમે અત્યન્ત પ્રવૃત્તિશીલ

હોઈ, અમારામાં રાજ્યકીય મતભેદની અસહિષ્ણુતાનો ગંભીર વ્યાધિ દાખલ થયેલો છે તેથી, દાદાભાઈ નવરોજી જેવા નરરત્નના આપણા ગુણજ્ઞાનનો પુરાવો આપવાનું કાર્ય પણ અમે તમને સોંપ્યું. હજી તમે જેમ જેમ વધારે યોગ્યતા સંપાદન કરતાં જશો તેમ તેમ અમે તમને ઘણું કામ સોંપતા જઈશું, અમે તમારી સહાયતાની વધારે ને વધારે અપેક્ષા કરીશું, અને અમારા અસ્વસ્થ જીવનમાં જ્યાં જ્યાં ખોટ જણાશે ત્યાં ત્યાં તમારી મદદથી તે ખોટ પૂરવાના યત્નો હમેશાં કરીશું. પરન્તુ, આ પ્રસંગે મારે એક સલાહ તમને આપવાની છે. અમે બહુ સ્વાર્થી છીએ. તમારે માથે વધારે પડતો બોજો નાંખી દઈએ એવું પણ બને. તેવા પ્રસંગમાં તમારૂં બાલસંરક્ષણરૂપ કાર્ય જરા પણ મંદ ન થાય તે બાબત કાળજી રાખવા મહેરબાની કરજો; અને તે મંદ કરવું પડતું હોય ત્યાં અમે ગમે તેટલી વિનંતિ કરીએ તોપણ તમે અમને સહાયતા આપવાની બેધડક ના કહેજો.

બ્હેનો ! સન્નારીઓ ! અત્યારે આપણે વિલક્ષણ દેશકાલમાંથી પસાર થઇએ છીએ તે તમારૂં અજાણ્યું નથી. છેલ્લાં પચીસ પચાસ વર્ષથી તે દેશકાલ તમને પણ સમજાયો છે. દેશનું આર્થિક જીવન છિન્નભિન્ન થઈ ગયું છે, રાજ્યજીવનમાં અનેક વિષમતાઓ ઉત્પન્ન થતી આવે છે, અને સંસારનાં કષ્ટો તો આપણે માથે ચોંટેલાં છે જ. આર્થિક જીવનની છિન્નભિન્ન સ્થિતિને લીધે સ્વદેશી માલ વાપરવાનું, સ્વદેશમાં આપણા ખપનો માલ બનાવવાના ઉદ્યોગો કરવાનું, વ્રત લેવાની અમને જરૂર જણાઈ છે. આવી જરૂર છે તે તમે પણ સમજો છો. અને તે પ્રસંગમાં અમારાથી બનતું કરવાની સાથે અમે તમારી પણ સહાયતા માગીએ છીએ. સારાં મનોહારી વસ્ત્રાભૂષણો અર્પીને તમને સંતુષ્ટ કરવાં એ અમારો ધર્મ છે અને સ્વાભાવિક સ્થિતિમાં તો પાતાળમાંથી પણ ઈષ્ટ વસ્તુ લાવી તમને અર્પણ કરવી એ અમે અમારૂં કર્તવ્ય સમજીએ છીએ. પણ અત્યારના પ્રસંગોમાં અમે જાપાન કે ફ્રાન્સની બનાવટનાં રેશમનાં વસ્ત્ર તમારે માટે ન લાવીએ, અને ડેવીડ

સાસુન કે સુરત સિલ્કસ મીલમાં બનતી દેશી સાડીઓ તમારે માટે ખરીદી તમને અર્પણ કરીએ અને તેજ માલ ખરીદવાનો તમને પણ આગ્રહ કરીએ તેમાં તમે અમને દોષ દેશો નહિ. એટલું જ નહિ પણ જે દેશકાલમાં તમારા મોજશોખમાં કંઈ ન્યૂનતા લાવવાની અમને વૃત્તિ થઈ છે તે દેશકાલની બરાબર તુલના કરી તેમાં આપણા જનમંડળનું કર્તવ્ય શું છે તે બરાબર સમજી અમે સ્ખલન કરતા હઈએ તો અમને વારવા એટલે સુધી પણ અમે તમારી સહાયતા માગીએ છીએ. સાંસારિક જીવનમાં પણ તમને પ્રસન્ન રાખવાં એ અમારી ફરજ છે, છતાં લાંબા કાળથી ચાલતા આવેલા ક્રમથી અન્યથા વર્તન કરવાના પ્રસંગોમાં તમારી અનુકૂલતા મેળવવાની અમને વારંવાર જરૂર પડે છે. તમારી પ્રસન્નતા સિદ્ધ કરવા અમારે તમને ખરી વસ્તુ-સ્થિતિ સમજાવીને તમને અનુકૂલ કરવાં જોઈએ. કારણ કે તમારા ઉપર અમલ કરીને તમને અનુકૂલ કરવા કરતાં તમને અમારા જેવા વિચારનાં જ કરીને અનુકૂલ કરવામાં તમારા અમારા પૂજ્ય-પૂજકસંબંધની જ પુષ્ટિ થાય છે. અને આ સારૂ તમને ઊંચી કેળવણી આપવાનું, અમારી વિષમતાઓ સમજવાની માનસિક શક્તિ તમારામાં અવતારવાનું, અને અમારી વિષમતાઓનો અનુભવ લેવા અમારા જેવાં કાર્યોમાં થોડે થોડે તમને દોરવાનું પણ અમને પ્રાપ્ત થાય છે.

તમને અજ્ઞાન રાખવામાં અમને કંઈજ લાભ નથી; તમને નબળાં રાખવામાં અમને કંઈજ લાભ નથી; તમને અનુભવહીન રાખવામાં અમને કંઈ લાભ નથી. ઉલટું અત્યારના દેશ-કાલમાં તમને વિદ્યાબલ 'અને અનુભવસંપન્ન કરવામાં અમારો પણ સ્વાર્થ રહેલો છે. હવે અમારી આંખ ઉઘડી છે. તમને જ્ઞાન-બલ અને અનુભવવિનાનાં રાખવામાં અમે અમારૂં અને અમારા જગત્‌નું અકલ્યાણ કર્યું છે એવું અમને હવે સમજાયું છે. મારે કહેવું જોઈએ કે અમે પણ તમારાથી બહુ જઈએ તેવા ન હતા.

અને સમૂહ ઉપર નજર નાંખીએ તો હજી પણ બહુ જઈએ તેવા નથી. અને અમારામાં રામમોહનરાય, તેલંગ, રાનડે, ગોવર્ધનરામ વગેરે થયા છે તો તમારામાં પણ સરોજિની, સરલાદેવી અને વિદ્યા શારદા ક્યાં નથી ?

બ્હેનો ! સન્નારીઓ ! આ મંગલ નામોથી જ હું મારા આજના બે બોલો હવે સમાપ્ત કરૂં છું. હું તમને અંતઃકરણપૂર્વક સાલ મુબારક ઇચ્છું છું. અને અમારા પુરુષવર્ગના અપરાધોની તમારી પાસે ક્ષમા માગી તેમનું તમે સર્વથા કલ્યાણ ચાહો, એવી શુદ્ધભાવથી તમારી–અમારા સંસારજીવનનાં અધિદૈવતની પ્રાર્થના કરૂં છું.

નવા વર્ષના બે બોલ.

(સંવત્ ૧૯૬૯)

લેખક:—રા. બા. હરગોવિંદદાસ દ્વારકાંદાસ કાંટાવાળા.

વહાલી બેહેનો,

તમારા હોંશીલા મંત્રી અને મારા મિત્ર શેઠ ભવાનીદાસ નારણદાસ મોતીવાળાની ખાસ ઇચ્છાથી હું તમને નવા વર્ષની ભેટ તરીકે બે બોલ અર્પણ કરવા માગું છું. તમોએ જે એક દાયકામાં સ્તુતિપાત્ર કામ કર્યું છે તેને માટે તમને મુબારકબાદી આપું છું, અને ઇચ્છું છું કે તમે નવા વર્ષમાં દેશહિતનાં વધારે શુભ કાર્યો કરો તથા આબાદી ને સુખ–શાન્તિ ભોગવો.

અગાઉની બહાદૂર સ્ત્રીઓ.

બહેનો, તમે જાણો છો કે સીતા, દમયંતિ અને દ્રૌપદી જેવી સતીઓએ પોતાના સ્વામીઓના સંગમાં વનવાસ વેઠી અસહ્ય દુ:ખ સહન કર્યાં હતાં; તમને ખબર છે કે પૂર્વે રાણીઓ પોતાના પતિઓ સાથે શીકાર કરવામાં નીડરપણે સામેલ થતી હતી; તમને માલમ છે કે સ્ત્રીઓએ હથિયાર ધારણ કરી રણજંગમાં પુરુષને હેરત પમાડે એવાં પરાક્રમ કર્યાં હતાં; અને તમારા વાંચવા સાંભળવામાં એ પણ આવ્યું હશે કે રાણીઓ તથા બેગમોએ રાજતંત્રનું વિષમ કામ હિમ્મત અને ખંતથી તેમ ચતુરાઈથી ફતેહમંદ રીતે પાર પાડયું હતું. પરંતુ, તમે કહેશો કે એ સૌ કરનાર રાજકરતી કોમની બૈરીઓ હતી, અને તેઓને હિમ્મત અને હોંશિયારી વારસામાં મળેલી હતી, પણ અમે ક્ષત્રીયવટ ન ધરાવનારી અબળાજાતિ શું કરી શકીએ?

પુરુષો તો કદી કહે, પણ સ્ત્રીઓ પોતે જ પોતાને અબળા એટલે બળ વગરની કહે છે ને માને છે. શું સ્ત્રીઓ ખરેખર અબળા છે એ વાત ખરી? સ્ત્રીઓ કહે છે કે બાર બૈરીએ બગલાનું જોર, એટલે બાર સ્ત્રીઓનું બળ ભેગું કરીએ તો એક બગલાના જેટલું જોર થાય એ વાત શું સાચી છે? તમે જાણો છો કે એ વાત ખોટી છે, છતાં તમે તેનો સ્વીકાર કરો છો એ નવાઈની વાત છે. સહનશીલપણું તો સ્ત્રીઓના બાપનું કહેવાય છે, એટલે ધીરજથી આપત્તિ પુરુષો કરતાં સ્ત્રીઓ વધારે સારી રીતે સહન કરી શકે છે. એ સહનશીલપણું અથવા ધીરજને થોડી આગળ વધારીએ તો તે હિમ્મતનું રૂપ ધારણ કરે છે.

સામ્પ્રત સ્ત્રીઓની નબળાઈ.

ઘણાં સૈકાંની પરતંત્રતાને લીધે, અથવા કેવળ ઘરકામમાં જ ગુંથાઈ રહેવાથી, કિંવા હિમ્મત બતાવવાના પ્રસંગ ન આવવાથી સ્ત્રીઓમાં એ સદ્‌ગુણ નહિ સરખો થઈ ગએલો દેખાય છે, એ વાત ખરી છે; તેમ સ્ત્રીજાતિ બાહુબળમાં અથવા શરીરબળમાં પુરુષજાતિ કરતાં કંઈક ઉતરતી પેદા થવાથી, તેના શરીરને અનેક જાતના વિશેષ ઘસારા લાગવાથી તથા તેની પૂરતી સંભાળ ન લેવાવાથી કદાચ તે પુરુષના જેવાં પરાક્રમ કરી ન શકે; પરંતુ શું તેથી એવું પણ સાબીત થાય છે કે તેઓ કેવળ અબળા જ છે? આપણે જોઈએ છીએ કે ઘણી સ્ત્રીઓ બીકણપણું બતાવવામાં વડાઈ સમજે છે. દૂર કોઈ બંદુક ફોડે કે મોટો ધડાકો થાય તો તે છળી ઉઠે છે, ઘરના અંધારીઆ ખંડમાં જતાં ભય રાખે છે, અંધારી રાતે કોઈને ત્યાં એકલાં જવાની હિમ્મત રાખતી નથી, પાણીમાં દેડકું કૂદે તો ઓ બાપરે કહી છળી ઉઠે છે, ને વખતે ભયના માર્યા શરીરમાં ભૂત પેશી ગયું માને છે. ઓરડામાં વીંછી નીકળે તો તેને પકડવાની કે વાડકીવતે દબાવી દેવાની છાતી ચાલતી નથી. ઘરમાં કંઈ સળગી ઉઠે કે

કોઈ છોકરાનાં કપડાં દાઝી ઉઠે તો બાઇડીઓ બૂમો પાડી મદદ માગવા જાય છે, પણ વખતસર સમયસૂચકતા ન વાપરવાથી પરિણામ કેવું ભયંકર આવે છે તે સૌના જાણવામાં છે. આવું બીકણપણું જન્મથી સ્વભાવજન્ય છે કે માત્ર ટેવથી પેદા થયેલું કે માની લીધેલું છે, તેનો વિચાર કરો.

સ્ત્રીઓની સમયસૂચકતા.

સ્ત્રીઓ હિમ્મત ધરી શકતી નથી એમ કહી શકાય નહિ. ક્ષત્રાણીઓની વાત જવા દઈએ, તોપણ બીજી વર્ણોની અંદર પણ સ્ત્રીઓએ સમયસૂચકતા, શૂરવીરપણું ને હિમ્મત બતાવ્યાના દાખલા ઘણા મળી આવે છે. પોતાનું બાળક ખોળામાંથી ઉછળતાં તેનું માથું નજીકની ધીકતી સઘડીમાં પડત; પણ તેની માતાએ સમયસૂચકતા વાપરી તેને ઝડપથી ઝાલી લીધાનું તેમ પોતાના બાળકને દાદરના કઠેરાથી ડોકીઉં કરતાં પડી જતું, નીચેથી ઉપર આવતાં તેની માતાએ બે હાથ પહોળા કરી ઝીલી લીધાનું આ લેખકે નજરે જોયું છે. એક સ્ત્રી બારસને દહાડે પાછલી રાતે રાંધતી હતી તે વખતે રસોડાની ભીંતને ચોર કોચવા લાગ્યો, બૈરીએ ઠંડે પેટે તેને કોચવા દીધો; અને જેવો તે બાકામાંથી પગ ઘાલવા ગયો કે તેને પગે બળતી કમઠાળ ચાંપી દીધી, અને બીજીએ તેવે પ્રસંગે દોરડાને ઘોડાગાંઠ વાળી તેના પગ બાંધી દોરડું થાંભલા સરસું બાંધી દીધું. ચોરે ઘણાંએ ફાંફાં માર્યાં પણ તે છૂટી ન શક્યો, અને આખરે તેને ગામરક્ષકોએ પકડી લીધો. આ દૃષ્ટાંતો હિમ્મત કે શૂરાતન કરતાં સમયસૂચકતાનાં વિશેષ ગણાય. હવે બીનલડાયક જાતની સ્ત્રીઓએ બતાવેલી હિમ્મત ને શૂરાતનના દાખલા લઈએ. એક બ્રાહ્મણની સ્ત્રી પોતાને ગામથી નજીકને ગામ કંઈ કામે જતી હતી. વચમાં વહેળો ઉતરવાનો આવ્યો. ત્યાં તેને ચોર મળ્યો. ચોરે તેને પકડી અને તેના પગનાં કલ્લાં કાઢવા યત્ન કર્યો. તે નક્કર હોવાથી

નીકળી ન શકયાં, ત્યારે ચોરે તલવાર ખેંચી તેવડે પગનાં કાંડાં કાપવાનો ઇરાદો કર્યો. સ્ત્રીએ કહ્યું ભાઈ, તું પગ શા માટે કાપે છે? હું મારા ચોટલાનું નાડું આપું તે ભેરવી ખેંચ એટલે કલ્લાં નીકળશે. નાડું લેઇ ચોર નીચે બેઠો અને જેવું ઉગડો પડી નાડાવડે કલ્લાં ખેંચવા જાય છે, તેવું જ તે બાઇએ જમીન ઉપર પડેલી ઉઘાડી તલવાર હાથમાં લઈ ચોરનું માથું ઉડાવી દીધું! એવે જ પ્રસંગે એક બીજી સ્ત્રીએ ચોર નીચો નમ્યો કે તેને પકડી બગલમાં ઘાલ્યો. ચોરે છૂટી જવા ઘણાં ફાંફાં માર્યા અને કંઈ ન ચાલ્યું ત્યારે તે સ્ત્રીને બચકારવા લાગ્યો; પણ તેણી તેને એજ સ્થિતિમાં બીજા ગામ સુધી ઘસડી ગઈ! આથી પણ જબરૂં દૃષ્ટાંત એક વિધવા વાણીઅણનું છે. તે પોતાના પિતા સાથે ગાડામાં બેસી પરગામ જતી હતી. રસ્તામાં સામા ત્રણ ચોર મળ્યા. એકે ગાડીવાનને ડાંગ મારી નીચે પાડયો; બીજાએ વાણીઆને લાકડીઓ મારી બેશુદ્ધ કર્યો, અને ત્રીજાએ ગાડું રોકયું. આવી સ્થિતિ જોઈ પેલી બાઇએ ગાડાનું એક આડું ખેંચી કાઢયું, અને કાછડો વાળી નીચે કૂદી પડી. તેણે નજીકના એક ચોરના માથામાં એવા જોરથી આડું માર્યું કે તે ભોંયભેગો થઈ ગયો. ગાડું રોકનારની પણ એજ વલે કરી એટલે ત્રીજો ચોર નાસવા લાગ્યો. તેની પૂંઠે તે બાઈ પડી, પણ ચોર વાડ કૂદીને નાસી ગયો. બાઇએ ગાડીવાનને શુદ્ધિમાં આણી તેની મદદથી બન્ને ઘાયલ થએલા ચોરને તથા પોતાના પિતાને ગાડામાં નાખ્યા, પોતે હાથમાં આડું રાખી ગાડામાં ચઢી બેઠી અને ગાડીવાનને ગાડું ચલાવવા હુકમ કર્યો. તે સૌને લઈ નજીકના ગામ ગઈ અને ત્યાંના ચોરામાં ઘાયલ થયેલા તહોમતદારો, મૂખી પટેલને હવાલે કરી દીધા! હવે કહો કે આ કરતાં વધારે હિમ્મત અને શૂરાતન પુરુષવર્ગ પણ કેટલું બતાવી શકે?

હિમ્મતવાન સ્ત્રીઓ.

પાશ્ચાત્ય દેશોની સ્ત્રીઓની હિમ્મતવિષે તમે અજાણ્યાં નહિ

હશો. તેઓ ભયની દરકાર કરતી નથી. ઘોડે બેશી શરતોમાં ઉતરે છે, કે શિકારે જાય છે. મુંબઈના એક વડા ન્યાયાધીશની પત્ની આફ્રિકામાં સિંહનો શિકાર કરવા જતી એ વાતથી તમે વાકેફગાર હશો. એ દેશોની સ્ત્રીઓ એકલી મુસાફરી કરી શકે છે, તેઓ રાની મુલકોમાં ભટકવા જાય છે ને પોતાના બચાવ માટે પાસે હથિયાર પણ રાખે છે. આમાંનું કંઈ આપણી સ્ત્રીઓ કરી શકતી નથી. તેમને આવી બાબતોમાં પુરુષો ઉપર આધાર રાખવો પડે છે. એમ છતાં તમારાં પ્રમુખ સૌ. શ્રીમતિ જમનાબાઈ સક્કઈ અને તેમની કેટલીક સહિયરોએ ગયા વર્ષમાં દુષ્કાળ નિમિત્તે જે પ્રવાસ કરવામાં હિમ્મત બતાવી છે, તે સૌને અનુકરણ કરવા યોગ્ય છે. ખરા તાપમાં જંગલની અંદર ગાડામાં બેશીને એકલાં મુસાફરી કરવી એ કંઈ ઓછી સહનશીલતા ને હિમ્મતનું કામ નથી! "હિમ્મતે મરદા તો મદદે ખુદા" એ કહેવત બન્ને જાતિને સરખી રીતે લાગુ પડે છે.

વહેમી સ્ત્રીઓ.

કોઈ કહેશે કે બૈરાંને કયાં લડવા જવું છે કે તેમને હિમ્મત ને શૂરાતનની જરૂર પડે? તેમને તો સદાય મકાનમાં રહી ઘરધંધો કરવાનો છે. સ્ત્રીઓને કયાં નોકરી કરવી છે, કે તેઓ કેળવણી લે તેના જેવો આ પ્રશ્ન છે. હિમ્મત અને શૂરાતન બતાવવાના પ્રસંગ સ્ત્રીઓને માથે પણ આવી પડે છે અને તેટલા માટે એ ગુણો પ્રાપ્ત કરવાની અથવા તેમને ખીલવવાની જરૂર છે. કસરતથી શરીર તંદુરસ્ત રહે છે ને જોરાવર થાય છે. પગ ઉપર પગ ચઢાવી બેશી રહેવાથી કે અંગ ન કસાય એવું કામકાજ માત્ર કરવાથી શરીર કસાતું નથી, અને તેથી તે પીળું દેડકા જેવું અથવા નિર્માલ્ય થઈ જાય છે. એક કોળણ એકલી બેધડક અને ઉતાવળી પરગામ ચાલી જાય છે, તેવું ઉંચવર્ણની સ્ત્રીથી કેમ થઈ શકતું નથી? બે ત્રણ કોળણો ગાવા માંડે તો આખું ગામ ગજવી મૂકે છે, ત્યારે પાંચ પચીશ ઉંચવર્ણની

ગાનારીઓનો સ્વર મ્હોલ્લા બહાર પણ ભાગ્યે જ સંભળાય છે. ઉંચવર્ણની સ્ત્રીઓ માંદલી રહે છે, અને તેમને વારેવારે ઓસડ વેસડની જરૂર પડે છે, ત્યારે નીચવર્ણની સ્ત્રીઓ જુલાબ કેવો હોય તે પણ ઘણીખરી જાણતી નથી. જેમ શરીર નબળું તેમ રોગનું જોર વધારે ને હિમ્મત ઓછી થતી જાય. ભૂતાવળ (હિસ્ટિરિઆનો રોગ) સ્ત્રીઓમાં વધારે શાથી જોવામાં આવે છે ? જેમ શરીર નબળું તેમ મન પોચું પડે, અને તેનાપર ગમે તેવી અસર થઇ જાય. પોચા મનપર વહેમની ને અજ્ઞાનતાની અસર ઘણી થાય છે. વહેમે અને અજ્ઞાનતાએ ઘણે ભાગે સ્ત્રી-વર્ગમાં ઘર કરેલું છે. "મનસા ભૂત ને શંકા ડાકણ" કહેવામાં આવે છે. તેમ જે 'બીએ તેને આવી લાગે' એવી કહાણી ચાલે છે, છતાં ભૂતપ્રેતની અસર સ્ત્રીઓ ઉપર વિશેષ થાય છે. કેમકે માણસ મુઆ પછી ભૂત થાય છે ને તે નજીકનાં સગાંને તેમ બીજાંને વળગે છે, એવો વહેમ સ્ત્રીઓમાં હોય છે, અને વહેમની મારી બીકને લઈને તેઓ છળી ઉઠે છે. આવી આપત્તિઓમાંથી દૂર થવા માટે, સંસારસુખ ભોગવી શકાય તે માટે, અને ભયને વખતે બચાવ કરી શકાય તે અર્થે સર્વે કોઈએ પ્રથમ શરીર સુદૃઢ રહે એમ કરવું જોઈએ.

"દીકરીની માટીને શા ઝટકા પડનાર છે !"

પણ આપણા ઘરસંસારમાં આપણે શું જોઇએ છીએ ? પ્રથમ તો કોઈ સ્ત્રીને દીકરી અવતરે કે તેના ઘરનાં માણસ મોં મચકોડે છે અને દિલગીર થાય છે, એટલું જ નહિ પણ જાણે તેમાં તે સ્ત્રીની જ કસુર હોય તેમ તેનાપર અણગમો બતાવી તેની સુવા-વડમાં માવજત પણ જોઇએ તેવી થતી નથી. સૌ કોઈ પુત્ર-પ્રાપ્તિની હરવખત આશા રાખે છે, પણ તે જાણતાં નથી કે એકલા પુત્રો જ જન્મે તો સંસાર નભી ન શકે. જેટલી જરૂર પુત્રની છે તેટલી જરૂર પુત્રીની છે, તે વાત લક્ષમાં ન રાખતાં

પુત્રીની સંભાળ બેદરકારપણે લેવાય છે. દીકરીની માટીને શા ઝટકા પડનાર છે, એમ ધારી તેને પાળવા પોષવામાં લક્ષ થોડાં જ માબાપ આપે છે. ખાવાપીવાની બાબતમાં ને લુગડાંલત્તાં પહેરાવવામાં તેના શરીરનું પોષણ અને રક્ષણ થાય એ ઉપર ધ્યાન અપાતું નથી. કાચું, કોરૂં, ટાઢું શીળું, કોહ્યું દવાયું હોય તે સ્ત્રીવર્ગને ભાગ પડે છે. મંદવાડ વખતે ચાંપતા ઉપાય વખતસર લેવાતા નથી. વ્રત અપવાસવડે કાયાકષ્ટી હદ ઉપરાંત કરવામાં આવે છે. લુગડાં ઘરેણાંમાં ઉપયોગ કરતાં શોભા ઉપર લક્ષ વધારે અપાય છે. ભલે જાડા લઠ્ઠ દાગીનાવડે હાથપગનાં કાંડાં કંતાઈ જાય અને નાક કાનના વહે વધીને તૂટી જવાનો પ્રસંગ આવે અથવા દાગીનાની લાલચે ચોર લુચ્ચાઓ છોકરાંનો જીવ લે, તોપણ તે પહેરાવવા ખરા. છોકરાં ભલે લુગડાં વિના નાગાં ફરે પણ તેમના અંગપર દાગીના તો જોઈએ જ. છોકરીઓને વિવાહમાં ગમે તેવે ટાણે ગમે તેવા વર સાથે પરણાવી કાચી વયે સાસરે મોકલવામાં આવે. સાસુ વઢકારી હોય, નણદી છિદ્રો ખોળનારી હોય અને બીજાં ચાડીચુગલી કરનારાં હોય તો નાનીશીક વહુપર પસ્તાળ પડવા માંડે. તેને માથે અનેક કામનો બોજો પડે. અને આરામ વિશ્રામ લેવા જાય તો તેની ફજેતી કરવામાં આવે. માઠાં ભાગ્યે ઘણીવાર કજોડાં હોય છે તો છોકરીની માઠી દશા થાય છે. કેટલીકવાર કુલવાન વર ખોળવાની લાહેમાં ઘરની કંગાળ સ્થિતિ જોવામાં આવતી નથી તેથી છોકરીને સાસરીઆમાં અન્નપાણીના વેલા પડે છે. કદી તે સુખી ઘરમાં પડી હોય અને ત્યાં ચાકર નોકર કામ કરનાર હોય તો તે વિના કામકાજે શરીર બગાડે છે. બાળલગ્નની રૂઢીથી છોકરીઓને સારૂં શીખવાનો પ્રસંગ આવતો નથી. આ બધી પીડાઓ ને અડચણો જાણવામાં છતાં માતાઓ પોતાની દીકરીઓના સુખનો વિચાર ન કરે તો તે પોતાના ફરજંદ ઉપર એક જાતનું ઘાતકીપણું વાપરે છે, અને તે સંતાનપ્રત્યેની પોતાની ફરજ અદા કરતાં નથી તેથી પાપમાં પડે છે એમ સમજવું. દીકરીઓનો સંસાર

ઘણી માતાઓ બગાડે છે. બાળપણમાં પરણાવી દેવાની અને પોતાના હાથ કંકુના કરવાની તે હઠ લે છે, આજુબાજુનો વિચાર કર્યા વગર તે અમુક ઠેકાણે જ પરણાવવાની જીદ કરે છે, દીકરીને શિક્ષણ આપવાના કામમાં પણ તે આડી આવે છે અને કેટલીકવાર તો તે દીકરીને સાસરે જતાં ઉંધી શીખામણ આપે છે.

ઘરની રાણી સ્ત્રીઓ.

ઘર એ સ્ત્રીનું કહેવાય છે અને તેથી જ તેને ઘર–ધણીઆણી કહે છે. ઘરનું રાજ તેને સોંપાએલું હોય છે, પરંતુ આપણે ઘણી વાર જોઇએ છીએ કે સ્ત્રીઓ રાજસત્તા ખોઈ બેસે છે, કેમકે તે ચલાવવાની તેનામાં શક્તિ કે આવડત હોતી નથી; એ રાજ ચલાવવા માટે જે જ્ઞાનની જરૂર તે તે મેળવતી નથી; એને માટે જે અનુભવ જોઇએ તે તે સંપાદન કરતી નથી; એને સારૂ જે સામદામ ઉપાય લેવા જોઈએ તે લેતાં તેને આવડતા નથી. કાં તો તે અતિ મિજાસી હોય છે કે કાં તો તે અતિ ભલી નીવડે છે, એટલે ઘરનાં માણુસો કાં તો કંટાળે છે કે કાં તો તેને ગણકારતાં નથી. ઘરખટલો ચલાવવામાં કાં તો તે અતિ ઉદારતા દેખાડે છે, કે કાં તો તે અતિ કંજુસાઈ બતાવે છે. તેનું પરિણામ એ આવે છે કે કાં તો તેનું રાજપદ તેનો ધણી છીનવી લે છે, કે કાં તો તેથી ઘરની ખરાબી થાય છે. ઉડાઉપણાથી ઘર ખાલી થઈ જાય છે, ને કંજુસાઈથી ઘરમાં રહેનાર હેરાન થાય છે. મધ્યમ માર્ગ કરકસરનો પકડ્યા વગર ઘર સારી રીતે ચાલે નહિ. ઘરનાં વૃદ્ધ વડિલો સાથે ને નાનાં બાળકો સાથે કેવી રીતે વર્તવું તે ઘણી સ્ત્રીઓ જાણી શકતી નથી. બધાંના મિજાજ એકસરખા હોતા નથી, તેથી ઘર નિભાવવામાં ઘણી યુક્તિ કરવી પડે છે. કેટલીકવાર "બારણાં ઉઘાડાં ને ખાળે ડાટા" ની માફક–ખાવા પીવામાં ને ખરા સુખનાં સાધનોમાં કંજુસાઈ કરવામાં આવે છે, અને દરદાગીના પાછળ અને નાતવરા પાછળ ઘેલાળપણું બતા-

વવામાં આવે છે. લોકનાં વખાણ સાંભળવા માટે ફુલણજી થવું એ ચહાવા લાયક નથી. પેટે પાટા બાંધીને વૈતરૂં કરવું અને શુભાશુભ પ્રસંગે ઘીની છોળો ઉડાવવી એ શું ડહાપણ ભરેલું છે?

તંદુરસ્તી માટે કસરતની જરૂર.

છોકરીઓને વળી કસરત કેવી એવું ઘણાં બૈરાં કહે છે, અને નિશાળમાં કસરત ચાલતી હોય તો તે વિષે હાસ્ય કરે છે. જેમને ઘરના કામકાજથી અંગકસરત જોઇએ તેટલી થતી હોય તે છોકરીઓને બીજી કસરતની જરૂર નથી, પરંતુ જેમને ઘરનું કામકાજ કરવું ન પડતું હોય તેમને કસરતની ખાસ જરૂર છે, કેમકે લોઢાની માફક શરીર પણ ઘસાયા વગર કટાય છે ને ખવાઈ જાય છે. પ્રાણીમાત્રને ઈશ્વરે કામકાજ કરવા સરજ્યાં છે. પશુપક્ષીઓ આખો દહાડો ફર્યાં કરે છે. "ફરે તે ચરે" એ કહેવત પણ એથીજ ઉત્પન્ન થઈ છે. જેણે કામ કર્યું તેણે કામણ કર્યું એ કથન ખોટું નથી. કામ કરવામાં નાનમ નથી. કામ ન હોય એટલા માટે આખો દહાડો પડી રહેવું કે બેશી રહેવું એ બરાબર નથી, એથી અનેક જાતના રોગ અંગમાં દાખલ થાય છે. શ્રીમંત લોકને ત્યાં સંતાનની ખોટ હોય છે તેનું કારણ મુખ્ય કરીને શરીરની નિર્બળતા છે. બેશી રહેવાથી ખાધેલું પચતું નથી અને તેથી શરીર નબળું પડે છે. દેવ દેવસ્થાન ગામની બહાર દૂર રાખેલાં હોય છે તેનું એક કારણ લોકોને દર્શન કરવા જતાં કસરત અને ખુલ્લી હવાનો લાભ મળે, પણ શ્રીમંતનાં બૈરાં તો જાણે પૃથ્વી ઉપર પગ પણ ન મંડાય તો સારૂં એમ સમજી દર્શન કરવા પણ ગાડીઓમાં બેશીને જાય છે. ગામ કરતાં બહારની હવા વધારે સ્વચ્છ હોય છે. ઘરના બંધિયાર ઓરડામાં રાતદિવસ કાઢવાથી ખુલ્લી ને સ્વચ્છ હવાનો લાભ મળતો નથી. જ્યારે દરિયાકાંઠે સેંકડો પારસણો ને મડમોને ફરતી જોઈએ છીએ ત્યારે ત્યાં હિંદુ–ખાસ કરીને ગુજરાતી સ્ત્રીઓ જવલે જ નજરે પડે છે.

હવા અજવાળાનો વિચાર કર્યા વગર જો ઝાડનાં કુંડાં અંધારામાં મૂકવામાં આવે તો ઝાડ કરમાઈ જાય છે. એક ભેંસને છ માસ સુધી અંધારા કોઢીઆમાં પૂરી રાખવાથી તેનો રંગ બદલાઈ ગયો હતો. આ ઉપરથી ખુલ્લી ને સ્વચ્છ હવા અને પ્રકાશનો લાભ કેટલો છે તે સમજાશે.

દેશની સ્થિતિનો આધાર સ્ત્રીકેલવણી.

અંગબળની સાથે બુદ્ધિબળ વધારવાની જરૂર છે. જેમ શરીર બળવાન હોય તેમ મગજ પણ બળવાન થાય છે પરંતુ એ બંનેને કસવાની ને ઉપયોગમાં લેવાની જરૂર છે. બુદ્ધિબળ વધારવા માટે છોકરીઓને શિક્ષણ આપવું જ જોઈએ. સૌથી સારૂં શિક્ષણ માતા આપી શકે છે, કેમકે તેના સંગમાં છોકરાં રાત દહાડો રહે છે; પણ એ કામ માટે આપણા દેશની થોડી જ માતાઓ લાયકાત ધરાવે છે. પોતે જ ભણેલી ન હોય તો પોતાનાં છોકરાંને તે કેમ ભણાવી શકે? પોતે જ બીકણ બિલાડી હોય તો પોતાનાં છોકરાંને તે હિમ્મતવાન શી રીતે કરી શકે? પોતે જ નીતિ રીતિ, વિવેકવિચાર જાળવતી ન હોય, તો તે પોતાનાં છોકરાંને લક્ષણવંતાં કેમ કરી શકે? જેટલું જ્ઞાન આપણાં છોકરાં નિશાળમાંથી આઠ દસ વરસની વયે મેળવે છે તે કરતાં પણ વધારે જ્ઞાન વિલાયતમાં છોકરાં પાંચ છ વર્ષની વયે ગૃહ–શિક્ષણથી પ્રાપ્ત કરી શકે છે. છોકરીઓ નિશાળમાં લાંબી મુદત રહી શકતી નથી. કેમકે તેમને પરણાવી હોય તો નાની વયે સાસરે વળાવી દે છે, અને સાસરે ગયા પછી નિશાળમાં મોકલાય નહિ એમ લોકો સમજે છે, એનું પરિણામ એ થાય છે કે છોકરીઓ થોડું ને નજીવું જ્ઞાનમાત્ર નિશાળમાંથી મેળવી શકે છે, અને તે થોડી મુદતે વિસરી જાય છે, કેમકે પાછળથી પુસ્તકો વાંચવાનો કે અભ્યાસ આગળ વધારવાનો તેને પ્રસંગ મળતો નથી. આવું ટુંકભંડાળીઉં શિક્ષણ શા કામમાં આવે? ઘરનો હિસાબ કિતાબ

રાખતાં પણ તેને આવડતો નથી, તેથી ઘરની વ્યવસ્થા ચલાવવામાં તે કાચી પડે છે. ઉંચી જાતના શિક્ષણ વગર સ્ત્રીજાતિ સુધરવાની નથી. અને જ્યાંસુધી સ્ત્રીઓ અજ્ઞાન રહેશે ત્યાં સુધી દેશની સ્થિતિ પણ સુધરવાની નથી. આપણે અહીં જ્ઞાનનાં કજોડાં ઘેરઘેર જોવામાં આવે છે. છોકરો, બી.એ., એમ. એ. થયો હોય ત્યારે તેને જે ઝાંખરૂં કોટે વળગ્યું હોય તે કાળા અક્ષરને કૂટી મારે એવું કે બે ચાર ચોપડીઓનું જ્ઞાન ધરાવતું હોય છે. બંને ભેગાં મળે ત્યારે વાતચિતમાં શો આનંદ મળે? બૈરી નાતની, જાતની, લગ્નની, મરણની વાતો કાઢે કે પડોશણો ને સગાં વાહાલાંની નિંદા કરે તે ધણીને પસંદ ન પડે. ધણી કંઈ જ્ઞાનની વાત કરે તેનાપર સ્ત્રીને અભાવો થાય. સ્ત્રીઓ ગાવા બજાવાની કળા શીખવાનું કરે તો લોકોમાં તેની ભારે વાતો થાય, પણ ઘરની અંદર નિરપરાધી આનંદ મેળવવામાં ગાનતાન કેટલી મદદ આપે છે તે ઘણાંના સમજવામાં નથી. બીજી વિદ્યાઓ જે સ્ત્રીપુરૂષને અનેક રીતે ઉપયોગી થઇ પડે તે સ્ત્રીઓને શીખવવામાં આવતી નથી. છોકરીઓ થોડું ઘણું શીવણ ભરત શીખે છે તો ઉંચી જાતનું વેતરતાં ને કપડાં બનાવતાં આવડતું નથી, અગર ભરતકામ માલ વગરનું કરે છે.

રસોઈનું શાસ્ત્ર શિખવું જોઇએ.

સુધરેલા દેશોમાં જો ઘરની સ્થિતિ ઉત્તમ જાતની ન હોય તો સ્ત્રીઓ ને છોકરીઓ કોઈ પણ જાતની કમાઈ કરી પુરૂષોને મદદ આપે છે, તથા ઘરનાં ખરચાળ કામ જાતે કરી તે રીતે પણ મદદગાર થાય છે. સંચાની મદદથી ઘરનાં કપડાં ધોબીના જેવાં ધોવાનું અને તેને અસ્તરી દેવાનું કામ ઓરતો કરે છે. કપડાંલત્તાં શીવવાનું કે ભરવાનું કામ જાતે કરવાથી તે પાછળ ખરચ થતું નથી. આપણે અહીં કમાઇનો સઘળો આધાર એકાદ મરદ ઉપર રહે છે, તેથી જો તેની કમાઇ સારી ન હોય તો ઘરનાં

સઘળાં માણુસોને હેરાનગતિ ભોગવવી પડે છે. બૈરાં બહુ તો ઘરનું હલકું કામ કરે, પણ જે પાછળ વિશેષ ખરચ થતું હોય તે કરી ન શકે. રસોઇની વાત લઇએ તો તેમાં પણ સારી કુશળતા ધરાવનાર કેટલાં થોડાં બૈરાં જોવામાં આવે છે. રસોઇનું શાસ્ત્ર તો ભાગ્યેજ કોઈ જાણે છે, પરંતુ તેની કળા પણ પૂરી આવડતી નથી. ઉંચી જાતની વાનીઓ માટે બજારમાં જવું પડે કે રસોઈઆ બોલાવવા પડે. ઘરમાં રસોઇઓ હોય તેના ઉપર દેખરેખ રાખવાનું કામ પણ જો સ્ત્રીઓ ન કરે, તો તે જેવું બાફ્ણું બાફે તેવું સર્વેને ખાવું પડે. તંદુરસ્તી કેમ જાળવવી, છોકરાંને કેમ ઉછેરવાં, અને માંદગીમાં તાત્કાલિક કેવા ઉપાય લેવા તે સ્ત્રીઓ જાણુતી નથી. પહેલાં ઘરમાં ડોશીઓ અરધા વૈદનું કામ કરતી, ત્યારે હાલની નારીઓ તેમાંનું કંઇ કવચિતજ જાણુતી હોય:છે. આ કારણુથી સહેજ મંદવાડ માટે દાકતરને બોલાવવા પડે છે, ને ખરચમાં ઉતરવું પડે છે. ભણીને નોકરી કરવાનું કામ સ્ત્રીઓનું નથી, એવી લોકોને સમજ છે, તેથી આપણે અહીં ભણેલી દાયણો, દાક્તરણો સ્ત્રીશિક્ષકો વગેરેની કેટલી ખોટ પડે છે? પંદર વીસના પગારવાળાની સ્ત્રીથી પણ કામ ન થાય, માટે કોઈ ચાકરડી રોકવી પડે છે. ચાકર નોકરોના પગાર ભારે થયા છે, સારા નોકરો મળતા પણ નથી, એમ છતાં મોટાઈના ગર્વમાં સાધારણ સ્થિતિની સ્ત્રીઓ પણ કામ ન કરે તો તેમને કેટલું સોસવું પડે?

બહેનો, હવે હું અહીં અટકું છું, કેમકે મારે બે બોલજ બોલવાના હતા, અને તે ખાસ કરીને અંગબળ અને બુદ્ધિબળને ઉદ્દેશી હતા. થોડા સો મીઠા: લંબાણુથી તમને કંટાળો પણ આવે.

નવા વર્ષના બે બોલ.

(સંવત્ ૧૯૬૮)

લખનાર:—હિમ્મતલાલ ગણેશજી અંજારિયા,
એમ. એ, એલ્.એલ્. બી.

ઉલ્લાસનાં કિરણો.

હિન્દનાં ભવિષ્યને ઘડનારી ઉત્સાહી સન્નારીઓ! નવું વર્ષ સર્વને સુખમય નીવડો એવી સર્વની ઇચ્છાને શબ્દોમાં મૂકવાનું, ગુજરાતની ચિંતા કરનાર સર્વ સ્ત્રીપુરૂષના હૃદયમાં આજે નવી નવી આશા અને ઉલ્લાસનાં જે કિરણો ફુટી રહ્યાં હોય તેને તમારી સમક્ષ દર્શાવવાનું, ભૂતવર્તમાનનાં જ્ઞાનથી ભવિષ્યને સુન્દર સુખરૂપ બનાવવાની જે વિચારસેરો બુદ્ધિશાલી મગજોમાં વહી રહી હશે તેમાંથી બને તેટલી સેરોનું દિગ્દર્શન કરાવવાનું, અને એ ઇચ્છા, એ આશાઉલ્લાસ, અને એ વિચારસેરો કેવી રીતે વ્યવહારમાં ઉપયોગી અને ફળવાળી કરી શકાય એ વિષે તમારી રૂબરૂ પર્યાલોચના કરવાનું કામ અત્યારે મને સોંપવામાં આવ્યું છે. બાઇઓ અને બ્હેનો! મારા માયાળુ મિત્ર રા. ભવાનીદાસ મોતીવાળાએ તો મને માન આપ્યું છે—મારા ઉપર ઉપકાર કર્યો છે, કે આ તકે મને યાદ કર્યો. પરંતુ, આગળના આવા પ્રસંગોએ તમને જે જે કહેવામાં આવ્યું છે તેનો વિચાર કરૂંછું તો શક્તિ-હીનતાની ચિંતા મને વિહ્વલ બનાવે છે. આગળના કહેનારાઓ-ના જેટલી કલ્પના કે પ્રતિભા, અનુભવ કે જ્ઞાન, ભાષામાધુર્ય કે રચનાસૌંદર્ય, ઉમ્મરની પુખ્તતા કે વિચારોની ગંભીરતા મારામાં

નથી. તો પણ આપણી ગુજરાતનાં અને સકળ હિન્દનાં ભવિષ્ય માટેની સ્ત્રીઓ અને બાળકોના ઉદ્ધારમાં જ દેશ અને રાજ્યનો ઉદ્ધાર સમાયેલો છે એ માન્યતા, અને સ્ત્રીઓ, બાળકો અને સાંસારિક જીવન માટે અતિ જોસભરી લાગણી; આ ત્રણનો મારા નમ્રહૃદયમાં અત્યંતાભાવ ન હોવાથી જ આજે તમારી સામે ઉભા થવાની મેં ધૃષ્ટતા ધારણ કરી છે.

બેસતું વર્ષ–નવીન આશાઓની ઝાંખી.

ભાઈઓ અને બ્હેનો! વિક્રમના નવા વર્ષમાં તમને સહુને શારીરિક આરોગ્ય અને માનસિક શાંતિના પૂરેપૂરા લાભ મળો એ મારી પહેલી પ્રાર્થના છે. તમારી સર્વની અભિલાષાઓ પ્રભુ પૂરી કરો! અને આજે જેવા ઉજમાળા, ઉમંગભર્યા, અને આનંદ-ભર્યા ચહેરાઓ છે તેવા જ નવા વર્ષના એકે એક દિવસમાં રહો એ બીજી પ્રાર્થના છે! અને ત્રીજી પ્રાર્થના એવી છે કે આજે હું તમને જે કાંઈ કહું તેમાંથી તમારાથી બની શકે તેવી એકાદ બાબત વિષે દૃઢતાથી વર્તન કરવાનું તમારામાંથી એકેએક નક્કી કરો! બાઈઓ અને બ્હેનો, આ મારી ત્રીજી પ્રાર્થના તમને કદાચ અનુચિત લાગશે. કદાચ એમ લાગશે કે પોતે કહે છે તે બાબતને અતિ મહત્ત્વ આપવાનો ગર્વ ભરેલો દોષ હું કરૂં છું. હા, બાઇઓ, તે દોષ મુકશો તો તે ભાર વહેવા જેટલું સામર્થ્ય મને પ્રભુએ આપ્યું છે, અને તેટલું સ્વીકારીને પણ આગ્રહપૂર્વક પ્રાર્થના કરીશ, કે જે બે ત્રણ બાબતો હું જોર દઇને તમારી પાસે મૂકીશ, તેનો વિચાર કરશો તો તમને ખાતરી થશે, કે તે બાબતો મને પોતાને લગતી કે મારા એક-લાના મગજમાંથી ઉત્પન્ન થયેલી નથી; પણ હું એમ ધારૂં છું કે સકળ ગુજરાતમાં તે બાબતોની ચિંતા દરેકે દરેક હૃદયમાં પ્રગટ ભાવે કે નિગૂઢ ભાવે તમને દેખાશે; અને જો તેવી તમને ખાતરી થાય તો જ તેનો સ્વીકાર કરશો. નહિતર મારી એ

પ્રાર્થના નામંજુર કરશો. પરંતુ એ ત્રીજી પ્રાર્થના તમને જણાવું તે પહેલાં આજે ઉદ્‌ભવતી નવી નવી આશાઓની કંઈક ઝાંખી કરવી જોઈએ. બાઈઓ અને બ્હેનો ! તમારા સર્વના હૃદયમાં આ નવા વર્ષમાં હું પોતે વધારે સારી, જ્ઞાનમાં, લોકો તરફના વ્યવહારમાં, કુટુંબ પ્રત્યેની સેવામાં, પ્રભુ પ્રત્યેના પ્રેમમાં, વધારે સારી થાઉં એવી શુભ આશા કેટલી બધી જોરદાર હશે ! પ્રભાતમાં સાધારણ રિવાજ કરતાં વહેલાં ઉઠ્યાં હશો. સ્નાનાદિથી શુદ્ધિ અને શૃંગારાદિથી અલંકૃતિ કરવાની સાથે કુટુંબીજનો માટે કેવા કેવા વ્હાલભર્યા ભાવોથી તમારૂં હૃદય ભરાઈ રહેલું હશે ! હૃદયમાં, ઘરમાં, વિશ્વમાં કેટલો ઉલ્લાસ અને કેટલો આનંદ તમે તે ક્ષણે જોયો–અનુભવ્યો હશે ! આજે તો નવું વર્ષ શરૂ થાય છે, આજે તો પર્વ છે, ખુશાલીનો દિવસ છે, કરી છોકરાંઓના આનંદને વધારવા, ઘરના આનંદને વધારવા, તમે કેટલાં બધાં હોંસિલાં થયાં હશો ! આ બધી આશાએ અને આ ઉલ્લાસે તમારાં હૃદયને કેટલું ઉન્નત, કેટલું સુખી બનાવ્યું હશે ? તે બધી આશાઓ ફળવાળી થતી જાય અને તે ઉલ્લાસ કાયમનો થઈને રહે એ તમે કેટલું બધું ઇચ્છો છો ? પ્રભુ તમારી તે ઈચ્છા પરિપૂર્ણ કરો ! હમ્મેશાં પ્રભાત થતાં ઉઠવાનું, સ્નાનાદિથી શુદ્ધિ અને શૃંગારોથી અલંકૃતિ કરવાનું, બાળકોમાં આનંદ ફેલાવવાનું, કુટુંબોમાં સદ્‌ભાવ અને પુનિત વ્હાલ વહેંચવાનું, પ્રભુપ્રત્યે અનન્ય ભક્તિથી દીન થવાનું તમારૂં નિત્ય કર્મ બની રહો અને આજે પ્રભાતે જે આનંદોત્સવ તમે કર્યો તેવો દર પ્રભાતે ઉજવો, તે ઉજવવા પ્રભુ સમય, પ્રસંગ અને સ્થિતિ આપો એટલું કહી હવે ભૂતવર્તમાનના જ્ઞાનથી ભવિષ્યને સુંદર સુખરૂપ બનાવવાના જે વિચારો બુદ્ધિશાલી મગજો કર્યા કરે છે તેમાંથી પ્રભુ મને જે કાંઈ સુઝાડશે તે હું તમારી સેવામાં રજુ કરીશ. પહેલાં વર્તમાનની વાત કરીએ. આપણો વર્તમાનકાળ બહુ વિકટ છે. ધર્મ, સંસાર, વ્યાપાર, હુન્નરકળા વગેરે બધામાં હમણાં બહુ જ ખળભળાટ

અને ધાંધલ મચી રહેલ છે એ તો તમારા સર્વના જાણવામાં જ છે. આપણે અત્યારે બીજી બાબતોને અસ્પષ્ટ જ રાખીશું. આપણા સ્ત્રીસંસાર વિષે જ થોડો વિચાર કરીશું.

સ્ત્રીસંસાર.

બાઈઓ અને બ્હેનો! વર્તમાનકાળમાં બે જાતના વિચારોનું યુદ્ધ પ્રવર્તી રહ્યું છે એ કાંઈ તમારી જાણ બહાર નથી. એક જાતના વિચાર એવા છે કે સ્ત્રીઓને હિન્દુસ્થાનમાં પુરૂષોના જેટલા હક નથી; સ્ત્રીઓની હિન્દુઓએ દરકાર કરી નથી, સ્ત્રીઓ માટે હિન્દુઓને માન નથી. સ્ત્રીઓની દશા દયાપાત્ર છે; એક પ્રસિદ્ધ લેખક એક બાઈના મુખે કહેવરાવે છે કે "નરજાત સુખી હશે આંહિં કદી મ્હાલતી સ્વચ્છંદથી, પણ નારીને રોયાવિના નહિં કર્મમાં બીજું કંઈ." આવા વિચાર એક વખત સર્વવ્યાપી હતા. હું આશા રાખું છું કે હાલમાં તે તેટલા બધા સ્વીકારાતા નથી. હિન્દુસ્થાનના લોકોમાં–શું પુરૂષ કે શું સ્ત્રી–કોઈમાં હકનો તો વિચાર સરખો નહોતો. હકને માટે શુદ્ધ ગુજરાતી કે સંસ્કૃત શબ્દ પણ નહિં મળે; કારણ તે વિચાર જ આર્યધર્મમાં હયાતી ધરાવતો નથી. હિન્દુઓ તો પોતાનો ધર્મ જ–ફરજ જ–સમજતા; હકની વાત તેઓના લક્ષમાં આવેલી જ નહિ. જો હકના ખ્યાલની જ હયાતી નહોતી, તો પછી 'સ્ત્રીઓને, પુરૂષો જેટલા હક નહોતા' એ કહેવું અયથાર્થ છે. પુરૂષોને ધર્મ હતા–ફરજ હતી, તેમજ સ્ત્રીઓને પણ ધર્મ હતા–ફરજ હતી; સ્ત્રીઓ પોતાના ધર્મ સારી રીતે પાળતી, પુરૂષો પોતાના ધર્મ સારી રીતે પાળતા: બંનેના ધર્મ સારી રીતે પળાતા હોવાથી આપણો હિન્દુસંસાર સારી રીતે જ ચાલતો. જ્યારે પુરૂષો ધર્મ ભૂલ્યા, ત્યારે સ્ત્રીઓ પણ ધર્મ ભૂલી. સ્ત્રી અને પુરૂષના ધર્મ ભૂલાયા એટલે સંસાર અવ્યવસ્થામાં ફસાયો અને એક વખત અવ્યવસ્થા–અંધેર શરૂ થાય, પછી તેને ઠેકાણે લાવતાં કેટલી મુશ્કેલી પડે છે એ તો

ઇતિહાસન. વાંચવાવાળા તો જાણે જ, પણ ઘરસંસારનો અનુભવ મેળવવાવાળાં પણ સારી રીતે જાણી શકે તેવું છે. અંગ્રેજના વખતમાં, અલબત્ત, ઘણા અનાચાર અને અત્યાચાર હતા, પરંતુ શાન્તિનું રાજ્ય થતાં હવે એવો કોઈ હિન્દુ ભાગ્યે જ હશે કે જે સ્ત્રી પુરૂષના ધર્મ સંબંધે યોગ્ય સ્વીકાર નહિ કરતો હોય.

હિંદુ સંસારમાં સ્ત્રીઓ ઘરની રાણી છે.

સ્ત્રીઓની હિન્દુઓને દરકાર નથી એમ કહેનાર એક પણ એવો હિન્દુ બતાવશે કે જે સ્ત્રીવિના રહેવાને તૈયાર હોય? સ્ત્રીઓની દરકાર હિન્દુઓને તો જેટલી છે તેટલી ભાગ્યે જ બીજા કોઈ લોકને હશે. ગૃહસ્થાશ્રમને–લગ્નને જે પવિત્રતા હિન્દુઓએ અર્પી છે તે કયા બીજા લોકમાં માલમ પડે છે? અને લગ્ન સ્ત્રીપુરૂષ વગર થવાનાં હતાં? લગ્નની દરકાર કરનાર, લગ્નને પવિત્ર ગણનાર, સ્ત્રી કે પુરૂષ બેમાંથી એકે માટે બેદરકાર કેમ રહી શકે? હિન્દુઓને સ્ત્રીની દરકાર નથી એ ઉક્તિ તદ્દન અર્થ વગરની જ છે એમ બતાવવા આ એક જ દલીલ બસ ગણું છું. હિન્દુઓને સ્ત્રીઓ માટે માન નથી એ પણ વિદેશીઓ અને વિદેશીઓના વિચારમાં તણાવાનો મોહ અને લોભ રાખનાર દેશીઓની બાહારના દેખાવથી થતી ભૂલોમાંની એક છે. કઈ સ્ત્રી પોતાનું ધારેલું ધણી પાસેથી નથી કરાવી શકતી? કઈ સ્ત્રી હિન્દુસંસારમાં ઘરની રાણી તરીકે નથી સ્વીકારાતી? કઈ સ્ત્રીની ઇચ્છાને તાબે ઘરના પુરૂષોને નથી થવું પડતું? હિન્દુના ઘરનો અંદરનો અનુભવ હશે તે તો કબૂલ કરશે જ કે સ્ત્રીઓ માટે માન નથી એમ નથી. અલબત, કેટલીક બાબતોમાં સ્ત્રીને પૂછાતું નથી, અગર પૂછાય તો પણ તેના મત પ્રમાણે ચલાતું નથી એવું બને છે. પણ જો મોટાં મોટાં સામ્રાજ્યમાં પણ સમ્રાટના મતને એક બાજુ રાખી યોગ્ય લાગતા માર્ગનું ગ્રહણ કરવામાં સમ્રાટનું માન નથી એમ ન કહેવાય, તો પછી હિન્દુસંસારમાં તેવું શા માટે કહેવું? જે

બાબતમાં સ્ત્રીઓ કરતાં પુરૂષોની મતિ વધારે પહોંચતી હોય, જે બાબતનો વિચાર પુરુષો વધારે સારી રીતે કરી શકે છે એમ મનાતું હોય તેવી બાબતમાં પુરુષો પોતાના મત પ્રમાણે કરે તો તેથી સ્ત્રીઓ માટે માન નથી એમ કહેવું એ કોઈપણ રીતે વાજબી નથી.

સ્ત્રીઓને સરખા હક નથી !

સ્ત્રીઓની દશા દયાપાત્ર છે, અને 'નારીને રોયા વિના નહિં કર્મમાં બીજું કંઈ' એ બે વચનોમાં કાંઈક સત્ય છે એ તો આપણે સ્વીકારવું જોઈએ. તે સ્વીકારી તેનાં કારણો શોધી બને તેવી રીતે સુધારો કરવા આપણે બધા–પુરુષો તેમજ સ્ત્રીઓ–તૈયાર છીએ અને યથાશક્તિ પ્રયાસો ચાલુ છે. પ્રભુ તેવા દરેક પ્રયાસને યોગ્ય વિજય આપશે જ એવી ખાતરી છે. આરોપાતા યોગ્ય અયોગ્ય દોષોનો આટલો :જવાબ આપી જ્યાં સ્ત્રીઓનું સન્માન બહુ છે એવું કહેવામાં આવે છે ત્યાંના બે જ દાખલા આપીશ. ભાઈઓ અને બ્હેનો ! હું એમ નથી કહેતો કે આપણે ત્યાં સ્ત્રીઓ બહુ જ ઉંચી સ્થિતિ ભોગવે છે, કે હું એમ પણ કહેતો નથી કે સુધરેલા દેશમાં સ્ત્રીઓને અન્યાય મળે છે; હું એટલું જ કહું છું કે વાતાવરણમાં પ્રચાર પામી જતા કેટલાક વિચારો આપણે એકદમ ગ્રહણ કરી લેવા જોઈએ નહિ. બે ચાર અંગ્રેજો, કે અંગ્રેજી ભણેલાઓ, મારા જેવા, એમ કહે કે સ્ત્રીને સરખા હક નથી માટે આપણે એકદમ માની જવું જોઈએ નહિ કે સરખા હક નથી. તેમ એકાદ બે દાખલા વિરૂદ્ધના બતાવાય તો એમ પણ ન માની જવું કે સુધરેલા દેશોમાં પણ સ્ત્રીની એવી જ દશા છે માટે આપણે સુધારો કરવાનો નથી. આપણે સાંભળવી બધી વાત; વિચારવી બધી દલીલ; અને જેટલું વાંચવા સાંભળવામાં આવે, તે ઉપરથી આપણી મતિ પહોંચે અને મહાત્માઓના વિચારથી તેને ટેકો મળે તેવી રીતે દેશકાળને વિચારીને વર્તન

કરવાનું રાખવું. સ્ત્રીઓના હકની વાત કરનારાએ નીચેની વસ્તુ-સ્થિતિ ધ્યાનમાં લેવા જેવી છે. આપણાં ધર્મશાસ્ત્રમાં સ્ત્રીઓ માટે અનાદિકાળથી એટલી બધી ચિંતા કરવામાં આવતી હતી કે સ્ત્રીઓના નિર્વાહ માટે તેમને નામે થોડું ધન જુદું જ રાખવામાં આવતું, અને તેને 'સ્ત્રીધન' એવું જ નામ અપાયું હતું. તે ધન એવું હતું કે તેનાપર પતિનો પણ કશો અધિકાર નહોતો. સ્ત્રીઓને સ્વાતંત્ર્ય મુદ્દલ મળતું નહિ એમ કહેવાવાળાએ આ હકીકત ધ્યાનમાં લેવા જેવી છે. આપણા તરફ સ્ત્રીઓને તેટલું સ્વાતંત્ર્ય અને સ્ત્રીધન ઉપર સંપૂર્ણ સત્તા આપવામાં આવતી હતી અને હજી તે સત્તા તમને બધાને મળેલી છે. હિન્દુ તરીકે જન્મનાર દરેક સ્ત્રીને તેવો હક જન્મથી જ મળે છે. પરંતુ વિલાયતમાં શું હતું તે જાણો છો ? ૧૮૮૨ ઇસવીસન સુધી એટલે આજથી માત્ર ૩૧ વર્ષ પહેલાં તો વિલાયતમાં પરણેલી સ્ત્રીઓને કોઈપણ જાતના ધન ઉપર અધિકાર જ નહોતો. જેમ ઘરના પશુને કોઈપણ જાતના ધનપર અધિકાર હોતો નથી તેમજ સ્ત્રીઓને પણ કશો અધિકાર હતો જ નહિં. તે વર્ષમાં પહેલી જ વાર સ્ત્રીઓ ધનનો માલિક હોઈ શકે તેવો વિચાર જન્મ પામ્યો હતો! હવે વિચારો ! સ્ત્રીઓ માટે દરકાર, અને સ્ત્રીનાં સ્વાતંત્ર્ય આપણે ત્યાં હતાં અને છે કે સુધરેલા દેશોમાં ? બીજી તેવી જ હકીકત 'સફ્રેજીસ્ટ'ની છે. વિલાયતમાં સ્ત્રીઓ હમણાં મોટું રમખાણ મચાવી રહી છે. ત્યાંની રાજકારભારચલાવનારી સભા–પાર્લમેન્ટમાં–સ્ત્રીઓને બેસવા દેતા નથી. તેમાં બેસવાનો હક સ્ત્રીઓ માગે છે અને પુરુષો તે હક આપવા ખુશી નથી. આ વસ્તુસ્થિતિ શું બતાવે છે ? કે સ્ત્રીઓને તમામ હક આપવા વિલાયત પણ હજી તૈયાર નથી. આપણે ત્યાં તેવું નથી. આપણે ત્યાં સ્ત્રીઓને સંપૂર્ણ હક બધી બાબતમાં છે ભોપાળમાં ઘણા કાળથી અને હમણાં પણ બેગમજ રાજ્ય ચલાવે છે. સ્ત્રીઓની સર્વ કામની લાયકાત આપણે ત્યાં સ્વીકારાય છે, વિલાયત હજી તેટલે પણ પહોંચ્યું નથી. બાઇઓ અને બ્હેનો, મારી આ ટીકાથી એક બાજુ દોરવાઈ ન જતાં, મેં તો

તમને માત્ર દૃષ્ટાન્તો જ આપ્યાં. હજી એક વધારે આપું. આપણે ત્યાં વિલાયતી કાયદો જ દાખલ થતાં ત્યાંના જેવું જ ધોરણ રખાયું છે. પણ આગળના વખતમાં તેમ નહોતું. આખા વિલાયતમાં વકીલાતનો ધંધો સ્ત્રી કરી શકતી નથી. શ્રીમત્ શંકરાચાર્ય અને મંડનમિશ્રને વાદ થયો તેમાં ન્યાયાધીશ તરીકે શ્રીમતી સરસ્વતીને સ્વીકાર્યાં હતાં! આપણી તરફ સ્ત્રીઓની સમાનતા અસલથી સ્વીકારાઈ છે જ. પત્ની એ હિન્દુશાસ્ત્રમાં સહધર્મચારિણી કહેવાય છે; દરેક ધર્મકાર્યમાં પત્નીનો સહચાર જરૂરનો કહ્યો છે, વળી એકલા પુરૂષથી થઈ શકે તેવાં કાર્ય એકલી સ્ત્રીથી પણ થઈ શકે છે. આવી રીતે જોતાં તમો જોઈ શકશો કે અસમાનતાની ફરીયાદમાં સંપૂર્ણ સત્ય નથી. સમાનતા અસમાનતાનો વિચાર જ પશ્ચિમ તરફનોવા વાયો તેની સાથે આવ્યો છે. તે પહેલાં તે વિચાર ફરીયાદરૂપે ભાગ્યે જ જોવામાં આવશે. કારણ, મેં આગળ કહ્યું છે તે જ, આપણે ધર્મની દરકાર કરતા, હકની નહિ.

કર્ત્તવ્ય પ્રમાણે ધર્મ.

અને ધર્મ જુઓ તો સ્ત્રીપુરૂષના શરીરમાં ભિન્નતા છે, તેમની પ્રભુદત્ત શક્તિઓમાં ભિન્નતા છે તે અનુસાર ધર્મમાં પણ ભિન્નતા હોવી જ જોઈએ. સ્ત્રીનાં શરીરની કોમળતા અને પુરૂષના શરીરની કઠોરતા એ પ્રભુની આપેલી ભિન્નતા છે, અસમાનતા છે. પશુપક્ષીમાં પણ તેવો ભેદ છે. મનુષ્યજાતિમાં પણ છે. તે અસમાનતા ધ્યાનમાં લઈ સ્ત્રીપુરૂષનાં કર્તવ્ય નક્કી થયાં છે અને કર્તવ્ય પ્રમાણે ધર્મ છે. સ્ત્રીઓ માટે ગૃહનું કર્તવ્ય ઠર્યું. તેમનાં શરીર, તેમની બાળકોને ઉછેરવા આદિની સ્વાભાવિક ફરજો, બહારની જીંદગી માટે કુદરતી રીતે જ તેઓને ઓછાં લાયક બનાવે છે. જો સ્ત્રીઓએ સ્ત્રીરૂપે–પત્નીરૂપે–માતારૂપે રહેવું હોય, તો તો સૌએ વગર આનાકાનીએ સ્વીકારવું જ જોઇએ કે સ્ત્રીઓથી બહારના વ્યવહારમાં રહી શકાય તેવું નથી.

તેમનાં શારીરિક લક્ષણો જ તેમને ઘરમાં રહેવા માટે વધારે આગ્રહ કરે તેવાં છે. હિન્દુઓએ એ સ્થિતિ જોઈ, અને તેથી સ્ત્રીઓને ગૃહિણી ધર્મ સોંપ્યો. ગૃહિણી ધર્મ એ કાંઈ પુરૂષોના કમાણી ધર્મથી ઓછો જવાબદારીવાળો કે ઓછા મહત્વનો નથી. જેમ કમાણી કરવી એ પુરુષો માથે એક મોટી ફરજ છે, તેમ જ તે કમાણીને યોગ્યતાથી ખરચવી એ સ્ત્રીઓ માથે મોટી ફરજ છે. પુરુષો હાડમારી ભોગવી ધન મેળવે, સ્ત્રીઓ ચાલાકી અને હુંશીઆરીથી તેને ખરચે: પુરુષો સુખનાં સાધનો પૂરાં પાડે, સ્ત્રીઓ તે સાધનોને યોગ્ય રીતે કેળવી સુખની લ્હાણી કરે; પુરુષો, ન હોય ત્યાંથી પેદા કરી ભેગું કરે; સ્ત્રીઓ, મેળવેલાંને બરાબર ગોઠવે, વ્યવસ્થા કરે; ઘરમાં બંને કામ સરખા જ ઉપયોગનાં છે. કમાણી હોય પણ ખરચની વ્યવસ્થા ન હોય તો કમાણી દેખાતી નથી, તેનો પૂરો લાભ મળતો નથી. તમારી સ્ત્રીઓની ભાષામાં કહું તો હાટરસ અને હાથરસ બંને હોય તો રસોઇમાં સ્વાદ આવે. પુરુષો હાટરસ પૂરો પાડે. જોઈતું ધન લાવી આપે, પણ સ્ત્રીઓ હાથરસ ન આપે, લાવેલાંને કેળવી ન શકે, તો તેની તેજ વાનીઓથી રસોઈ નીરસ, બેસ્વાદ, અને–ઉત્તમ તો નજ થાય. જેમ રસોઇમાં, તેમજ ઘરમાં: પુરુષો દુનિયાની રસાકસીમાં બાથોડીયાં ભરી કમાઈ લાવે, અને સ્ત્રીઓ તેનો સરસ ઉપયોગ કરી એકનું અનેકગણું કરી બતાવે. આવી વ્યવસ્થા ઘરને માટે જરુરની તેમજ ઉત્તમ હતી, તેથી હિન્દુઓએ તે તરફ જ લક્ષ રાખ્યું. પરંતુ તેમ કરવાથી સ્ત્રીઓને હલકી ગણી એમ માનવું એ તો કારણોનું અજ્ઞાન જ બતાવે છે. પ્રભુએ હાથને અમુક ફરજો સોંપી અને પગને બીજી સોંપી. તેથી હાથ કાંઈ ઉંચા થતા નથી કે પગ કાંઈ નીચા ગણાતા નથી. હાથ દુઃખશે કે પગ સુજશે તો પીડા તો શરીરને જ થવાની છે, હાથ જાડો કરવો અને પગ પાતળા રાખવા એવું માણસ કરી શકતો જ નથી અને કરે છે તો માત્ર કેટલાક હઠયોગીની પેઠે અપવાદરુપ જ ગણાય શરીરમાં બંને

સરખા છે; તેમજ ગૃહશરીરમાં સ્ત્રીપુરુષ બંને સરખાં છે. દૃષ્ટાંત જ લેવું હોય તો બીજું જીભ અને દાંતનું લ્યો. દાંત કઠણ અને જીભ નરમ: દાંત કાપે અને જીભ ચાખે; માટે કાંઈ દાંત વધારે ને જીભ ઓછી ન કહેવાય. તેમજ પુરુષ અને સ્ત્રી: બંનેનાં કાર્ય જૂદાં માટે અસમાનઃ એવી ગણતરી પશ્ચિમના પવન પહેલાં આપણને સુઝી જ નહિ હોય! જેમ નાતજાત સંબંધે પણ હલકાઈની જે નવી કલ્પના, અને તિરસ્કારનો નવો રંગ પશ્ચિમના પવને આપ્યાં તેમ જ સ્ત્રીસંબંધની ભાવના પણ તેજ પવને બગાડી. હિન્દુઓમાં હલકું ઉંચું ગણવાનો ધર્મ જ નથી; સૌ પોતપોતાનાં કાર્ય-પોતપોતાના ધર્મ બજાવે; અને જે નિજધર્મ બજાવે તે જ શ્રેષ્ઠ. નિજધર્મ બજાવનાર ચંડાળ પણ નિજધર્મ નહિ બજાવનાર બ્રાહ્મણથી શ્રેષ્ઠ ગણાય છે એ સિદ્ધ કરનારી ઉક્તિઓ આપણા ગ્રંથોમાંથી ઘણી જગાએ મળી આવશે.

સંપ અને સમાનતામાંજ સુખ છે.

બ્હેનો અને બાઈઓ! મારૂં કહેવું તમે બરાબર સમજ્યાં હશો, તોપણ એકવાર ફરીથી ટુંકામાં કહી જાઉં. હિન્દુઓમાં પુરુષ વધારે અને સ્ત્રી ઓછી એવો વાણીયાશાઈ જોખ કદી થયો નથી. સ્ત્રીઓની લાયકાત પ્રમાણે તેના ધર્મ: પુરુષો ઉત્પાદક, સ્ત્રીઓ સંરક્ષક અને વ્યવસ્થા કરનાર; પુરુષો નવું લાવી સ્ત્રીઓ આગળ ધરે, તે સ્ત્રીઓ સ્વીકારે, કેળવે, અનેકગણું બનાવે અને પુરુષોના ઉપયોગ માટે તૈયાર કરે, હાટરસ પુરુષો આપે; હાથરસ સ્ત્રીઓ ઉમેરે; આ આપણી ગૃહધર્મની કલ્પના અને તે પ્રમાણે ગૃહિણી ધર્મ નક્કી થયા. ગૃહિણીધર્મ પાળનારી સ્ત્રીઓ પુરૂષો જેટલી જ ઉપયોગી, પુરૂષો જેટલી ઉંચી, પુરૂષો જેટલી જ પવિત્ર અને પુરૂષોથી વધારે સુંદર અને પુરુષોને આકર્ષે તેવી મોહક: સ્ત્રીઓ માટેની આવી કલ્પના હોવા છતાં હજી તમારે અસમાનતાની ફરીયાદ જારી રાખવી હોય તો તમે મુખત્યાર છો. બાઈઓ, પણ વિચારજો કે પુરુષો તમારા છે, તમે પુરુષનાં છો; એ જોડું

સંપ અને સમાનતાથી રહેશે તો જ સુખ છે; હિન્દુધર્મનો ઉપદેશ એવો છે કે સંપ અને સમાનતા માટે પોતાનાં કર્તવ્ય અને પોતાની ફરજો સમજજો. બીજા ભૂલો કરે તે દરગુજર કરજો, અને સંપ અને સમાનતા નિભાવવા બને તેટલો ભોગ આપજો; તેવા ત્યાગનું પરિણામ સુખ જ છે; આપણાં હિન્દુસંસારમાં હજી જેટલું સુખ છે તેટલું મને તો આશાજનક લાગે છે. તે સુખ વધો, વર્ષે અને માસે વધો, પક્ષે અને અઠવાડીયે વધો, દિવસે અને કલાકે વધો, ક્ષણે અને પળે વધો, એ જ પ્રાર્થના.

આજે ધર્મની દરકાર કોણ કરે છે?

પરંતુ, મારાં બાઇઓ અને બ્હેનો! વર્તમાન સ્થિતિ અને વિચાર તથા ભૂતની કલ્પના એ બે મેં તમારી આગળ કહ્યાં તેથી આપણું કાર્ય સફળ થયું નથી. ભૂતકાળની મીઠાશભરી વાતોથી ગર્વ વધે છેઃ એવો ગર્વ હું તમારાંમાં જોવા ઇચ્છતો નથી. માટે હવે હું તમને બતાવીશ કે તે ભૂતનાં બયાનથી આપણે ગર્વિષ્ટ થવાનું નથી, પણ શરમીંદાં થવાનું છે. જે હિન્દુ-ઓનો ભૂતકાળ તેવો ઉજમાળો, જે હિન્દુઓનાં શાસ્ત્રો તેવાં શ્રેષ્ઠ, જે હિન્દુઓની કલ્પનાઓ તેવી ઉચ્ચ, જે હિન્દુઓના ઉદ્દેશો તેવા ભવ્ય અને પરોપકારી, તેજ હિન્દુઓનાં છોકરાં આપણા જેવાં! ઋષિ મુનીઓના પુત્રો આવા કંગાળ! વીર પુરુષોની પ્રજા એવી કેદ થયેલી! બાઇઓ, આપણે હિન્દુનામથી શરમાવું જોઇએ એવું હમણાં આપણું વર્તન નથી? હિન્દુઓ ધર્મ, એટલે ફરજ નહિં પણ ઈશ્વરી માન્યતાથી ભરેલા આપણા ધર્મ, માટે કેવા પંકાયેલા હતા! તેને બદલે આજે ધર્મની દરકાર કોણ કરે છે? હું પૂછું, બાઇઓ, તમને, કે તમારામાંથી કોણ કયા ધર્મને માને છે? અને માને છે તો તે ખાતર શું કરે છે? અને કરે તે તો સંપૂર્ણ શ્રદ્ધા, હૃદયની ખરી શ્રદ્ધાથી, કે માત્ર ગાડરીયા પ્રવાહની રીતિએ? બાઇઓ, આ વિષય આજને માટે હું ઘણો પવિત્ર માનું છું. પણ આજે તે વિષે વાત કરવાનું મેં ધાર્યું નથી; તેથી

આટલા વિષયાન્તરરુપે પ્રશ્ન મૂકીને જ બંધ કરીશ. પણ એટલું તો કહીશ જ કે બાઈઓ, તમે જે ધર્મક્રિયા કરો તેમાં તમારૂં હૃદય સાથે રહે તોજ કરજો. મંદિરમાં જવાથી પ્રભુની નજીક આપણે જઈએ છીએ એવો તમારો દઢ વિશ્વાસ હોય તો જ મંદિરમાં જજો. દેખાવ ખાતર, બધાં જાય છે માટે, એમ તમે મંદિરમાં જતાં નહિં. એવું જવું એ તો પ્રભુને પણ છેતરવા જેવું થાય. માણસો નહિં જાણે, પણ પ્રભુ તો જાણશે જ કે તમે પ્રભુની ખાતર મંદિરમાં નથી જતાં, માત્ર લોકો ખાતર જાઓ છો! માટે પ્રભુને છેતરવા જેવું કદી કરતા નહિં, મંદિરે જવાનો તો એક દાખલો જ આપ્યો. જે જે ધર્મકાર્ય કરો તે બધાને માટે એ પ્રશ્ન પૂછશો કે તમે હૃદયની શ્રદ્ધાથી કરો છો કે કેમ? શ્રદ્ધા હશે તો બસ છે. શ્રદ્ધાનું બળ હજારો યજ્ઞયાગ, દાનપુણ્ય, વ્રત ઉપવાસોથી વધારે છે. શ્રદ્ધા જ ખરૂં જીવન આપનારી છે. શ્રદ્ધા પ્રભુની પાસે પલકવારમાં પહોંચાડનાર પવનપાવડી છે, કષ્ટો અને વિપત્તિઓને બહાર રાખવાનું અજીત સામર્થ્ય શ્રદ્ધાના કિલ્લામાં રહેલું છે. જો શ્રદ્ધા હશે તો તમે બધું કરી શકશો, અને ધર્મમાં તો શ્રદ્ધા એજ મુખ્ય છે, ધર્મનો એજ આત્મા છે; શ્રદ્ધાવિનાનો ધર્મ તે તો માત્ર શબ જ માનશો, તેવાને તો અડકતાં પણ અભડાઈએ. માટે બાઈઓ, ફરીથી કહું છું કે શ્રદ્ધાસહિત જ ધર્મકાર્ય કરશો, શ્રદ્ધા ન રહે તો તે કાર્ય કરવાથી લાભ નથી, હાનિ છે. બાઈઓ, ધર્મના નામથી જે જે ધર્મકાર્યો થાય છે. તેમાં ખરી શ્રદ્ધા ન હોવાને લીધે આપણે હિન્દુ નામને કલંક લગાડીએ છીએ, હિન્દુધર્મને હીણો પાડીયે છીએ, આપણા ધર્મશીલ મહાત્માઓને નીચું જોવડાવીએ છીએ. એ વિચાર આવી જતાં આટલું લંબાણ થઈ ગયું. ધર્મમાં જ આવું થાય છે તેમ નથી. વ્યાપારમાં, હુન્નરકળામાં, ખેતીમાં, બધી બાબતોમાં શ્રદ્ધાહીનતા અને દમ્ભપ્રવીણતા હોવાને લીધે આપણે અત્યારે ગમખ્વાર છીએ, અને તેવી જ સ્થિતિ આપણા સંસારમાં પણ છે.

સંસારસુધારાની ચટપટી.

આપણા સંસારમાં સુધારો કરવાની ચટપટી ઘણાને લાગી રહી છે, છતાં પ્રગતિ થતી નથી, અથવા થાય છે, તો બહુ જ મંદ છે. આમ હોવાનાં કારણોમાંથી હું અત્યારે તમારી પાસે બે કારણો રજુ કરીશ. એક તો મેં ઉપર કહી તે શ્રદ્ધાહીનતા અને તેની સાથે સાથે રહેલી થોડીઘણી દમ્ભપ્રવીણતા; અને બીજું એ કે આપણા સંસારરથને એક જ પૈડું છે. બીજું પૈડું છે પણ તે નહિ જેવું જ: એક જોઈએ તેવું અને બીજું નહિ જેવું; એવાં બે પૈડાંવાળો રથ આગળ ચાલે તો ખરો, પણ તેમાં કેટલીબધી મુશ્કેલી પડે? બીજું નહિ જેવું પૈડું તે કયું, એ તો તમે સમજી ગયાં હશો. જે વિચારની કલ્પના પણ આપણો સ્ત્રીવર્ગ કરી ન શકે, તે વિચારનો આચાર તો તેઓ કેમ જ કરી શકે? સંસારસુધારાનાં કારણો, ઉદ્દેશો અને લાભો વિષે આપણું સ્ત્રીમંડળ ભાગ્યે જ કાંઈ વિચાર પણ કરી શકે તેવું છે. જો વિચારમાં ભાગ ન લઈ શકે, તો પછી આચારમાં ભાગ કેવી રીતે લઈ શકે? અને કદાચ દેખાદેખીએ આચારમાં ભાગ લે, તો તે માત્ર આંધળાની હારના જેવો જ આચાર થાય! સંસારસુધારો દેશના સુધારાને માટે છે અને સંસાર અને દેશ વિષે વિચાર કરનારને સાંપ્રત સ્થિતિનું ભાન અત્યંત આવશ્યક જ છે. પરંતુ આપણાં સ્ત્રીમંડળમાં સાધારણ જ્ઞાન કે આધુનિક દશાનું ભાન કેટલાં ધરાવતાં હશે? આંહિ ભેગી થયેલી સ્ત્રીઓમાંથી મને કેટલી કહી શકશે કે પૃથ્વી ગોળ છે કે ચપટી છે? આપણા રાજકર્તાઓનો દેશ મોટો છે કે આપણો દેશ હિન્દુસ્થાન? તમે પહેરેલાં કપડાં ક્યાં બન્યાં હશે? તેની કોરો ક્યાં બની હશે? અને તમે સૌભાગ્ય બંગડી પહેરી છે તે ક્યાંની હશે તથા તમારી હીરાકંઠીનું સુવર્ણ ક્યાંથી આવ્યું હશે? આપણી સામાન્ય બાબતો વિષે જ આપણે કેટલાંબધાં અજ્ઞાન છીએ! આપણને આંખ છે કે આપણે તો છતી આંખે આંધળામાં ખપીએ તેવા છીએ?

આ વાતો તો તમને લગતી નથી એમ કહેશોઃ–તો હું પૂછું કે દરરોજ કેટલી બિસ્કીટ આપણા મુંબઈમાં ખવાતી હશે તે તમે જાણો છો ? અને તે બિસ્કીટ–રસોડામાં બનવા લાયક એક ખાદ્ય પદાર્થ, સ્ત્રીઓની ખાસ ફરજમાં ગણાવી શકાય તેવી એક કૃતિ, તેવી બિસ્કીટ ક્યાં બને છે અને ક્યાંથી આવે છે ? બાઇઓ અને બ્હેનો ! જરા વિચાર કરશો કે તે બિસ્કીટ જેની બનેલી છે તે ઘઉં આંહિંથી શા ભાવે ગયા હશે ? અને ઘઉંના તથા ઘઉંની બનેલી બિસ્કીટના ભાવમાં કેટલો બધો તફાવત છે ?

પ્રજાની જવાબદારી સ્ત્રીઓને માથે છે.

આ બધા પ્રશ્નો આપણાં સ્ત્રીજનના જ્ઞાનની પરીક્ષા માટે પૂછું છું. ઘણા પુરૂષો પણ આવી અનેક બાબતોથી અજાણ્યા હશે, છે, એ વાત ખરી. પણ બીજા અજાણ્યા છે, બીજા દોષમાં છે, માટે અમે પણ દોષમાં, એ ખુલાસો ન્યાયની કોરટમાં ચાલી શકતો નથી, તો વિચારની કોરટમાં પણ કેમ ચાલે ? વળી પુરૂષ અજાણ્યો હશે તે દરગુજર થઈ શકશે, કારણ તે એકલડોકલ ગમે તેવી રીતે જીવન પુરૂં કરશે, પણ સ્ત્રીઓ અજાણ હશે તે દરગુજર કરી શકાશે નહિં. સ્ત્રીઓની જીંદગી એકલડોકલ નથી, એક સ્ત્રીની પાછળ ઓછામાં ઓછા ચાર પાંચ જીવ તો આધાર રાખી બેઠા જ હોય છે. આ શું, આ શું ના પ્રશ્નો ઉપરાઉપરી પૂછી માતાના જ્ઞાનનો લાભ લેનાર ચારપાંચ છોકરાંની જવાબદારી સ્ત્રીને માથે છે. એટલે સ્ત્રી અજાણી રહે તે દરગુજર કરતાં આખો દેશ અજ્ઞાન રહે એવું જ પરિણામ આવે. અને આજે તેવું પરિણામ છે એ જાણતાં કોને શોચ નહિં થાય ? તેવી સ્થિતિનું કારણ મેં ઉપર કહ્યું તે જ. સંસારનું એક પૈડું નથી, ન જેવું જ છે, તે છે. બ્હેનો અને બાઇઓ ! દુનિયાંમાં સ્ત્રીપુરૂષની સંખ્યા લગભગ સરખી છે એ તો, તમે ન જાણતાં હો તો પણ અટકળ કરી શકો તેવી વાત છે. અને દુનિયામાં તેમજ હિન્દુસ્થાનમાં પણ સ્ત્રીઓ લગભગ અરધે ભાગે છે. અરધો ભાગ નહિં જેવો

હોય તે દેશને ઓછી હાનિ છે? દેશની મિલકતમાંથી અરધી તો નિરૂપયોગી પડી રહે તો પછી હરિફાઈના જમાનામાં કેવી રીતે ફાવી શકાય? શરીરનો અરધો ભાગ મંદ, અકાર્ય પડયો રહે તો બીજા અરધા ભાગથી શું થવાનું હતું? આ વાત એટલી સહેલાઈથી સમજી શકાય તેવી છે કે તેના ઉપર વિવેચન પણ વૃથાવાદ ગણાશે. હવે ત્યારે વિચાર માત્ર એક જ કરવાનો રહ્યો કે તે અરધો ભાગ સ્વધર્મપરાયણ કેમ થાય? તે ભાગને દુનિયાના પ્રકાશનાં અને દુનિયાની સ્પર્ધાનાં દર્શન કેમ કરાવવાં? બાઈઓ, તેનો જવાબ પણ એક જ છે કે ન જાણતાં હોય તે તેને શીખવો. બાઈઓ, બુદ્ધિ અને જ્ઞાન એજ બળનાં ખરાં માબાપ છે એ તો તમે જાણો છો. હા, ધન એ બળનો પરમેશ્વર છે એમ કદાચ કહેશો, તોપણ એકલા ધનથી કાંઈ વળવાનું નથી. બુદ્ધિ અને જ્ઞાન હશે તો ધન એની મેળે ચાલ્યું આવશે અને બળની પ્રાપ્તિ આપોઆપ થશે.

બુદ્ધિબળનું દૃષ્ટાંત.

બુદ્ધિ એજ ખરૂં બળ છે એ સમજાવવા આપણાં સંસ્કૃત પુસ્તકોમાં અનેક વાર્તાઓ છેઃ વાર્તાના ભંડારરૂપ 'કથા-સરિતસાગર' નામની ચોપડીનું નામ તમે સાંભળ્યું છે? ગુજરાતીમાં તેનું ભાષાંતર થયું છે અને નવરાશને વખતે તેનો લાભ લેશો તો આનંદ થશે અને નાના નાના ટુચકા પણ ઘણા મળી આવશે. તે પુસ્તકથી નાનાં, પણ ઉપદેશનાં ભરેલાં બીજાં પણ વાર્તાનાં પુસ્તકો છે. તેમાં પંચતંત્ર અને હિતોપદેશ એ બે પણ ખાસ વાંચવા લાયક છે. બંનેના ગુજરાતીમાં તરજુમા પણ થઈ ગયા છે. પંચતંત્રમાં એક નાની વાર્તા છે. બુદ્ધિ હોય ત્યાં જ બળ હોય છે, બુદ્ધિવગરનામાં બળ કયાંથી? એવું તે વાર્તાનું મથાળું છે. તેમાં એવી વાત છે કે એક ઝાડ ઉપર એક પક્ષીએ માળો બાંધ્યો હતો. માદા જેટલાં ઈંડાં મૂકે તેટલાં બધાં તે ઝાડની નીચે બખોલમાં રહેનારો એક સર્પ આવીને ખાઈ જાય. પક્ષી-

માદાને ચિંતા થઈ કે હવે આનું શું કરવું? પરંતુ નરમાં બુદ્ધિ હતી. તેણે કહ્યું, ચિંતા શા માટે કરે છે? સર્પ બળવાન છે તે ખરૂં, પણ આપણામાં બુદ્ધિ હોય તો આપણે પણ તેના કરતાં બળવાન થઇએ. જો હું કહું છું એમ કર. થોડા માંસના કટકા લાવી, સર્પના દરથી શરૂ કરી છેટે નોળીયો રહે છે તેના દર સુધી વેરી દે. આ પ્રમાણે પક્ષીમાદાએ કર્યું. થોડે થોડે છેટે માંસના કટકા મૂક્યા અને નોળીયાના દરથી ઠેઠ સર્પના દર સુધી કટકાની હાર કરી દીધી. નોળીયો માંસના કટકાને લોભે લોભે આગળ આગળ આવતો ગયો અને છેલ્લો કટકો સર્પના દરના બારણાંમાં જ જોયો. ત્યાં આવતાં જ સર્પને જોયો. અને નોળીયાને અને સર્પને કેવી મિત્રાચારી છે એ તો તમે જાણોછો એટલે પક્ષીની બુદ્ધિથી તેનાં ઈંડાં કેવી રીતે બચવા પામ્યાં એ કહેવાની જરૂર નથી. આમ ખરૂં બળ બુદ્ધિમાં છે. આપણામાં અરધો અરધ બુદ્ધિ તો નકામી પડી રહે, પછી આપણું બળ કેમ વધે? તમને કહેવાની જરૂર નથી કે ભૂતકાળમાં હતું તેમજ વર્તમાનકાળમાં છે અને ભવિષ્યમાં હમ્મેશ માટે રહેવાનું જ કે જેનામાં બુદ્ધનું સામર્થ્ય વધારે હશે તે જ સર્વોપરી થશે. આગળના વખતમાં બ્રાહ્મણોનું રાજ્ય હતું. ખરા રાજ્ય કરનારા ક્ષત્રિયો હતા. પણ તેમના પણ ગુરૂ બ્રાહ્મણો હતા. બ્રાહ્મણોમાંથી બુદ્ધિબળ ગયું અને ક્ષત્રિયોને અસર કરી શક્યા નહિં, એટલે ક્ષત્રિયોમાં કુસંપ પેઠો, બુદ્ધિ નષ્ટ થઈ, અને બીજા ફાવ્યા. હાલમાં અંગ્રેજો રાજ્ય કરે છે. કારણ એજ. તેઓમાં જે બુદ્ધિ છે તેના હજારમા ભાગની પણ આપણામાં નથી. તમે કોઈ વર્તમાનપત્રો વાંચતાં હશો તો પૂછશો કે પરીક્ષાઓમાં તો હિન્દુઓ વિલાયતમાં પણ ઉપર નંબરે પાસ થાય છે તો પછી હિન્દુઓમાં બુદ્ધિ નથી એમ કેમ કહેવાય? બાઇઓ, તે વાત ખરી, પણ દેશની વાતોમાં એકાદ વ્યક્તિની વાત કાંઈ હિસાબમાં જ નથી. થોડાઘણા માણસો બુદ્ધિશાળી છે, પણ તેથી દેશનાં બુદ્ધિધનમાં ઘણો જ થોડો વધારો થાય છે. પચીશ પચાશ કે બસો પાંચસોમાં બુદ્ધિ હોય, પણ

તેત્રીશ કરોડમાંથી સાડીબત્રીશ કરોડ તો અજ્ઞાનના અંધકારમાં સડતા હોય ત્યાં બસો પાંચસોની બુદ્ધિ શા લેખામાં? એક ગામમાં પાંચ હજારની વસ્તી છે. તેમાંથી બે શેઠીયા પાંચ પાંચ હજારના આસામી છે. પચાશ ખાતાપીતા છે અને બીજા બધા ભીખારી છે. એટલે આખા ગામમાં માત્ર બાવન જણ ઠીક અને દશહજારની મૂડી: એટલે સરાસરી ગણીએ તો જણદીઠ બે રૂપીયાની મૂડી થઈ. હવે એક બીજું ગામ લ્યો. જેમાં બે હજારની વસ્તી છે. તેમાં બે પાંચપાંચ હજારના આસામી છે. બાવીશ બબ્બે હજારના આસામી, બસો હજાર હજારના આસામી, પાંચસો, પાંચસો પાંચસોના, એક હજાર ખાતાપીતા અને બાકીના ભીખારી: આ હિસાબે તે ગામમાં જણદીઠ પચીશ પચીશ રૂપીયાની મૂડી થઈ. કહો, આ બે ગામમાં કયું વધારે સંપત્તિવાળું ગણાશે? આપણી—હિન્દુસ્થાનની, એવી દશા છે; બે ચાર સારા છે તે ખરૂં, પણ અરધો અરધ સ્ત્રીઓનો ભાગ તે તદ્દન નિરક્ષર: તે ઉપરાંત પુરૂષોમાં પણ ખેડુ, ભંગી, મજુરવર્ગ વગેરે કેટલાબધા નીકળી જાય! બુદ્ધિનું બળ આટલું બધું કમી હોય તો પછી ધનબળ કે બીજું બળ કયાંથી આવે?

કેળવણીથી બુદ્ધિ વધે.

બુદ્ધિબળ વધારવાનો એક જ ઉપાય છે કે કેળવણી લેવી અને દેવી. કેળવણીની જરૂર સિદ્ધ કરવા કે તેના માર્ગો બતાવવાનો અત્યારે વખત નથી. પ્રસંગ પણ નથી. પરંતુ, બુદ્ધિબળ વધારવા માટે તમારે સૌએ કેળવણી લેવી જોઇએ. કેળવણી વિના બુદ્ધિ ખીલે નહિ; બુદ્ધિબળ ખીલવો નહિ, તો હિન્દુસ્થાનની અરધી મૂડી નકામી જ જવાની; જાય છે અને એમને એમ જ જવાની; પછી આપણી દુનિયાંમાં સ્થિતિ શી રહેવાની? એ વિચાર તો તમને કરાવવો જ છે.

બાઇઓ, ઘણાખરા પુરૂષોમાં અને લગભગ બધી બાઇઓમાં એક જ વિચાર વ્યાપી રહ્યો છે કે કેળવણી તો કમાણીને માટે

જ છે. આ વિચાર ખરો જ માની લેવાય છે એટલે તેનાપરથી તરત જ દલીલ લાવી દેવાય છે કે સ્ત્રીઓને ક્યાં કમાણી કરવા જવું છે કે કેળવણીની જરૂર હોય. સદ્‌ભાગ્યે આ વિચાર અને આ દલીલ હળવે હળવે નિર્બળ થતાં જાય છે. પણ હજી કેળવણીની દિશા નિર્ણીત થઈ નથી. દરેકજણને બે જાતની કેળવણીની જરૂર છે. એક તો સાધારણ કેળવણી અને બીજી ખાસ કેળવણી. મનુષ્યમાત્ર મનુષ્ય છે માટે તેની–બધી શક્તિઓને અમુક હદ સુધી કેળવવાની જરૂર છે એમ સ્વીકારી અમુક જાતની કેળવણી મનુષ્યમાત્રને આપવી જોઇએ; આવી કેળવણી તે સાધારણ કેળવણી. આવી કેળવણી મળ્યા પછી જે માણસને જે કામકાજમાં પ્રવૃત્ત થવું હોય તે કામકાજની માહેતગારી અને કુશળતા મળે તેવી જાતની કેળવણી આપવી જોઇએ અને તે કેળવણીને ખાસ કેળવણી કહી શકાય. સ્ત્રીઓ મનુષ્ય છે માટે સાધારણ કેળવણી તો દરેકને મળવી જોઇએ. સાધારણ કેળવણીમાં સ્ત્રી અને પુરૂષનો ભેદ રાખવાની જરૂર નથી. બધી નાતજાતને અને બધી વ્યક્તિઓને સાધારણ કેળવણી તો મળવી જ જોઇએ અને તેટલી કેળવણી તો સ્ત્રીઓને તેમજ પુરૂષોને એક સરખી રીતે જ આપી શકાય.

સ્ત્રી અને પુરૂષની કેળવણીમાં ભેદ રહેવો જોઈએ.

તેટલી મળ્યા પછી ખાસ કેળવણીની વાત આવે ત્યારે કામકાજની ભિન્નતા પ્રમાણે, ધંધારોજગારની ભિન્નતા પ્રમાણે, અને બુદ્ધિશક્તિની ભિન્નતા પ્રમાણે ખાસ કેળવણી અપાવી જોઇએ. આવી કેળવણી સ્ત્રી અને પુરૂષને માટે જૂદી જૂદી હોય, સ્ત્રી અને પુરૂષમાં પણ જેને જૂદાં જૂદાં કામ કરવાં હોય તે પ્રમાણે જૂદી જૂદી જાતની કેળવણી મળવી જોઇએ. શિક્ષક થવું હોય તેને શિક્ષકની, વકીલ થવું હોય તેને વકીલની, વેપારી થવું હોય તેને વેપારની, કારીગર થવું હોય તેને કારીગરની, એમ ધંધા પ્રમાણે જોતાં સ્ત્રી અને પુરૂષના ધંધા ભિન્ન છે. ઉપર સમજાવ્યું છે તેમ સ્ત્રીને ગૃહસંસાર ચલવવો છે અને પુરૂષને તેને માટે સાધનો

જૂદા કરવાનાં છે માટે તે પ્રમાણે તેમની કેળવણીમાં ભેદ રહેવો જ જોઇયે. જે સ્ત્રી લગ્ન કરવા ઇચ્છતી ન હોય, અને એકલું જીવન ગાળી પુરૂષ પેઠે ધંધાદારી થઈ રહેવા ઇચ્છતી હોય તેવીને તેવી જાતની ખાસ કેળવણી આપવામાં—પુરુષોની પેઠે જ કેળવણી આપવામાં વાંધો કાઢી શકાશે નહિં. આ વ્યવસ્થા ધ્યાનમાં રાખી જો કેળવણી વિષે વિચાર કરવામાં આવશે તો ઘણી તકરારો આપોઆપ શમી જશે. તમે બધાં ઘરસરી, ગૃહસ્થી છો. હું ઇચ્છું છું કે આપણ સંસારમાં સ્ત્રીમાત્ર ગૃહસ્થી જ બને અને કુંવારી ડોશીઓનો દેખાવ કદી જોવામાં આવે નહિ! અને તેથી તમને બધાંને ઘર સંબંધે ખાસ કેળવણી મળવી જોઇએ. જેને ન મળી હોય તેણે આજથી નિશ્ચય કરી હળવે હળવે લેવાની શરૂવાત કરવી જોઇએ. મને લાગે છે કે હવે તમે સમજી ગયાં હશો કે પ્રારંભમાં મેં ત્રણ પ્રાર્થનામાંથી જે ત્રીજી પ્રાર્થના તમને કરી હતી તે ઉપર હું આવું છું. ફરી વિનંતિ કરૂં છું કે જો હિન્દુઓનાં ઘર શાન્તિનિવાસ અને સુખનિવાસ થાય એમ ઇચ્છતાં હો તો મારી આ ત્રીજી પ્રાર્થનાપર લક્ષ આપી તે વિષયે યથાશક્તિ વર્તન કરવાનું તમે બધાં આ ક્ષણે જ નક્કી કરશો.

માતા થવાના ધર્મ.

હું તમને જે કહેવા—જે પ્રાર્થના કરવા પ્રવૃત્ત થયો છું તે હવામાં ભડાકા કરવા જેવું, આંધળાના ગોળી બહાર જેવું, ન થઈ જાય એ હું ખાસ લક્ષમાં રાખીશ. હું જાણું છું કે એકઠાં થયેલાં બધાં બાઇઓ એક સ્થિતિનાં કે એક વૃત્તિનાં નથી. જો કે પહેરવેશમાં તો સૌ એક બીજાની સ્પર્ધા કરવામાં તણાય છે. અને મુંબઈ જેવાં શહેરમાં અને આવા શુભમેળાના મેળાવડાના પ્રસંગમાં દરેક જણ પોતે હલકું કે ગરીબ ન દેખાય તેની ખાસ ચીવટ રાખે છે, અને તેથી પહેરવેશ કે અલંકાર વિંડબના ઉપરથી જૂદી જૂદી સ્થિતિ એકદમ જાણી શકાય એમ નથી, તો પણ

મને આંહિનો કાંઈક અનુભવ મળેલો હોવાથી હું કહી શકું છું કે તમારામાંથી કોઈ જ્યારે લાખે ગણાય તેટલા ધનના માલિક હશો ત્યારે કોઈને મહિનાની આવકમાંથી માંડમાંડ પૂરૂં થતું હશે. તેવો સ્થિતિફેર જો હું લક્ષમાં ન રાખું તો મારે જે કહેવાનું છે તેની અસર કોઈને પણ થાય જ નહિ. એટલે ફરીથી કહું છું કે હિન્દુસંસારનાં જૂદાં જૂદાં ઘરોનો અને જૂદી જૂદી સ્થિતિઓનો પ્રભુએ મને જે કાંઈ અનુભવ અપાવ્યો છે તે ધ્યાનમાં રાખીને જ હું તમારી પાસે મારી પ્રાર્થના રજુ કરીશ. દુનિયામાં એક વખતે જેની પાસે દાણા વધારે હોય તે વધારે સુખી અને વધારે સારો કહેવાતો; હવે નાણાં વધારે હોય તે વધારે સુખી અને વધારે સારો કહેવાય છે. એટલે નાણાંને લીધે જ સ્થિતિનો ફેર થાય છે. પરંતુ નાણાંનો તફાવત અસર ન કરે એવી એકાદ બે બાબત છે. તે સૌને સરખી રીતે જ લાગુ પડે છે માટે તે વિષે પહેલાં કહીશ. તેવી પહેલી બાબત એ છે કે તમે સઘળાં માતા હશો અગર થશો. સ્ત્રીઓ માત્ર, શું તવંગર કે શું ગરીબ, માતા થાય છે અને દરેક માને પોતાનાં છોકરાં પ્રત્યે એકસરખી જ લાગણી હોય છે. ધનથી કે રૂપથી તેમાં કશો ફેરફાર કે તફાવત પડતો નથી. જ્યાં જ્યાં મનુષ્યત્વ છે ત્યાં ત્યાં માતાપણું અને બાલપ્રત્યે વ્હાલઘેલાઈ છે. મનુષ્યત્વ છે ત્યાંજ નહિં, પણ જ્યાં જ્યાં પ્રાણીત્વ છે એમ મારે કહેવું જોઇએ. માતા થવાનો ધર્મ ત્યારે દરેક સ્ત્રીને પ્રાપ્ત થાય છે. આવી સર્વના જ્ઞાનની સ્થિતિ વિષે પણ તમે કદી વિચાર કર્યો છે? માતા તરીકે શા શા ધર્મ પ્રાપ્ત થાય છે એ તમારામાંથી કોઇએ કદી વિચાર્યું છે? છોકરાંને કેમ ઉછેરવાં, તેમના તન મનને કેવી રીતે કેળવવાં, તમારાં છોકરાં ઉત્તમ મનુષ્યો બની, તમારી કુખને શોભાવે અને માતાના નામને દીપાવે તેવું તમે નથી ઇચ્છતાં? છતાં માતા તરીકે તમારે કેટલું જ્ઞાન જોઇએ એ તમે કદી વિચાર્યું છે? માતાના વિચારથી અને માતાના વર્તનથી બાળકને કેવી અસર થાય છે; બાળકનાં મન અને બાળકના અવયવ કેવી રીતે વિકસિત અને વિવૃદ્ધ થાય

છે; હઠ, દુરાગ્રહ, કજીયો, રડવું વગેરેનાં કારણ શું હોઈ શકે છે અને તેનું નિવારણ કેવી રીતે થઈ શકે છે; નાનપણમાં બાળકની ગ્રહણશક્તિ કેવી તીવ્ર હોય છે અને તે તીવ્રતાના ગુણનો વધારેમાં વધારે લાભ કેવી રીતે લઈ શકાય છે, આ અને એવા અનેક વિચારોમાંથી તમને એક પણ એકે વખત ઉદ્ભભવ્યો છે ? અને ઉદ્ભભવ્યો હોય તો તે વિષે કાંઈપણ સંસ્કારી જ્ઞાન મેળવવા તમે પ્રયાસ કરેલ છે ? બાઇઓ અને બ્હેનો ! હું જરા વધારે ચોખ્ખા શબ્દોમાં કહું તો મને માફ કરશો. પણ, મને તો લાગે છે કે આપણામાં માતાઓ છોકરાં વિશે કશી પણ કાળજી કરતાં જ નથી. માતા થવાની બહુ ઉત્કંઠાથી આશા રાખે છે, પરંતુ માતા થવા માટે કશી જાતની લાયકાત મેળવવાનો એક પણ વિચાર કદી કરતાં નથી. તેવો વિચાર જરૂરનો છે એવો ખ્યાલ પણ તમારામાંથી ભાગ્યે જ કોઇને થયો હશે. માતાઓ, અને ભવિષ્યની માતાઓ, આપણાં છોકરાંઓની કેવી સંભાળ લેવાય છે તેના દાખલાઓ તમે નથી સાંભળ્યા ? રડતાં છોકરાંપર ગુસ્સે થઈ તેના પર બળતાં છાણાંનો ઘા કર્યાનું તમે નથી સાંભળ્યું ? દાદરને ઉપલે છેલ્લે પગથીએથી, રીસમાં ને રીસમાં અવિચારી બની જઇને છોકરાંને ગબડાવી પાડ્યું હોય તેવું નથી જોયું ? પોતે રડવાની કે કુટવાની લ્હેરમાં લાગ્યાં હોય અને છોકરાંને જીવલેણ અનર્થ થઇ ગયાનું નથી વાંચ્યું ? આ તો બધી શરીર સંબંધેની બેદરકારી ગણાય. મન વિષે દરકાર કરવાનો તો ખ્યાલ સરખો પણ નથી આવ્યો. પાંચ વરસ સુધી છોકરૂં ગમે તે રીતે મોટું થાય. ગરીબ લોકોનાં શેરીમાં, સાધારણ વર્ગના ચાલીઓના ગાળામાં, અને તવંગર લોકોનાં આયા અને નોકરોના સહવાસમાં; પાંચ વર્ષનું છોકરૂં થાય ત્યાં સુધી કશી દરકાર લેવાની હોય જ નહિ એવો ખ્યાલ તમારામાંથી દરેકે દરેકને નથી શું ? અને પાંચ વરસનું છોકરૂં થાય એટલે પણ છોકરાંને નિશાળે બેસારવામાં જ તમારી સર્વ દરકારની સમાપ્તિ થાય છે. હિન્દની ભવિષ્યની પ્રજાની માતાઓ! વિચાર તો કરો, કે આવી રીતે તદ્દન બેદરકારીથી ઉછરતી પ્રજામાં

આર્યત્વ નષ્ટ થાય તેમાં કોનો દોષ? બાળકોની સ્થિતિ કેટલી દયાપાત્ર છે એ હિન્દની માતાઓને બતાવવાની બહુ જરૂર છે, પરંતુ દીલગીર છું કે અત્યારે સમય અને પ્રસંગ મને આટલાથી વધારે કહેવાની છૂટ આપે તેમ નથી. ત્યારે, પહેલી બાબત, જે દરેક વર્ગ અને દરેક સ્થિતિની બાઇને લાગુ પડે છે તે એ કે માતા તરીકે તમારામાં કેટલી લાયકાત છે તે વિચારો, સારી માતા તમે કેવી રીતે થઈ શકો તેની ચિંતા કરો. માતાને યોગ્ય જ્ઞાન આપવા માટે વર્ગો કાઢો. સ્ત્રી માતા થાય તે પહેલાં માતા તરીકેની યોગ્યતા તે મેળવે એવો આગ્રહ રાખો: આમાં ન બને તેવું કાંઈ નથી. માત્ર વસ્તુસ્થિતિનું ભાન અને કાંઈ કરવું જ જોઇએ એવો નિશ્ચય; એ બે હોય તો ઘણું થઈ શકશે.

માંદાંની માવજત.

સર્વ વર્ગને લાગુ પડે તેવી બીજી બાબત માંદાંની સંભાળ કેવી રીતે લેવી એ જ્ઞાનની છે. સૃષ્ટિનાં ધોરણે મંદવાડ તો દરેક ઘરમાં કોઈને કોઈ વખતે આવે છે જ, અને તે વખતે સ્ત્રીઓની જ મદદ જરૂરની છે એ પણ સ્વીકારાયું છે જ. તવંગર લોકો નર્સ વગેરે રાખી શકે છે તોપણ આજારીને માતાની કે પત્નીની કે બ્હેન કે પછી દૂરની પણ સંબંધી સ્ત્રીની માયાભરી સારવાર જે શાંતિ આપી શકે છે તેવી શાંતિ ગમે તેવા ઉંચા ગુણોવાળી પણ પગારદાર નર્સની સારવાર આપી શકે નહિં એ મને તો સ્વતઃસિદ્ધ જ લાગે છે. સારવાર સારી કરવા માટે શરીરશાસ્ત્રના અને વૈદકશાસ્ત્રનાં થોડાંઘણાં જ્ઞાનની જરૂર છે અને તેવું જ્ઞાન જરૂરનું છે એમ તમે સ્વીકારો અને મેળવવા પ્રયાસ કરો તો તેને માટે જોઇએ તેવી સગવડ આ તમારૂં મંડળ આપી શકે તેવું છે. અકસ્માત માટેના વર્ગો તો ઉઘાડવામાં આવ્યા છે એ બધાં જાણતાં હશો. ઇચ્છું છું કે તેવા વર્ગનો લાભ તમારામાંથી દરેકે દરેક જણ લેવા માટે નિશ્ચય કરી રાખે.

સ્ત્રીએ પતિના ગુણ મેળવવાની જરૂર.

ત્રીજી સામાન્ય બાબત હું તમને કહું તે પહેલાં જરાક પ્રસ્તાવના કરવી જોઈએ. સ્ત્રી એ પુરૂષની પત્ની છે, સહધર્મચારિણી છે, ગૃહની રાણી છે, આટલું તો બધાં સ્વીકારશો. પણ સ્ત્રી એ તેના પતિની મિત્ર છે, પરમમિત્ર–નિકટમાં નિકટ મિત્ર છે–હોવો જોઇએ એ વિચાર તમને કદી આવ્યો છે? પતિના મિત્ર થવાની લાયકાત દરેક પત્નીમાં હોવી જોઇએ: એ મારે તમને કહેવાની ત્રીજી સામાન્ય બાબત છે. મિત્ર કેવો હોવો જોઇએ એ વિસ્તારથી કહેવું અસ્થાને ગણાય. પણ મિત્રતા 'સમાનશીલ'-માં એટલે કે જેઓમાં અમુક જાતની સમાનતા હોય છે તેમાં સંભવે છે એટલું તો કહેવું જ જોઇશે. પત્નીની અને પતિની મિત્રતા ગાઢ થાય તે માટે પત્નીએ પતિની સમાનતાએ પહોંચવું જરૂરનું છે. તેવું ન થાય તો 'કજોડું' ગણાય. જેમ વયનું કજોડું દુ:ખરૂપ છે તેમ જ ગુણનું, જ્ઞાનનું, કજોડું પણ દુ:ખરૂપ જ છે. દુ:ખરૂપ ન હોય તોપણ સંપૂર્ણ સુખરૂપ તો બની શકતું નથી. આવું કજોડું ન થાય માટે સ્ત્રીએ ખાસ શ્રમ લઈ પોતાના પતિની સાથે સમાનતા મેળવવાનું ધ્યાન રાખવું જોઇએ. એટલે કે પતિના જે જે વિચારો હોય તે સમજતાં, તેની વાતોમાં રસથી ભાગ લેતાં, તેને વિનોદી સહવાસથી ખુશી કરતાં, અને તેનાં હૃદય, મન, ભાવ અને આશયોનું કેન્દ્રસ્થાન થઈ જતાં, પત્નીએ શીખવું જોઇએ. પતિ બી. એ. કે એમ. એ. હોય અને પત્નીને અક્ષર સાથે જ વૈરભાવ હોય, પતિ વ્યાપારનાં મોટાં મોટાં સાહસો ખેડતો હોય અને પત્નીને બારમાંથી કેટલા જાય તો સાત રહે એ પણ આવડતું ન હોય, પતિ વિજ્ઞાનશાસ્ત્રના પ્રયોગોમાં પ્રવૃત્ત રહી નવાં નવાં સત્યો શોધવા મથી રહેતો હોય અને પત્નીને પ્રવાહી, વાયુરૂપ અને નક્કર કે ઘન સ્થિતિ કઈ કહેવાય તેનું પણ ભાન ન હોય; તો પછી પતિપત્ની વચ્ચે મિત્રતાનો બહુ સંભવ રહેતો નથી. આનો અર્થ એવો નથી કે પતિ વકીલ હોય તો પત્નીએ

કાયદા મોઢે કરવા જોઇયે, કે પતિ વેપારી હોય તો પત્નીએ પણ વ્યાપારશાસ્ત્રની પરીક્ષા આપવી જોઈએ. તેટલું બનવું અશક્ય જ છે. સોમાંથી નવાણું કિસ્સામાં ન બની શકે માટે હું 'અશક્ય' જ કહું છું. પણ પતિની જે દિશા તરફ પ્રવૃત્તિ હોય તે તરફ પત્ની પોતાનું વલણ પ્રેરે, યથાવકાશ તે પ્રવૃત્તિ વિષે સામાન્ય માહિતી મેળવતી રહે, અને પતિના વિચારોમાં અને વાતોમાં ભાગ લેતી થાય એટલું તો અવશ્યે થવું જ જોઇએ. પતિપત્નીની વાતોનો સમાવેશ માત્ર શૃંગારવાસના ભરી બાબતોમાં જ થાય, કે કોઇની કુથલી–નિંદામાં કે કુટુંબના સાધારણ ઇતિવૃત્તમાં થાય તેના કરતાં જો પતિના બાહ્યજીવનની વાતોમાં પત્ની રસ લેતાં શીખે અને તેનો આનંદ વધારી શકે તો પત્નીએ ખરેખરૂં મિત્ર-કાર્ય કર્યું એમ હું કહી શકું. આવા મિત્રભાવની વૃદ્ધિ થાય તો પતિપત્ની વચ્ચેનો પ્રેમ કેવો નિઃસ્વાર્થ, કેટલો ઉદાર, કેટલો ઉન્નત બની રહે! બાઈઓ અને બ્હેનો! હિન્દુઓનાં ઘરો આવાં ઉંચી જાતના પ્રેમનાં મંદિરો બની રહે એમ કોણ નહિં ઇચ્છે? તેવી ઇચ્છા રાખનાર પત્ની સફળ ક્યારે થાય? જ્યારે પતિના મિત્ર થવાની લાયકાત મેળવે અને પતિની સર્વ પ્રવૃત્તિનું અને પતિના સર્વ વ્યવહારનું અગાધપાત્ર બની રહે ત્યારે. આ બાબત પણ દરેક વર્ગની સ્ત્રીને સરખી રીતે જ લાગુ પડે છે, અને મનુષ્યમાત્રના સુખમાં અનેકગણો વધારો કરી શકે તેવી તે છે એમ મારૂં માનવું છે.

ચતુર સ્ત્રી નાની ઓરડીને પણ સુંદર રાખે છે.

સર્વને સમાન રીતે લાગુ પડે તેવી હવે એક જ બાબત ઉમેરીશ. વખત ઘણો ગયો છે અને તમારી ધ્યાનશક્તિપર બહુ દબાણ થઈ ગયું છે એ જાણું છું અને તેથી સર્વને લગતી બાબતો કહ્યા પછી હું જરાપણ લંબાણ કરીશ નહિં એટલી ખાતરી આપું છું. જે ચોથી બાબત સર્વને લગતી હું ગણું છું તે ગૃહ-

શોભાની છે. દરેક સ્ત્રી પોતાની શક્તિ પ્રમાણે, પૈસા સંબંધી શક્તિ પ્રમાણે પોતાનાં નાનાં ઘરને શોભાવી શકે છે. એક નાની સૂની ઓરડી અને રાંધવા ખાવાનાં ચાર વાસણ જેટલી જ જેની સંપત્તિ હોય છે તે પણ પોતાની ઓરડીને આઠદશ દહાડે ધોઈ, હરહમ્મેશ વાળીઝાડી, અરીસા જેવી સ્વચ્છ અને સુઘડ બનાવી શકે છે; પોતાનાં ચાર વાસણને માંજી એવાં ચકચકીત બનાવી રાખે છે કે તે જોનારની આંખને આકર્ષી, ઠારી દે છે, અને તેમાં જમનારને જમણમાં અમૃતનો સ્વાદ બક્ષે છે. પોતે અને પોતાનાં કુટુંબને વાપરવાનાં વસ્ત્રો એવાં તો સ્વચ્છ, સાબુવગર પણ હમ્મેશાં નિયમિત રીતે, અને હાથને જરા તસ્દી આપીને ધોઇધોઇને, એવાં સ્વચ્છ રાખી શકે કે તે પહેરનાર હલકા હલકા અને સ્વચ્છ સંતુષ્ટ બની રહે છે. ગૃહની શોભાનો આધાર ઉપસ્કરણ–ફરનીચર–ઉપર નથી, તેનો આધાર સ્વચ્છતા અને વ્યવસ્થા ઉપર છે. ઘણાં ઘણાં સુંદર સાધનો હોવા છતાં સ્વચ્છતા અને વ્યવસ્થાને અભાવે કેટલીકવાર મોટા બંગલાઓ પણ જોવા ન ગમે તેવા હોય છે, તથા સ્વચ્છતા અને વ્યવસ્થાને અભાવે એક નાની ઓરડી, જેને ધોતાં વાળતાં પા કલાક પણ ન લાગે, તેની અંદર ઉભું પણ ન રહી શકાય તેવી હોય છે. ગૃહની શોભાનો આધાર, ત્યારે, સ્વચ્છતા અને વ્યવસ્થા ઉપર જ છે. જેની જેવી શક્તિ હોય, જેનાં જેવાં સાધન હોય તે પ્રમાણે દરેક ગૃહિણી પોતાના ઘરની શોભા રાખી શકે છે. શક્તિ પ્રમાણે સૌનું ઘર બને તેવું સુંદર છે કે કેમ એ વિચાર દરેક ગૃહિણીએ કરવો ઘટે છે.

ઘરની શોભા ઉત્તમ ગૃહિણી.

આ વાત ઘરની બાહ્યશોભાની થઈ, પણ તે શોભા કરતાં પણ અનેક ગણી શોભા ઘરની અંદર રહેનારાંના ચિત્તની સ્થિતિપરથી બની રહે છે. બાહ્યશોભા ગમે તેવી ઉત્તમ હોય, પણ માણસોનાં મન જો અસ્વચ્છ હોય, અસંતુષ્ટ હોય, દુઃખી હોય, વઢકણાં હોય, સુલભ–કલેશ હોય તો પછી બાહ્યશોભા બધી

નકામી જ થઈ જાય. ચિત્તની શોભાનો આધાર પણ ગૃહિણી ઉપર છે. ઘરના ધણી ઉપર પણ છે અને ઘણો તેના ઉપર જ ગણવો જોઇએ. પરંતુ અત્યારે આપણે સ્ત્રીસંસાર વિષે વાત કરીએ છીએ એટલે સ્ત્રીઓના હિસ્સાની જ વાત કરીશું. સ્ત્રીઓ-ગૃહિણીઓ, હસમુખી, આનંદી, બીજાના દોષ તરફ દુર્લક્ષ કરનાર, બીજાના ગુણોને પ્રકટ કરનાર, હમ્મેશાં ખુશી કરવાની અને ખુશી થવાની તત્પરતાવાળી અને નરમ છતાં ટેકી, ગરમ છતાં વિવેકી તથા સ્વાર્થત્યાગી અને આત્માભોગમાં હમ્મેશાં અનુરાગી હોય તો ઘરનાં માણસોનાં મન ઘણું કરી ખુશમિજાજી અને સંતુષ્ટ રહે છે, અને તેમ થવાથી ગૃહની શોભામાં અનેકગણો વધારો થાય છે. આ બાબતમાં તો પૈસો કોઇપણ રીતે આડે આવનારો કે સાધનરૂપ નથી થઈ શકતો, એ એકદમ જ સ્વીકારી શકશો.

બસ-થયું. સર્વને સરખી રીતે લાગુ પાડી શકાય તેવી બાબતો પૈકી મેં અત્યારે ચાર બાબત વિષે તમને કહેવા ધાર્યું હતું તે પૂરૂં કર્યું છે. અને તેથી, તમને વચન આપ્યા પ્રમાણે હવે હું લંબાણ કરવાનો નથી. માત્ર એટલું જ ઉમેરીશ કે પૈસા સંબંધે સ્થિતિની જેવી ભિન્નતા છે તે પ્રમાણે કામકાજની અને પ્રવૃત્તિની પણ ભિન્નતા તમને માલમ પડશે. તમને તે ભિન્નતા જરૂરની પણ લાગશે. જે બાઇઓને પોતાના પતિની કમાણીમાં મદદ કરવાની હશે તે બાઇઓએ તેવી મદદ કરવાની રીતો શીખવી જોઇએ. તે માટે ધંધાઓ શીખવા જોઇએ અને થોડી મહેનતે વધારે લાભ કઈ રીતે થઈ શકે એ વિચારવું જોઈએ. જે બાઇઓને કમાણીમાં મદદરૂપ થવાની જરૂર ન હોય પણ ઘરનાં કામકાજ પોતાને હાથે કરી ઘર ખાતે વધારે ખરચ ન થવા દેવાની કાળજી રાખવાની હોય, તેવાંએ ઘરનું દરેક કામ સારી રીતે કરતાં શીખવું જોઇએ. ઉપર કહેલી બંને સ્થિતિવાળાં બાઇઓને માટે જરૂરનું છે કે તેઓએ રસોઈમાં ઉત્તમ થવું જોઇએ અને રસોઇનું શાસ્ત્ર તથા રસોઈની કળા તથા એ બંને અવશ્યે જાણવાં જોઈએ. તે ઉપરાંત ઘરની બીજી અનેક જરૂરીયાતો કેવી રીતે ઓછી થાય

અને કેવી રીતે કરકસરથી રહી શકાય એ જાણવા માટે સાધારણ હિસાબ, ખરચની નોંધ રાખી શકાય તેટલું નામું માંડવાની રીત, અને વધતાઘટતા ભાવતાલથી ઘરના ખરચને થતી અસર સમજી શકે તેવું સાધારણ ગણિતઃ આટલું પણ જાણવાની ખાસ જરૂર સમજવી જોઇએ. તેવાં બાઇઓએ પોતાના કામભર્યા દિવસમાંથી વખત કાઢવો અને જે ઉપર ચાર બાબત સર્વને ઉપયોગી ગણાવી તે બધી વિષે કંઈ કંઈ વાંચવાની, શીખવાની, સમજવાની, મેળવવાની તજવીજ કરવી જોઇએ.

સ્ત્રીઓને કેળવવા માટે વર્ગોની જરૂર.

જે બાઇઓને પતિને મદદ તો નથી કરવી પડતી, પણ હાથે કામ પણ નથી કરવું પડતું અને જેઓ પોતાનો બધો વખત ખુશખુશાલ બચાવી શકે છે તેવી બાઈઓએ તો સૌથી વધારે ઉપયોગી થવાનું છે. તેવાં બાઇઓ ધારે તો, જેમ આ સ્ત્રીમંડળનાં પ્રમુખ અને બીજાં બાઇઓ પોતાના કૃત્યથી જ સૌને પ્રત્યક્ષ પાઠ આપી બતાવે છે તેમ, અનેક કુટુંબોને ઉપયોગી થઈ શકે, અને તેવું ઉપયોગીપણું વધી શકે માટે જરૂરનું છે કે તેવાં બાઇઓએ સામાન્ય જ્ઞાન અને જગતનો અનુભવ ખાસ વધારે મેળવવાં જોઈએ. હું ધારૂં છું કે આવાં સદ્ભાગી બાઇઓની સંખ્યા આ મંડળમાં નાનીસુની નહિં હોય; તેવાં બાઇઓ પોતે બીજાને ઉપયોગી થવા તૈયાર થાય તે પહેલાં પદ્ધતિસર અને નિયમિત વર્ગો ભરી અમુક અમુક સામાન્ય બાબતોની માહિતી મેળવે તો આ મંડળ અત્યારે કામ કરે છે તેના કરતાં અનેકગણું વધારે સારૂં કામ કરવા સમર્થ થાય. આજે પ્રભાતે તમારા દિલમાં જે આશાકિરણો ફૂટયાં હતાં તેવાં કિરણો હરહમ્મેશ ઝળહળ્યાં કરે એ તમે ઇચ્છતાં હો તો મારી આ છેવટની પ્રાર્થના ધ્યાનમાં ધરશો. આપણો ભૂતકાળ તદ્દન શૂન્ય નહોતો, વર્તમાનકાળના બધા વિચારો પૂર્ણ સત્યતાવાળા છે કે કેમ એ તપાસવાની જરૂર છે; માટે ભૂતકાળનું જ્ઞાન મેળવી, વર્તમાનના વિચારોને તે જ્ઞાનકસોટીએ કસી જોઈ,

ભવિષ્ય સુધારવામાં પ્રવૃત્ત બનો એટલું આજના બે બોલમાં મારે તમને કહેવાનું હતું. ભવિષ્ય સુધારવા માટે સ્ત્રીની બુદ્ધિરૂપી ધન નિરૂપયોગી પડ્યું રહે છે માટે તે ધનને ઉપયોગમાં લેવાય તેવું કરો; સ્ત્રીઓએ સ્ત્રીઓ તરીકે-પછી તે ગમે તે વર્ગ અને સ્થિતિની હોય તોપણ-કેટલું કરવું જોઇએ, તેઓએ કઈ કઈ બાબતપર લક્ષ આપવું જોઇએ એ વિષય સંબંધે મેં થોડુંક અને ટુંકામાં કહ્યું છે. જો તે મારા વિચારો સર્વથી ગ્રહણ કરી શકાય તેવા લાગતા હોય તો મેં પ્રારંભમાં કહ્યું હતું તેમ મારી તે ત્રીજી પ્રાર્થના યથાશક્તિ મંજુર રાખો અને કોઇક પણ દિશામાં પ્રવૃત્ત થવાં તત્પર થાઓ! જેઓને કાંઈપણ કરવું છે તેમને માટે રસ્તાઓની ખોટ નથી. જૂદી જૂદી સ્થિતિ અને જૂદી જૂદી વૃત્તિ પ્રમાણે અનેક રસ્તાઓ બતાવી શકાય. વિશ્વમંદિર બહુ મોટું અને બહુ વૈવિધ્યભર્યું છે; તેનાં દ્વાર અસંખ્ય છે. તેના ખંડો અગણિત છે. બહારની વિશાળ જગા તો અનંત છે, જેવી કલ્પના કરો તેવી સિદ્ધિ માટે જોઇએ તેવું દ્વાર, જોઇએ તેવો રસ્તો તમારે માટે તૈયાર છે; માત્ર દ્વાર પાસે જાઓ; જીજ્ઞાસા બતાવો; અવાજ કરો; માગો અને દ્વાર આપોઆપ ઉઘડશે; રસ્તો પોતની મેળે દૃષ્ટિએ પડશે; પરંતુ કલ્પના તમારી જોઇએ-બળવતી કલ્પના જોઇએ, તેવી કલ્પના તમે કરતાં થાઓ! કેવી રીતની કલ્પના કરવી તે વિષે કાંઇક ઉલ્લેખ મેં તમારી સમક્ષ કર્યો છે. તેવી કલ્પના-તમને રૂચતી જાતની કલ્પના-કરવા માટે જો તમે આજે ઉદ્યુક્ત નહિં થાઓ તો ક્યારે થશો? આજના નવનવીન આનંદથી ભરેલા દિવસે મેં તમને આટલો વખત બેસારી રાખ્યાં, તમારા વિનોદ વિનિમયમાંથી તમને રોક્યાં. માફ કરશો, બીજું શું કહું? છેવટ છેવટ પણ એટલું તો ઉમેરી લઇશ જ કે બાઈઓ, મેં જે કહ્યું છે તે સાંભળીને જ સંતોષ માની નહિં લેશો. કાંઇક પણ કરવા માટે નિશ્ચય કરજો. પગલું ભરશો તો પ્રગતિ થશે. જેવી શાંતિથી અને જેટલી કૃપાથી તમે મારૂં કહેલું સાંભળ્યું તેવી જ દૃઢતાથી અને તેટલી જ તત્પરતાથી કાંઇક કરવા પ્રવૃત્ત થજો એજ છેવટની વિનંતિ.

નવા વર્ષના બે બોલ.

(સંવત્ ૧૯૬૯)

લેખકઃ—પ્રોફેસર કાન્તિલાલ છગનલાલ પંડ્યા, એમ. એ.

" ક્ષત્રિયાણી! રખે તું ત્હારા અસહ્ય દુઃખથી ત્રાસી અકર્તવ્ય કરતી! દુઃખથી તું ડરીશ નહિ, ભયથી છળીશ નહિ, સુખથી ફુલીશ નહિ! સુખ, દુઃખ અને ભયની ત્રિપુટી પાસે ત્હને સંસિદ્ધ કરાવે એવા ચમકારા કરનારી વીજળી ત્હારા સર્વાંગમાં ગૂઢ છે. પાંચાલી! આશા ધર. આશાના ઉદયને પ્રત્યક્ષ કર....

" પાંચાલી! તું અને ત્હારા પુત્રો તમારો ધર્મ સમજશો, ધર્મનું સ્વરૂપ જોશો તો તમારાં વિકટ દુઃખનો પરિપાક કલ્યાણરૂપ જ થશે, અને તે પરિપાક થશે તેની ત્હારો જ્યેષ્ઠ સ્વામી ધર્મવીર યુધિષ્ઠિર ત્હારા મન્દિરમાં આવવાની વાટ જોઇને જ બેઠો છે તે સામે જો! ત્હારા પુત્રોનાં હૃદયને ધર્મની છાયામાં, તેમની તથા ક્રિયાને અર્જુનની છાયામાં, તેમના શરીરને બળને ને સજ્જતાને ભીમની છાયામાં, ને તેમના અન્ય અંશોને અશ્વિપુત્રોની છાયામાં સ્નાન કરાવી લે: એ સ્નાનની કલા તેમને હનૂમાન શીખવે એવું એ કપિને પોષણ દેજે!

"પાંચાલી! એ કાલપરિપાકનું મંગલ મુહૂર્ત સમીપ છે તે તું જો ને ઉત્સાહિની થા! પાંચાલી! જાગૃત થા!

" પાંચાલી! પાંચાલી! એ સર્વની તૈજસી છાયાઓમાં—એ સર્વ ચન્દ્રોની ચન્દ્રિકામાં—ત્હારાં કંઈક બાળકો અપૂર્વ સ્નાન કરવા માંડે છે, દીપાવલીની શૃંગારિત જ્યોત્સ્ના જેવી જ્વાલા-

ઓમાં ત્હારાં આ મધુર બાળકો જ્વાલામાલી થઈ જાય છે. તે રમ્ય ચિત્ર જો! પાંચાલી! એ નવા તૈજસ ચેતનનું પ્રેમથી પોષણ કરવા જાગૃત થા!

"પાંચાલી! આ બ્રાહ્મયુગમાં ત્હારૂં બહુ કામ છે! ત્હારૂં જ કામ છે! એ પવિત્ર કાળને માટે, અને ત્હારા હિમરાશિના મીઠા જળના પ્રવાહોમાંથી ગંગાયમુનાઓના પ્રવાહ વ્હેતા મુકવાને માટે, ઉત્સાહિની થા! પ્રવૃત્ત થા!"

ગોવર્ધનરામ.

"પ્રભુની આજ્ઞા છે સુન્દરીસંઘને કે
જગત જન્માવવું ને ધવરાવવું.
આ મઠમાં કામધેનુઓ ઉછેરીશ.
એ કામધેનુઓ નરલોકને ધવરાશે,
ને માનવીનાં દેવ ઉછેરશે.
અવનીને અમૃતમેઘથી સીંચશે,
ને અમરો ઉતરશે વાડીએ વાડીએ."

× × ×

"કુંવરી તો મ્હારી લોકમાતા થઈ!"

ન્હાનાલાલ.

સન્નારીઓ!

આજ નવીન વર્ષને નવીન દિવસે, ત્હમારી ગત વર્ષની શુભ પ્રવૃત્તિઓને માટે ત્હમને સહર્ષ અભિનન્દન આપવાનો, ત્હમારી નવા વર્ષની પ્રવૃત્તિઓ માટે શુભ ઇચ્છાઓ પ્રેરવાનો, અને "દીવાળીના બે બોલ" કહેવાને મિષે ત્હમારા મંડળની

કલ્યાણકર સુન્દર છાયામાં ઘડીભર રહેવાનો ધન્યયોગ મ્હને પ્રાપ્ત થયો છે, તે માટે મ્હારા મિત્ર ભવાનીદાસ મોતીવાળાનો હું ખાસ ઉપકાર માનું છું.

તોપણ હું કબુલ કરૂં છું કે એ માયાળુ મિત્રનું આમંત્રણ મ્હને જ્યારે મળ્યું ત્યારે તે સ્વીકારતાં મ્હને ઘણી આનાકાની થઈ હતી, અને તે સ્વીકાર્યા પછી પણ મ્હારા બે બોલની યોગ્યતા તથા સફળતા વિષેના સન્દેહમાંથી હું હજીયે મુક્ત થયો નથી. કારણ કે મ્હારે સ્થાને, ગોવર્ધનરામ જેવો, હિન્દના કલ્યાણ-પન્થનો કોઈ અપૂર્વ વિચારક હોત, કે જે ગહન અભ્યાસ તથા તેજસ્વી પ્રતિભાના બળે ત્હમારા જીવન તથા ત્હમારા મંડળ સંબન્ધી નવા વિચારની મંગલ સામગ્રી આ શુભ પ્રસંગે ત્હમારી આગળ રજુ કરી શકત; અથવા તો, અંબાલાલભાઈ જેવો, ઠરેલ પણ ઉત્સાહી સામાજિક કે સાર્વજનિક કાર્યકર્તા હોત, કે જે પોતાના મોંઘા અનુભવનાં રત્નો તારવી કાઢી વ્યાવહારિક કાર્યોનો વિશાલ દીર્ઘદૃષ્ટિથી બોધ કરી શકત; અથવા તો, ન્હાનાલાલ જેવો, ઉચ્ચ રસ ને ઉન્નત ભાવનાઓથી ઉભરાતા હૃદયવાળો દેશભક્ત કવિ હોત કે જે સુન્દર આકારમાં ગુંથેલી કોઈક અનેરી રસસામગ્રી ત્હમને અર્પણ કરી શકત; અથવા તો, ગાંધી જેવો, શ્રેષ્ઠ આદર્શનો અનન્ત કર્મવીર્ય્ય સાથે સંયોગ કરનાર કોઈ ખરો સન્ત હોત કે જે પોતાના અલ્પ સમાગમથી પણ અન્યના હૃદયમાં પુણ્યકર્મની પ્રભા પાથરી શકત; અથવા તો, ગાંધીપત્ની જેવી, કોઈ પવિત્ર મહિલા હોત, કે જે સ્ત્રીજીવનને પુણ્યપીયૂષથી ભરી કલ્યાણમય કેવી રીતે બનાવવું ત્હેના ઉચ્ચ સન્દેશ આપી શકત. આમાંનું કોઈ પણ આજે મ્હારે સ્થાને હોત તો તે ત્હમને "બે બોલ" માં જ જીવનના રત્નરૂપ ગૂઢ રહસ્યને અર્પી શકત, અને આ મંગલ દિનનો ત્હમારો સુન્દર રીવાજ પૂર્ણ રીતે સાર્થક થાત. કારણ કે આવા મહાન આત્માઓના થોડા બોલોમાં પણ સંજીવિની શક્તિ હોય છે; જ્યારે, મ્હારા જેવો, આવી કાંઈ

પણ વિશિષ્ટતા વિનાનો, હાલ રસાયણિક પ્રયોગશાળાના ધૂમાડામાં જીવન ગુજારનાર અને ઓઝલ પડદાની પરાકાષ્ઠાને લીધે જ્યાં અભ્યાસોત્સુક હૃદયને પણ સ્ત્રીજીવનનું દર્શન દુર્લભ છે એવા ઉત્તર હિન્દના પ્રદેશમાં વસનાર, એક યુવકમાત્ર, તેઓને બદલે, ત્હમને શો સન્દેશ આપી શકે ?

પરંતુ આપણા ગરીબડા ગુર્જરપ્રાન્તમાં આવાં સદ્રત્ન વર્ષો-વર્ષ સુલભ ન થાય ત્હેને લીધે જ ત્હમે મ્હારા જેવા સામાન્ય મનુષ્યને આ આમંત્રણસન્માન આપવું ઉચિત ધાર્યું હશે. અને ત્હમારા મંડળના શુભ કાર્ય માટેનાં મ્હારાં નમ્ર અભિનન્દન તથા અન્તઃકરણની પ્રસન્નતા પ્રકટ કરવાનો, તેમ જ ત્હમારી આજ્ઞા પાળી ત્હમારી ન્હાનકડી સેવા બજાવવાનો, આ એક સારો અવસર છે, એમ સમજીને મ્હેં આ આમંત્રણ સ્વીકાર્યું સેવાનો આત્મા બુદ્ધિ કે પ્રતિભા નથી, પણ હૃદય છે—હૃદયની શુદ્ધિ છે: એ સ્મરણ કરીને, પૂર્ણ સદ્ભાવથી અર્પણ થતી, ત્હમારા એક બન્ધુની, આ અંજલિ ત્હમે ઉદારતાથી સ્વીકારી લેશો એવી પ્રાર્થના છે.

એ અંજલિ અર્પવાને હું આજે ત્હમારી સમક્ષ આવી શકું એમ નથી, અને તેથી આજે ત્હમારા મંગલદર્શનનું સદ્ભાગ્ય પણ મેળવી શકું એમ નથી એ બેવડી હાનિથી મ્હારા મનને અસંતોષ થાય છે. પરંતુ, એ અનિવાર્ય ખામી તરફ અલક્ષ કરી, પ્રેમ, સૌન્દર્ય ને ભવ્યતા એ ત્રિપુટીનો અદ્વિતીયસુન્દર સંયોગ કરનાર વિશ્વવિખ્યાત તાજમહેલની સંનિધિમાંથી પ્રેરાયલાં આ થોડાંક વચનો ત્હમે સહૃદયતાથી સુણશો, તો મ્હારો અસંતોષ ઓછો થશે.

ગુર્જર સ્ત્રીજીવનમાં ઉજાસ.

"મુંબાઈ ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળ" એ કેટલેક અંશે ગુજરાતી મહિલાઓના હાલના જીવનનું દર્પણ છે. પચાસેક વર્ષ

પહેલાં સ્ત્રીજીવન સંબન્ધી પ્રખ્યાત લેખક નવલરામે જે ઉદ્ગાર કાઢ્યા હતા તે ત્હમારાથી અજાણ્યા નહિ હોય, પણ એ જ નવલરામ આજે આવીને ત્હમારા મંડળનું કાર્ય જોઈ શકે તો ત્હેમના ઉદ્ગાર કેવા થાય? અલબત્ત, આપણામાં એવો કોઇયે અન્ધ આશાવાદી નહિ હોય કે જે એમ કહેશે કે આપણે ઘણી પ્રગતિ કરી છે, અને હવે બહુ થોડું જ કામ કરવાનું રહ્યું છે. નવલરામની માર્મિક પંક્તિઓ હજી પણ ઘણે ઠેકાણે લાગુ પડશે. "ભૂગોળ ને ખગોળમાં રમતા ચિત્તવાળા ભાઈ," અને "ચાકર ને ચૂલામાં રમતા ચિત્તવાળાં બાઈ," મિલ ને મોરલિના અથવા દેશોદ્ધાર ને સમાજસેવાના આકાશમાં ઉડતા ભાઈ, અને અજ્ઞાન ને કુટુમ્બકલહની, દૂધવાળા ને કાપડવાળાની પૃથ્વી ઉપર એમને ઉતારી પાડતાં બાઈ—એવી અસમાનતાનું દમ્પતીજીવન, દુર્ભાગ્યે, હજી પણ ઘણે સ્થળે હશે. ભૂતકાળમાં પુરુષોએ પોતે જ ત્હમારી એવી દુર્દશા કરી છે કે ત્હમારા જીવનને વિદ્યા, સુખ તથા સૌન્દર્યમાં સુસ્થાપિત કરવાના પ્રયાસો હજી તો બહુ બહુ કરવાના છે. ત્હમે આગળ વધ્યાં છો ત્હેના પ્રમાણમાં હજી તો ઘણે દૂર જવાનું છે, અને ત્હમારો જે થોડોક વર્ગ સ્પષ્ટ રીતે આગળ વધ્યો છે ત્હેના પ્રમાણમાં તો અસંખ્યની સંખ્યાવાળો વર્ગ લગભગ ત્યાં ને ત્યાં જ રઝળે છે. હતભાગ્યે, આ સર્વ ખરૂં છે, અને સત્યને ચ્હાનાર કોઈપણ મનુષ્ય આ વાતની ના પાડશે નહિ. કેવળ શિક્ષણ ને કેળવણીમાં જ નહિ, પણ ગૃહજીવન, સમાજજીવન તથા સાર્વજનિક જીવન એ સર્વમાં નિત્ય આ સત્યનો મર્મભેદક અનુભવ થાય છે.

પરંતુ તે માટે ત્હમે જે કાંઈ શુભ પ્રગતિ વાસ્તવિક રીતે કરી છે તે વિસરવાની બિલકુલ જરૂર નથી. દિનપ્રતિદિન જે જે શુભ શક્તિઓ જે જે શુભ પરિણામોને ઉત્પન્ન કરે છે ત્હેમને અલક્ષ કરી ગ્લાનિમાં ડુબવાની રજ પણ જરૂર નથી. આપણા દેશમાં જે નવીન જાગૃતિ આવી કહેવાય છે તે કેવળ પુરુષવર્ગમાં જ સમાઈ રહી હોય કે શમી ગઈ હોય એમ નથી. અજ્ઞાન

હજી ઘણું છે, પણ જ્ઞાનનાં કિરણો ધીમે ધીમે અજ્ઞાનદુર્ગને ભેદવા લાગ્યાં છે; દુઃખ ક્લેશ ઘણાં રહ્યાં છે, પણ ત્હેમને મટાડવાના પ્રયાસો ક્યારનાયે શરૂ થઈ ગયા છે. શરીર, બુદ્ધિ કે આત્માનાં કજોડાં ઘણાં હ્રદયોનો તથા ઘણાં જીવનોનો હજી પણ ભંગ કરે છે, પણ લગ્નમાં વિશેષ સમાનતા રાખવાનું વલણ વધારે બલવાન થતું જાય છે, એ પણ કાંઇ છાની વાત નથી. હજી આપણે ઘણા ઘણા વિકટ પ્રશ્નોનાં નિરાકરણ કરવાનાં છે ને ઘણી ઘણી મુશ્કેલીઓ ઓળંગવાની છે; છતાં એટલું તો સર્વને વિદિત છે કે સ્ત્રીઓના જીવનમાં કાંઈક વિશાળ દૃષ્ટિ વ્યાપવા લાગી છે; સ્ત્રીજનની ગૂઢ શક્તિઓ ધીમે ધીમે પોતાની તથા પ્રજાની સુધારણાને અર્થે જાગૃત-ચંચળ થવા લાગી છે; અને, આ સર્વને શિરોભાગે, ગૃહજીવન ને સાર્વજનિક જીવન ઉભયના વિકટ ધર્મોનું યોગ્ય રીતે પાલન કરી, મુંબાઇની ગુજરાતી મહિલાઓની કલ્યાણપ્રવૃત્તિના પ્રણેતા આત્માસમાન, ત્હમારા જ મંડળનાં ધુરન્ધર ભવ્ય જમના બ્હેન; વનિતાવિશ્રામ જેવી લોકોપયોગી સંસ્થાને જીવન અર્પી, પોતાની અનાથ અવસ્થામાં પણ અનેકનું હિત કરનાર ન્હાની બ્હેન; યુનિવર્સિટિના ઉચ્ચ શિક્ષણનું તથા પદવીનું માન લઈ, હવે સ્ત્રીજીવન, સમાજ તથા સાહિત્યના ક્ષેત્રમાં પોતાની સેવા અર્પનાર ગુજરાતની પ્રથમ ગ્રેજ્યુએટ-ભગિનીઓ સૌ. વિદ્યા તથા સૌ. શારદા; અને દક્ષિણ આફ્રિકાના શાન્ત વિગ્રહને સમયે, વિકટમાં વિકટ કાર્યમાં પણ પોતાના પતિનો પૂર્ણ ઉમંગથી સહચાર કરનાર, કોમળ વીરતા તથા જ્વલન્ત પવિત્રતાની મૂર્તિ, આપણા વીરનાયક ગાંધીનાં પત્નીશ્રીઃ એવાં એવાં સ્ત્રીરત્નો ગુજરાતમાં પાક્યાં છે ને ગુર્જર-મહિલાની પ્રતિષ્ઠાની તથા ગૌરવની વૃદ્ધિ કરે છે.

આ ઉજાસ ક્યાંથી આવ્યો?

ગુજરાતના સ્ત્રીજીવનમાં આ ઉજાસ ક્યાંથી આવ્યો ?

આ પ્રશ્ન વિચારવા જેવો છે. ઉન્નતિ આપનાર બળોનું જેમ વધારે પિછાન કરીશું તેમ આપણું કલ્યાણ છે. આજે એની સંપૂર્ણ મીમાંસા કરવાનો યત્ન કે લોભ હું રાખતો નથી. કારણ કે તેમ કરવા જતાં હું "બે બોલ" થી આગળ નીકળી જઉં અને આ મંગલ દિવસ શુષ્કતાની અનિષ્ટાપત્તિનો અપરાધી થાઉં. પણ ફક્ત સામાન્ય રીતે ત્હમે વિચાર કરશો તો એટલું જોઈ શકશો કે આ જાગૃતિનાં કારણો બે પ્રકારનાં છે. એક પ્રકારનાં કારણો આ દેશના પુરુષો તથા સ્ત્રીઓ બન્નેને સમાન છે; વિદ્યા, કેળવણી, દેશમાં શાન્તિ, પશ્ચિમના તરંગોને લીધે તેમ જ આપણી સ્થિતિમાંના ફેરફારોને લીધે ઉત્પન્ન થયેલાં મન્થનો તથા કેટલીક અનિવાર્ય આવશ્યકતાઓ, હિન્દના પ્રાન્ત પ્રાન્ત વચ્ચેના ભેદોનો ક્ષય તથા પરિચયની વૃદ્ધિ, કેટલીક ધાર્મિક સંસ્થાઓ, ઇત્યાદિ. આ અને આવાં બીજાં ઘણાં કારણોએ હિન્દી પુરુષજનોમાં નવજીવન આણ્યું છે, અને કેટલેક અંશે સ્ત્રીજનમાં પણ તેઓએ તેવી જ અસર કરી છે. બીજા પ્રકારનાં કારણો ખાસ સ્ત્રીવર્ગને લગતાં છે, અને તેમાં સ્ત્રીજીવનને ખાસ અસર કરે એવાં સ્ત્રીઓના કે પુરુષોના કે બન્નેના ભેગા પ્રયાસોનો પણ સમાવેશ કરી શકાય.

ગુજરાતી સ્ત્રીસાહિત્ય.

આ સર્વ કારણોમાંથી આજે ફક્ત બેને જ ઉદ્દેશીને હું કાંઇક કહેવા માગું છું. તે ગુજરાતનું સ્ત્રીસાહિત્ય અને ગુજરાતની સ્ત્રીસંસ્થાઓ છે.

સ્ત્રીસાહિત્ય એટલે કેવળ સ્ત્રીઓને જ માટેનું સાહિત્ય એમ નહિ, પણ એવા ખાસ સાહિત્ય ઉપરાંત, અન્ય જે જે સાહિત્ય સ્ત્રીઓને રસદાયક ને હિતકારક હોય તે; પછી એ પુરુષોને પણ તેવું હોય તો વાંધો નહિ. સાહિત્યના જાણીતા ગુણોના ઉપરાંત, ત્હેનામાં સ્ત્રીઓને આકર્ષવાનો, રસ આપવાનો, કાંઇક વધારે ઉંચે લઈ જવાનો ગુણ હોવો જોઇએ, પછી તે સ્ત્રીના સામાન્ય માનુષ

તત્ત્વોને આકર્ષે કે ખાસ સ્ત્રીત્વના ભાવોને જ આકર્ષે, તોપણ ત્હેનો સ્ત્રીસાહિત્યમાં હું સમાવેશ કરૂં છું.

યૂરોપીય વિદ્યાનું અહીં આક્રમણ થયું તે પહેલાં આપણું જે ગુજરાતી સાહિત્ય હતું તેમાં સ્ત્રીહૃદયને આનન્દ તથા ઉચ્ચતા આપે એવું ઘણું હતું, અને તે કાળનાં સ્ત્રીપુરુષોના હૃદયમાં તથા જીવનમાં તે ધાર્મિક તથા નૈતિક સાહિત્ય ઉતર્યું હતું. આપણી વૃદ્ધ માતાઓ, દાદીઓ ને અન્ય સ્ત્રીઓના મુખમાંથી પ્રાતઃકાળમાં નરસિંહ કે મીરાં, અખો કે પ્રેમાનન્દની સરલ મીઠી વાણી સાંભળવી–એ મ્હને તો ઘણો મોહક અનુભવ લાગતો, અને જો કે એ સાહિત્ય હાલની સર્વ સ્ત્રીઓને એકસરખો આનન્દ કે બોધ આપે નહિ, ને ત્હેમને માટે જુદા પ્રકારના સાહિત્યની જરૂર છે એ ખરૂં, તોપણ પ્રભાતનાં આ મીઠાં ગીતોનો ધીરે ધીરે લોપ થતો જાય છે એ તો ખરેખર આપણા હાલના જીવનની એક ન્યૂનતા જ છે.

આ જૂનું સાહિત્ય કે જેમાંથી ત્હમને હજી પણ કેટલોક ખજાનો મળી આવશે, તે સાહિત્ય અંગ્રેજી વિદ્યા ને મુદ્રણકલા આવ્યા પછી, શરૂઆતમાં તો વિશેષ પ્રચાર પામ્યું, અને ત્હેની સાથે જ નર્મદ, દલપતરામ, નવલરામ વગેરેએ ત્હેની વૃદ્ધિ કરી તેમાં બીજા અંશો પણ ઉમેર્યા. કન્યાશાળાઓ વગેરે દ્વારા આ સાહિત્ય સ્ત્રીજીવનમાં વિશેષ પ્રસર્યું, ને હજી પણ ઘણે સ્થળે તેની પ્રિયતા જોવામાં આવે છે. પહેલાંના સાહિત્યમાં ધર્મ, ભક્તિ, વૈરાગ્ય નીતિ આદિ ઉપરાંત મનુષ્યસ્વભાવના ને મનુષ્યહૃદયના કેટલાક સર્વ સાધારણ અંશો હતા. તેમ તે તે કાળના જીવનનું કાંઈક રસભર્યું ચિત્ર પણ તેમાં આવતું. નર્મદાશંકર આદિએ જે અંશો ઉમેર્યા, તે આવા ન્હોતા. એમના લેખો વર્તમાન કાળને લાગુ પડતા–રોજના વ્યવહારજીવનના પ્રશ્નોની ચર્ચાથી, અને દેશની જાગૃતિ માટેના પ્રોત્સાહનથી ભરપૂર હતા; અવનતિ–

કારક રીવાજો માન્યતાઓ વગેરેની સખ્ત ઝાટકણી કાઢી, વિચારને–પ્રગતિકારક વિચારને ઉત્તેજિત કરવાનો એમનો યત્ન હતો. એમની શૈલી સરલ સચોટ ને સીધીસટ હતી, અને તેથી કરીને ત્હેની સફળતા પણ તેવી થઈ.

પણ તેમાં સાહિત્યની વિશેષ ઉચ્ચ કલા, સુન્દરતા, વિવિધતા, મોહકતા વગેરે ગુણો સ્વાભાવિક રીતે ન્યૂન હતા. **મણિલાલ નભુભાઈના** લેખોમાં પણ આ અંશો હાજર નથી, જો કે એમનાં જોસ, સ્પષ્ટતા, સૂક્ષ્મતા તથા એકંદરે ગદ્યશૈલીનાં ઘણાં ઉચ્ચ લક્ષણોને લીધે, એમના લેખો વધારે સારી પેઠે વંચાયા, હજી પણ સંમાનયોગ્ય રહ્યા છે, અને એમના "બાળવિલાસ" વગેરે તો હજીયે કન્યાઓને માટે ઉત્તમ ગ્રન્થની ગરજ સારે છે. શ્રીમત્ **નૃસિંહાચાર્યે** "ભામિનીભૂષણ" થી વિશેષ રસ તથા વૈવિધ્ય આણવા ઘણો સારો પ્રયાસ કર્યો, અને એ તથા એના જેવા બીજા ગ્રન્થોની લોકપ્રિયતા ત્હેની સફળતાની સાક્ષી પૂરે છે. પરંતુ એમાં રસ ને જ્ઞાનનું ફક્ત મિશ્રણ થયું, પણ કાવ્યના જેવો રાસાયણિક સંયોગ થઈ બન્ને એકરૂપ થયાં નહિ. પરાણે પરણાવેલાં દમ્પતીની પેઠે, એક ઘરમાં રહેવા છતાં તે મળી ગયાં નહિ પણ પૃથક્ પૃથક્ જ રહ્યાં. પરિણામે ઘણા વાચકો જ્ઞાનકથાને એમની એમ રહેવા દઈ બીજા રસ પડે એવા વાર્તાના વિભાગનું જ વાંચન કરતા. આ સ્વાભાવિક હતું. હાલના ઘણા સારા સારા ગ્રન્થોની પણ આવી દશા છે, એ દિલગીર થવા જેવું છે

છેક કવિતા થઈ ગયા વિના કાવ્યના રસ તથા આકર્ષણના ગુણો, સૌન્દર્ય તથા કલાથી આનન્દમોહ કરવાના ગુણો, વિચારમાળા કે જ્ઞાનની યુક્તિઓથી શીખામણ આપવાને બદલે સંગીતની પેઠે હૃદયમાં અજાણ્યે સંચરી હૃદયને વશ કરી લેવાના ગુણો–સંક્ષેપમાં આપણે જેને પ્રિયવાદિની–હિતકારિણી કાન્તાના ગુણો કહીએ છીએ એવા ગુણો, ગુર્જર સ્ત્રીસાહિત્યમાં બહુ થોડા થઈ

ગયા હતા. તેથી, જો કે એ સર્વ સાહિત્ય બીજા ગુણોને લીધે ઘણું કીમતી તથા ઉન્નતિકારક છે, અને જ્યાં જ્યાં બરોબર વંચાશે ત્યાં ત્યાં તે શુભતાની જ પ્રેરણા કરશે, તોપણ ત્હેની આકર્ષકતાની ખામીને લીધે, ત્હેને વિષે વાત કરનાર વધારે નીકળે છે ને વાંચનાર થોડાક જ મળી આવે છે.

પરંતુ હવે આવાં તત્ત્વવાળું સાહિત્ય પણ ગુજરાતમાં થયું છે, અને તેથી સાહિત્યમાં જેમ વધારે વિવિધતા થઈ છે, તેમ વધારે વાચકોની રુચિનું પોષણ થઈ શકે એમ છે. આ તત્ત્વોને લાવનાર આરંભના સ્ત્રીસાહિત્યમાં રા. રા. રણછોડભાઈનું "લલિતા દુઃખદર્શક નાટક" મ્હને ઘણી દૃષ્ટિએ બહુ અગત્યનું લાગે છે. એની તાત્કાળિક અસર પણ સારી પેઠે થઈ હતી. સ્ત્રીજીવનના એક મ્હોટા અને ક્રૂર અન્યાય તરફ જે સમર્થતાથી આ નાટકે લક્ષ ખેંચ્યું તેટલી સમર્થતા સ્ત્રીજીવનના બીજા કોઈ પ્રશ્નની બાબતમાં ગુજરાતી સાહિત્યમાં મ્હારી દૃષ્ટિએ નથી પડી.

સરસ્વતીચન્દ્ર.

પરંતુ સ્ત્રીસાહિત્યની તેમ જ સામાન્ય ગુજરાતી સાહિત્યની આ ખામી બરોબર પૂરનાર પ્રથમ ગ્રન્થ તો "**સરસ્વતીચન્દ્ર**"નો પ્રથમ ભાગ હતો, એમ મ્હારૂં માનવું છે. એ અને એના પછીના ભાગો, જેમ ગુર્જરસાહિત્યના અત્યારે મુકુટરૂપ છે, તેમ આપણી સ્ત્રીસાહિત્યની દૃષ્ટિથી પણ એ ગ્રન્થરત્નોને જ આપણે પ્રથમ સ્થાન આપી શકીશું. ગોવર્ધનરામના પોતાના હૃદયમાં તેમ જ જીવનમાં સ્ત્રીજાતિ પ્રતિ અપાર કોમળતા તથા સદ્‌ભાવ હતાં. હિંદની સ્ત્રીઓની દશા સંબન્ધી જે જે વિલાપો એમના લેખોમાં નજરે પડે છે તે ઉંડા અન્તરમાંથી નીકળ્યા હતા, અને એમના સંબન્ધમાં આવનાર બુદ્ધિશાળી સ્ત્રીઓએ તો આ કરુણા વારંવાર જોઈ પણ હશે જ. ખરે, મ્હારા નમ્ર મત પ્રમાણે, હિન્દના સ્ત્રીજીવનનો કોઈ અભ્યાસી, એ વિષયમાં ગોવર્ધનરામે કેવો

સંગીન ફાળો આપ્યો છે તે જુદો તારવી કાઢે તો તે ત્હમારી, તેમ જ ગોવર્ધનરામની અને સામાન્ય સાહિત્યની પણ ઘણી સરસ સેવા થાય. "સરસ્વતીચન્દ્ર"ના આરંભથી જ સ્ત્રીપાત્રોને તેમાં જે ગૌરવભર્યું સ્થાન તથા અદ્ભુત આલેખન પ્રાપ્ત થયાં છે; સુખ દુઃખ–નીતિ અનીતિ–વિદ્યા અવિદ્યા–સંપત્તિ વિપત્તિ–આદિ સંસારની જુદી જુદી અવસ્થામાંની સ્ત્રીઓનાં જે અદ્ભુત કૌશલથી હૃદયસ્પર્શી ચિત્રો અપાયાં છે; તેઓના હૃદયના ઝીણા મ્હોટા સર્વ ભાવો તથા જીવનના અસંખ્ય પ્રશ્નો ને પ્રસંગો ઉપર ગોવર્ધનરામે પોતાની પ્રતિભાનું જે પ્રબલ "સર્ચ–લાઈટ્" નાંખ્યું છે; વારંવાર અવતરણ પામતાં તથા ત્હમારા શુભ પક્ષકારોના હાથમાં સૂત્રરૂપ થઈ પડેલાં એવાં એમનાં જે અમરવાક્યો એમના લેખોમાં સ્થળે સ્થળે મળી આવે છે; ગૃહ કે રાજ્ય, વિદ્યા કે વ્હાલ, તત્ત્વજ્ઞાનનો વૈરાગ્ય કે લોકકલ્યાણનો સંન્યાસ–એવા ભિન્ન ભિન્ન પ્રદેશોમાં પણ કેવી સ્વાભાવિક ઉચ્ચતા, કેવી ઉચ્ચ સુન્દરતા, કેવી સુન્દર દિવ્યતા અને કેવી દિવ્ય કલ્યાણમયતા સ્ત્રીઓ પ્રાપ્ત કરી શકે ત્હેનું દર્શન કરાવનાર જે મોહક મૂર્તિઓ એમણે ઉત્પન્ન કરી છે–જાણે કે જાદુથી ત્હમને અર્પણ કરી છે–એટલાનો જ ફક્ત ત્હમે સામટો ખ્યાલ બાંધશો તો ગોવર્ધનરામની કૃતિની મહત્તા ત્હમે જરૂર સમજી શકશો. સન્નારીઓ, મ્હારૂં તો એટલે સુધી માનવું છે કે જો કે ગોવર્ધનરામની આત્મજા લીલાવતી બેશક ઉન્નત જીવનવાળી હતી, તોપણ ગોવર્ધનરામની વધારે મ્હોટી અને વધારે ચિરંજીવ આત્મજાઓ તો કુમુદ ને કુસુમ, મેનારાણી ને ગુણીયલ, ચન્દ્રાવલી ને મોહિની જ છે. ત્હમારા સાહિત્યમાં–ત્હમારા જીવનમાં આવી મહિલાઓ એમણે મૂકી તે ત્હમારા ઉપર અને હમારા ઉપર એક મ્હોટો ઉપકાર છે.

ગોવર્ધનરામ પોતે કલા ને જ્ઞાન, રસ ને તત્ત્વવિચારના અભેદ સંયોગને પૂજતા તથા તેવો સંયોગ કરવામાં બીજાઓ કરતાં એટલા બધા વધારે વિજયી થયા કે જેવો વિજય ગુજ-

રાતમાં બીજા કોઇને મળ્યો નથી, તે છતાં, એમના બધા લેખોમાં તેવો એકસરખો ઉચ્ચ સંયોગ કરવામાં તે ફાવ્યા નથી. "સરસ્વતીચન્દ્ર"ના પાછળના ભાગમાં તે ઉદ્દેશ કેટલેક અંશે મૂકી દીધો હતો એમ તે પોતે જ કહેતા, ને "સ્નેહમુદ્રા" આદિમાં તો કેટલેક સ્થળે તે તત્ત્વોનો સ્પષ્ટ વિયોગ જ દેખાય છે. ગોવર્ધનરામની અસરથી જે વિશેષ સ્ત્રીસાહિત્ય ઉત્પન્ન થયું છે, તેમાં કેટલીક ઉચ્ચ પ્રસાદી તથા પ્રેરણા હોવા છતાં, તે પણ ખાસ આ દોષથી મુક્ત રહી શક્યું નથી.

ગુજરાતી સ્ત્રીસાહિત્યમાં પારસી અને બંગાળીનો ફાળો.

આ સિવાય ગુજરાતમાં જે વિશેષ સ્ત્રીસાહિત્ય છે તેમાં મ્હને લાગે છે કે બીજાં પણ કેટલાંક નામ જરૂર ગણાવાં જોઇએ. આપણા પારસીભાઇઓએ પોતાનો જે ફાળો આપ્યો છે, તે જો કે ગુજરાતના સ્ત્રીવર્ગના મ્હોટા ભાગને પહોંચી શક્યો નથી, તોપણ તેમાંનો કેટલોક ભાગ ભણેલી સ્ત્રીઓના કેટલાક વર્ગમાં તો ઘણો પરિચિત થયો છે, અને વધારે મ્હોટા વર્ગની પાસેથી પણ સત્કાર મેળવવાને બધી રીતે લાયક છે. હું ખાસ કરીને સ્ત્રીસમાજની સારી સેવા બજાવનાર "સ્ત્રીમિત્ર", "સ્ત્રીબોધ" વગેરે માસિકો, કાબરાજી, મર્ઝબાન તથા કેટલીક પારસી બ્હેનોની રસ તથા બોધ આપનારી સાંસારિક નવલકથાઓ, તથા મલબારી ને ખબરદારનાં કાવ્યો એ સર્વને ઉદ્દેશીને કહું છું. તેમાં પણ મિ. ખબરદારનાં કોઇક કોઈક કાવ્યો તો બેશક બહુ સુન્દર ને પ્રોત્સાહક છે. પારસી સાહિત્ય મુખ્યત્વે પારસી જીવનને લગતું છે, પરંતુ ત્હેનો આવો કેટલોક ભાગ હિન્દુ સ્ત્રીજીવનને પણ ઉપયોગી થયો છે ને થાય છે.

આ ઉપરાંત, અનુચિત વિસ્મૃતિને પાત્ર થયેલા નારાયણ હેમચન્દ્રે સ્ત્રીજીવનનાં કેટલાંક અંગ સંબન્ધી નિબન્ધો તથા

જીવનકથાઓ લખીને, અને, તેથી પણ વિશેષ તો, બંકિમચન્દ્ર વગેરે શિષ્ટ બંગાલી લેખકોની ન્હાની પરંતુ સુન્દર, ભાવભરી, સ્નેહ ને હિન્દુજીવન–સ્નેહ ને મનુષ્યજીવન એ સર્વની વિવિધરંગી ઘટનાઓ તથા હૃદયભેદક મુશીબતો રજુ કરતી, વિશુદ્ધ પ્રેમની સાથે અમીરી આત્મસમર્પણનો સંયોગ કરનારી ઉદાર સુન્દર મૂર્તિઓથી ભરેલી, એવી કાંઈ કાંઈ મોહક કથાઓને ગુર્જરભાષામાં ઉતારી, સ્ત્રીસાહિત્યમાં પણ એક ઘણો સમૃદ્ધ પ્રવાહ ઉમેર્યો છે. આ કાર્ય હજી પણ કેટલાક લેખકોએ, નારાયણના કરતાં વધારે નિર્દોષ ને વધારે કોમળ શૈલીથી, ચાલુ રાખ્યું છે. એવી સત્તાવાળી સ્વતંત્ર ગુજરાતી કથાઓ લખનાર કોઈ હજી નિકળ્યું નથી, તોપણ આ બંગાળી પ્રવાહ અન્તરના અનુમોદનને યોગ્ય તથા પૂર્ણ સત્કારને પાત્ર છે એ તો નિઃસંશય છે.

લલિતનાં કાવ્યો.

પરંતુ ગુજરાતનું જે નવું કાવ્યસાહિત્ય છે તે સ્ત્રીજીવનના સંબન્ધમાં પણ કેટલેક અંશે નૈસર્ગિક પ્રતિભા તથા અપૂર્વ રચનાશક્તિના ચમકારા દેખાડી આપે છે. મ્હારા નમ્ર વિચાર પ્રમાણે, આ નવા કાવ્યસાહિત્યમાં, સૌન્દર્ય તથા કલાને વિશેષ સ્થાન મળ્યું છે; સ્ત્રીઓ, સ્નેહ, મનુષ્યજીવન, દેશોન્નતિ વગેરેને બુદ્ધિની તેમ જ રસની તથા ભાવનાની કાંઈક ઉચ્ચતર ભૂમિથી નિરખવામાં આવ્યાં છે–કાંઈક ઉચ્ચતર ભૂમિ ઉપર લાવવાને પણ યત્ન કરવામાં આવ્યો છે. આ સર્વમાં અત્યારે તો, સંગીત, સૌન્દર્ય ને સ્નેહનો લલિત યોગ કરનાર, ગૃહ, દેશ ને જીવનની ઉચ્ચ ભાવનાઓ અતિ કોમળ તથા સુકુમાર રૂપમાં મૂકનાર લલિતનાં કાવ્યો સૌથી વધારે હૃદયસ્પર્શી થયાં છે, અને ઘણો લાંબો કાળ હૃદયવાસી રહેશે એમ સ્પષ્ટ જણાય છે. રા. ન્હાનાલાલ કહે છે તેમ, "વનઘટામાં ઊંડી ઘેરાયલી કોકિલ ધીરૂં–અતિ ધીરૂં સુકોમળ ટહુકે, એવો લલિતનાં કેટલાંક કાવ્યોનો ટહુકો છે.

પર્વતમાંથી નિચોવાઈ નિચોવાઈ જલધારા ટપકે, તેમ એમની શબ્દધારા ટપકે છે.” તે સત્ય છે, અને હું એમાં એટલું ઉમેરીશ કે, આ કોકિલાનો ધીરો ધીરો મંજુલ ટહુકો પણ હવે આતુર ગુજરાતના કાનમાં ઉતર્યો છે–ઉતરીને હૃદયને પહોંચવા લાગ્યો છે, અને એ નિચોવાઈ નિચોવાઈ ટપકતી જલધારાનાં અમૃત-બિન્દુ પણ હવે ગુજરાતના હૃદયને નિર્મલ તથા સુન્દર ઉત્સાહમય બનાવવા લાગ્યાં છે. મ્હારી શ્રદ્ધા છે કે મ્હારી આ માન્યતામાં ત્હમારૂં હૃદય–ગુજરાતનું સ્ત્રીહૃદય પણ સાક્ષી પૂરશે. ગુજરાતી સાહિત્યમાંથી સ્ત્રીજીવનને શિષ્ટ રીતે સ્પર્શ કરતા હોય એવા ગદ્યો, ફકરાઓ, પદ્યો તથા ગીતોને વીણી કાઢી, ત્હેમનો સંગ્રહ કરવામાં આવે તો સ્ત્રીજીવનની આ સુન્દર ગુજરાતી “ગીતા” માંલલિતનાં કેટલાંક કાવ્યો અદ્વિતીય સુન્દર સ્થાન પામે, એમ મ્હારૂં માનવું છે.

રા. ન્હાનાલાલ અને લલિત.

આ નવીન કાવ્યસાહિત્યના સ્ત્રીસાહિત્યમાં રા. ન્હાનાલાલની કૃતિનું સ્થાન પણ ઓછું ઉચ્ચ નથી. કાંઈક અંશમાં લલિતની કૃતિ સાથે સમાનતા, કાંઈક અંશમાં લલિતથી તદ્દન ભિન્નતા, બાહ્ય સ્વરૂપમાં કાંઈક અંશે સરખું, એકંદરે (જો કે હમેશાં નહિ) ગીતશક્તિ તથા લાલિત્યમાં ઉતરતું, છતાં સમર્થતામાં વિશાળ-દર્શનમાં વિચારશક્તિમાં ઘણું જ ચઢીઆતું; સૌન્દર્યનો ઓજસ્‌ની સાથે, કાવ્યની સુકુમારતાનો મહાન્‌ વિચારની ભવ્યતા સાથે, વર્તમાનજીવનનો વ્યતીત ને ભવિષ્યત્‌ જીવનની સાથે, નવીન ચમત્કારી અને સ્થળે સ્થળે રમ્ય સંયોગ સાંધનારૂં એવું આ કવિનું કૂજન ગુજરાતી ગિરામાં તો અનેરૂં જ છે. મ્હારો નમ્ર મત તો એવો છે કે સર્વ ગુણદોષનો વિચાર કર્યા પછી, અત્યારે ગુજરાતી સાહિત્યમાં ગોવર્ધનરામના નામની સાથે કોઈનું નામ સ્ફુરતું હોય તો તો તે આ જ મહાકવિનું છે. પણ લલિતની મીઠી બંસરી લગભગ એક જ સુરથી, સૌથી પહેલી, ગુર્જર

રમણીઓના કર્ણને માટે વાગે છે, જ્યારે ન્હાનાલાલનો પ્રભાવશીલ તથા જરા વધારે વિવિધ સુરવાળો સિતાર સ્ત્રીપુરુષના ઉભયના કર્ણને માટે વાજે છે, ને હાલની સ્થિતિમાં તથા નવીનતા, અપરિચય વગેરેને લીધે સ્ત્રીહૃદયમાં મોડો પ્રવેશ પામે છે. ખાસ સ્ત્રીસાહિત્યમાં તેટલે અંશે લલિતનું સ્થાન અધિક છે.

બન્ધુસમાજ અને "સુન્દરીસુબોધ."

થોડાં વર્ષ થયાં અમદાવાદમાંથી સ્ત્રીસાહિત્યને ઘણું મહત્ત્વનું પોષણ મળ્યું છે. "સુન્દરીસુબોધ" પત્રમાં તેમ જ તે પત્રને અંગે જે જે સ્ત્રીસાહિત્ય ઉત્પન્ન થયું છે તે, શુદ્ધ સાહિત્યની દૃષ્ટિએ એટલા બધા ઉંચા પ્રકારનું નથી તોપણ, ઉપયોગિતામાં વિદ્યા સુવિચાર તથા શુભ આચાર પ્રવર્તાવી ઉન્નતિ સાધવામાં, તથા આનન્દ વિનોદ ને કાળક્ષેપની એક હિતકારક સામગ્રી પૂરી પાડવામાં, એણે ગુર્જર સુન્દરીઓની અમૂલ્ય સેવા બજાવી છે ને હજી બજાવે છે. "બન્ધુસમાજે" ખરેખર ગુજરાતની મહિલાઓનું બન્ધુકૃત્ય કર્યું છે, અને એ સમાજની અંદરના તેમ જ બીજા કેટલાક બહારના ગૃહસ્થોએ જે શુભ શ્રમ, ખંત, ઉત્સાહ ને નારીપ્રતિષ્ઠાની ઉચ્ચભાવનાથી વિવિધ સેવાઓ ત્હમને સમર્પી છે, ત્હેની ત્હમે—ગુજરાતની મહિલાઓ યોગ્ય કદર કરશો જ. "સસ્તાસાહિત્ય" તરફથી તેમ જ વૈદ્ય અમૃતલાલ સુન્દરજી પઢીઆર તરફથી જે પ્રસાદી રજુ થઈ છે તે પણ મ્હારે ભૂલવી ન જોઇએ. રા. પઢીઆરની લેખિની તો ખાસ કરીને ઘણા વર્ગોમાં પરિચિત ને માનીતી થઈ ચૂકી છે. સાહિત્યના કેટલાક શિષ્ટ સુન્દર અંશોની ખામીવાળી હોવા છતાં એ લેખિનીમાં એક બળવાન હૃદયનું જોસ, એક વક્તાનું વકતૃત્વ અને હિન્દુજીવનના બારીક અભ્યાસીનું મર્મગ્રાહી અવલોકન છે. એ લેખિની—હું ભૂલતો ન હોઉં તો—પુરુષવર્ગમાં જેટલી અસરકારક થઈ છે તેટલી જ સ્ત્રીવર્ગમાં પણ થઈ છે.

પરંતુ, સન્નારીઓ, ગુજરાતી સ્ત્રીસાહિત્યનું આ ટૂંકું અને અનિવાર્યતાયે અધૂરૂં એવું અવલોકન મ્હારે હવે બન્ધ કરવું જોઇએ. "વસન્ત," "સુન્દરીસુબોધ," "સાહિત્ય," "સત્ય," વગેરેના પ્રયાસથી ગુજરાતી સાહિત્યમાંના શ્રેષ્ઠ ગ્રન્થોની તેમ જ સ્ત્રીઉપયોગી પુસ્તકોની જુદી જુદી યાદીઓ પ્રકટ થઈ ચૂકી છે, ત્હેને જોવાથી મ્હારા કહેવામાં જે અપૂર્ણતા રહી હશે તે પૂરી થશે. આ યાદીઓની સાથે કાંઇક માર્ગદર્શક અવલોકનની જરૂર કેટલીક સ્ત્રીવાચકોને તથા મ્હને પોતાને જણાયાથી, ત્હેની કાંઇક રેખા મૂકવાનો મ્હેં આ ભાગ્યોતૂટ્યો યત્ન કર્યો છે. યત્નથી ત્હમને ગુજરાતી સ્ત્રીસાહિત્ય પ્રતિ વિશેષ રુચિ થાય, અને ત્હેનો પરિચય કરવામાં કાંઇક પણ ઉત્સાહ કે મદદ મળે તો હું કૃતાર્થ થઇશ. ત્હમારા મંડળે ગુજરાતી સાહિત્યના સારા ગ્રન્થોનું વિદ્વાનો પાસે જાહેર વાચન કરાવવાના વર્ગ ઉઘાડયા છે એ ઘણી સારી પ્રવૃત્તિ છે, અને એનો લાભ ત્હમે સ્વાનુભવથી જોઈ શકયાં હશો એમ હું આશા રાખું છું. ખરેખર, આપણું સ્ત્રીસાહિત્ય બધું ભેગું કરીએ તો, ત્હમારા જીવનની સર્વ દિશાઓને સ્પર્શી શકે એવું વિવિધ કે એવું સમર્થ તો નથી જ; તેમ જ તેમાં અમુક અમુક અંગો ન્યૂન છે એમ દર્શાવી, ત્હેના યોગ્ય વિકાસ તથા વિસ્તારને માટે ઘણો સમય જોઈશે, એમ પણ વિદ્વાન વિવેચકો કહી શકશે એ સત્ય છે. પરંતુ અત્યારે તો જે છે તે જ કામનું છે, અને જે છે તે નિર્માલ્ય નથી, પણ ત્હેને ત્હમે હૃદયમાં વણી લઈ શકો તો નિઃસંશય કલ્યાણ પામો એવું છે—એ જ મ્હારે કહેવાનું છે. એથી વિશેષ જો હું કાંઈ પણ યોગ્ય રીતે ઉમેરી શકું તો તે એ જ છે કે હાલના આ સાહિત્યની ન્યૂનતાઓ પૂરવા માટે અમે પુરુષો જે પ્રયાસ કરીએ તેમાં ત્હમે બ્હેનો પણ સામેલ થાઓ અને અમારી લક્ષ્મી છો તે અમારી સરસ્વતી પણ બનો.

ગુજરાતની સ્ત્રીસંસ્થાઓ.

મ્હેં આરંભમાં કહ્યું છે કે ગુજરાતમાં સ્ત્રીસાહિત્ય તેમજ સ્ત્રીસંસ્થાઓ એ બન્નેએ ગુજરાતના સ્ત્રીજીવન ઉપર ઘણી સારી અસર કરી છે. સ્ત્રીસાહિત્યના પ્રમાણમાં સ્ત્રીસંસ્થાઓ હજી કિશોરાવસ્થામાં છે. તેથી ત્હેનો સમૂહ, ત્હેનું બળ, ત્હેની પ્રવૃત્તિ સર્વ સ્ત્રીસાહિત્યના કરતાં થોડાં હોય તેમાં આશ્ચર્ય નથી. સાહિત્યના જેવી ઊંડી ને ચિરંજીવ અસર સંસ્થા ન કરી શકે તોપણ સમૂહબળને લીધે, પ્રત્યક્ષ સંમેલનને લીધે, તથા વિશેષ વ્યાવહારિક્તાને લીધે એની અસર ઘણી વાર ત્વરિત ને સંગીન થાય છે. વળી સંસ્થાઓ સાહિત્યના ઉન્નત ને વ્યાવહારિક આશયોને અનુકૂળ રીતે કાર્યસાધના આરંભે તો તેઓની અસર વધારે સારી થાય, એ પણ સ્વાભાવિક છે.

ગુજરાતની સ્ત્રીસંસ્થાઓમાં એક તરફ "સુન્દરીસુબોધ" જેવી સંસ્થા છે, કે જેની વ્યવસ્થામાં સ્ત્રીઓને કશો ભાગ નથી છતાં જે સ્ત્રીહિતનાં કાર્યોમાં જ પરાયણ છે, ને જેણે એકલે હાથે ગુજરાતની સ્ત્રીઓમાં ઘણી જાગૃતિ ને વિદ્યા ફેલાવી છે, ને બીજી તરફ સેવાસદન, વનિતાવિશ્રામ, આર્યસમાજનું મહિલામંડળ, મુંબાઈ ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળ વગેરે સ્ત્રીપુરુષ બન્નેની મિશ્ર અથવા મ્હોટે ભાગે સ્ત્રીઓની જ વ્યવસ્થા તળે કાર્ય ચલાવતી સંસ્થાઓ છે. આ સંસ્થાઓના કાર્યને અભિનન્દન આપીને હું એમ નથી કહેવા માગતો કે તેઓ આપણા ગુર્જરપ્રાન્તને જરૂર છે તેવું સતત વ્યવસ્થિત ને ફળદાયક કાર્ય હમેશાં કર્યા કરે છે. કેટલીક સંસ્થાઓ તો ખરૂં જોતાં એક કે બે વ્યક્તિઓને લીધે જ ચાલતી હોય છે. પરંતુ મ્હારો આશય એ છે કે અધિપતિની ખુરશીએ બેશી ટીકા કરવાનો સ્હેલો માર્ગ લેવાને બદલે, આપણા દરેક વિચારશીલ મનુષ્યે વસ્તુતઃ સિદ્ધ થતું હોય તે કાર્ય જોવાને યત્ન કરવો અને તે ખામીઓ દૂર

કરવાને પોતાના તરફથી બને તેટલી મદદ આપવી. સમભાવ ને સત્ય ઉભયની દૃષ્ટિએ જોતાં પણ આ સંસ્થાઓનું ઉપયોગી કાર્ય નજરબ્હાર જઈ શકે એમ નથી, એમ મ્હારો અભિપ્રાય છે.

કન્યાકેળવણી.

હિન્દની તથા ગુજરાતની પણ જરૂરીઆતો જોઇને આ સંસ્થાઓ પ્રધાનપણે કેળવણીનું કાર્ય કરે છે. એક તો ન્હાની કન્યાઓને પ્રાથમિક તથા તેથી વધારાની કેળવણી આપવાનું કાર્ય, અને બીજું તેથી મ્હોટી ઉંમરની બાળાઓ તથા સ્ત્રીઓને કેળવણી આપવાનું કાર્ય, એમ બે કાર્ય સ્ત્રીકેળવણીને અંગે ઉપસ્થિત થાય છે. આપણા દેશના મ્હોટા મ્હોટા વિચારકો તથા દેશનાયકો એકમત થયા છે કે દેશમાં વિદ્યાનો તથા કેળવણીનો વિશેષ પ્રસાર થવો જ જોઇએ. તેથી હાલનાં બાળકોમાંથી ને ભવિષ્યની પ્રજામાંથી બનતા સુધી કોઈ પણ મનુષ્ય સામાન્ય કેળવણી વિનાનું રહી ન જાય, એ પ્રથમ કર્તવ્ય છે. આ વિષયમાં આપણી સરકાર મન્દ છે ને આપણી પ્રજા અશક્ત છે; તેવી અવસ્થામાં આવી ખાનગી સંસ્થાઓ જેટલું કામ ઉપાડી શકે તેટલું જ થઈ શકે એમ છે. જે સંસ્થા એક ન્હાનકડી કન્યાશાળા પણ ઉઘાડે, અને જે બાળાઓ વિદ્યાર્થી હમેશ વિમુખ રહી ગઇ હોત તેમાંથી થોડીકને થોડુંક પણ ઉપયોગી જ્ઞાન આપે, તે સંસ્થા પ્રજા ઉપર મ્હોટો ઉપકાર કરે છે. અલબત્ત, કેળવણી કેવી આપવી જોઈએ, કેળવણીમાં અમુક વિષય આવે, અમુક ન આવે, એ બધી ચર્ચાઓ આવશ્યક છે. પરંતુ અન્નના દુષ્કાળના સમયમાં જેમ પાકશાસ્ત્રની કે આરોગ્યશાસ્ત્રની બારીકીઓની ચર્ચા અસ્થાને છે, તેમ આ સમયે આપણા દેશમાં, કેળવણીના સ્વરૂપની અતિશાસ્ત્રીય તકરારો પણ અસ્થાને છે એટલુંજ નહિ પણ તે ચર્ચાઓ પૂરી ન થઈ શકી તેથી લાખ્ખો માણસો કેળવણી વિના જ રહી ગયાં એવું પરિણામ આવે છે

તે તો પાપરૂપ જ છે. આપણા જીવનની સામાન્ય જરૂરીઆતો ને સામાન્ય આદર્શો લક્ષમાં રાખી, સીધી વ્યવહારબુદ્ધિ ને સાદી સમજથી કાર્ય કરવા મંડો–ત્હેને સફાઈદાર બનાવવાને પછી ઘણો વખત મળશે. દુર્ભિક્ષને સમયે પ્રાણરક્ષક પોષણ એ પરમ ધર્મ છે, નહિ કે પ્રાણઘાતક શાસ્ત્રાર્થ. તેથી આપણા દેશમાં ન્હાના ન્હાના સ્વતંત્ર કન્યાશિક્ષણવર્ગો નીકળ્યા છે તે બહુ આવશ્યક હતું, પણ હજી એવા બીજા ઘણા નીકળવાની જરૂર છે. હિન્દી સ્ત્રીમાં અનેક સદ્ગુણો છે, પણ સોમાં બે ત્રણ જ સ્ત્રીઓ વિદ્યાનો કાંઈક સંસ્કાર પામી હોય એ અવસ્થા કોઈ પણ રીતે તે સદ્ગુણોને ખીલવવાનો કે સાચવી રાખવાનો માર્ગ નથી–ખાસ કરીને હાલના કાળમાં.

મ્હોટી વયની સ્ત્રીઓની કેળવણી.

તોપણ કન્યાઓના શિક્ષણમાં સરકાર ને મ્યુનિસિપાલિટિઓ મોળો મોળો પણ ભાગ લે છે, જ્યારે મ્હોટી ઉંમરની સ્ત્રીઓની કેળવણીનું કાર્ય તો તેવા કોઈ પણ આશ્રયરહિત જ છે. જેમ ભવિષ્યની ઉગતી પ્રજાને માટે આપણા ધર્મ આપણે બજાવીએ તેમ અત્યારની જીવતી પ્રજા તરફના ધર્મો પણ વિસરવા ન જોઇએ. ન્હાનપણમાં જેને સમૂળગી વિદ્યા મળી ન હોય ને મ્હોટપણમાં થોડીઘણી મેળવવાની જરૂર કે ઇચ્છા થઈ હોય; અથવા તો ન્હાનપણમાં થોડી વિદ્યા મળી હોય ને મ્હોટપણમાં પતિને લીધે, કે અનુકૂળતાને લીધે, કે સ્વયંવૃત્તિથી ઉચ્ચતર કેળવણી મેળવવાની જરૂર કે અભિલાષા થઈ હોય; એવા ફક્ત બે પ્રકારની સ્ત્રીઓનો વિચાર કરીએ તોપણ ત્હેમની સંખ્યા હવે કેટલી મ્હોટી થાય! અને ત્હેમની મ્હોટી વધતી જતી સંખ્યા છતાં, ત્હેમની વિદ્યા પ્રતિ ખાસ રુચિ છતાં–કેટલીક બાળાઓમાં તો મ્હેં વિદ્યા મેળવવા માટેનાં વ્યર્થ ને કરુણાજનક તરફડીઆં જોયાં છે!–તે છતાં, તેઓને માટે આપણે શું કરી

શકયાં છીએ? સર્વ દાનમાં વિદ્યાનું દાન સૌથી વધારે શ્રેષ્ઠ છે એમ કહેનાર આપણે એમની વિદ્યાની કેટલી ભૂખ ભાગી શકીએ છીએ? ત્હેમના કુટુમ્બમાં એમનો પતિ કે અન્ય પુરુષ એમની આ અભિલાષા પૂરવા આતુર કે શક્તિમાન હોય તો એમને થોડો ઘણો લાભ મળે છે–થોડો ઘણો સંતોષ થઈ શકે છે, પણ સાધારણ રીતે પુરુષવર્ગ પણ કાં તો વ્યવસાયી કે બેદરકાર હોય છે. વળી મુંબાઈ જેવા શહેરમાં ને અનુકૂળ લત્તામાં રહેવાનું ભાગ્ય હોય તે સ્ત્રીઓ સામાન્ય વ્યાખ્યાનો, સંમેલનો, પુસ્તકશાળાઓ તથા શિક્ષણવર્ગોનું યથાશક્તિ સાહાય્ય લઈ શકે. પણ બાકીના મ્હોટા વર્ગના ભાગ્યમાં તો સનાતન નિરાશા, ગ્લાનિ ને અન્ધકાર જ રહે છે!

તે સંબન્ધી એક આતુર પ્રાર્થના.

મ્હારી ત્હમને તથા ત્હમારી પેઠે સ્ત્રીકેળવણીમાં ગુંથાતી સર્વ સંસ્થાઓને તેમ જ વ્યક્તિઓને નમ્ર પણ જોસભરી પ્રાર્થના છે કે ત્હમારી જાતિના આવા વર્ગો માટે યોગ્ય ઉપાયો તરત લ્યો. મ્હારા અનુભવ તથા વિચાર પ્રમાણે, અત્યારે સ્ત્રીકેળવણીનો, સ્ત્રીજીવનનો અને તેથી કરીને પુરુષજીવનનો પણ આ એવો ગંભીર પ્રશ્ન છે કે જે દિવસે દિવસે વધારે ને વધારે પીડાકારક થતો જાય છે, અને જેના સારા નિરાકરણથી ઘણી દિશાઓમાં કલ્યાણ પ્રસરશે–ઘણા જુદા જુદા પ્રશ્નો સરલ થઈ જશે ને ઘણાં જીવનો સુખી થશે. ત્હમે આવા કાંઈક હેતુથી એક શિક્ષણવર્ગ કાઢ્યો છે ને ઉત્સાહી કાર્યકર્તાઓની સહાયતા મેળવી છે, એ અભિનન્દનને પાત્ર છે. પરંતુ આ આખો પ્રશ્ન વધારે ઊંડા જઈ તપાસવાની જરૂર છે, આ આખું દર્દ વધારે ચાંપતા ઈલાજો માગે છે, ને આ આખી મુશ્કેલી ટાળવા વધારે મ્હોટી, વધારે અનુકૂળ ને વધારે વિસ્તારવાળી યોજનાની આવશ્યકતા છે. દેશનાં જુદાં જુદાં સ્થળોમાં આવી યોજનાઓ રચાય તો, મુંબાઈમાં

ચર્ચાતી સ્ત્રીઓની સ્વતંત્ર કૉલેજના કરતાં પણ આ યોજના સ્ત્રીકેળવણીને અંગે ને તેથી સ્ત્રીસુખને અંગે વિશેષ હિતકર થાય, એવી મ્હારી દૃઢ શ્રદ્ધા છે. આ યોજનાની પદ્ધતિ વ્યાવહારિક તથા દેશકાળને અનુકૂળ, પ્રજામાં ઊંડી જામેલી વૃત્તિઓને ક્ષોભ આપ્યા વિના કેળવણી માટે ઉત્સાહ કરાવે એવી હોવી જોઇએ. બાળપણમાં માતાપિતાની મુશ્કેલીથી, તે પછી લગ્ન કે ઋતુકાળથી, ને તે પછી ગૃહિણીની અવસ્થામાં ગૃહવ્યવહારથી જે જે સ્ત્રીઓનું શિક્ષણ રહી ગયું હોય ને જેઓને હવે તે શિક્ષણ મેળવવાની આકાંક્ષા હોય, તે તે સ્ત્રીઓને, તેઓના પ્રસ્તુત જીવનકાર્યમાં મ્હોટા અન્તરાય પડે નહિ અને વિદ્યા સુલભ થઇ શકે એવી યોજનાની પરમ આવશ્યકતા છે. અને એ ઉપર ગુજરાતની સ્ત્રીસંસ્થાઓ વિચાર ચલાવી વ્યાવહારિક માર્ગો કાઢશે તો તેથી ઘણાનું કલ્યાણ થશે.

સ્ત્રીસંસ્થા અને સાર્વજનિક સેવા.

સ્ત્રીસંસ્થાઓના બીજા એક અગત્યના કાર્ય સંબન્ધી બોલતાં મ્હને લાગે છે કે મ્હારે જે કહેવાનું છે તે મુખ્યત્વે ત્હમારા મંડળને જ લાગુ પડશે. સ્ત્રીસંસ્થાઓનું એક મહત્કાર્ય સ્ત્રીજાતિને પ્રત્યક્ષપણે ઉદ્દેશીને હોય છે, તો બીજું મહત્કાર્ય સામાન્ય પ્રજા-જીવનને ઉદ્દેશીને હોય છે. સ્ત્રીઓએ જાહેર પ્રજાજીવનમાં કેટલો ને કેવી રીતનો ભાગ લેવો જોઇએ, અને સ્ત્રીસંસ્થાઓ એવા કાર્યપ્રદેશમાં પગ મૂકતાં ઉચિત મર્યાદાની બહાર જાય છે કે એ કાર્યક્ષેત્ર પણ "સમાનહક" ને લીધે ત્હેમને ઉચિત છે: એ પ્રશ્નના વિવાદમાં હું આજે ઉતરવા માગતો નથી. તેમ સમાજ-સુધારાની તથા આર્યસમાજની પરિષદોને અંગે જે મહિલાપરિષદો મળી છે, ત્હેનું કાર્ય સમગ્ર પ્રજાજીવનના ઉદ્દેશથી કેટલું થયું ત્હેનું મ્હને જ્ઞાન નથી. તેથી માત્ર ત્હમારા મંડળના આ પ્રકારના કાર્યને ઉદ્દેશીને જ હું બોલી શકીશ. અને સન્નારીઓ ! તે મુખ્યત્વે

એ છે કે ત્હમે એક તરફથી આત્મસુધારણા માટે આવા પ્રયાસો કરો છો ત્હેની સાથે બીજી તરફથી હિન્દના રાષ્ટ્રીય હૃદયના ધબકારા સાથે ત્હમારાં હૃદયને જોડવા શક્તિમાન થયાં છો. એ, મ્હારી દૃષ્ટિમાં તો, દેશનું મ્હોટું સૌભાગ્ય છે. મુંબાઈની મહિલાઓ! "મુંબાઈ હિન્દુ ગુજરાતી સ્ત્રીમંડળ" તરીકે ત્હમે, મુંબાઈની ત્હમારી અન્ય ભગિનીઓને સાથે લઈને, કેવળ મુંબાઈના જ નહિ—કેવળ ગુજરાતના જ નહિ—પણ સમગ્ર હિન્દના જાહેર પ્રજાજીવનમાં પ્રવેશ કર્યો છે. ત્હમારો આ પ્રવેશ જેવો સ્પષ્ટ ને હિંમતભર્યો થયો છે તેવો જ તે, સ્ત્રીજનોચિત વિનય ને સુન્દર કોમળતાનો ભંગ ન થાય એવા પ્રકારનો, હજી લગી રહ્યો છે તેથી જ હિન્દના જાહેર રાષ્ટ્રીય જીવનમાં માનભર્યું સ્થાન ત્હમે પ્રાપ્ત કર્યું છે. સામાન્ય હિન્દના પ્રશ્નો કે પ્રસંગો સંબન્ધી ફક્ત સ્ત્રીસભાઓ બોલાવી, ભાષણો તથા ઠરાવો કરી ત્હમે સંતોષ નથી પામ્યાં, પણ દુષ્કાળ, દક્ષિણ આફ્રિકાનો ઘોર શાન્ત વિગ્રહ, વગેરે સાર્વજનિક ભારતીય આપત્તિના કાળમાં ત્હમે દ્રવ્યથી, ઉત્સાહથી તથા શરીરના શ્રમથી ઘણું ઘણું કર્યું છે, જે ત્હમારા મંડળના ઇતિહાસમાં ચિરસ્મરણીય રહેશે. ખરે, ગુજરાત કાઠિઆવાડમાં છેલ્લો ભયંકર દુકાળ પડ્યો ત્યારે જમનાબ્હેન વગેરે જે સન્નારીઓ ગુપ્તદાન આપવા નીકળ્યાં હતાં ત્હેમને રંક દુ:ખીઆ લોકોએ સાક્ષાત્ અન્નપૂર્ણા તરીકે જ વધાવી લીધાં હતાં. તેવા એક પ્રસંગમાં નડિઆદમાં જ જમનાબ્હેનના દર્શનનો લાભ મ્હને મળ્યો હતો, અને એક હિન્દુમાતાને શોભે એવા ધર્મ્યે આવેશથી ઉભરાતી, નમ્ર પવિત્ર છતાં તેજસ્વિની એવી એમની આકૃતિએ મ્હારા હૃદયને અનેરો ઉલ્લાસ અર્પ્યો હતો, અને માતૃદેવીના એક વિરલદર્શનથી મ્હારા હૃદયને ભક્તિરસથી ન્હવરાવ્યું હતું.

વીરપૂજનની વિધિ.

પરંતુ આ સિવાય જાહેર પ્રજાજીવનને અંગે ત્હમે એવાં પણ કાર્ય કર્યાં છે જે અમે પુરુષો પણ નથી કરી શક્યા; હું

મુખ્યત્વે આપણા હિન્દના દાદાના જયન્તીમહોત્સવને ઉદ્દેશીને બોલું છું. એથી ત્હમે મુંબાઈના જ નહિ પણ આખા હિન્દુસ્થાનના પુરુષવર્ગને શરમાવ્યો છે, એની કોનાથી ના કહી શકાશે ? અને ત્હોયે, વીરપૂજનની ત્હમારી સુન્દર વિધિ પૂજકપૂજ્ય ઉભયને ઉચિત છે, એની પણ કોણ ના પાડી શકશે ? વીરપૂજા–સન્તસેવા એને દરેક દેશે વખાણી છે. ભારતે તો પ્રાચીનમાં પ્રાચીન કાળથી તે ઉપદેશી છે. છતાં વર્તમાન હિન્દમાં સાધુ, સન્ત વગેરેનાં સત્ય લક્ષણ વિસરાયાં છે, ને સન્તસેવા ઘણાં અનિષ્ટોનું તથા દુષ્કર્મોનું આશ્રયસ્થાન થઈ રહી છે. તેવા કાળમાં સન્તસેવાનું ત્હમારૂં આ રમણીય દૃષ્ટાન્ત ઘણું જ સ્થાને છે. સન્તસેવાની આ સાત્વિક વાસના ને યથાર્થ ભાવના સમસ્ત હિન્દના સ્ત્રીહૃદયમાં રૂઢ થાઓ કે જેને પરિણામે ભારતને સન્તસંતતિનું સુખ પ્રાપ્ત થાય–એ મંગલ ઇચ્છા આજ અપ્રસ્તુત નહિ લેખાય.

હિન્દનું સ્ત્રીત્વ—છેલ્લી મંગલ કામના.

સન્નારીઓ ! ગુજરાતના સ્ત્રીજીવનમાં નવચેતનનું સ્ફુરણ થયું છે, નવીન ઉજાસ આવ્યો છે, એમ મ્હેં કહ્યું છે. એમાં પહેલાંના કાળને વગોવવાનો મ્હારો આશય નથી. મ્હારો ભાવાર્થ એટલો છે કે વિદ્યા, નીતિ, જ્ઞાન, કળા આદિમાં એકંદરે ઉન્નતિ તરફ ત્હમારૂં પ્રયાણ થઈ ચૂકયું છે; ત્હમારી સ્થિતિની સમજણ તથા તે સ્થિતિને સારી બનાવવાની ઇચ્છા ત્હમારામાં ચંચળ થઈ છે; એનાં શુભ પરિણામો, કાંઈક અમારા ખાનગી ગૃહજીવનમાં ને કાંઈક જાહેર પ્રજાજીવનમાં, ત્હમારા સહચાર તથા સમભાવથી પ્રાપ્ત થયેલા બળના રૂપમાં, અમે જોઈએ છીએ.

હિન્દને સદ્ભાગ્યે ગુજરાત એકલામાં આવી જાગૃતિ આવી છે એમ નથી. હિન્દના બીજા પ્રાન્તોમાં પણ વધતા ઓછા પ્રમાણમાં સ્ત્રીજીવનમાં ફેરફારનો આરંભ થઈ ચૂકયો છે. હિન્દના વિચારકોની–હિન્દના પુરુષવર્ગની–દૃષ્ટિ આ વિકાસના અભિનવ-

રૂપના ધીમે ધીમે ઉપડતા પડદાઓ ઉપર આતુર આશાથી ચોંટી રહી છે. ત્હમારા એ સ્વાભાવિક વિકાસમાં અમે નકામું માથું ન મારીએ ત્હેની અમે સંભાળ રાખવા યત્ન કરીશું, તેમ જ આ વિકાસના શ્રમ તથા કસોટીમાંથી પસાર થતાં ત્હમને અમારો સ્નેહ ને અમારા ધર્મ બેઉ કદી પણ સૂનાં—એકલાં પડવા નહિ દે, એની ખાત્રી આપવાની શું જરૂર છે?

હિન્દના ભિન્ન ભિન્ન પ્રાન્તમાં વસનારી હિન્દી મહિલાની સૂક્ષ્મસંપત્તિ, જે હજારો વર્ષો થયાંનો ત્હમારો પવિત્ર અમૂલ્ય વારસો છે અને જે સંપત્તિ અવનતિનાં સેંકડો વર્ષો થયાં હજી સજીવન રહી છે, તે સૂક્ષ્મસંપત્તિ રેમ્સે મેકડોનલ્ડ જેવા કોઈ કોઈ ભાવિક ચકોર પરદેશીઓને હજી પણ દર્શનથી આનન્દ આપે છે, અને એ સંપત્તિ આ નવા યુગમાં નવીન કલ્યાણ લાવશે એવી સાક્ષી અમારૂં હૃદય દૃઢ શ્રદ્ધાથી પૂરે છે. તોરુદત્ત ને સરોજિની નૈડુ, સત્યબાલા ને સરલાદેવી, તથા એવી અન્ય રત્નરૂપ મહિલાઓ જુદા જુદા પ્રાન્તમાંથી ઉત્પન્ન થતી જાય છે. જેમ વિદ્યા–શક્તિ–ભાવના આદિ વધે છે, તેમ તેમ ગૃહના ને જાહેર પ્રજાના જીવનમાં સ્ત્રીનું સ્થાન પુનઃ માનભર્યું થતું જાય છે; તેમ તેમ તેઓનાં કષ્ટ ને ક્લેશ વધારે પ્રકાશમાં આવે છે, ઓછાં કરવામાં આવે છે, ને પરિણામે જીવનમાં વધારે સુખ, વધારે આનન્દ ને વધારે નિર્ભયતા પ્રકટી નિકળે છે; અને તેમ તેમ જીવનસહચરી તરીકે તથા પ્રજાની જનની તરીકે હિન્દની મહિલાઓ અમારી ભાવનાઓની વધારે સમીપ આવી પહોંચે છે.

આર્યમહિલાઓ! ભારતના ભવિષ્યમાં મ્હને પૂર્ણ શ્રદ્ધા છે, અને તે શ્રદ્ધાનો મ્હોટો આધાર એ છે કે ભારતના સ્ત્રીત્વમાં મ્હને ઊંડો વિશ્વાસ છે. ઘણી ઘણી રીતે અત્યારે પોતાને ઉચિત સ્થાનથી ભ્રષ્ટ થયેલું એ સ્ત્રીત્વ, આપણી "પૃથ્વીજૂની" સનાતન લોકભાવનાઓનાં શ્રેષ્ઠ તત્ત્વોની સાથે પશ્ચિમની વર્તમાન ભાવના-

ઓમાંથી શોધી કાઢેલાં જરૂર પૂરતાં શ્રેષ્ઠ તત્ત્વોને વણી લઈ, આ દ્વિગુણસંસ્કારથી સંસ્કારિત થયેલું, એવું નૂતન સ્ત્રીત્વ પ્રકટ કરશે કે તે એવા જ સંસ્કૃત થયેલા હિન્દના પુરુષત્વને સર્વથા ઉચિત થશે, અને દેશના ભાવિ ઉદય માટે એક મ્હોટામાં મ્હોટી સંપત્તિરૂપ બનશે. નવીન હિન્દની:આ નવી હિન્દમહિલા હિન્દદેવીની પુનઃ યૌવનશ્રી પામેલી મૂર્તિનો જાણે પુનઃ સાક્ષાત્કાર કરાવશે. કવિશ્રી ન્હાનાલાલ કહે છે તેમ

> “ અવનીના આધ્યાત્મિક ઉદ્ધારને અર્થે
> જન્માવી છે ભારતમાતા જગજ્જાએ,
> ને જીવતી રાખી છે હજીયે.
> જીવતી રહેશે, ને જીતશે.”

એવી ભારતમાતાની એવી હિન્દમહિલા થશે.

ગોવર્ધનરામ અમરશબ્દોમાં કહી ગયા છે કે “લોક એમ માને છે કે સ્ત્રીઓ અને રાજ્યને શો સંબન્ધ છે? પણ સ્ત્રી વિના ગૃહ નથી, ગૃહ વિના પ્રજા નથી ને પ્રજા વિના રાજ્ય નથી. સ્ત્રીની સુસ્થિતિ વિના રાજાઓનાં મન્દિરો મોડાં વ્હેલાં ભ્રષ્ટ થાય છે; ને સ્ત્રીના ઉત્કર્ષ વિનાનાં પ્રજાનાં ગૃહોમાં કલેશ અને ચિન્તા જાળાં બાંધે છે; અને અસ્વસ્થ ગૃહનો સ્વામી ગૃહબ્હાર ગૃહની ચિન્તાઓથી ગ્રસ્ત રહી ફરે છે ને બ્હારની ચિન્તાઓમાંથી, ભ્રાન્તિઓમાંથી કે મનના ગુંચવારાઓમાંથી મુક્ત થવા અજ્ઞગૃહિણીના ધર્મસહચારની આશા રાખી શકતો નથી.” (“સરસ્વતીચન્દ્ર” ભા. ૪, પૃ. ૭૪૩.)

સ્ત્રીપુરુષનો ધર્મસહચાર.

સન્નારીઓ! પવન ને પવનના હૃદયમાં રહેલ સુગન્ધની સમાન દમ્પતીનો આ રમણીય સહચાર, કવિઓએ ગાયેલા બે

જ્યોતિના આત્મલગ્ન સમાન આ સુન્દર અદ્વૈત, એ માનવહૃદયની એક શુદ્ધમાં શુદ્ધ અભિલાષા છે, માનવજીવનનો એક રમ્યમાં રમ્ય પ્રસંગ છે તથા માનવસંસારનું એક ઉચ્ચમાં ઉચ્ચ સૌભાગ્ય છે. પ્રેમ ને ધર્મ, પ્રકૃતિ ને પરિચય ઉભયથી સંગ્રથિત થયેલો, અનુગુણ ને મહાનુભાવ દમ્પતીનો જીવનભરનો ધર્મસહચાર એ સંસારની સર્વ વિપત્તિઓનો મ્હોટામાં મ્હોટો બદલો અને લાખો નિરાશાઓમાં ઝબુકતે ઝબુકતે છૂપાયલી માનવની થોડીક અમર આશાઓમાંની એક મોંઘેરી અમર આશા છે. એ ધર્મસહચાર આપણા દેશના પ્રાચીનજીવનની તેમ કેટલાક અન્ય દેશના અર્વાચીન જીવનની એક મ્હોટામાં મ્હોટી કીર્તિ છે, અને એની અસિદ્ધિ એ આપણા આધુનિક સંસારજીવનનું એક મ્હોટામાં મ્હોટું કલંક છે. જયા ને જયન્તની પેઠે, સરસ્વતીચન્દ્ર ને કુમુદ-કુસુમની પેઠે, આ ધર્મસહચાર લોકકલ્યાણમાં તથા લોકસેવામાં ઉતરે છે ત્યારે તે પોતાની શુદ્ધતમ વિભૂતિનું દર્શન કરાવે છે. વ્યક્તિઓ ઉપરાંત સમૂહ સમૂહ વચ્ચે જ્યારે લોકકલ્યાણને અર્થે સહચાર જામે છે, એક જ ઉન્નતિને માટે પુરુષસંસ્થાઓ તથા સ્ત્રીસંસ્થાઓ સંપથી જ્યારે કાર્યપરાયણ થાય છે, ત્યારે આ સહચાર વિશેષ વિશાળ ને વિશેષ કલ્યાણરૂપ થાય છે, તથા પ્રજાનું જીવન વ્હેલું સંસિદ્ધ બને છે.

આ ધર્મસહચાર આપણા લેખકો તથા કવિઓએ જુદા જુદા આકારમાં રજુ કર્યો છે. આપણા તથા બીજા દેશોના ઇતિહાસમાં પણ એનાં દૃષ્ટાન્તો મળી આવે છે. આપણું સદ્‌ભાગ્ય હશે તો આપણા જીવનમાં પણ તેવાં વિરલ દૃષ્ટાન્ત જોઈ શકીશું.

ગરવી ગુજરાતની વિભૂતિ ! ત્હમે એવો સહચાર પ્રાપ્ત કરવામાં અમને સાહાય્ય કરો એવી આ મંગલ દિનની મ્હારી મ્હોટામાં મ્હોટી પ્રાર્થના છે. આ ઉત્સાહ ને આશાભર્યા દિવસે આપણે પણ, હિન્દી કવિ શ્રી મૈથિલીશરણ ગુપ્તની સાથે ઈચ્છીએ કે

"सबकी नसों में पूर्वजों का पुण्य रक्तप्रवाह हो,
गुण, शील, साहस, बल तथा सब में भरा उत्साह हो।
सब के हृदय में सर्वदा समवेदना का दाह हो,
हम को तुह्मारी चाह हो, तुम को हमारी चाह हो॥
विद्या, कला, कौशल्य में सब का अटल अनुराग हो,
उद्योग का उन्माद हो, आलस्य-अघ का त्याग हो।
सुख और दुःख में एक सब भाइयों का भाग हो,
अन्तःकरण में गूँजता राष्ट्रीयता का राग हो॥
कठिनाइयों के मध्य अध्यवसाय का उन्मेष हो,
जीवन सरल हो, तन सबल हो, मन विमल सविशेष हो।
छूटे कदापि न सत्य-पथ निज देश हो कि विदेश हो,
अखिलेश का आदेश हो जो व सबही उद्देश हो॥
आत्मावलम्बन ही हमारी मनुजता का मर्म्म हो,
षड्रिपु-समर के हित सतत चारित्र्यरूपी वर्म्म हो।
भीतर अलौकिक भाव हो, बाहर जगत का कर्म्म हो,
प्रभु-भक्ति, परहित और निश्छल नीति ही ध्रुव धर्म्म हो॥
उपलक्ष के पीछे कभी विगलित न जीवनलक्ष हो,
जब तक रहें ये प्राण तन में पुण्य का ही पक्ष हो।
कर्तव्य एक न एक पावन नित्य नेत्रसमक्ष हो,
संपत्ति और विपत्ति में विचलित कदापि न लक्ष हो॥
उस वेद के उपदेशका सर्वत्र ही प्रस्ताव हो,
सौहार्द और मतैक्य हो, अविरुद्ध मन का भाव हो।
सब इष्ट फल पावें परस्पर प्रेम रखकर सर्वथा,
निज यज्ञभाग समानता से देव लेते हैं यथा॥
सौ सौ निराशाएँ रहें, विश्वास यह दृढ़ मूल है—
इस आत्मलीला भूमि को वह विभु न सकता भूल है।
अनुकूल अवसर पर दयामय फिर दया दिखलायँगे,
वे दिन यहाँ फिर आयँगे, फिर आयँगे, फिर आयँगे॥

આગ્રા,
તા. ૧૫ ઑક્ટોબર ૧૯૧૪.

નવા વર્ષના બે બોલ.

(સંવત્ ૧૯૭૨)

લખનારઃ—રા. રણજીતરામ વાવાભાઈ મહેતા,
બી. એ.

ગુજરાત આપણી સર્વની જન્મભૂમિ છે.

ગુજરાતની શક્તિઓ !

ગુજરાત અને ગુજરાતીઓ એટલે ?

જેઓ જન્મથી ગુજરાતી ભાષા બોલે છે તેઓ ગુજરાતી છે. જે દેશમાં ગુજરાતી ભાષા વાપરનારા લોકો વસે છે તે દેશ ગુજરાત છે, અને તેના વતનીઓ ગુજરાતીઓ છે. તેમનાં આચાર-વિચાર, રહેણીકરણી, ખોરાક, પહેરવેશ વગેરે પરથી પણ તેઓ એક દેશના વતની છે એવું જણાઈ આવે છે. આમ ભાષા, વતન અને રીવાજ એક હોવાથી આપણે ગુજરાતીઓ એક કુટુમ્બનાં હોઈએ એવું લાગે છે. ગુજરાતમાં કે ગુજરાત બહાર જ્યાં જ્યાં આપણે જઈ વસીએ છીએ ત્યાં ત્યાં આપણો દેશ ગુજરાત છે અને આપણે ગુજરાતીઓ છીએ એવી લાગણી આપણને થવી જોઇએ; કારણ કે આપણે એક જ ભાષા વાપરીએ છીએ; એક જ જાતના રીવાજ પાળીએ છીએ અને આપણી સૌની જન્મભૂમિ એક જ છે,–પછી ભલેને આપણે પુરુષ હોઇએ, સ્ત્રી હોઇએ કે બાલક હોઇએ, હિન્દુ હોઇએ કે જૈન, મુસલમાન હોઇએ કે પારસી, બ્રાહ્મણ, વાણીઆ, કણબી, રજપુત, વહોરા કે ખોજા ગમે તે હોઇએ. જેમની જન્મભાષા ગુજરાતી છે તેઓ એક કુટુમ્બનાં છે એવી લાગણીનો સૌને અનુભવ થવો જોઇએ.

તમને એ અનુભવ ન થયો હોય તો આજના મંગલ દિનથી એ લાગણી તમારા દિલમાં જગાવો. તમે પણ ગુજરાતની પુત્રીઓ છો, ગુજરાત તમારી જન્મભૂમિ છે.

જે માબાપ જન્મ આપે તેમની, તેમના કુળની, તેમની નાતની આબરૂ તમારાથી વધે તો તમારૂં જીવતર લેખે ગણાતું, પણ હવે સાથે સાથે જે દેશમાં તમારો જન્મ થયો હોય તેની આબરૂ વધારવાનો ધર્મ પણ ઉત્પન્ન થયો છે. તમારા જન્મપૂર્વે તમારા દેશની–તમારા ગુજરાતની જેવી સ્થિતિ હતી તેવી ને તેવી જ સ્થિતિ તમારા દેહ પડ્યા પછી પણ રહે તો તમારો આ ભવ એળે ગયો છે. આ ભવમાં સારાં કર્મો કરવાથી આવતો ભવ સારો મળતો હોય તો દેશની આંતરડી ઠારવાનાં, દેશની હાલત સુધારવાનાં, દેશને વધારે સુખી, ઉદાર, સબળ અને તવંગર કરવાનાં સુકૃત્યો તમારો આવતો જન્મ જરૂર સુધાર્યા વિના રહેશે નહીં. આથી વિપરીત તમારાં કર્મ હશે તો દેહ પડ્યા પછી દુઃખ પણ તમારે સહેવું પડશે. આપણા દેશની ખુરી હાલત કરવાના પાપનું પ્રાયશ્ચિત્ત કોઈ પણ દાનથી, વ્રતથી કે ભક્તિથી થઈ શકતું નથી. એ જ દેશમાં જન્મ મેળવી તેની સેવા કરવાથી જ પાપમાંથી મુક્તિ છે.

દેશસેવા મ્હોટો ધર્મ છે.

દેશસેવા એ કળજુગનો મ્હોટામાં મ્હોટો ધર્મ છે. એ ધર્મ પાળતાં થયેલી ચૂકની સજા ભયંકર છે એટલે એ ધર્મ યથાર્થ સમજવા, સમજી બરાબર પાળવાનો સંકલ્પ આજના મંગળ દિવસે કરો અને સંકલ્પ પાર પાડવા તમારી સર્વે શક્તિઓ વાપરો.

જન્મભૂમિની સેવા કરવી એ મનુષ્યમાત્રનો ધર્મ છે એટલું જાણવાથી સેવા થઈ શકતી નથી. તેને માટે શક્તિ, આવડત અને સાધનો જોઈએ છીએ. તમારામાં શક્તિ છે તેને કેળવો,

ઉપયોગમાં લ્યો એટલે આવડત આવશે. પછી શક્તિ અને આવડત દેશસેવાનાં માર્ગ અને સાધન પોતાની મેળે મેળવી લેશે.

પણ તમારામાં શક્તિ છે એની ખાતરી શી ? પ્રસંગ સાધી એકાદ મનોરથ પાર પાડો એટલે અનુભવ થશે કે કેવી શક્તિ તમારામાં છે.

એક સુશિક્ષિત સન્નારીને શોભે એવા ઉત્સાહથી ગં. સ્વ. જમુનાબહેન સક્કઇએ આપણા સાર્વજનિક જીવનમાં ભાગ લેવા માંડ્યો ત્યારે પ્રતીત થયું કે ગુજરાતી સ્ત્રીઓ પણ આવાં કાર્યોમાં આગેવાની લઈ શકે છે.

ગોંડળેશ્વરી સૌ. નંદકુંવરબાએ ઓઝલનો ત્યાગ કર્યો ત્યારે આ જમાનાની રજપુતાણીના મનોબળનો સૌને અનુભવ થયો. સૌ. વિદ્યા અને સૌ. શારદા બી. એ. થયાં ત્યારે યુનિવર્સિટિની ઉંચી પરીક્ષાઓ પાસ કરવાની તમારી શક્તિઓ જણાઈ. ગં. સ્વ. શિવગૌરી ગજ્જરે, ગં. સ્વ. બાજીગૌરી મુનશીએ અને ગં. સ્વ. સુલોચનાબહેને વનિતાવિશ્રામની સ્થાપના કરી ત્યારે જ જણાયું કે ગુજરાતની સ્ત્રીઓ પોતાની બહેનોના ઉદ્ધાર માટે પ્રયત્ન કરી શકે છે.

સૌ સુમતિ, સૌ. વિજયાગૌરી, સૌ. હરિસુખગૌરીએ કાવ્યો, વાર્તાઓ, નાટકો, નિબંધો, લખી સાક્ષરવિશ્વમાં પ્રતિષ્ઠા મેળવી ત્યારે, સુન્દરીસુબોધના ખાસ સ્ત્રીઅંકો પ્રગટ થવા લાગ્યા ત્યારે પ્રત્યક્ષ થયું કે ગુજરાતની સ્ત્રીઓ પણ વિદ્યાવતી અને સંસ્કારી છે. દુકાળમાં અનાથોને મદદ કરવા ગં. સ્વ જમનાબહેન અને ગં. સ્વ. શિવગૌરી ગજ્જર ફર્યાં ત્યારે, અનાથ વિધવાઓનાં દુઃખ કમી કરવા પચાસ હજાર રૂપીઆની બાદશાહી રકમ ગં. સ્વ. ઝવેરબાઇએ આપી ત્યારે, ગુજરાતી સ્ત્રીઓ કેવી દયાળુ

અને પરગજુ છે તેનો તમને ખ્યાલ થયો. આવા આવા અનેક દાખલા આપી તમારામાં દબાઈ રહેલી શક્તિઓનો તમને અનુભવ કરાવી શકાય.

શક્તિઓ છે એટલું સાબીત થયું તેથી દેશસેવા થઈ જતી નથી. શક્તિઓ કેળવી, પ્રસંગો ઉભા કરી તેમનો ઉપયોગ કરી, શુભ ફળ ન નીપજે ત્યાં લગી શક્તિ હોય કે ન હોય એ સરખું જ છે.

શક્તિઓ એટલે ?

આપણા શરીરવડે સંસારનાં અનેક કામો આપણે કરીએ છીએ. પણ એ કામો શરીર જ નથી કરતું. શરીરમાં રહેલો આત્મા એ કામ કરે છે. શરીરની ઇંદ્રિયોદ્વારા એને સંસારનું જ્ઞાન થાય છે. પોતાની **વિવેકબુદ્ધિથી** જ્ઞાનની સારાસારતા તે તપાસે છે અને **સંકલ્પબળથી** જે સારૂં લાગે છે તેને તે આચરણમાં મૂકે છે. માણસની સંસારયાત્રા સુખી કે દુઃખી કરનાર આ ત્રણ શક્તિઓ છે. વિવિધ સ્વરૂપમાં એઓ પ્રગટ થાય છે. જેમની આ શક્તિઓ કેળવાયેલી, વિશુદ્ધ અને બળવાળી હશે તેઓ જાતે સુખી થઈ બીજાને સુખી કરી શકશે. એથી વિપરીત હશે તો પોતાની સાથે બીજાને પણ દુઃખી કરશે.

ગુજરાતની સ્થિતિ સુધારવા આ ત્રણે શક્તિઓનો કેવી રીતે તમે ઉપયોગ કરી શકો એ પ્રશ્ન આજના પર્વને દિવસે આપણે વિચારવાનો છે. મનુષ્યમાત્રમાં એ શક્તિઓ હોવાથી તમારામાં પણ એ છે. પણ બાળકની અને વૃદ્ધની એ શક્તિઓનાં સ્વરૂપમાં ફેર પડે છે. અનુભવ અને વપરાશથી વૃદ્ધોની શક્તિ-ઓમાં બાળકની શક્તિઓ કરતાં આસમાનજમીનનો ફેર પડી જાય છે. તમારી શક્તિઓ પણ અનુભવ અને વપરાશ પ્રમાણે

વિકાસ કે સંકોચ પામે છે. પણ તમારા અનુભવ ઓછા અને સાધારણ છે, કારણ કે શક્તિઓ વાપરવાના પ્રસંગો અને પ્રદેશો પણ તમારે માટે મર્યાદિત છે. એ પ્રસંગો અને પ્રદેશો વધારવા તે તમારૂં અને તમારા પુરુષસંબંધીઓનું કર્તવ્ય છે. તમે શહેર બહાર ગયાં હો ત્યારે ચારે તરફ નજર નાંખો તો દૂર દૂર આકાશ અને જમીન ભળી જતાં લાગશે. જ્યાં આ પ્રમાણે થતું દેખાય તેને ક્ષિતિજ કહે છે. હવે જો તમે ટેકરાપર ચડશો તો પણ ક્ષિતિજ તમારી નજરે પડશે; છતાં નીચેથી અને ડુંગરા ઉપરથી નજર નાંખતાં તમારી અને ક્ષિતિજ વચ્ચેની જમીનના વિસ્તારની વધઘટ જણાશે. નીચેથી જોતાં જેટલો વિસ્તાર જોયો હતો તેથી વધારે વિસ્તાર ઉપરથી જોતાં લાગશે. જેમ જેમ ઉંચાં ચડશો તેમ તેમ એ વિસ્તાર વધશે. વાયુરથમાં બેસી ઉડશો તો તેથી પણ વિસ્તાર ઘણો જ વધી જશે. જેમ જેમ તમારી શકિતઓ ઉંચી થશે તેમ તેમ તમારા પ્રસંગો અને પ્રદેશો-નો વિસ્તાર પણ વિસ્તરશે. ઉડશો તો દુનીઆ આખી તમારી છે.

તમારી શકિતઓ ખીલવવા તમારે કેળવણીની જરૂર છે,— માત્ર **ભણતર નહીં પણ કેળવણીની** જરૂર છે. સંસારના જે જે બનાવો તમે તમારી ઇંદ્રિયોથી જાણો છો તે કેળવણીથી વધારે સારી રીતે જાણી શકશો. સારાસારનો વિવેક વધારે સારો કરી શકશો અને સારાં આચરણથી ઇચ્છાવૃત્તિ પણ મજબુત થશે.

કેળવાશો તો જ સંસારનું જે જ્ઞાન મનુષ્યે અનુભવથી આજ લગી મેળવ્યું છે તે તમને પ્રાપ્ત થશે. તમારા પુરુષ-સંબંધીઓ અને તમારી વચ્ચે જે અત્યારે અંતર છે તે ત્યારે જ નાશ પામશે. તમારા અને તેમના વિચારો સરખા થશે અને વિચારો સરખા થવાથી આચાર સરખા થશે. તેમની પ્રગતિના માર્ગમાં તમે અત્યારે વિઘ્ન રૂપ છો તેને બદલે વેગ આપનાર થશો. તેમની અભિલાષાઓ નિષ્ફળ નિવડવાનો કે સ્તબ્ધ રહેવાને અપજશ તમારે માથે ઓરાડાય છે તેને ઠેકાણે એ અભિલાષાઓ

સતેજ કરી તમે મૂર્ત કરાવશો. કવિ ન્હાનાલાલના 'ચેતન' કાવ્યની નાયિકા પેઠે તમારામાં સાધનસામગ્રીની ન્યૂનતા છે એવો વિલાપ કરશો નહીં તેમ એ જ કવિની 'સાગરને યાચના' કાવ્યની નાયિકા પેઠે પુરુષની પ્રગતિ જોઈ સંતોષ પામશો નહીં,: પણ 'સ્નેહમુદ્રા' ની નાયિકા પેઠે પુરુષોને તેમના ધર્મોનું ઉદ્‌બોધન કરી કર્તવ્યમાં પ્રેરજો અને તે ઉપરાંત તમે ય તેમાં સામેલ થજો અને વખત આવ્યે એકલે હાથે તમારા મનુષ્યધર્મો બજાવવા કેડ કસજો.

સ્ત્રીઓએ કેળવણી લેવી જ પડશે.

અજ્ઞાન અને અણુકેળવાયેલી સ્ત્રીઓ દેશને ભાર રૂપ છે,–કુટુમ્બોમાં ફેલાતા પ્રકાશનું "ઘરણુ" કરનારી છે,–પુરૂષોની પાંખો કાપનારી છે. એનું તમને ભાન થશે ત્યારે ગુજરાતની એક પણ સ્ત્રી અજ્ઞાની કે અણુકેળવાયેલી રહેશે નહીં.

જમાનો એવો આવ્યો છે કે કમાવાને માટે પણ તમારે ભણવું પડશે. કદાચ કમાવાની સર્વેને જરૂર ન પડે તો પણ છોકરાં ઉછેરવા અને કેળવવામાં કેળવણીની ખાસ જરૂર પડવાની. નિર્વાહનાં સાધન મેળવવાના વ્યવસાયમાં પુરુષો એટલા બધા લીન થતા જવાના કે કુટુમ્બની વ્યવસ્થા કે છોકરાંઓની કેળ-વણી પર તેઓ ધ્યાન નહીં આપી શકે. બજારમાંથી ઘરની વપરાસ માટે જોઇતી ચીજો નવરાશને અભાવે પુરુષો નથી લાવી શકતા તો તે મંગાવી અથવા લાવી તમે ઘરની તજવીજ સાચવો છો. તમારાં છોકરાંઓના શિક્ષણપર તેમના પિતા નજર નહીં રાખી શકે તો તમારે રાખવી પડશે. છોકરાં સારાં નીવડે તો તમારી કીર્તિ જગમાં પ્રસરશે, તેમ નઠારાં નીવડશે તો કુખ પણ તમારી લજવાશે. નવ માસ ઉદરમાં સંતાનને રાખવાથી જ માનો ધર્મ પૂરો થતો નથી પણ તેનાં દેહ અને શકિતઓ કેળવી ગુજરાતની સ્થિતિ સુધારો એવી તજવીજ કરો ત્યારે જ એ ધર્મ ખરેખરો બજાવ્યો ગણાય. ગુજરાત આપણી સર્વેની જન્મભૂમિ છે, માતા

છે. જન્મ આપ્યા પછી પણ મૃત્યુ લગી અનેક રીતે એ આપણને પોષે છે,–રંજન પમાડે છે તેમ તમારે પણ તમારે પેટ અવતરેલાં સંતાનોને કેળવવાનાં છે. તમારાં સંતાનો નઠારાં, નિર્માલ્ય નીવડશે તો ભાર તમારા દેશને અને તમારે માથે છે. તેમનાથી તમારો દેશ દુઃખી, અધમ થાય તો તમારી પણ એવી જ દશા થવાની.

છોકરાંઓ અને તમારી કેળવણીમાં ફેર હશે તો તમારાથી જ્ઞાન, અનુભવ અને ચારિત્ર્યમાં આગળ વધતાં છોકરાંઓ તમારી અત્માન્યા રાખશે નહીં, તમારા સ્નેહની પરવા કરશે નહીં, આમ થાય તો તમારા કુટુમ્બમાં સુખ રહેશે ? તમારૂં જીવતર સુખી રહી શકશે ? તમારી ઇચ્છા હો કે ન હો–તમારી પાસે સાધન હો કે ન હો, પણ હાલના જમાનાનાં બળો એવાં છે કે તમારાં છોકરાંને તમારે ભણાવવાં અને કેળવવાં પડશે. આવી સ્થિતિમાં તમારી અને એમની વચ્ચે અંતર ન રહે; કુટુમ્બના સ્નેહની પરવા ન રાખવાથી તેઓ ખરાબ રસ્તે જઈ કુળની લાજ ગુમાવે નહીં અને દેશની આશા ધૂળધાણી કરે નહીં માટે તમારે ભણવું પડશે અને કેળવણી લેવી પડશે.

કેળવાયેલી સ્ત્રીઓ જ માત્ર એમના પતિની સખી થઈ શકે છે; અભણ સ્ત્રી ગમે તેટલી પતિવ્રતા હોય પણ તે એના પતિની દાસી છે,–તેની અર્ધાંગના કે તેનું બીજું હૃદય નથી. તેના ઘરમાં તમે કરતાકારવતા થશો; તેના ખજાનાની ચાવી તમારી પાસે રહેશે, તેના વૈભવની મોજ તમે ચાખશો, પણ ત્હેના જીવનના ગૂઢ મંદિરમાં તમારો પ્રવેશ નહીં થાય. વર્ષો સુધી સાથે સુખદુઃખ ભોગવ્યા છતાં ત્યાં તમે પરાયાં થવાનાં. તમારી બેપરવાઈ, જીદ, પ્રમાદ, સંકલ્પશકિતની નબળાઈથી કેટલા ઉંચે ઉડતા પુરુષોની પાંખો તમે કાપી નાંખી છે ? કેટલાના હૃદયમાં શુભ વાંછનાઓને જન્મતાં જ તમે દૂધપીતી કરી દીધી

છે? કેટલાના જીવનમાં નિરંતર હોળી સળગાવી છે? કેટલાને નિરાશાને લીધે અધમ જીંદગી ગાળતા કર્યાં છે?

પતિ મરી જાય તો તેની ચિતામાં તમે બળી શકતાં. આજે દયાળુ અંગ્રેજ સરકાર તમને સતી થવા નથી દેતા ત્યારે તમે ઝુરી ઝુરીને પ્રાણુત્યાગ કરી શકો છો, નસિબ વાંકું થાય છે ત્યારે પતિની સાથે ઝુંપડામાં મહેલની મજા માણી શકો છો, તેને સુખે સુખી અને દુઃખે દુઃખી થઈ શકો છો, છતાં તમારા ભણેલા–કેળવાયેલા પતિની ભણેલી–કેળવાયેલી સખીઓ થવા તમે કેમ કાંઈ કરતાં નથી?

તમારા પુરૂષસંબંધીઓ તમારી તીવ્ર વાંછના છતાં તમને ભણવા અનુકૂળતા કરી નથી આપતા? એવું કાંઈક છે ખરૂં, પણ વાંક તમારો ય નથી? જોઇએ એવાં ઘરેણાં અને કપડાં તમે કેમ એમની પાસેથી લઈ શકો છો? તમને ફાવે તે પોતનાં, જાતનાં, તરેહનાં, ફેશનનાં ઘરેણાં કપડાં–તમારા ધણીનું ગજું હોય કે ન હોય તોપણ તમે જીદ કરી, યુકિત રચી, દેવું કરી–કરાવી તે પહેરવા ઓઢવાનો લ્હાવો લઈ શકો છો તો કેળવાએલા પુરુષોનું કેળવણી ફેલાવવાનું ગજું સારી પેઠે હોવા છતાં તેમની પાસેથી તમે કેળવણી કેમ નથી લેતાં? તમારા ધણીનો પૈસો વાપરવામાં તમને જેવી લ્હેજત પડે છે તેમ તેની વિદ્યા વાપરવામાં કેમ નથી પડતી?

કેળવણી માટે દાન કરો.

તમને કેળવવાને તમારા ધણીને ફુરસદ ન હોય તો તમને જોઈતી કેળવણી મળે એવી સંસ્થાઓ કાઢો. સંસ્થા ચલાવવા પૂરતું દ્રવ્ય ન હોય તો જેને આવડત હોય તેણે પોતાની અભણ બહેનોને ભણાવવા જવું. તમે એક બીજાને ત્યાં સારે માઠે પ્રસંગે જઈ શકો છો, વખત ગાળવા જઈ શકો છો, રસોઈની નવી

વાની કરવાનું કે કોરની તરેહ ભરવાનું શીખવા જઈ શકો છો, તો ભણુવા ન જઈ શકો ? ટીપે ટીપે સરોવર ભરાય. ધીમે ધીમે ભણુવા માંડશો તો જોતજોતામાં તમે વિદ્વાન થઈ જશો. જો રટણુ એનું હશે તો વિદ્યા પ્રાપ્ત કરવાના ન્હાના મ્હોટા પ્રસંગો હમ્મેશ મળ્યા કરશે. આટલું છતાં યે તમને ભણુવાની સગવડ ન મળે તો તમને ભણાવી શકે એવી પગારદાર શિક્ષિકાઓ રાખો. પગાર કયાંથી આપવો ? આળસુ, બેવકુફ, અજ્ઞાન, અધમ બ્રાહ્મણોને રોજ તમે જેટલું દાન કરો છો તે આપવું બંધ કરો અને તે એકઠું કરી પગાર આપો. એવા બ્રાહ્મણોને દાન આપવાથી તમે તેમને વધારે નઠોર અને ખરાબ બનાવો છો અને પાપમાં પડો છો. દાન આપવાથી પુણ્ય મળવાની વાત કોરે રહી જાય છે અને પાપ થાય છે તે વધારામાં. કેળવણી લેવામાં એ દ્રવ્યાદિ વાપરશો તો તમારી નીતિ સુધરશે, તમારૂં જીવતર સારૂં થશે, હરામના મલીદા મળતા બંધ થવાથી બ્રાહ્મણો ઉદ્યમે લાગી ખરા પરસેવાની મજૂરી મેળવી સુખી થશે અને સરવાળે ગુજરાત દેશ સુખી, કેળવાયેલો અને તવંગર થશે.

પણુ દાનમાં અપાતી રકમ પૂરતી ન નીવડે તો ? તમારા શોખ કમી કરો, તમારી હાજતો કમી કરો અને એ રીતની કરકસરથી જે ભેગું થઈ શકે તેટલું ભેગું કરી વાપરો. છેવટે કાંઈ ન થઈ શકે તો તમારૂં પલ્લું વાપરો. ગં. સ્વ. શિવગૌરી ગજ્જરે અને ગં. સ્વ. બાજીગૌરી મુનશીએ શું કર્યું છે ? વનિતા-વિશ્રામની સ્થાપના પોતાનાં પલ્લાંથી કરી છે. બીજાના ઉદ્ધારને માટે આ બે વિધવાઓ આવો ત્યાગ કરી શકે–આવું દાન કરી શકે તો તમારા પોતાનાં ઉદ્ધારને માટે, તમારા પતિ અને સંતાનોના સુખને માટે, તમારા ગુજરાતની ઉન્નતિ માટે તમે થોડો ઘણો પણુ ત્યાગ નહિ કરી શકો ?

અમુક ન ખાવું કે ન ઓઢવું એવી બાધા આખડી લ્યો છો તેને બદલે આજના શુભ મંગળ દિને વ્રત લ્યો કે જ્યાં

લગી અમે કેળવાઇશું નહીં અને અમારી અજ્ઞાન બહેનોને કેળવીશું નહીં ત્યાં લગી અમારે ફુલાણું ફુલાણું વર્જ્ય છે. ક્યાં લગી તમારે બીજાની ખાંધે ચડી મ્હાલવું છે? ક્યારે તમારા પોતાના પગે દોડવું છે?

કેળવણીથી સંતાનોનું ચારિત્ર્યબળ ખીલશે.

હવે તમે ઘરના પાંજરામાં પૂરાયેલાં પંખીઓ નથી. તમે બહાર મહાલો છો. અમારી સાથે અમારા મોજશોખ, અમારી સાર્વજનિક સેવાઓમાં તમે સામેલ થાઓ છો. કોઈક કોઈક વાર એકલે હાથે પણ તમે સાર્વજનિક સેવા ઉપાડો છો. દાદાભાઈ નવરોજીની જયંતિ આજ કેટલાં વર્ષો થયાં તમે જ ઉજવો છો ને? પણ જે કાર્યને માટે તમે એમનાં ઓશીંગણ છો તે કાર્યને, સ્ત્રીકેળવણીના કાર્યને, તમારી જાત માટે અને તમારી દેશબહેનોને માટે કેટલું વધાર્યું? એવો સવાલ દરેક જયંતિને દિવસે પૂછો છો?

સ્ત્રીઓ કેળવાય એ ઘણી મ્હોટી દેશસેવા છે, સ્ત્રીઓ કેળવાયેલી હશે તો તેમની સંતતિ કેળવાયેલી થવાની એ નિઃસંશય અને સ્વાભાવિક છે. પુરુષોને પણ, તેથી, વધારે કેળવાયેલા થવાની જરૂર પડશે. કેળવાયેલી સ્ત્રી માત્ર તેમની આજ્ઞાધારક પત્ની નહીં થાય પણ તેમના સંસારની ખરેખરી સહચરી અને સહધર્મચારિણી થશે. જો પુરુષોની કેળવણી અધૂરી હશે તો તેમનો સંસાર દુઃખી થશે, અને દુઃખ કોઇને જોઇતું નથી એટલે તેઓ પણ ભણશે. આવો શુભ દિન જ્યારે આવશે ત્યારે ગુજરાતનાં ભાગ્ય ઝળહળ પ્રકાશ્યા વગર નહીં રહે. કેળવણીથી તેનાં સંતાનોનું ચારિત્ર્યબળ ખીલશે અને જ્ઞાનબળ વધશે. આ બે જ્યાં હોય ત્યાં પ્રગતિ અવશ્ય થાય છે.

તમે કેળવાશો તો આમ સીધી તથા આડકતરી રીતે તમારા સગાંઓને, નાતીલાઓને, દેશજનોને અને મનુષ્યોને ઉન્નત થવા પ્રેરશો.

કેળવણી અને ભણતરમાં ફેર.

કેળવણીની જરૂરિયાત વિશે આપણે આજે વિચાર કર્યો. પણ કેળવણી અને ભણતરમાં શો ફેર? ભણતર એટલે મગજમાં જ્ઞાનની વીગતો ભરવી તે; બે ચાર ભાષાઓ ઉકેલતાં આવડે તે. તમારી બુદ્ધિ, લાગણીઓ, કલ્પનાશક્તિ વિકાસ પામી તમને સુખી કરી શકે નહીં,–જે સ્થિતિમાં પડયાં હો ત્યાંથી સારી સ્થિતિમાં જવાની તીવ્ર ઉત્કંઠા તમને થાય નહીં ત્યાં લગી તમે કેળવાયાં નથી. સારી સ્થિતિ એટલે માત્ર દ્રવ્યથી પ્રાપ્ત થતી સારી સ્થિતિ નહીં, પરંતુ વિદ્યાથી, નીતિથી, ધર્મથી, સેવાથી પ્રાપ્ત થતી સારી સ્થિતિ. લક્ષ્મી ચંચળ છે છતાં આ સર્વેની દાસી છે. વપરાસથી લક્ષ્મી ખૂટવાની દહેસત રહે છે; વપરાસથી વિદ્યા, નીતિ, ધર્મ, સેવા વધારે ને વધારે વૃદ્ધિ પામે છે. આ વપરાસ યોગ્ય અને લાભદાયક થાય માટે તમારી સંસ્કારિતા અને ચારિત્ર્યબળ ખીલવાં જોઇએ.

જ્યાં લગી જ્ઞાન પર પ્રીતિ થઈ નથી, વસ્તુમાત્રનો સંદર્ભ જાણવાની જીજ્ઞાસા તરવર તરવર થઈ નથી, નવી હકીકત અને નવા વિચારો સમજી આપણી જીંદગીમાં એકરસ કરવાની ટેવ પડી નથી, આપણા વિચારો અને આચારોમાં તેમને ભેળવી તે આપણાં જ હોય એવું કરવાની ટેવ પડી નથી, ટેવ પાડવાનો અભ્યાસ નથી, ટેવ પાડવામાં આપણી જાગતીજોત અને ચપળ બુદ્ધિ વપરાઈ નથી અને વપરાતાં નિરન્તર ખીલી નથી ત્યાં લગી આપણામાં સંસ્કારિતા નથી. માત્ર ભણતરથી એ સંપાદન કરી શકાતી નથી. મન આ રસ્તે વાળવું, ઇંદ્રિયોથી મળતા અનુભવોનું વિશોધન કરવું અને જગતમાં વસી રહેલી સુંદરતાના સર્વે જૂદા જૂદા આવિર્ભાવ ગ્રહણ કરે એવી રીતે રસવૃત્તિ ખીલવવી અને કેળવવી એ સર્વે ભણતરની સાથે અભ્યાસથી થઈ શકે છે. જેઓ આવી રીતે સંસ્કારી હોય તેમની

બુદ્ધિ અને હૃદય અને તમારાં બુદ્ધિહૃદય કોઈ પણ પ્રકારના અંતરાય વિના મિત્ર થઈ શકે તો તેમના સંસ્કાર તમારા સંસ્કાર જાગૃત કરી ખીલવશે. તમારા પુરુષસંબંધીઓનાં અને તમારાં બુદ્ધિહૃદયની વચ્ચે તમારી કેળવણીની ખામી અને ગેરહાજરીને લીધે જે તફાવત છે,—તમારી બુદ્ધિ ન્હાનીએ હોવાનું મ્હેણું જ્યાં લગી તમારે સાંભળવું પડે છે ત્યાં લગી એ મૈત્રી નહીં થાય અને એ મૈત્રી વગર તમારા સંસ્કારનો લ્હાવો તમે માણી શકશો નહીં, તેમ તમારી સાથે પોતાના સંસ્કારો માણવાના પ્રસંગ ન આવવાથી પુરુષોના સંસ્કારો કટાઈ જશે અને પરિણામે આપણો દેશ સંસ્કારહીન થઈ બીજા દેશોની પંક્તિમાં પોતાની આબરૂ ગુમાવશે. પણ તમે કેળવાશો, તમારા સંસ્કારો કેળવશો તો તમે અને તમારો દેશ સર્વત્ર માન અને પ્રતિષ્ઠા પામશો.

તમારા સંસ્કારોનો આવિર્ભાવ ગુજરાતના જીવનમાં થવા માંડે તો કેવા કેવા પ્રસંગો નીપજે એનું પણ આજે સ્વપ્ન કલ્પવું ઘટે છે. પ્રથમ તો તમારી ઇંદ્રિયો અને તેમને લીધે સતેજ થતી રસવૃત્તિઓ વિશુદ્ધ, પવિત્ર, ગંભીર થશે. વિશ્વની ખુબીઓ તમે જોઈ શકશો. સુંદર, નીતિમાન વસ્તુઓ જોઈ તેવાં થવા ઉત્સુક થશો. અસુંદર કે અનીતિમાન વસ્તુઓનો તમને કંટાળો અને તિરસ્કાર છુટશે. તમારી રહેણીકરણી, રીતભાત બધું બદલાઈ જશે. તમારા પોતામાં વધારે સુંદરતા, કોમળતા, વિશુદ્ધિ, અમીરાઈ, મધુરતા, સાધુતા, દયા, કરૂણા આવી વસશે. જીંદગીમાં રસ, હોંસ, ઉમળકો આવશે.

માણસની ખરેખરી સંસ્કારિતા એના વર્તન પરથી જણાઈ આવે છે. અંતરાત્મા સંસ્કારી હોય તો જ વર્તન ઉદાર, મીઠું, સભ્ય અને પ્રતાપી હોય છે. ગુજરાતમાં આવાં સ્ત્રીપુરુષો વસે એ એનું ધન્યભાગ્ય જ ને ?

અજ્ઞાનના પ્રચારથી અજ્ઞાનનું અંધારૂં નાશ પામે છે.

જ્ઞાન પરની પ્રતિને લીધે જ્ઞાનનો પ્રસાર ગુજરાતમાં થશે. અજ્ઞાનનું અંધારૂં નાશ પામશે. જ્ઞાન પ્રાપ્ત કરવાનાં સ્થળો, સાધનો જન્મ પામશે. જ્ઞાનથી ગુજરાતને સુખી કરવા નાનાવિધના ઉપાયો કેટલાંક સ્ત્રીપુરુષો રચશે. જ્ઞાનની સેવામાં જ અહોરાત્ર રહેશે કારણ કે જ્ઞાન વગર બળ નથી, ઉદય નથી, સુખ નથી. એમનું જ્ઞાન ગુજરાતને ગૌરવ અપાવશે, દુનિયામાં ગુજરાતની પ્રતિષ્ઠા વધારશે અને ગુજરાત દ્વારા મનુષ્યોની સેવા અધિક કરાવશે. આ બધું કરવામાં તમે નિમિત્ત થાઓ. જ્ઞાનથી વિમુખ ન થાઓ. આજે તમે અજ્ઞાન, વહેમ, દુઃખ, અશક્તિ વગેરેનાં આશ્રયસ્થાન છો. આપણા સંસારમાં જેટલા દોષ હોય તે તમારે લીધે નાશ પામતા નથી એવી તમારી આબરૂ છે. આ અપવાદ નાશ પામો અને તમે જ્ઞાન, બુદ્ધિ, સુખ, શક્તિ, પ્રકાશ, સુંદરતા, મધુરતા આદિના પ્રવાહ બનો અને ગુજરાતની વાડીને વધારે ને વધારે ફલદ્રુપ બનાવો.

સેવાનિષ્ઠ જીવનમાં થોડા વિલાસો ન હોય તો જીવતર કડવું લાગે છે. પરમેશ્વરે જે જે શક્તિઓ આપી છે તેમના દુરૂપયોગમાં દુઃખ છે, તેમ તેમના અનુપયોગમાં પણ દુઃખ છે. તેમનો સદુપયોગ કરવામાં ધર્મ છે અને ધર્મ ત્યાં સુખ, શાન્તિ, ગતિ છે.

સુંદરતા નીહાળવી, ઉત્પન્ન કરવી અને માણવી એ જેમ વિલાસ છે તેમ સંસ્કારિતાના અંશ છે. ગુજરાતની સ્ત્રીઓનાં શરીર સુંદર, હૃષ્ટપુષ્ટ અને પ્રતાપી થાય એ વિલાસ છતાં કર્તવ્ય છે. તમે એવાં હશો તો તમારી સંતતિ એવી થશે. અત્યારે પંદર અને વીસ વર્ષની અંદર ઉગતી જુવાનીમાં જે યુવતીઓ મૃત્યુ પામે છે તેઓ યમના પાર્ષદોને પાછા કાઢી સંસારનો મનમાનતો

લ્હાવો લેશે, જે બાળકો પાંચ સાત વર્ષની ટુંકી સંસારયાત્રા કરી માબાપને રોતાં મૂકી ચાલ્યાં જાય છે તે લાંબું આયુષ્ય ગાળશે અને તમારી પાસે કેળવાઈ ગુજરાતનું નામ દીપાવશે. શરીરે સુખી તો સુખી સવ વાતે. જ્ઞાન, કેળવણી માટે જેટલી મહેનત કરો તેટલી જ શરીર મજબૂત, કસાયલું, નિરોગી, દેખાવડું કરવા પણ લેજો.

ગુજરાતનો મહિમા કેમ વધે?

સુંદરતા પારખતાં આવડી–અસુંદરતા અનીતિ જેવી ખુંચવા માંડી એટલે તમારા પહેરવેશમાં, રહેણાકમાં, ભોજનમાં, વર્તનમાં વગેરે સર્વ વ્યવહારમાં નવું ચેતન આવશે, નવો બ્હાર ખીલશે. તમારો પ્રતાપ, તમારી શક્તિ, તમારી રસજ્ઞતા જગત્‌માં પ્રતિષ્ઠા પામશે, તમારા કરતાં વધારે હતભાગ્ય દેશો હશે તે તમારે પગલે ચાલી સુખી થઈ તમને આશીર્વાદ દેશે.

ગુજરાતનાં ઘરો, મંદિરો, મહેલો, નગરો, ગામોની રચના સુંદર, ભવ્ય થવાનો આધાર તમારી રસવૃત્તિના વિકાસ ઉપર છે. તમને ગંદું, બેડોળ ગમશે નહીં તો જ તમે ગુજરાતને નોંખો પાડી નાંખે એવી એની રચના રચવાની પ્રેરણા કરશો. ગુજરાતના જીવનમાં આજે સંગીત, ચિત્રકળા આદિ લલિત કલાઓને આદર નથી, પણ તમારો આત્મા જાગશે અને સુંદરતા ભોગવવા અને તેનું નિર્માણ કરવા તલપશે ત્યારે તમે સંગીત, ચિત્રકલા વગેરે શીખશો. ગુજરાતમાં ઘેરઘેર તેમને સ્થાન આપી તમે અને તમારાં કુટુમ્બીજનો આનંદી અને સુખી થશો. એ કળાઓને એવી ખીલવજો કે તમારી સર્વે ખાસીયતો, શક્તિઓ, અભિલાષાઓ, વાંછનાઓ એમનામાં મૂર્ત થાય. એ મૂર્ત રૂપ માણવાથી તમારાં કાર્યોમાં આરામ, ઉત્સાહ, ઉત્તેજન વધારે મળશે. એ રૂપ એવું ઘડજો કે ગુજરાતનો મહિમા વધે. એ રૂપથી ગુજરાત દુનિયાને સુખી,

પવિત્ર, શાંતિમય કરવા સફળ નિવડશો. તમારી આખી પ્રવૃત્તિ એવી રાખજો કે તમારો સર્વાંગસુન્દર વિકાસ થાય.

તમે જ્ઞાનવાન, કેળવાયેલાં સંસ્કારી હશો તો અત્યારે આપણે ત્યાં જે સવાલો ઉઠે છે તે સમજી શકશો, તેમના ઉકેલમાં પુરુષોને મદદ કરી શકશો અને જીંદગીની ઘણી કડવાશ અને મુશ્કેલીઓ ઓછી કરી શકશો.

ગુજરાતમાં સર્વ ભાગની સ્ત્રીઓ આવી થાય તો ગુજરાતમાં એકતા આવે. અત્યારે ગુજરાત છિન્ન દશામાં છે. ભાષા સૌ એક બોલે છે. રીવાજ સરખા છે છતાં રાજ્યસત્તા ઠેકઠેકાણે નિરાળી છે. એક ઠેકાણે અંગ્રેજી રાજ્ય છે, બીજે ઠેકાણે ગાયકવાડી રાજ્ય છે તો ત્રીજે ઠેકાણે રજપુત રાજ્ય છે. આમ દેશના ભાગ હોવાથી દેશમાં વસતા લોકોમાં પણ એથી ભેદપ્રભેદ પડી જાય છે. પણ તમે જો કેળવાયેલી અને સંસ્કારી હશો તો તમારાં સંતાનો મારફત સરખી કેળવણી અને સરખા સંસ્કાર ફેલાવી ભેદપ્રભેદ દૂર કરી એકતા જન્માવશો. એકતાની લાગણી જાગશે તો સંપ આવશે, સ્નેહ આવશે, સમૃદ્ધિ આવશે, સુખ આવશે, ગૌરવ આવશે;—શું નહીં આવે ?

પૃથ્વીમૈયાની પૂજા કરો.

ગુજરાતની પુત્રીઓ ! તમે ગુજરાતી થાઓ. કચ્છી, કાઠીઆવાડી, હાલારી, સોરઠી, ઝાલાવાડી, ગોહેલવાડી, સુરતી, ભરૂચી, અમદાવાદી, મુંબાઇગિરી—મટી જાઓ. જે રીવાજોથી તમારા આવા હાનિકારક ભેદો વધતા હોય અથવા તમારી એકતા થતી ન હોય તેમને દૂર કરો. ગામ કે નગરના વતની થવા ઉપરાંત આખા ગુજરાતનાં વતની થાઓ. આ નાત કે પેલી નાતનાં થવા ઉપરાંત ગુજરાતી થાઓ. જન્મભૂમિ સર્વેની જનની છે અને તમે પણ જનનીઓ છો. તમારાં સંતાનોથી ગુજરાતને

વસાવો ત્યારે સાથે સાથે ભાવના, મહેચ્છા, સંસ્કારિતા આદિનાં પણ જનની થઈ ગુજરાતનું નવજીવન ઉજ્જ્વલ અને પ્રતાપી કરો. ગુજરાતના લોકોમાં જે જે સારપ હોય તે ખીલવો, કારણ કે માતાનો ધર્મ છે બાળકની સારી શક્તિઓ ખીલવવાનો.

અંધકાર, અજ્ઞાન, ખોટા રીવાજની ગુલામગીરી, પ્રમાદ, ઉદાસીનતા વગેરેમાંથી તમે મુક્ત થઈ અમને મુક્ત કરશો નહીં,— વિચાર, વાણી અને વર્તનમાં વીરત્વ પ્રકાશશો નહીં ત્યાં લગી આપણો ઉદ્ધાર નથી. આ હકીકત પર આજે ઉંડો વિચાર કરો અને આજથી આ દેશધર્મ યથાર્થ આચરવા માટે તૈયારી કરવા માંડો. આજથી શરૂ થયેલી પ્રવૃત્તિના બળે તમે એવાં થાઓ કે તમારી પૂજા કરવા અમે આવીએ અને તમારા પુનિત સમાગમમાં શાંતિ અને ઉત્સાહથી પ્રેરિત થઈ સંસારના સંગ્રામમાં વિજયટંકાર ગજાવીએ.

પૃથ્વીએ સત્યભામાનો અવતાર લઈ શ્રીકૃષ્ણભગવાન સાથે લગ્ન કર્યાં હતાં. સોળહજાર સ્ત્રીઓને કેદમાં રાખનાર નરકાસુરનો પોતાનો પુત્ર હોવા છતાં તેનો વધ ભગવાન પાસે કરાવી સ્ત્રીજાતિને મુક્તિ અપાવી હતી. તમે પણ એ જ પૃથ્વીમૈયાની ખરી ભક્તિથી પૂજા કરશો તો અજ્ઞાન, અપગતિ, અશક્તિ આદિ અસુરોથી તે તમારી પણ મુક્તિ કરાવશે. માતાઓ મુક્ત થશે, પોતાની સર્વે ઈશ્વરદત્ત વિભૂતિઓનો વિકાસ કરવા સ્વતંત્ર અને સમર્થ થશે ત્યારે મનુષ્યજાતિનું ભાગ્ય ઉજ્જવળ થશે.

પુણા,—૧-૧૦-૧૫.

નવા વર્ષના બે બોલ.

(સંવત્ ૧૯૭૩.)

લેખકઃ—સૌ. શારદા મહેતા; બી. એ.

પ્રિય બહેનો,

ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળને સ્થપાયે આજ તેર વર્ષ થયાં છે. ઉત્તરોત્તર એની ઉન્નતિ થતી ગઈ છે. અને સમસ્ત ગુજરાતમાં જ નહિ પણ આખા હિન્દુસ્થાનમાં એની ખ્યાતિ જાણીતી છે. એના કાર્યક્રમમાં નિરંતર વધારો થએ જ જાય છે; એ જોઇને સર્વને સંતોષ થાય છે. સ્ત્રીજાતિની પ્રગતિને અર્થે જે કાંઈ પગલું યોગ્ય લાગે તે ગૃહણ કરવાને આ સંસ્થાનાં કાર્યવાહકો તૈયાર જ હોય છે. આ સંસ્થા સ્થપાયા પછી ગુજરાતનાં બીજાં સ્થળોમાં પણ એવી સંસ્થાઓ સ્થપાઈ છે એ એક શુભ ચિહ્ન છે. પરંતુ જે કાંઈ કાર્ય થયું છે તેટલાથી સંતોષ માનીને બેસી રહેવાનો આ જમાનો નથી. દિવાળીને પ્રસંગે, જૂના વર્ષની સમાપ્તિ, અને નવા વર્ષના આરંભને પ્રસંગે વેપારી લોક, તેમજ અન્ય વર્ગ પોતાનો જૂનો હિસાબ તપાસે છે, અને નવા વર્ષની બાકી કહાડીને બજેટ કરે છે. તે પ્રમાણે આપણે પણ અત્યારે આપણા કાર્યનો હિસાબ તપાસવાનો છે, આપણી જાતિની સ્થિતિ ક્યાં છે, આપણે કેટલું વધ્યાં છીએ, અને કેટલું વધવાનું બાકી છે તે જોઇને તે પ્રમાણે યોગ્ય માર્ગ હાથ ધરવાનો પ્રસંગ છે. ઈશ્વર આપણા કાર્યમાં સહાય થાઓ એટલી પ્રાર્થના છે.

વીસમી સદીના ઇતિહાસમાં સ્ત્રીની ઉન્નતિનો પ્રશ્ન ઘણો મહત્ત્વનો છે. દુનિઆમાં ચો તરફ દરેક વર્ગની સ્ત્રીની તમામ

પંક્તિમાં એક નવીન બળ પ્રસરતું જાય છે. ગરીબ તેમજ શ્રીમંત; શિક્ષિત તેમજ અજ્ઞાન સ્ત્રીઓને તેમની પોતાની નવીન ઉપયોગિતાનો ઉદય થતો લાગે છે. ઉત્તર અને દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ તરફથી ઉત્સાહ ભરી પ્રવૃત્તિ દાખલ થઈ છે. દુનિઆની મહાન પ્રગતિમાં સ્ત્રીઓ પણ સહાયભૂત બને, તે માટે પોતાની ભગિનીઓનો અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરવા, અને તેમની સુધારણા કરવા સારૂ એકત્ર થવા દરેક દેશની સ્ત્રીઓ પરસ્પર આમંત્રણ કરે છે. સ્ત્રીઓની આ જાગૃતિ એ શુભ ચિહ્ન છે. કારણ કે મનુષ્ય માત્રના બન્ધુત્વની જે વૃત્તિ મનુષ્યજાતિમાં ફરી વળી છે તેને તે અનુરૂપ છે. અમેરિકાની સ્ત્રીઓએ જે પ્રવૃત્તિ માન્ય કરી છે, તે જ યુરોપની સ્ત્રીઓને ગ્રાહ્ય છે. ઈંગ્લંડ, ફ્રાન્સ, અને જર્મનીમાંથી આખા યુરોપ ખંડપર એ પ્રવૃત્તિ ગઈ છે, અને એ ગતિ સાથે તેનું સામર્થ્ય પણ વધતું ગયું છે. આ વિગ્રહમાં છેવટે પૂર્વની સ્ત્રીઓને એ પ્રવૃત્તિના આમંત્રણનું માન થયું છે. અને તેઓ પણ વીસમા સૈકાના આ બીજા દસકામાં જે નવજીવનનો ઉદય થયો છે, તેમાં પોતાનો ભાગ બજાવવા લાગી છે. ઇતિહાસમાં જોતાં થોડાક કાળ સ્ત્રીજાતિની ઉન્નતિનો આવે છે, પછી પડતીનો આવે છે. દુનિઆના પ્રાચીન યુગમાં એટલે જ્યારે ઉત્તર યુરોપ જંગલીપણામાં ડુબેલો હતો, ત્યારે આપણા દેશમાં સ્ત્રીઓને જાહેર સન્માન મળતું, તથા તે કાળની સર્વ પ્રવૃત્તિઓમાં, તેમજ જ્ઞાનમાં તેમનો ભાગ હતો. પરંતુ તે પછીના સમયમાં હિંદમાં સ્ત્રીની કીત ઝાંખી થઈ છે. આપણા દેશમાં બહારથી થતા હુમલા, અને વિગ્રહોને લીધે, ચાલતા નિરંતરના કલહથી વિદ્યા માટે તથા સ્ત્રીજાતિ માટે થતા પ્રયાસ બંધ પડ્યા. સલાહ શાન્તિમાં વૃદ્ધિ પામનારી સર્વ કળાઓ ખીલી શકી નહિ, અને સત્તરમા તથા અઢારમા સૈકામાં વિગ્રહો ચાલુ રહેવાથી દેશ ઉજડ થયો, અને સ્ત્રીઓના હિત તથા તેમની કેળવણી માટે બેદરકારી થઈ તે દબાઈ ગયા, અને હમણાં જ તે બાબત ફરીથી ચેતન થવા લાગી છે.

સ્ત્રીઓએ ઊંચી અને ઉન્નત પદવી કયાં સાધનથી પ્રાપ્ત કરી તે પ્રશ્ન પૂછવાની હવે સુભાગ્યે જરૂર નથી રહી. સ્ત્રીજાતિનો ઉદ્ધાર તેની કેળવણીના સદુપયોગને આધારે રહ્યો છે, એ વાત આપણે પણ હવે નિશ્ચયપૂર્વક માનવા માંડી છે. જ્યાં સૂધી તેઓ અજ્ઞાન રહેશે, ત્યાં સૂધી તેઓ અવનત તથા પીડિત રહેશે, અને પુરૂષના ઉદ્યોગ તથા મનોરથમાં ભાગ લેવા શક્તિમાન થશે નહિ. પરંતુ તેઓને કેળવણી આપશો તથા તેમના પ્રયાસો સુવ્યવસ્થિત કરવામાં સહાય થશો તો તેઓ બદલાએલી પરિસ્થિતિને અનુરૂપ બનશે. માત્ર કેળવણી, અને ઉપયોગી સંસ્થાઓ યોગ્ય સ્વતંત્રતા તથા જ્ઞાન આપવામાં સમર્થ છે. યુરોપ તથા અમેરિકામાં સ્ત્રીઓનાં મંડળોથી સ્ત્રીઓએ ભૂતકાળમાં ન્હોતી તેવી જે વધારે વિશાળ દૃષ્ટિ, વધારે વીસ્તીર્ણ સ્નેહ પ્રાપ્ત કર્યો છે, તથા જીવન તરફ વધારે ઉજ્જવળ તથા સામાન્ય રીતે વધારે ઉપયોગી વૃત્તિ ધારણ કરી છે, તે સર્વ આપણે પ્રાપ્ત કરી શકીશું ભૂતકાળમાં જે આળસ તથા બેદરકારી આપણી આસપાસ વીંટળાઈ વળ્યાં છે, ને ઊંચી નીચી, ગરીબ શ્રીમંત સર્વ વર્ગની સ્ત્રીઓએ ઘણે ભાગે ખંખેરી નાંખવાનું શરૂ કર્યું છે. આ કાર્ય કાંઈ એક વર્ગ કે ધર્મ, અથવા દેશ કે ખંડમાં ચાલે છે તેમ નથી. આખી દુનીઆમાં સ્ત્રીજાતિની માનસિક ઉન્નતિ કરવાનો તથા જાહેરમાં તેની પદવી ઉન્નત કરવાનો એ કાર્યનો હેતુ છે. આ બાબતમાં સ્ત્રી પુરૂષનાં હિત જુદાં નથી. સ્ત્રીનું હિત છે તેજ પુરૂષનું હિત છે. એક ઇંગ્રેજી નાટકકાર કહે છે કે "સ્ત્રીઓ પુરૂષપર સામ્રાજ્ય ચલાવે છે, તેમને પરિપૂર્ણ બનાવો, જેટલી તે વધારે સંસ્કારી થશે તેટલા વધારે સારા પુરૂષો થશે. સ્ત્રીઓના મનની કેળવણી પર પુરૂષના ડહાપણનો આધાર છે."

કેળવણીથી, જ્ઞાનથી, સ્ત્રીઓ પતિની સહચરી, તથા શુભ કાર્ય પ્રેરનાર સહકારિણી બનવા લાયક થઈ શકે, પોતાનાં છોકરાંના આચરણ વ્યવસ્થિત કરી શકે, તથા સ્નેહમય તથા સમજણ

વાળી લાગણીથી તેમના વર્તનક્રમ સમજી શકે, અને તેની સાથે ઉત્તમ નાગરિક (citizen) થઈ શકે. જે કાંઈ ઈષ્ટ છે, તે શુભ શિક્ષણને લીધે જ ઉત્પન્ન થાય છે.

માત્ર જ્ઞાન પ્રાપ્ત કરવું, વેદીઆ ઢોર થવું એ આપણો આશય નથી. પરંતુ જીવનનું ખરૂં કર્ત્તવ્ય, ખરૂં સ્થાન શોધવું અને તે મેળવવું એજ ખરો આશય છે. આપણા દેશની પ્રાચીન કીર્તિ ફરી મેળવવા માટે કેળવણીની બૂમો વધારે ને વધારે સંભળાતી જાય છે.

જીવનનો ખરો આનંદ સેવામાં છે, અને સારી સેવા કેવી રીતે બજાવી શકાય તેવું જ્ઞાન સંપાદન કરવું એજ કેળવણીનું ખરૂં પરિણામ છે. સંભાળ એ રાખવાની છે કે, જે માર્ગમાં પ્રયાણ કરતાં હોઈએ ત્યાં આપણાં ઘર કુટુંબ અને પ્રજાની વિસ્મૃતિ થવી ન જોઇએ, જો એમ લાગે કે આપણી પરિસ્થિતિ તો ઘણી વિપરીત છે, સામાજીક સુધારો કે વ્યક્તિનો સુધારો થઈ શકે તેમ નથી, તો તેમાં દીલગીર થવાનું કારણ નથી. ઉલટું એ તો આનન્દનું કારણ છે. કારણ કે એવી પરિસ્થિતિ હશે, તો જ સેવાનાં કર્ત્તવ્યનો અવકાશ રહેશે, અને આપણા કર્ત્તવ્યનું એક સ્થાયી લક્ષ્યસ્થળ રહેશે, અને આપણી કેળવણીનો ઉપયોગ એજ માર્ગે કરી શકાશે.

અત્યારે આપણું કર્ત્તવ્ય, ઘરમાં તેમજ શાળાઓમાં શિક્ષણ કેવી રીતે આપવું તે શીખવાનું, તથા આપણા દેશનું અજ્ઞાન, દરિદ્રતા, રોગ, અને વિષમતા તપાસવાનું, અને તેની સામે ટક્કર ઝીલવાનું છે. ત્હમે જે કાંઈ કાર્ય હાથમાં લો, ત્હમને ગમે તે સલાહ આપે, તે સર્વમાં લક્ષ્યસ્થળ–મધ્યબિન્દુ આ રાખવાનું છે. રાષ્ટ્રીય ધર્મને બંધન કર્ત્તા જે કાંઈ આપણી ઇચ્છા કે આપણી પ્રગતિ હોય તેને અવકાશ ન આપો. આપણા દેશમાં આપણી સેવાની જરૂર છે એ તો સ્પષ્ટ જ છે. આપણી માતૃભૂમિ છેક

જ ગરીબ છે. "ગયું સહુ, રહ્યું એક આંસુડાં ધન." એ તો નક્કી જ છે, આ દુઃખ દૂર કરવું, તે સર્વે હિન્દ માતાની ખરી પુત્રીની અંતઃકરણની અભિલાષા હોવી જોઈએ અને આપણો દેશ પ્રથમ પંક્તિનો થાય તે માટે આપણું પોતાનું તેમજ બીજા સર્વ દેશનું જે કાંઈ ઉત્તમ હોય તે લઈને, આપણા દેશમાં એકત્ર થઈને સ્ત્રીજાતિની કેળવણી પદ્ધતિનો સંગીન પાયો સ્થાપવો એ તરફ પ્રયાણ હોવું જોઈએ. બીજા દેશમાં અથવા પુરૂષોને જ જે યોગ્ય હોય તેજ પદ્ધતિ આંખ મીંચીને ગ્રહણ કરવાની જરૂર નથી. આપણી સ્થિતિ પરિસ્થિતિને અનુકૂળ સામગ્રી લેવી જોઈએ.

પુરૂષો સ્ત્રીઓ ઉપર જન્મોજન્મથી દાબ ચલાવે છે. કાળ તથા સામાજીક પરિસ્થિતિને લીધે તેમાં સહેજસાજ ફેરફાર જોવામાં આવે છે. છેક શરૂઆતમાં–જંગલી લોકોમાં સ્ત્રીને ઉઘાડી રીતે ગુલામ, કામ કરનાર પશુ, મજૂર તરીકે ગણવામાં આવતી. આપણા દેશોમાં ઘણે ઠેકાણે તેને જનાનખાનામાં પૂરી મૂકવામાં આવે છે, અને નવરાશના વખતનું રમકડું ગણવામાં આવે છે. ઈગ્લંડના મધ્યસમયમાં તે કૂતરા કરતાં જરા ચઢીઆતી અને ઘોડા કરતાં જરા વધારે વ્હાલી વસ્તુ ગણાતી. વિકટોરીઆ રાણીના વખતમાં જીવનનું સુંદર આભૂષણ સ્ત્રી ગણાતી. મધૂરતા, અને નિર્દોષતાની મૂર્તિ ગણાતી. પરંતુ વ્યવહારના ઉપયોગમાં તેની કાંઈ જ કિંમત નહોતી. આ જમાનામાં સ્ત્રીજાતિને પોતાની જાતનું ભાન થવા માંડયું છે, અને પરિસ્થિતિનાં બંધન–પાંજરાનાં દ્વાર ઠોકવા માંડયાં છે. પાંજરૂં થોડું મોટું થવા માંડયું છે. પરંતુ તે હજી પાંજરૂં તો ખરૂં જ. યુનિવર્સિટીમાં પરીક્ષા આપવાની પરવાનગી મળી છે, ઉત્તમ પંક્તિમાં પાસ થાય છે; પરંતુ ઈંગ્લંડમાં ડિગ્રી મેળવવાને તે ભાગ્યશાળી થતી નથી. વકીલની પરીક્ષામાં પાસ થાય છે. પરંતુ આપણા દેશમાં વકીલાત કરવાની તેને પરવાનગી મળતી નથી, વ્યવહારના બીજા ધંધામાં જાય છે તો સ્ત્રી પુરૂષના પગારમાં ઘણો જ ભેદભાવ હોય છે. પર પુરૂષથી

દુષીત થાય તો તે દુષ્ટ પુરુષને જનસમાજ હસી કહાડે છે, અને ભોગ થઈ પડેલી સ્ત્રીને કેદખાનું સેવવું પડે છે. પગલે પગલે સ્ત્રી તે પુરુષનું રાચરચીલું છે તે માલૂમ પડી આવે છે. જો સારી સ્થિતિમાં હોય તો તેની આસપાસ પુષ્કળ નોકર ચાકર હોય અને લાખો રૂપીઆનાં ઘરેણાં હોય, ગરીબસ્થિતિ હોય તો તો તેના દુઃખનો પાર જ નહિં. વિષમતા તો હોય જ. પુરુષના બનાવેલા જગતમાં તેને રહેવાનું છે એટલે તેને ન્યાય તો હોઈ શકે જ નહિં. સ્વીડનના રાજા ચાર્લ્સ ૧૧ માને એક વખત પોતાની રાણીએ કોઈ કેદી ઉપર રહેમ કરવાની વિનંતી કરી. ત્યારે રાજાએ જવાબ દીધો, "મૅડમ હું ત્હમને પરણ્યો હતો તે છોકરાં જણવાને માટે, ત્હમારી સલાહ લેવા માટે નહિં." આ વચન તો ઘણાં વર્ષો ઉપર કહેવામાં આવ્યાં હતાં, પરંતુ ઘણા સૈકાના ફેરફાર થયા છતાં હજી પણ અંદરખાનેથી તો સ્ત્રીજાતિ પ્રત્યે પુરુષોની આવી જ વૃત્તિ છે.

આવી સ્થિતિ તો સુધરેલા ઈંગ્લંડની છે. ત્યારે આપણે તો ક્યાં આવીશું. હજી એ આપણે તો છોકરી જન્મે ત્યારથી જ કહીએ કે પથરો જન્મ્યો. અથવા કેટલેક ઠેકાણે તેને દૂધપીતી કરી દે છે. પથરો, તે આગળ જતાં મિસીસ પૅન્કહર્સ્ટ કે મિસ ફ્લૉરેન્સ નાઈટીંગલ કે સીતા, દમયંતીની સ્થિતિએ શી રીતે પહોંચી શકશે? પરંતુ પુરુષો તરફથી થતું અપમાન, આપણી અધમ સ્થિતિ એ તરફ મૂંગે મોઢે જોયા કરવાનો કે પુરુષોને દોષ દઇને બેસી રહેવાનો હવે જરા વખત નથી. આપણો દેશ પૈસે ટકે બરબાદ થઈ ગયો છે, આપણી શારીરિક સંપત્તિ છેક જ ઘસાઈ ગઈ છે, આપણે જે પ્રજાને જન્મ આપીએ છીએ તે છેક નિર્માલ્ય થઈ ગઇ છે. આપણો દેશ એટલે આપણે પોતે જ એમ સમજવાનું છે; તો તે સ્થિતિ સુધારવાનું કામ આપણું જ છે. આપણે જો આપણા પુરુષોને મદદ કરીશું, તેમનો વ્યવહાર સરળ કરીશું, તેમના ઉચ્ચ આશયો સમજવાનો પ્રયત્ન કરીને

તેમના કાર્યમાં સહાયભૂત થઇશું તો આપોઆપ તેઓમાં આપણે માટે માનવૃત્તિ જાગૃત થશે. આપણી કિંમત વધશે, અને તેને પરિણામે ઇષ્ટફળ પ્રાપ્ત થશે.

આપણે જે ઉપર ઇંગ્લીશ સ્ત્રીઓની સ્થિતિની વાત કરી તે જ ઇંગ્લીશ સ્ત્રીઓ પોતાના પતિ, બાપ, ભાઇઓની સાથે ધર્મનું રક્ષણ કરવા માટે ઇંગ્લંડ છોડીને પ્રથમ અમેરિકામાં વસવા ગઈ હતી. તે વખતે તેમની એવી જ સ્થિતિ હતી. અત્યારે ત્યાંની સ્ત્રીઓની શી સ્થિતિ છે?

એક ફ્રેન્ચ ગ્રન્થ કર્તા કહે છે કે "યુનાઇટેડ સ્ટેટ્સમાં પુરુષો સ્ત્રીઓનાં વખાણ કરતા ભાગ્યે જ જણાય છે. પણ તેઓ તેમને પુષ્કળ માન આપે છે તે હમેશ માલુમ પડે છે. પત્નીની બુદ્ધિ માટે તેમને સંપૂર્ણ શ્રદ્ધા હોય છે, અને તેમની સ્વતંત્રતા માટે અત્યંત માનવૃત્તિ હોય છે."

પ્રથમ જ્યારે આ સ્ત્રીઓ પોતાનો દેશ છોડીને, અમેરિકામાં ગઈ તે વખતે તેમને હરહમેશ ત્યાંના મૂળ વતનીઓની બીક રહેતી હતી. કારણ કે એ લોકો બહુ જ ઝનુની હતા. અને ગમે તે વખતે તેમને મારી નાંખતા; ઘણીવાર દિવસોના દિવસો સૂધી તેમને ભૂખે ઠોકાવવું પડતું. પુરુષોને બહાર જવું પડે તેથી એકલે હાથે ભૂખ, માંદગી, લુંટફાટ, વિગેરે સામે બાથ ભીડવી પડતી. કોઈવાર બંદુક લઇને પણ સામા થવું પડતું. આવા પ્રસંગોને લીધે તેમનામાં તેમજ તેમની સંતતીમાં સ્વાશ્રયની તીવ્ર બુદ્ધિ જાગૃત થઈ. આવે વખતે તેમની સ્વતંત્રતાની આડે આવવાની પુરુષોને ઇચ્છા જ ના રહે. કારણ કે તેમની પાસે જ રહીને, અને તેમનાં પોતાનાં જ બાળકોના રક્ષણ માટે જ તેઓ પ્રયાસ કરતાં. આજ સ્ત્રીઓ જંગલની ઝુંપડીઓમાં આનંદ અને રસિકતા રેડતાં, અને પુરુષોને તેને લીધે ઘણી શાન્તિ વળતી. તે જ પ્રમાણે

સંકટને પ્રસંગે દૃઢતા અને ધૈર્ય તેઓ દેખાડતાં, તેની પણ ઘણી જ કદર થતી. અઢળક ધન છોડીને માત્ર ધર્મનું રક્ષણ કરનાર પુરુષોની સાથે સ્ત્રીઓ રાજગાદી જેવી સ્થિતિ છોડીને, આનંદ ભોગવવાને નહિ, પણ માત્ર પોતાના પુરુષોનાં ઘર માંડવાને; તેમને મદદરૂપ થવાને તેમણે દેશ છોડ્યો હતો. અનેક આપદાઓ તેમને વેઠવી પડી હતી. શરૂઆતમાં નોકર ચાકરનું સઘળું કામ પોતાની મેળે કરી લેવું પડતું. ઝુંપડાં બાંધવાનાં પણ મેળે જ. ખેતરમાં હળ ફેરવવાનું, બી રોપવાનું, સઘળું મજૂરીનું કામ પણ તેમને કરવું પડતું, તે ભાગના મૂળ વતનીઓ સામે રક્ષણ કરવા માટે બંદુક ફોડતાં તેમજ બીજાં સર્વ હથીઆર વાપરતાં શીખવાની જરૂર પડતી. ગમે તેવી કસોટીને પ્રસંગે પણ તેમણે ધીરજ છોડી નહોતી. આમાંની કેટલીક સ્ત્રીઓ તો છેક અનાથ થઈ ગએલી હતી. તેથી પેટનું પૂરૂં કરવાને પણ તેમને મહેનત કરવી પડતી. પરંતુ તેથી પણ તેઓ ડગતી નહિં. આ પ્રમાણે પુરુષોની સાથે રહીને તેમના સુખ દુઃખમાં ભાગ લેવાથી સ્વાભાવિક રીતે પુરુષોને તેમને માટે અત્યંત પ્રેમ અને માનની વૃત્તિ થઈ. તેમના ઉપર તેમનો વિશ્વાસ પણ ઘણો વધ્યો, અને પુરુષની ખરેખરી સહચરી ગણાવા લાગી. આટલી સખત જીંદગી ગાળ્યા છતાં એમના સ્ત્રીત્વમાં કાંઈ ઉણપ પડી નહોતી. તેમનું ખરૂં લક્ષ તો ઘર, પતિ, અને છોકરાં તરફ જ હતું. તેમને જ માટે તે મહેનત કરતી, અને સ્વાર્થનો ભોગ આપતી. ગૃહજીવનને વધારે સુખમય બનાવવું એજ તેમનો મુખ્ય ઉદ્દેશ હતો.

આનો ખરો પૂરાવો તો ત્યાર પછી જે ઈંગ્લંડ સાથે મોટો વિગ્રહ થયો, જેને The War of American Independence કહે છે તે પ્રસંગે મળી આવે છે, આ વિગ્રહનું કારણ એ હતું કે અમેરિકા ઈંગ્લંડને પૈસાની મદદ કરતું હતું, કર ભરતું હતું, પણ રાજ્યવહીવટમાં અમેરિકાનો જરા પણ હિસ્સો ન હોતો,

તેથી તે હક્કને માટે તકરાર પડી. શરૂઆતમાં જ જ્યારે આ તોફાની વાત અમેરિકાની સ્ત્રીઓને કાને પડી ત્યારથી જ તેમણે પોતાના ભાઈ, બાપ, ધણીને ઘણું જ શૂર ચઢાવવા માંડ્યું પોતાના દેશના હક્કનું રક્ષણ કરવું, સ્વમાન જાળવવું એ પ્રથમ કર્ત્તવ્ય છે એ તેમને દ્રઢતાથી શીખવ્યું. ઈંગ્લંડથી કાંઈ પણ માલ દેશમાં લાવવો નહિ એ બાબત પણ તેમનો જ સખત આગ્રહ હતો. દેશના લોકની ઇચ્છા વિરુદ્ધ કાયદા દાખલ કરવાથી કેટલું નુકશાન થાય છે, તે ઈંગ્લીશ પ્રજાને સિદ્ધ કરી આપવા માટે એ પ્રયત્ન હતો. દરેક પ્રાન્તમાં બૈરાં તથા છોકરીઓએ પોતાની મેળે વણવા, કાંતવાનો ઉદ્યમ હાથમાં લીધો, અને ગમે તેટલી અગવડ પડે તે વેઠીને પણ બહારનો માલ વાપરવો નહિ એવો નિશ્ચય એકત્ર મંડળ થઇને કર્યો. ગમે એવાં પાંદડાં ચ્હાને બદલે ઉકાળીને પીવા માંડ્યાં, અને તેનું નામ 'લિબર્ટી ટી' (સ્વતંત્રતાની ચ્હા) પાડ્યું. જ્યાં સુધી ઈંગ્લંડ અમેરિકન સંસ્થાનો સાથે અન્યાય અને દબાણ કરીને ઘાતકી વર્તણુંક રાખે ત્યાં સુધી અમેરિકા સાથે ઈંગ્લંડે કાંઈ પણ વેપારની આશા રાખવી નહિ, એ સિદ્ધ કરવાના ત્યાંના પુરુષોના પ્રયત્નોમાં મદદ કરવાને અમેરિકન સ્ત્રીઓએ જરા પણ પાછી પાની કરી નહિ. ગમે તેટલું સંકટ પડે, ગમે તેટલી અગવડ પડે, પણ તે સર્વ ઘણા ઉત્સાહથી સહન કરતી, અને છેવટ વેપારને નુકશાન આવવા છતાંએ ઈંગ્લંડે જ્યારે પોતાનો મમત જારી રાખીને અમેરિકન લોકોને ઠેકાણે આણવાને લશ્કર મોકલ્યું ત્યારે પણ ત્યાંની સ્ત્રીઓએ મરણપર્યંત લડાઈ કરવાનો આગ્રહ કર્યો. અંતે જ્યારે ઘર આંગણે લડાઈ શરૂ થઈ ત્યારે પુરુષોને હથીઆર, કપડાં, વિગેરે સઘળી સામગ્રીથી સજ્જ કરીને અંતઃકરણના ઉમળકા, અને આવેશથી રણસંગ્રામમાં મોકલ્યા. રડતી, નિરાશ થએલી પત્ની, બહેન, માતાને ઘેર મૂકીને નથી આવ્યા, પણ ખરા વીરપુરૂષની માફક અમારાં કર્ત્તવ્ય બજાવીશું એવી ઇચ્છાવાળી સ્ત્રીઓના આશીર્વાદે અને એના વિચારે તેમ-

નામાં વધારે બળ પ્રેર્યું. અને તેમના પ્રયાસનો યોગ્ય બદલો તેમને છેવટ મળ્યો પણ ખરો. સત્યનો જય એ સિદ્ધાન્ત આગળ આવ્યો. તે પ્રસંગનો એક સ્ત્રીનો પત્ર દૃષ્ટાંત લેવા જોગ છે.

"મ્હેં શું કર્યું છે તે હું તમને કહીશ. અંતઃકરણની પ્રાર્થના, અને આશીર્વાદસહિત મ્હારા એકના એક ભાઇને મ્હેં રણસંગ્રામમાં મોકલ્યો છે. મ્હારી લાજ એ રાખશે એવી હું આશા રાખું છું. જો મ્હારે વીસ છોકરા અને ભાઇઓ હોત તો તે બધાને હું મોકલત. મ્હારા રસોડા ખર્ચમાં અને ઘર ખર્ચમાં મ્હેં ઘણો જ ઘટાડો કર્યો છે. જરૂર વગરની એક પાઈ પણ હું ખર્ચતી નથી. ગઈ ક્રિસ્ટમસ પછી ચ્હા તો મ્હેં પીધી જ નથી; અને એક નવી ટોપી કે ઝભો વેચાતો લીધો નથી, અને મ્હેં પહેલાં કદી કર્યું ન્હોતું તેવું કામ કરવા હવે માંડયું છે. ગુંથતાં શીખી છું, અને મ્હારા નોકરોને માટે અમેરિકન ઊનનાં મોજાં હું પોતે ગુંથું છું. અને આ પ્રમાણે જનસમાજના હિતાર્થે મ્હારો હિસ્સો આપવા પ્રયત્ન કરૂં છું. હું જાણું છું કે સ્વતંત્ર થઇને એક વાર મરવું તો છે જ, પણ ગુલામ તરીકે તો જીંદગી જીવવા યોગ્ય જ નથી. મ્હારી સઘળી અમેરિકન બ્હેનોની અત્યારે તો આવી જ લાગણી છે. પાર્ટીઓ, ઉજાણીઓ, કીંમતી કપડાં પહેરવાનું, એ સર્વ દેશદાઝ માટે છોડી દીધું છે. જો સ્ત્રીઓનો ભાવ આવો છે તો આપણા પતિ, ભાઇઓ અને પુત્રોના અંતઃકરણમાં કેટલો જુસ્સો ઉભરાતો હોવો જોઇએ? મરવું કે સ્વતંત્ર થવું એ જ તેમનો નિશ્ચય છે."

આજ પ્રમાણે દરેક પંક્તિની સ્ત્રીઓ એકસંપ કરીને મહેનત કરતી હતી. મોટા વૉશિંગ્ટનની પત્ની સ્હવારે વહેલી ઉઠીને ને રાત્રે મોડે લગી જાગીને ઘવાએલા સિપાઇઓ માટે મોજાં ગુંથતી. એક પ્રસંગે મિસિસ ડ્રોપ નામની કોઈ સામાન્ય સ્થિતિની બૈરી લખે છે—

"એક વખતે અમે કેટલાંએક મળીને લેડી વૉશિંગ્ટનને મળવા જવાનું નક્કી કર્યું. અને એવડી મોટી બૈરીને મળવા જવું એટલે અમે તો અમારાં સારામાં સારાં લૂગડાં પહેરીને ગયાં. ત્યાં ગયાં ત્યારે એમણે તો સાદાં છીંટનાં લુગડાં પહેરેલાં હતાં અને બેઠાં બેઠાં મોજાં ગુંથતાં હતાં. અમને બહુ જ સારી રીતે આવકાર આપ્યો, અને થોડી વાતચીત પછી એ તો પાછાં ગુંથવા મંડયાં. અમારા હાથમાં તો કાંઈ ગુંથવાનું નહોતું અને આ મોટા પ્રેસીડેન્ટની પત્નીને જોઈને અમે તો વીલાં પડી ગયાં. વળી પાછળથી ઘણી જ મીઠાશ અને ધીમાશથી અમને જરા પણ માઠું ન લાગે એવી રીતે અમને કહ્યું કે આ વખતે આપણે અમેરિકન સ્ત્રીઓએ બહુ જ ઉદ્યમી થવાની જરૂર છે. કારણ કે ઈંગ્લંડ સાથેનો વેપાર બંધ થવાથી ઘણી જરૂરની વસ્તુઓ આવી શકતી નથી. આપણે પોતે બનાવી ન શકીએ તેવી વસ્તુઓ વગર ચલવી લેવાની ટેવ આપણે પાડવી જોઇએ. આપણા પતિ અને ભાઇઓ જ્યારે દેશભક્તિના આદર્શરૂપ થાય છે ત્યારે આપણે ઉદ્યમી થઈને દૃષ્ટાન્ત બેસાડવું જોઈએ."

આ પ્રમાણે અમેરિકામાં શરૂઆતથી જ સ્ત્રીઓમાં રાષ્ટ્રીય ભાવના જાગૃત થઈ હતી અને ધીમે ધીમે તેમાં વૃદ્ધિ થઈ હતી. તે સમયના રાષ્ટ્રીય જીવનની સઘળી માહિતી સ્ત્રીઓને હતી, અને તે જ પ્રમાણે તેમનું વર્તન હતું. ગુલામગીરી નાબુદ કરવામાં પણ સ્ત્રીઓએ ઘણો જ આગળ પડતો ભાગ લીધો હતો. આ પ્રમાણે દેશની દરેક હીલચાલમાં તેઓ આગળ પડતો ભાગ લેતી, અને સ્ત્રીઓ કરી શકે એવાં સઘળાં કામ ઘણે ભાગે તો ઈશ્વરપ્રિત્યર્થે અને દેશસેવા બજાવવા ખાતર ઉપાડી લેતી. અને તેથી પુરુષોના કાર્યમાં ઘણી જ મદદ મળતી અને તેમનો ભાર ઓછો થતો.

જે સ્થિતિ તે વખતે યુનાઇટેડ સ્ટેટ્સની હતી તેજ સ્થિતિ અત્યારે આપણા દેશની છે. આપણા પુરુષો દેશની સાંસારિક

અને રાજકીય ઉન્નતિ માટે તન તોડીને શ્રમ કરે છે, જીવન અર્પણ કરે છે. મ્યુનિસિપાલીટી, લેજીસ્લેટિવ કાઉન્સિલો, વિગેરેમાં વ્યાજબી હક્ક મેળવવા માટે, સ્વમાન સાચવવાને કમર કસીને બાથ ભીડે છે. કોંગ્રેસો, કોન્ફરન્સો મેળવીને દેશની સેવા બજાવે છે. સ્વદેશી, અને સ્વરાજ્યની ચળવળ ચલાવે છે. ત્યારે આપણે ક્યાં છીએ? આપણે તો સ્હવારથી સાંજ સુધી પેટની પૂજા કરવામાં; આડોશી પાડોશીની જૂઠી કુથલી કરવામાં, સારાં સારાં તદ્દન નવી ફેશનનાં કપડાં ઘરેણાં પહેરવામાં, બહુ બહુ તો ઠઠેરો કરીને મેળાવડામાં જવામાં કે ગાડી ઘોડે મહાલીને સહેલ કરવામાં જ આપણા દિવસો પૂરા કરીએ છીએ. જરા વાંચતાં આવડતું હશે તો ઉપરટપકે ન્યુઝપેપર વાંચીશું કે નૉવેલોના પારસી તરજૂમા વાંચીશું, આ ઉપરાંત આગળ કાંઈ નહિ. પણ બહેનો એમાં આપણું કાંઈ વળવાનું નથી. આપણે જો આપણા ભાઈઓને મદદ નહિ કરીએ તો એમનું કાર્ય સફળ થવાનું નથી, અને તેટલા માટે આપણે કાંઈ મ્યુનિસિપાલિટીમાં જઈને કે કાઉન્સીલોમાં કે કૉન્ફરન્સોમાં જઈને લાંબાલાંબા હાથ કરીને ભાષણો આપવાની જરૂર નથી. એવું મ્હારૂં કહેવું છે જ નહિં. પરંતુ એક તો આપણે એ સઘળી બાબતો બરોબર સમજવાનો પ્રયત્ન કરવાનો છે. મ્યુનિસિપલ ગવર્નમેન્ટ એટલે શું? તેનો વહીવટ કેમ ચાલે છે, કોન્ગ્રેસ એટલે શું, આપણા દેશના મહાન્ પુરુષોએ અત્યાર સુધી શું શું કર્યું છે, આપણા દેશનો રાજ્યવહિવટ કેવો છે, ડીમોક્રસી, ઑટોક્રસી, બ્યુરોક્રસી, હોમરૂલ એ શબ્દો એટલે શું, એ બરોબર સમજીને, આપણે પુરુષોને બતાવવું જોઈએ કે તેમના કાર્યમાં અમે પણ રસ લઈએ છીએ. અને તેમને ધીરજ દઈને કામમાં ઉશ્કેરવા અને મદદ કરવી તે કેવી રીતે? દૃષ્ટાન્ત તરીકે સ્વદેશીનો વિષય લઈએ. સ્ત્રીઓને હસ્તક એટલો વહેવાર ચાલે છે કે જો આપણે દૃઢ પ્રતિજ્ઞા લઈશું તો ઘણી વસ્તુઓ આપણાં ઘરોમાં દેશી વપરાતી થશે. ખાસ કરીને સ્ત્રીઓનાં કપડાં, લીવર્પુલ, મેન્ચેસ્ટર, ફ્રાન્સ, ઑસ્ટ્રીઆ વિગેરે ભાગમાંથી આવતાં કપડાંને

લીધે આપણા લાખો વણકરો ભૂખે મરતા થયા છે, એ વાતની કોઈથી ના કહી શકાશે નહિ. હવે આપણે જો થોડો વખત હાલ ચાલતી ફૂલફટાક ફેશનોને પડતી મૂકીશું, અને અંહી બનતાં જ રેશમી, સુતરાઉ, કસબી સાડીઓ, કબજા, ચોળીઓ પહેરીશું, લેસ, લટકણીઆં, બૂટ મોજાં મૂકીને, આપણો સાદો સુંદર પોષાક પહેરીશું તો ઘણો ફાયદો થશે. એક તો આપણી શોભા વધશે. કારણ કે આપણી સ્ત્રીઓનો પોષાક ઘણો જ મનોહર છે,. તેમાં પારકાનું અનુકરણ કરવા જેવું કાંઈ છેજ નહિં. બીજું એમ કર્યાથી આપણા દેશના લાખો વેપારીઓ, મજૂરોને આશ્રય આપી શકીંશું, અને ત્રીજું પુરુષોનો દેશસેવાનો માર્ગ સરળ કરી આપીશું. ચોથું આપણી એકનિષ્ટાવાળી દેશભક્તિ જોયાથી આડોશી પાડોશી તે પ્રમાણે કરશે. અને સહુથી વધારે મહત્વનું આપણાં બાળકોનાં કુમળાં મગજ ઉપર દેશભક્તિ, દેશને માટે પ્રેમ એ ભાવ સચોટ ઉત્પન્ન થશે, અને આગળ ઉપર એ ભાવની વૃદ્ધિ થઇને ખરા દેશહિતેચ્છુ સ્ત્રી પુરુષોનો સમૂહ વધશે.

તેજ પ્રમાણે મ્યુનિસિપાલિટીના કાર્યમાં આપણે રસ લેતાં થઇશું તો શહેરની સ્વચ્છતા, બાળકોની પ્રાથમિક કેળવણી, સ્ત્રીઓનાં દવાખાનાં, બિગેરેની જરૂરીઆતો, ખોડ ખાંપણો બરોબર સમજીને પુરુષોને કહી શકીશું અને તે પ્રમાણે પછી સુધારા કરવાના પ્રયત્ન થશે.

સાંસારિક રીતરીવાજોમાં પણ તેજ પ્રમાણે છે, અત્યારે તો આપણે ઘણે ભાગે સાંભળીએ છીએ કે પુરૂષો સામાજીક સુધારણામાં આપણો દોષ કહાડે છે, અને ઘણે ભાગે તે ખરો છે. જો આપણે એમ નિશ્ચય કરીશું કે છોકરીઓને સોળ વર્ષ પહેલાં પરણાવવી નથી તો મગદુર છે કે પુરુષો તે પહેલાં પરણાવવાનો આગ્રહ કરશે? લગ્ન મરણના નકામા ખર્ચ માટે જો આપણે જ જીદ પકડીશું કે, ના, અમુક ખર્ચ તો નથી જ કરવો, જૂઠા

લ્હાવા માટે, રૂઢીને વળગી રહેવા ખાતર ખરા પરસેવાનો પૈસો, ન્યાતવરામાં ઉરાડી નાંખવાની જો આપણે ના કહીશું તો શું ત્હમે ધારો છો કે પુરુષો કરજનો બોજો જન્મારા સુધી ઝીલવાને માટે એવાં ખર્ચ ઉપાડશે ?

છોકરી દશ અગીઆર વર્ષની થઈ કે નિશાળેથી ઉઠાડી લઈએ છીએ. કેમકે આપણને કામની આપદા પડે છે, અથવા ન્યાતનાં બૈરાં આપણી મશ્કરી કરે છે. જો આપણે સમજીશું કે છોકરીઓને ભણાવવામાં જ એની જીંદગીનું હિત સમાએલું છે તો માત્ર આપણને ઘડી આરામ મળે, કે દેવ દર્શને, રોવા કૂટવા જવા માટે ભટકી શકાય તે ખાતર એના જીવનનું હિત ખરાબ નહિ કરવાનો પ્રયત્ન કરીશું. આ પ્રમાણે સ્ત્રીકેળવણીની પ્રગતિ કરીશું.

રોવા કૂટવાનો, ફટાણાં ગાવાનો ઘણો જ શરમ ભરેલો જંગલી રીવાજ છે તે જો આપણે પોતે જ એકઠાં થઈને કહાડી નાંખીશું તો તેમ કરવામાં પુરુષો આડે આવવાના નથી.

આ પ્રમાણે દરેક સામાજીક સુધારણાના પ્રશ્નનું નિરાકરણ લાવવામાં આપણે સહાયભૂત થઈ શકીશું.

આપણે એકનિષ્ઠાવાળાં, દૃઢ આગ્રહવાળાં, અને ધૈર્યવાન થઈશું તો હરેક રીતે પુરુષોને મદદ કરી શકીશું. આપણાં ઘર ઉપર, બાલકો ઉપર કાંઈ આફતો આવે તે વખતે 'હિસ્ટેરિકલ' ન થઈ જતાં સમયસૂચકતા વાપરીને:યોગ્ય ઉપાયો લેતાં થઈશું તો પુરુષોને આપણામાં વિશ્વાસ બેસશે અને આપણી ગએલી પ્રતિષ્ઠા પાછી મેળવી શકીશું. અત્યાર સુધી પુરુષોએ એકલે હાથે પ્રયત્ન કર્યા છે. આપણે જોઈએ છીએ કે ક્યાં સુધી એ લોકોનો પ્રયાસ સફળ થયો છે. જો આપણી સહાનુભૂતિ, સહાય આપીશું, તો તેમનામાં હજાર ગણું બળ વધશે, અને જે કાર્ય

આ અર્ધ સૈકાથી નથી થયું તે પાંચ વર્ષના અંદર કરી શકાશે. આપણામાં જાદુઈ શક્તિ કેટલી છે તે તો બધાં જાણો જ છો. જગત્‌માં વ્યાપી રહેલી શક્તિને સ્ત્રીસ્વરૂપ આપવામાં આવે છે. મહાન પરમાત્માને પણ વધારે શક્તિમાન બતાવવા માટે જગજ્જનની એમ કહેવામાં આવે છે. તો આપણે તો ખરેખરી જનની જ છીએ તો આપણે સંશય લાવવાનું કારણ નથી.

આ ઉપરથી આપણને જણાશે કે આ બદલાયલા જમાનામાં આપણાં કર્ત્તવ્ય શાં છે. સારી સંતતી ઉત્પન્ન કરવી, તેમને યોગ્ય કેળવણી આપવી, અને ઉત્તમ ગૃહ બનાવવાં. આમાં ત્રણે પ્રકારની સેવા આવી ગઈ. બાળક પ્રત્યેની, પતિ પ્રત્યેની અને જનસમાજ પ્રત્યેની. આપણો કર્ત્તવ્યપ્રદેશ, દૃષ્ટિબિન્દુ વિશાળ કરવાનાં છે. સારી ગૃહિણી એટલે ઉત્તમ નાગરિક એ ઉદ્દેશ રાખવાનો છે. જો આપણે આપણાં પોતાનાં ઘર અને તેની આસપાસની જગ્યા સાફ રાખોશું, પાડોશી પાસે રખાવીશું તો મ્યુનિસિપાલિટીનું કામ ઘણું ઓછું થશે.

શહેરી તરીકે આપણે કેળવણીના પ્રચારમાં, સુધારામાં સારી રીતે ભાગ લઈ શકીએ. નિશાળોનાં શિક્ષકો સાથે Co-operation કરીને આપણાં પોતાનાં બાળકોની કેળવણીમાં તેમજ બીજાં બાળકોની કેળવણીમાં સુધારો વધારો કરી શકીએ. વળી આપણા દેશમાં તો મ્યુનિસિપાલિટીના હક્ક સ્ત્રીઓને છે, તો તેનો પણ આપણે ઉપયોગ કરી શકીએ. જે માણસ આપણા Grievance–આપણી જરૂરીઆતો સાંભળે તેવા માણસને મ્યુનિસિપાલિટીમાં દાખલ કરી શકીએ.

બાળકોની સુધારણાના દરેક પ્રયાસમાં સારી રીતે ભાગ લઇએ. છોકરાઓની રમત ગમતોનાં, કસરતનાં સાધનો પુરુષો પૂરાં પાડે છે. પરંતુ છોકરીઓની કસરત, રમત ગમત તરફ કોઈ

નજર જ નથી કરતું. તો તે પ્રશ્ન આપણે હાથમાં લઈ શકીએ. સ્ત્રીઓના ઉદ્યોગોની દેખરેખ કરી તેમાં સુધારો કરી શકીએ.

આપણે જોઇએ છીએ કે ઘણા ઉદ્યમો માટે સ્ત્રીઓ લાયક છે. તેઓનું કામ સ્વચ્છ હોય છે, ભરૂસા લાયક હોય છે, અને તેની સાથે મજૂરીમાં સસ્તું પડે છે. તે છતાં તેમને ઉદ્યમ જોઇએ તે વખતે મળતા નથી, અને જો ઉદ્યમ મળે છે તો કરેલી વસ્તુઓ વેચવાની મુશીબત પડે છે. આ કામ સ્ત્રીઓની કલબોએ ઉપાડી લેવું જોઇએ. હવે આપણી કલબો માત્ર રમત ગમતનું કે ભાષણો કરવાનું સ્થળ કરી મૂકવાનો અવકાશ નથી. ગામેગામની સમાજોએ એક અમુક ચોકસ પદ્ધતિથી કામ કરવું જોઇએ. અને તેને પરિણામે જગ્યા, પદવી, અને ન્યાત જાત, ધર્મનો ભેદ દૂર થવો જોઇએ. આપણે એક પ્રજાના હિત માટે કાર્ય કરીએ છીએ એવી ભાવના રાખવી જોઇએ.

અનીતિમય જીવન ગાળતી સ્ત્રીઓના જીવન સુધારવા પ્રયાસ કરી શકીએ. કુટુંબજીવનમાં દુઃખી થતી સ્ત્રીઓ, વિધવાઓના જીવનમાર્ગમાં પ્રકાશ રેડી શકીએ.

દારૂનું વ્યસન આપણા લોકોમાં ઘણું વધી ગયું છે. તેથી શારીરિક નુકશાન થાય છે અને પૈસાની ખુવારી થાય છે. કુટુંબોનાં કુટુંબોનો સંહાર વળી જાય છે. તો તે બૈરાંઓ પ્રયત્ન કરીને પોતાના ધણીને, ભાઇને, છોકરાઓને તે બદીમાંથી દૂર કરવાનો પ્રયાસ કરીશું તો એ ઘણે ભાગે ઓછું થશે.

વળી આપણે અહીંઆં નર્સો, દાયણો, સ્ત્રીશિક્ષકોની કેટલી બધી ખોટ છે તે તો સહુ જાણે છે. અમેરિકા ને ઇંગ્લંડમાં પ્રાથમિક શાળાઓમાં છોકરા અને છોકરીઓ બન્ને માટે સ્ત્રીશિક્ષકો જ હોય છે. યુનાઇટેડ સ્ટેટ્સમાં એકંદર ૬૧૯૨૮૫, શિક્ષકો અને પ્રોફેસરો છે તેમાંથી ૪૮૪,૧૧૫ એટલી સ્ત્રીઓ છે એટલે પુરુષ

કરતાં ત્રણ ગણી સ્ત્રીઓ શિક્ષકનું કામ કરે છે. તેમાંની ઘણી મોટે દરજ્જે પહોંચેલી પણ હોય છે. શિકાગોની શાળાઓની સુપ્રિન્ટેન્ડેન્ટ સ્ત્રી છે અને તેને ૭૨૦૦ રૂ. નો વાર્ષિક પગાર છે. સ્ત્રીઓ ઘણું ઉમદા કામ કરે છે એમ ત્યાં માલુમ પડયું છે. સ્ત્રીઓના ધીમા માયાળુ સ્વભાવને લીધે પ્રાથમિક શિક્ષણમાં કેટલોક લાભ થાય છે. આપણે અહીં જોઇએ છીએ કે આપણી ન્હાની છોકરીઓને નિશાળ એ એક આનંદનું સ્થળ લાગે છે અને છોકરાઓને મન એક ભારે કેદખાનું લાગે છે. તેનું કારણ એટલું જ કે છોકરીઓની નિશાળમાં સ્નેહ, દયા અને કોમળતા છે, કારણ કે ત્યાં સ્ત્રીશિક્ષકો ઘણે ભાગે હોય છે. અને છોકરાઓની નિશાળમાં કઠોરતા, દુષ્ટતા, અને સોટીના અવાજ છે. તેનું કારણ કે ત્યાં નિષ્ઠુર પુરૂષો છે. આટલા માટે જ સ્ત્રીશિક્ષકોની જરૂર છે. જ્યાં સુધી સારા કુટુંબની સ્ત્રીઓ શિક્ષક તરીકે કેળવાશે નહિ ત્યાં સુધી ઇષ્ટ પરિણામ આવશે નહિ. નોકરી કરવી એ હીણપત છે એમ જ્યાં સુધી આપણે માનીશું ત્યાં સુધી આપણાં છોકરાંને સારી કેળવણી મળી શકવાની નથી એ નિશ્ચય છે. પશ્ચિમના દેશોમાં છોકરીઓ મોટી ઉંમર સુધી અને કદાચ જીવનપર્યંત કુંવારી રહે છે તેથી એક તો તેમના પેટના પોષણ માટે તેમજ કાંઈક ઉદ્યમ મેળવવાની ખાતર તેઓ શિક્ષકો થાય છે. અહીં કુંવારિકાની સંસ્થા નથી. પરંતુ વિધવાઓ છે તે આપણી મોટી Asset છે, પણ તેનો જરા ઉપયોગ થતો નથી. માત્ર ધર્મધ્યાનમાં, ન્હાવા ધોવામાં અને પૂજાપાઠ કરવામાં, સગાં સંબંધીઓનાં ઓશીઆળાં રહીને તેમની ગાળો, અપમાન સહન કરીને કેવળ નિરર્થક જીવન પૂરાં કરે છે. તેને બદલે એ લોકો શિક્ષકો, નર્સો, દાક્તરો, દાયણો થાય તો દેશમાં Parasites ને બદલે ઉપયોગી અંગ થઈ શકે, અને મહાન દેશસેવા બજાવી શકે. સારા કુટુંબની સ્ત્રીઓએ પહેલ કહાડવી જોઇએ. ઇંગ્લંડમાં ફ્લૉરેન્સ નાઇટીંગેલ નર્સ થઈ તે પહેલાં નર્સો કાંઈ નહોતી થતી એમ નહતું, પણ

તે અજ્ઞાન અને હલકી જાતની એટલે તેને લીધે ફાયદાને બદલે નુકશાન થતું. જ્યારથી મિસ નાઇટીંગેલ નર્સ થઈ ત્યારથી સારા કુટુંબની છોકરીઓએ નર્સ, અને મિડવાઈફનું કામ કરવા માંડયું અને વૈદક ખાતામાં તેને લીધે સુધારો થયો. આપણી વિધવાઓ, અને જે સ્ત્રીઓને બાળક ના હોય, ઘરની ઘણી ઉપાધી ના હોય તે લોકો આ પ્રમાણે દેશના ઉપયોગમાં આવી શકે, અને તેને લીધે ઘણો લાભ થવા સંભવ છે. અનેક પ્રકારનાં દરદોથી પીડાતી સ્ત્રીઓના આશીર્વાદ રૂપ થાય સુવાવડનાં સંકટ દૂર થઈ જાય અને સ્ત્રી બાલકના મરણપ્રમાણુમાં ઘટાડો થાય

આ પ્રમાણે આપણી દૃષ્ટિમર્યાદા વિશાળ કરવાની જરૂર છે. અને આ પ્રકારનું કાર્ય સ્ત્રી મંડળો, અને સ્ત્રીસમાજ માર્ફત જ થઈ શકશે. માટે આવાં મંડળનાં નેતાઓએ તેમજ મેમ્બરો-એ આળસ કહાડી નાખીને નવા યુગમાં નવાં કર્ત્તવ્ય હાથ ધરવા-ની આવશ્યકતા છે.

પ્રથમ જ્યારે આવાં કાર્ય હાથમાં લેવાશે ત્યારે પુરુષો તેમજ સ્ત્રીઓ તરફથી ઘણી જ બિરુદ્ધતા દેખાડવામાં આવશે એ તો ખરૂં જ. કારણ કે સહુને એમ લાગશે કે આમ તો ઘરબાર, છોકરાં છૈયાં છોડાને સ્ત્રીઓ કામ કરશે તો ઘર વંઠશે, બૈરાં છુછલાં થઈ જશે અને છેવટ આપણો સંસાર વિફરશે. પરંતુ હિમત અને ડહાપણથી કામ કરીશું તો એવી ધાસ્તી નકામી જશે. અમે-રિકામાં જ્યારે એવી બૈરાંની કલબો શરૂ થઈ ત્યારે પણ તેવી જ બીક હતી. પણ પાછળથી એ જ વિરોધી મતના લોકોને લાગે છે કે કેળવણી, શહેરનું આરોગ્ય, વિગેરે બાબતોમાં અમેરિકા આગળ વધ્યો છે તે ઘણે ભાગે ત્યાંની સ્ત્રીઓની કલબોને લીધે છે. ત્યાંની સ્ત્રીઓની કલબોમાં સાહિત્ય અને સાક્ષરોની ચર્ચા નથી થતી. જે રસ્તેથી એ લોકોને આવવું પડે તે રસ્તામાં કાદવ કીચડના ઢગલા હોય, તેના તરફ તેમનું લક્ષ પહેલું ખેંચવાનું છે. કલબો

કહાડીને તરત તેમને લાગ્યું કે ગૃહવ્યવસ્થા અને ઘરની બાબતની બીજી સઘળી બાબતોમાં એકત્ર થઈને પ્રવીણતા સ્ત્રીજાતિથી વધારે મેળવી શકાશે. અને ઘરમાં રહીને તેમજ બહાર જઈને તે જ કામ આપણે હાથ ધરવાનું છે. જ્યાં સ્વચ્છતા, સુંદરતા અને સમતા છે ત્યાં જ ખરેખરી કલાનો વાસ છે. જો ઘરની અંદર સુઘડતા રાખતાં આવડતું હશે તો જ રમવાની જમીનો ને બાગ સ્વચ્છ રખાશે. ઘર, છોકરાં, પોતાનાં અને પારકાં તેમની માવજત કેવી રીતે કરવી, તેમની ઉન્નતિ કેવી રીતે કરવી એજ કલબનો ઉદ્દેશ રાખેલો છે. અને એ કલબોના વ્યવસ્થિત ધોરણોને પરિણામે જ હજારો શહેરો, ગામડાં, અને ઝુંપડાંમાં આનંદ અને રસિકતા ઉદ્ભવી છે. સારી હવા અને અજવાસવાળા શાળાનાં મકાનો તેમના જ પ્રયાસથી થયાં છે. ફરવાના બગીચા અને સ્વચ્છ રસ્તાઓની સંખ્યા પણ વધી છે. ગરીબ માંદાં માણસોની માવજત રાખવાને, આરોગ્ય રક્ષણના નિયમો શીખવવાને ગામેગામ નર્સો ફરે છે; માણસો અને ઢોરને પીવાને સ્વચ્છ પાણીના હવાડા, હોજ વિગેરેનો બંદોબસ્ત થયો છે. રજામાં શિક્ષણ લેવાની નિશાળો, કસરતશાળાઓ, બાળક ગુન્હેગારને માટે અદાલતો, સ્વચ્છ બજારો, સાર્વજનિક લાઈબ્રેરીઓ, હજારો ટ્રેવેલીંગ (ફરતી) લાઈબ્રેરીઓ, રોગના મૂળ કહાડવાના પ્રયત્નો, આ પ્રમાણે અમેરિકન લોકની સર્વ પ્રકારની ઉન્નતિમાં દરેકમાં સ્ત્રીઓનો હાથ છે.

આ પ્રમાણે આપણી દૃષ્ટિમર્યાદા વિશાળ કરવાથી આપણે સ્ત્રીત્વ ખોઈશું, એ તો તદ્દન ખોટી જ બીક છે.

આપણો કર્ત્તવ્યપ્રદેશ વધશે તેથી આપણા પુરુષોની લાગણી વધશે, આપણી પ્રજા સુધરશે એ નક્કી છે.

ઉત્તમમાં ઉત્તમ કેળવાએલી અને ઉદ્યોગી સ્ત્રીની અંતરની ઇચ્છા તો એજ હોય છે કે માત્ર પોતાના બાળકોના ઘરનું

વાતાવરણ અને પરિસ્થિતિ સારી કરવી, એટલું જ નહિ, પરંતુ જે બાળકોના સમાગમમાં તેઓ આવે તેની સ્થિતિ સુધારવી. એ જ આ જમાનાની શુભ પ્રગતિ છે. માતૃત્વની ભાવના વિશાળ કરવી એ જ આપણો ઉદ્દેશ છે, અને એ ઉદ્દેશ પરિપૂર્ણ કરવા માટે આપણે અડગ પ્રયાસ કરવો પડશે, અને મહાન વ્રત આદરવાં પડશે. એવાં વ્રત લઇને તેને પાર પાડવાની પ્રતિજ્ઞા લેવાનો અત્યારે પ્રસંગ છે. ઇશ્વર આપણા કાર્યમાં સહાય હોજો એ પ્રાર્થના છે. તથાસ્તુ.

ભાગ બીજો.

ભારતની દેવીઓને આમંત્રણ.

લખનાર:—શ્રીયુત્ મૂલજી દુલભજી વેદ.

મારી વ્હાલી બ્હેનો! મારી ભારતભૂમિની પરમ આશાઓ! ભારતના દેવોએ સંસારના મંદિરમાં સ્ત્રીશક્તિની પ્રતિષ્ઠા કરી છે. આજે ભારતની પુત્રીઓ નવા વ્રતનાં મંગળાચરણ કરે છે. શ્રી ગણેશને પાટે બેસાડતાં આપણે તેની બંને પત્નીઓને આમંત્રણ કરીએ. દેવ પધારે ત્યાં દેવીઓ ન હોય તો પ્રભુની ધારણા અધુરી રહે. દેવીઓને કુડું લાગે. દેવીઓ ત્યાં ન પધારે. શુદ્ધિ માતા! અન્તર્પટના મળ ધોનારી દેવી! બુદ્ધિ માતા! અન્તર્ચક્ષુઓમાં ચૈતન્ય આપનાર જ્યોતિ! ચાતુર્માસના ગણપતિ-ઉત્સવમાં અમે અમારા હૃદયમંદિરોમાં તમારી સ્થાપના પ્રથમ કરીએ છીએ. પ્રભો! અમારી શુદ્ધિ બુદ્ધિને મંગળ માતાઓ અમૃતથી પોષો!

સ્ત્રી શક્તિનાં તો છે સેવાનાં સનાતન વ્રત. બ્હેનો! ભારતવર્ષની પતીતપાવની માતા તમને સેવાધર્મ માટે ફરી તેડે છે. સેવા જ કરવા તત્પર થજો, મેવા માટે નહિ. કીર્તિની પ્રીતિ રાખતા ના; ધનનો લોભ રાખતા ના; મલિન વાસનાઓ મુકીને આવજો; કલ્યાણવાસના સતેજ કરી પધારજો; નાના રંગના રાગ ત્યાગી પધારજો; દ્રષ્ટિમાંથી વિકાર છોડી પધારજો; સર્વ પર પોતા સમી પ્રીતિ રાખજો; કોઈ ધર્મનાં વિરોધી ન થતાં, કો ધર્મમાં બદ્ધ ન થતાં. સંસાર વિલાસનું સ્થાન નથી, સંસાર

ધર્મક્ષેત્ર છે-કર્ત્તવ્યભૂમિકા છે. કામ કરવા પધારજો. દુનિયા ડરે છે, ત્રાસે છે, મરે છે તેની દયા જાણતાં પધારજો; પ્રભુમાં શ્રદ્ધા રાખી પધારજો; હૃદયને વિશુદ્ધ બનાવી પધારજો. સેવા કરવા-મનમાની સેવા કરવા-બદલા વિનાની સેવા કરવા પધારજો-પધારજો.

સેવા કરવી એ તો સ્ત્રીઓનો જ અધિકાર છે. પુરુષોનાં પરાક્રમ પુરુષાર્થમાં છે. સ્ત્રીઓનાં કર્ત્તવ્ય સેવામાં છે. સ્ત્રીઓ તપસ્વિની છે-દયાની દેવીઓ છે-ક્ષમાની મૂર્તિઓ છે. બ્હેનો! તમારી દયાને વિકસાવો.

મંગળમૂર્ત્તિ સૌભાગ્ય દેવીઓ! તમારો ચુડો શ્રીનાથ અમર રાખો! તમારાં હૃદય વિશુદ્ધ બનો, ગૃહદેવીઓ તમારા ઘરમાં આનંદ વધારજો. પતિપત્ની એક ગ્રન્થિએ સંધાયાં છે, અમર ગ્રન્થિએ સંધાવ. દેવિ! પતિને જાગ્રત કરજે; પતિજીવન જાગ્રત રાખજે; પતિની સમૃદ્ધિનો સદુપયોગ કરજે; પતિની વાસનાને પુનિત કરજે, ગૃહિણી! પતિના મંદિરની તું કારભારી છે. તારો કારભાર દીપાવજે. ગૃહઆંગણું શુદ્ધ રાખે તેમ હૃદયઆંગણું શુદ્ધ રાખજે. સ્મિત કરતી ઉઠજે; સ્મિત કરતી બોલજે; સ્મિત કરતી દેજે; સ્મિત કરતી શીખજે અને શીખવજે. સચ્ચિદાનંદ તારાં સ્મિત અખંડ રાખો. ગૃહિણીઃ! આજે પત્નિ કાલે માતા થશે. વિશ્વની ધાત્રી-પરમ શક્તિ-જગતની માતા માતાઓને મંગળ આશિષ આપે છે. માતા! પુત્ર પુત્રી પર સરખો સ્નેહ રાખજે, એકને જ્ઞાન આપે છે તેમ બીજાને પણ આપજે. પુત્ર માટે સારી વહુ જોઈએ તો પુત્રી માટે સારો વર શોધજે. ઘરમાં વહુ સાસરીયાં ઉજાળે! પરઘરનો પરોણો જમાઈ પુત્રીને સંસાર-સાગર તરાવે. પુત્રીને જેમ લડાવે છે તેમ વહુને લડાવજે. સાસુ ન થતી, માતા થજે. પતિ બહારથી આવે, ઘર સ્વર્ગ ભાસે; પતિ હારી જાય કે નવી પ્રેરણા પામે, પતિનો દુઃખભાર હલકો

કરે, પતિની સમૃદ્ધિ દીપાવે; પતિના કામમાં, કુટુંબસેવામાં, દેશસેવામાં, વિશ્વસેવામાં જોડાય—આનું નામ ધર્મપત્નિ, આનું નામ સેવા! સૌભાગ્યવતી! આટલું કામ કરશે તો તારૂં ઘર પુણ્યધામ છે, તારાં લલાટકુમકુમ અમર રહો.

સૌભાગ્યની ઝાંખી જ કરેલી, સંસારના દિવ્ય સ્વપ્નામાંથી બહિર્મુખ થયેલી વિધવાઓ! તપ કરવા તત્પર થયેલી અનાથ બાળાઓ! મરકી દુકાળના દુઃખમાં એકાકી થયેલીઓ! જીવન સફળતા સમજો. તમારામાં તપ છે, તમારામાં ક્ષમા છે, વિદ્યા નથી. પુત્ર જેટલું પુત્રીને કોણ ભણાવે છે? અરે પુરૂષો! વિચાર કરોઃ પુત્રીને કમાવું નથી, પણ સંસારસાગર તો તરવો છે. અરે માતા! સંસારસાગર તરવાનું નાવ તું દીકરીને નહિ આપે? સંસારે વગર જોયે, વગર તપાસે આપેલું સૌભાગ્ય ઉડી જાય ને બાળિકા દુઃખ દરિઆમાં ડુબી જાય, યૌવન પહેલાં વૈધવ્ય પામે—વિકાસ પહેલાં ક્ષય થાય—ભરતી પહેલાં મન્થન શરૂ થાય—બુદ્ધિના વિકાસ પહેલાં વાગ્દાન થાય—પગ આવ્યાં પહેલાં દોડવા દેવાય—તરવા શીખ્યાં પહેલાં સમુદ્રમાં નંખાય; આવી આવી બાણશય્યા પર પુત્રીઓને સુવાડનાર નઠોર પુરુષો! તમારી નઠોરતા ક્યારે ત્યજશો? દેવોનું અર્ચન કરો છો અને નિઃશ્વાસતી દેવીઓની ગણત્રી પણ કરતા નથી—તો ધૂપ, દીપ, નૈવેદ્ય વિગેરે અર્પી પુજા તે ક્યાંથી કરશો? આંગણે દેવો શેનાં રમે? પિતાઓ! માતાઓ! દીકરીઓનાં હૃદયરકત વહે છે, અંજલિ ભરી પ્રાયશ્ચિત લ્યો. રૂદનમાંથી સ્મિત વિકસાવો, ડુબતાં તારો, પાપીને ઉગારો, બાળકોને પાંખ આપો. પ્રભુએ આપેલું જીવન પામરતા માટે નથી, સુંદરતા વિકસાવો. જીવન વિલાસ માટે નથી, કર્તવ્ય-ગીતા શીખવો. વિધવા! વિધવા! અનાથ થયેલી વિધવા! તું પ્રભુમય જીવન કાં ન ગાળે? પ્રભુમય જીવનમાં સનાથ કેમ ન બને?

" વરીએ તો વિઠ્ઠલ વર વરીએ,
વરીએ તો સામળીઓ વરીએ.
સંસારીનું સુખ કાચું, ઝાંઝવાના નીર જેવું;
તેને તુચ્છ કરીએ રે.
સંસારીનું સુખ કાચું, પરણીને રંડાવું પાછું;
તેને ઘેર શીદ જઇએ રે.
પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો;
રાંડવાનો ભય ટાળ્યો રે.
મીરાંબાઈ બલિહારી, આશા એક મને તારી;
હવે હું તો બડભાગી રે.
મોહન તારા મુખડાની માયા લાગી રે. "

એમ ગાતી ગાતી મીરાંએ જીવન પ્રભુમય કર્યું. સંસારનાં દુઃખ વિસરીને સંસારમાં ભ્રષ્ટ ગણાયેલી એ સંસારમાં સ્વર્ગનાં દ્વાર ઉઘડાવનારી ભક્તિ રેલી. વિધવાઓ ! મીરાંબાઇને ગુરૂ કરી પ્રભુમય જીવનમાં સનાથ બનો. એકલી તે પ્રભુની દીકરી બનો. પ્રભુની દીકરી અને સંસારની માતા. સંસાર દુઃખી છે, દુઃખ ભુલી દુનીઆનાં દુઃખ દૂર કરો. મીરાંબાઇએ દીક્ષા લીધી તેમ–"હા ! સૌ વિધવા ધર્મ દીક્ષા લે તો મારા દેશમાં સાધ્વીઓનાં વન વાધે; સરસ્વતી, ધન્વન્તરી ને પ્રભુનાં મંદિરો"–સ્થપાય. વિધવાઓ સંસારની માતાઓ બને; અનાથને આશરો આપે; દુઃખીનાં દુઃખ કાપે; બંધનમાંથી મોક્ષ અપાવે; સંસારમાં તપ કરતી જોગણુ સમી સંસારમાં માતાનું, ગુરૂનું, વૈદ્યનું, ઉદ્ધારનારનું અને પાવન કરનારનું કામ કરે; સંસારયાત્રાને સફળ કરે; આ પ્રભુનાં વ્રત આપવા, શીખવવા, બોધવા, પ્રેરવા, દુઃખમય જીવનને કર્તવ્યમય બનાવવા, સ્વાર્થનાં રૂદન ભુલી પરમાર્થના હાસ્ય પમરાવવા પધારો, પધારો. અનાથ અબળાઓ પ્રભુવ્રતમાં સનાથ થઈ પધારો. ભારતમાતા તમને તેડે છે.

સેવા કેમ કરશો? સેવા કરતાં શીખી સેવા કરજો, બાલિકાઓને ભણાવજો. કૌમારીઓનાં હૃદય વિકસાવી કૌમાર–વ્રતની દીક્ષા પણ આપજો; સંવનંજનના જ સ્નેહલગ્ન કરાવજો. દિવ્ય વેલીને દિવ્ય વૃક્ષનો જ સંયોગ કરાવજો. હૃદયરસનો વિકાસ થાય તેવાં સાધન સ્થાપજો; ધર્મમય જીવન બનાવજો; પતિઓ, પિતાઓ, માતાઓ, સાસુઓ, પુત્રો, પુત્રીઓ–સર્વને ધર્મ શીખવજો, દુઃખીને સુખી કરજો ને પડતાંને પકડજો. માંદાની માવજત કરજો ને રીબાતાંને આશ્વાસન આપજો. ભુખ્યાંને ભોજન ને પામરને જ્ઞાન દેજો. પશ્ચાતાપ કરનારને ક્ષમા દેજો; પાપીને તારજો ને પતિતને ઉદ્ધારજો; અનાથને અને વિધવાને આશ્રય આપી, જ્ઞાન આપી, શક્તિ આપી, સંસારમઠના સાધુ સાધ્વીઓ બનાવજો. નીતિની અને ધર્મની ધારાઓ ચલાવજો; જ્ઞાનીને રસ શીખવજો; રસિકને જ્ઞાની કરજો; સંન્યાસીઓને સંસારમાં અલખ જગાવવા તેડજો. શ્રીમંતોને દાનવિધિ શીખવજો; સંસારીનાં હૃદય સંન્યાસી બનાવજો. જડવાદને દૂર કરજો; જ્ઞાની ગરીબોને લક્ષ્મીનો યોગ કરાવજો; તમસ્ ઉડાવી કર્ત્તવ્યભૂમિકાપર થનથન નૃત્ય કરાવજો, દ્રષ્ટિ સાત્વિક કરજો; સંસારમાં સમૃદ્ધિ વેરજો; પ્રત્યેક ગૃહને પ્રભુમન્દિર બનાવજો. અસ્તુ.

બ્હેનોને અક્ષર પસલી.

લખનારઃ—શ્રીયુત્ મૂલજી દુલભજી વેદ.

સુંદર બ્હેનો ! પવિત્ર મૈયાઓ ! ભરતભૂમિની મંગળ આશાઓ ! જય જગદંબે !

તમારાં મંગળ કાર્ય—તમારી સેવાઓની દીક્ષાઓને આજે એક વર્ષ પૂરૂં થયું. જગજ્જનની પરમ કલ્યાણીની માતાની પરમ પ્રસાદીએ તમારાં હૈયાનાં બીજમાં અમૃતની પ્રસાદી છાંટી. તમારા આત્મબાગમાં પરમવાસના અંકુર ફૂટયાં, ને સંસારક્ષેત્રમાં મીઠી સુગંધીનો બહાર કંઈ અંશે સ્ફૂર્યો. આનંદ થયો બ્હેનો ! જય જગદમ્બે !

બ્હેનો ! મંગલ માતા જગદમ્બાની પવિત્ર મૂર્તિ એક છે, અદ્વિતીય છે. માતાજી, સકલ સૃષ્ટિનાં હૃદય છે. દેવી, અન્તરયામી જ્યોતિ છે; પુત્રના—પુત્રીના પ્રાણ છે. તે જ્યોતિ અન્તર છે, બહાર છે; દૂર છે, પાસે છે; અણુ છે, મહાન્ છે. અજર છે, અમૃત છે, સર્વનું મૂલ છે, સર્વનો સ્તમ્ભ છે.

ઉંચા ઉંચા આકાશના શિખરની પાર, આઘે આઘે દરિયાની અદૃશ્ય સીમની પાર તે પવિત્ર જ્યોતિ જાગે છે. તે જ્યોતિ સર્વ વ્યાપક છે, અમર છે. બ્હેનો ! તે જ આપણા આત્માનો આરામ છે. આખી સૃષ્ટિ તે દેવીનું મંગલ મન્દિર છે. બ્હેનો ! આપણે સહુ તે એક માતાજીના મન્દિરનાં જ બાળુડાં હો ! તેજ પરમ જ્યોતિ હૃદયનો આધાર છે. આપણું હૃદય તે જ જ્યોતિનું મંગળ મન્દિર છે. આપણા મંદિરમાં—સૃષ્ટિના મંદિરમાં તે જ્યોતિ

બિરાજે છે. આપણું મૂલ, આપણું જીવન, આપણું મોક્ષ ધામ તે જ પવિત્ર જ્યોતિ છે.

સુન્દર સ્વર્ગમાં જગતના કોલાહલ ને સુખદુઃખ ભર્યા સંસારમાં તે જ પવિત્ર જ્યોતિ જાગે છે, ને ફફડતા ભયાનક અઘોર નરકમાં એ તે જ પવિત્ર પતિતપાવની જ્યોતિનાં દર્શન થાય છે.

બ્હેનો ! મ્હારી પવિત્ર મૈયાઓ ! સેવા સદનની સેવિકાઓ ! જુઓ ! જુઓ ! તે જ્યોતિનાં દર્શન તમને નથી થતાં ? જ્યાં જ્યાં નજર ઠરે ત્યાં તેનાં દર્શન તમને નથી થતાં ? બ્હેનો ! તે દિવ્ય માતાની મીટ ઉઘડે છે કે સૂર્ય ચંદ્રની જ્યોતિઓ પ્રકાશે છે. માતાજી મંત્ર મેલે છે કે સૃષ્ટિનાં ચક્ર ચાલે છે. માતાજી તંત્ર તારે છે ને અનન્ત આકાશ નમી પડે છે. માતાજી શંખ સાહે છે ને સમુદ્રનાં નીર ડોલે છે. માતાજીની દિવ્ય વીણા વાગે છે, ને હિમાચળનાં હિમ ગળે છે. માતાજી દાનવિધિ માંડે છે ને પૃથ્વી અન્ન આપે છે. માતાજી ચક્ર ચીંધે છે ને અસુરો દેવો થાય છે. માતાજી મન્થન માંડે છે ને અમૃતનાં માંખણ તરે છે. માતાજીની પરમ પ્રસાદી પીતો બ્હેનો ! આપણા પ્રાણ પમરે છે ! સુંદરીઓ ! તમારો પવિત્ર આત્મા સુંદર જ થાવ ! તમો તે પરમ જ્યોતિના અંશ છો.

બ્હેનો ! મૈયાઓ ! તે જગજ્જનની અન્નપૂર્ણા પાસે બ્હેનો ! આવો આપણે ભિક્ષા યાચીયે. દીકરીઓ માતાજી પાસે જ માગે. બ્હેનો સેવાનાં વ્રત લીધાં; શું માગશો ? જગતની પવિત્ર કલ્યાણ-વાસનાઓની જ બ્હેનો તો ભિક્ષા માગશે. સેવિકાઓ તો જગત-સેવાની જ યાચના કરશે. બ્હેનો ! ચાલો હું પણ તમારી જ સાથે ભિક્ષુક થઈ પરમ માતા પાસે સાથે જ ભિક્ષા–સ્તવન કરૂં.

જગ ભુખે મરે છે, દેવિ !
અક્ષય પાત્ર આપશો ?
જગ તૃષાતુર છે, અમ્બે !
અમૃતના આરા દર્શાવશો ?
જગ પડે છે, રડે છે, મરે છે, ભવાનિ !
આશાની પૂર્ણિમા ઝળકાવશો ?
જગ અંધારે ભૂલ્યું છે, ભમે છે, જ્યોતિ !
જ્ઞાનાર્ક ગગને ચ્હડાવશો ?
જગ શ્રદ્ધાળુ છે, વાટ જુવે છે,
સત્ય બોધવા અવતરશો ?
જગ લડી મરે છે, માતાજી !
સન્ધિની ગ્રન્થિ સાંધશો ?
જલધિ ડુબાવે છે, જગોદ્ધારિણિ !
નેહનૌકા થશો ?
ગિરિ ચડવો કઠિન છે, સતિ !
પવન પાવડી દેશો ?
ચૌદ લોકનાં દર્શન નથી ઝીલાતાં, મા !
દિવ્ય દૃગો દેશો ?
દીક્ષા લીધી છે, દાન નથી થતાં, મા !
સારથી થશો ?
ધર્મક્ષેત્રે ઘુમું છું, રોમ હર્ષ થાય છે.
ગીતા બોધશો જ્ઞાનમાતા ?
સંતના અભિલાષ છે, સાધ્વિ !
સિદ્ધિ મંત્ર શિખવશો !
આપને દ્વારે ખડો છું, મંગળ માતા !
અનુગ્રહ કરશો ?
આદેશના આદર્શ યાચું છું,

भवति ! भिक्षान्देहि।

બ્હેનો! મૈયાઓ! પરમ માતા પાસે આ આપણું નિત્યનું સ્તવન, નિત્યની યાચના. આથી પરમ યાચના શું થાય? બ્હેનો માનવીઓની રક્ષા તેજ માતાજીનું પૂજન. ચાલો! ચાલો! આપણે સંસારની સેવાઓ કરીયે. આપણે માતાજી પાસે યાચના કરી, હું તમારી પાસે યાચના કરૂં છું. બ્હેનો! આજ આ મંગળ દિને તમારી પાસે માગું છું. તમો સંસારની દેવીઓ છો, માતા છો, માલિની છો, પરમ માતાજીની પવિત્ર જ્યોતિનાં અંશ છો.

આવશો, બ્હેનો! તમારા રંક ભાઈ જોડે સંસારમાં જ અલખ જગાડવા, બ્હેનો! એક વર્ષનાં મંગળ કીર્ત્તનો પછી આજ સેવાસદનની મંગળ જયંતીએ હું તમોને અક્ષર પસલી આપું છું. બ્હેનો! તમારી કુમકુમ અક્ષતની પવિત્ર પ્રસાદીનો અભિલાષી છું. અને હું સુંદરીઓ તમારી પાસે તે જ મંગળ યાચના કરૂં છું કેઃ—

તમો પરમજ્યોતિનાં અંશ છો, તે જ્યોતિ સરસ્વતીનો અવતાર છે. સરસ્વતી દેવી વીણાધારી માતા સંસારમાં મૃત-સંજીવિની વિદ્યાના પાઠ પ્રેરે છે. તે જ્ઞાનની મૂર્તિ છે. બ્હેનો! આ જ્ઞાન શીખો! વિદ્યા માટે તપ તપો ને સરસ્વતીનાં મંદિરો સંસારમાં, ગૃહમંદિરમાં, દેવમંદિરમાં, કુટુમ્બનાં—અજ્ઞાન અંધકારમાં પડેલા, પૈસાના મદમાં ભૂલતા તથા દારિદ્રયથી પીડાતા ગરીબોનાં સ્થાનોમાં સ્થાપો.

બ્હેનો! તમો પરમ જ્યોતિના અંશ છો? તે પરમ જ્યોતિ પ્રભુલીલાની બંસી છે. બ્હેનો! તમારા સુંદર કંઠોમાંથી પ્રભુ-લીલાનાં સંગીતો નિકળો! જે મધુર સંગીતોથી ગૃહ ગજાવો છો તે મધુર સંગીતને દિવ્ય બનાવો. સંગીત પ્રભુનો અવતાર છે ને તેને લખ કરાવવું તે તો તમારો જ ધર્મ છે. બ્હેનો! વીણા લ્યો, હારમોનીયમ લ્યો, ને તમારા ઘરમાં જ નહિ પણ દુઃખીનાં

ઘરોમાં, માંદાઓનાં ઔષધાલયોમાં, પામર વૃત્તિને દાબતા પરમ જ્યોતિનાં આશાભર્યાં ગાન કરતાં ફરો.

બ્હેનો! તમો પરમ જ્યોતિનાં અંશ છો. પરમ જ્યોતિ પતિત પાવની ગંગાસ્વરૂપે સ્વર્ગમાંથી પતિતોને પાવન કરવા ઉતરે છે. શંકરના પવિત્ર મસ્તકને સ્પર્શી સંસારના મલીન પ્રદેશોમાં પવિત્ર જ્યોતિ પવિત્રમય પ્રયાણુ કરે છે ને તેને આરે જે આવે, તેમાં સ્નાન કરે, તેનું પાન કરે તેનો ઉદ્ધાર કરે છે. તમો, મૈયાઓ! ગંગાજી જેવાં શુદ્ધ બનો! પતિત સંસારને શુદ્ધ કરો. પતિત પાવની માતાઓ બનો! બ્હેનો સંસાર દુઃખી છે, પાપી છે. તેનાં દુઃખ દૂર કરો, પાપ ધોઈ નાખો! આ સેવા કરવા સુંદર છો તેવાં શુદ્ધ બનો!

બ્હેનો! તમે તે જ્યોતિનાં જ અંશ છોઃ—તે જ્યોતિ માતા રૂપે ગૃહે ગૃહે અવતાર લે છે. ગૃહમાં માતાનું કામ કરો છો. માતા તે ધાત્રી–બાળકોનું પોષણુ કરે. માતા તે સ્વાર્થત્યાગની પરમ મૂર્તિ, નિજ બાળકો માટે સર્વનું અર્પણુ કરે. માતા એટલે ક્ષમાની દેવી, ક્ષમા જ આપે. માતાઓ! ગૃહમંદિરમાં સેવા કરો છો તે જ સેવા સંસારમંદિરમાં કરો. સંસાર ભુખ્યો છે, બાળક માફક રડે છે. સંસાર માંદો છે, બાળકોના જેવા પોષણુની તેને જરૂર છે. સંસાર ભૂલે છે, તમારા જેવી માતાઓની ક્ષમાનો અધિકારી છે. માતાઓ! સંસારમંદિરની માતા, ધાત્રી ને ક્ષમા દેવી બનો!

ગૃહદેવીઓ! સુંદરીઓ! સુંદર છો, સુંદર શૃંગારમાં સજ્જ છો. સંસારને ગૃહને સુંદર બનાવવો તે તમારૂં પ્રથમ કામ. તમો ગૃહની માલિની છો, ગૃહને બાગ બનાવો, દુઃખીનો દિલા-રામ બનાવો. મંગળ કૃત્યોનાં વૃક્ષો, વેલડીઓ, પુષ્પો ઉગાવો, પમરાવો ને જે કાર્ય ગૃહ માટે કરો તે સંસાર માટે પણુ કરો.

ભગિનીઓ ! આ કુમકુમ અક્ષતની હું આજે તમારી પાસે આશા રાખું છું. બ્હેનો એટલે ભાઈની નિષ્કામ સહધર્મચારિણીઓ ! બ્હેનો, આ સહધર્મચાર યાચું છું. ચાલો ! ચાલો મારી સાથે દીવાની દુનીયાના ક્ષેત્રમાં રડતી, રીબાતી, મરતી દુનીયાની ઇસ્પીતાલમાં, અઘોર નરકમાં ભુખે મરતા ભૂલ્યા પડતા જનોની પાસે ચાલો, ચાલો, સેવાસદનની સેવિકાઓ, અન્નપૂર્ણાના અક્ષય પાત્રની મંગળ પ્રસાદી ભરી ચાલો, ચાલો ! સેવાની દીક્ષા લ્યો. સંસારની સેવા આદરો, સંસારને સ્વર્ગ બનાવો. સંસારમાં નવ ઉષા જેવી નવી આશાની જાગ્રતીનો રાસ જગાવોઃ—

આશાનાં નૂર ને શ્રદ્ધાનાં પૂરની
ઉષા જાગી, ઉષા જાગી;

જાગો, જાગો, ઝીલનારી હો બ્હેન !
ઉષા જાગી ઉષા જાગીઃ—આશાનાં૦

આશાની ઉષાની ચેતન ચતુરા શી
ચમકતી ઝમકતી નવબીજ જાગી;
જાગો, જાગો, ઝીલનારી રે બ્હેન !
ઉષા જાગી, ઉષા જાગીઃ—આશાનાં૦

સાજની યે સોહંતો આવે બાલાર્ક :
મન મહાજન જગતંત્રી યે ગાયત્રી ગાય :
શુદ્ધિના પ્રલયના પ્રણય ભાનુના,
સુવર્ણ સુધાના ઉભરે રે મેઘ :
જાગો, જાગો ઝીલનારી રે બ્હેન !
ઉષા જાગી, ઉષા જાગીઃ—આશાનાં૦

Published by

Mr. [illegible] M. D. [illegible]

[illegible] Lodge,

[illegible] Mansion,

Crawford Market, BOMBAY.